# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ


R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 26 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ સુદ- ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 31 January 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૩૧ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# કચ્છના ગુનેરી ગામના ૩૨ હેક્ટર વિસ્તારને ગુજરાતની પ્રથમ બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ જાહેર કરાઈ

અમદાવાદઃ ગુજરાતમાં 'કચ્છ'ને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. કચ્છના લખપત તાલુકાના ગુનેરી ગામના ૩૨.૭૮ હેક્ટર વિસ્તારને ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ' જાહેર કરાવામાં આવ્યો છે. જે કચ્છની વિવિધ વિશેષ ઓળખમાં વધુ એક નવું નજરાણું ઉમેરાયું છે.

વધુમાં વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડની જૈવિક વિવિધતાના સંરક્ષણ અને સંવર્ધનના મહત્ત્વના પગલાંરૂપે કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ગુનેરીસ્થિત ઇનલૅન્ડ મેન્ગ્રૂવ ગુનેરી સાઇટને ગુજરાતની પ્રથમ બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરવામાં આવી છે.

મેન્ગ્રૂવ મુખ્યત્વે દરિયા કિનારે એવી જગ્યાએ જોવા મળે છે જ્યાં ૨૪ કલાકમાં એકવાર પાણી આવીને જતું રહેતું હોય, પરંતુ અરબી સમુદ્રથી ૪૫ કિ.મી.ના અંતરે અને કોરી ક્રીકથી ૪ કિ.મીના અંતરે ગુનેરી ખાતે આવેલ મેન્ગ્રૂવમાં પાણી ક્યારેય આવતું નથી કે કીચડ નહીં, પણ સપાટ જમીન પર ૩૨.૭૮ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રૂવ જંગલની જેમ પથરાયેલા જોવા મળે છે. જેથી આવી એક સપાટ જમીન પર જંગલની જેમ પથરાયેલ મેન્ગ્રૂવની વિશિષ્ટ અને યુનિક જગ્યા વિશે લોકોને જાણવા મળે એ ખૂબ જરૂરી છે. જેથી તેનું સંરક્ષણ અને સંવર્ધન થાય તે હેતુથી ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડની ભલામણને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા કચ્છ જિલ્લાના લખપત તાલુકાની ઇનલૅન્ડ મેન્ગ્રૂવ ગુનેરી સાઈટને ગુજરાતની પ્રથમ બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના મૅનેજમેન્ટ પ્લાન થકી તેના ફ્લોરા અને ફૌનાનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવશે. સ્થાનિકોના હક્ક અને વિશેષ અધિકારોનું સન્માન કરવામા આવશે. ઉપરાંત સ્થાનિકો, વન વિભાગના કર્મચારીઓ અને સ્થાનિક વન અને આદિવાસી પ્રજાના ક્ષમતા વર્ધન તાલીમ દ્વારા બાયોડાયવર્સિટીનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવશે.

# ગાંધીનગરમાં નેશનલ કૉન્ફરન્સ ઑન ગુડ ગવર્નન્સનો પ્રારંભઃ ૨૮ રાજ્યના ૧૦૦થી વધુ પ્રતિનિધિઓ જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે આયોજિત બે દિવસીય નેશનલ કૉન્ફરન્સ ઑન ગુડ ગવર્નન્સનો ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેન્દ્રીય રાજ્ય પ્રધાન ડૉ. જિતેન્દ્ર સિંઘ તેમ જ ગુજરાત સરકારના નાણા પ્રધાન કનુભાઈ દેસાઈએ શુભારંભ કરાવ્યો હતો. આ દરમિયાન મહાનુભાવોના હસ્તે 'મિનિમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ ઈ-જર્નલ' તેમ જ 'સ્ટેટ કોલાબોરેટિવ ઈનિશિયેટિવ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય પ્રધાન ડૉ. જીતેન્દ્ર સિંઘે કહ્યું હતું કે, સુશાસન અને સુશાસનીક વ્યવસ્થા અંગે ગોષ્ઠિ કે પરિષદનું આયોજન કરવા માટે ગુજરાતથી શ્રેષ્ઠ દેશમાં અન્ય કોઈ વિકલ્પ ન હોઈ શકે. ૯૦ના દાયકામાં કોઈ પણ રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવું હોય તો ગુજરાતમાં આઈઆઈએમ-અમદાવાદ ઉપરાંત કોઈ વિકલ્પ ન હતો. આજે એ જ ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની અનેક પરિષદોનું સુદૃઢ આયોજન શક્ય બન્યું છે. ગુજરાત માત્ર માળખાંકીય સુવિધાઓ જ નહિ, પરંતુ ઈ-ગવર્નન્સ ક્ષેત્રે પણ અન્યો માટે દીવાદાંડી સમાન છે. ઑનલાઈન સેવાઓ, પોર્ટલ, ડેશબોર્ડ જેવી અનેક સુવિધાઓ વિકસાવવામાં પણ ગુજરાત દેશમાં અગ્રેસર છે. ગુજરાતના નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સુશાસન એ વિકસિત સમાજનો મુખ્ય પાયો છે. ગુજરાત સરકાર નાગરિકો માટે ગવર્નન્સ રિફોર્મ, પારદર્શિતા, કાર્યક્ષમતા અને સશક્તિકરણ કરવા માટે કટિબદ્ધ છે. જેના પરિણામે ગુજરાત ઇઝ ઑફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગમાં અગ્રણી સ્થાને છે. વિકસિત ભારતના મિશનમાં ગુજરાત મોડલ એક પ્રોએક્ટિવ, રિસ્પોન્સિવ અને એકાઉન્ટેબલ ગવર્નન્સ તરીકે પ્રસ્થાપિત થયું છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુડ ગવર્નન્સ એ માત્ર એક પૉલિસી નથી, પરંતુ નાગરિકો માટે ઉપયોગી, જવાબદાર અને વહીવટી પારદર્શિતા સાથેની એક પરંપરા છે. નાગરિકોને સરકારી સેવાઓ કાર્યક્ષમ, પારદર્શિતા અને સરળતાથી મળી રહે તે જ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે. રાજ્ય સરકાર વિવિધ સરકારી સેવાઓની પ્રક્રિયાનું રિયલ ટાઇમ મોનિટરિંગ કરીને નાગરિકોને ઝડપી, સરળતા અને પારદર્શિતા સાથે પહોંચાડી રહી છે. આ બે દિવસીય કૉન્ફરન્સમાં અલગ અલગ ૬ પ્લેનરી સેશન યોજાશે. જેમાં ગુડ ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાત સરકારના વિવિધ વિભાગોની 'બેસ્ટ પ્રૅક્ટિસિસ' પણ રજૂ કરવામાં આવશે. આ કૉન્ફરન્સમાં ભારતભરનાં ૨૮ રાજ્યોના ૧૦૦થી વધુ પ્રતિનિધિઓ સહભાગી થયા છે. જેથી અન્ય રાજ્યોમાં અમલી સુશાસન વ્યવસ્થા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવશે.

# ગુજરાતમાં એચએમપી વાઈરસના કુલ આઠ કેસઃ અમદાવાદમાં ચાર વર્ષના બાળકનો રિપોર્ટ પોઝિટિવ

અમદાવાદઃ ગુજરાતમાં એચએમપી વાઈરસના કુલ સાત કેસ નોંધાયા હતા. આ સાતેય દર્દીઓ સાજા થતાં તેમને હૉસ્પિટલમાંથી તાજેતરમાં રજા આપવામાં આવી હતી. અમદાવાદના ગોતા વિસ્તારમાં ચાર વર્ષના બાળકને તાવ, શરદી અને કફ થયો હતો. ૨૮ જાન્યુઆરીએ તેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કર્યા બાદ રિપોર્ટ કરાવતાં પોઝિટિવ આવ્યો હતો. બાળકની દેશ કે વિદેશમાં કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી મળી નથી. ગુજરાતમાં એચએમપી વાઈરસનો પ્રથમ પોઝિટિવ કેસ ૬ જાન્યુઆરીએ નોંધાયો હતો. આ કેસ શહેરના ચાંદખેડાની ખાનગી હૉસ્પિટલમાં ૨૬ ડિસેમ્બરે જ નોંધાઈ ચૂક્યો હતો. ૨૬ ડિસેમ્બરથી લઈ ૨૮ જાન્યુઆરી સુધીમાં કુલ ૮ જેટલા એચએમપી વાઈરસના કેસ પોઝિટિવ આવ્યા હતા. આઠમાંથી પાંચ બાળકો જ્યારે ત્રણ વૃદ્ધ દર્દીઓનો સમાવેશ થયો હતો. ગુજરાતમાં ૬ જાન્યુઆરીએ રાજસ્થાનના બે મહિનાના બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેને અમદાવાદ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યો હતો. આ બાળક સાજો થતાં તેને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ત્યાર બાદ અમદાવાદમાં ચાર કેસ અને સાબરકાંઠામાં એક કેસ સહિત અને મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેને ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હોવાનું આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું. તમામ દર્દીઓને સારવાર વખતે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં મોટા ભાગના દર્દીઓને રજા આપી દેવામાં આવી હતી. અમદાવાદમાં કુલ સાત જેટલા કેસ નોંધાયા હતા અને વધુ એક કેસ નોંધાતાં કુલ આઠ પોઝિટિવ કેસ થયા હતા.

# અમિત શાહે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં રાજ્યમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલ અંગે સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહે નવી દિલ્હીમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં રાજ્યમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ગુજરાતમાં પોલીસ, જેલ, અદાલત, ફરિયાદ અને ફોરેન્સિક સંબંધિત વિવિધ નવી જોગવાઈઓના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ચર્ચા દરમિયાન, અમિત શાહે જણાવ્યું હતું કે ત્રણ નવા ફોજદારી કાયદાઓ હેઠળ ત્રણ વર્ષમાં એફઆઈઆરથી સુપ્રીમ કોર્ટ સુધીના કોઈ પણ કેસમાં ન્યાય આપવાની જોગવાઈમાં છે. નવા ફોજદારી કાયદાઓના અમલીકરણમાં ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરતાં તેમણે રાજ્ય સરકારને ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં તમામ કમિશનરેટમાં નવા કાયદાઓનો ૧૦૦ ટકા અમલ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

અમિત શાહે જણાવ્યું હતું કે ગુજરાતે ૧૦ વર્ષથી વધુ સજાવાળા કેસોમાં ૯૨ ટકાથી વધુ ચાર્જશીટ સમયસર દાખલ કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. બાકીના કેસોમાં કોર્ટ પાસેથી પરવાનગી લેવાની જોગવાઈનો ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે કાયદાની સમીક્ષા કરવી જોઈએ. એવી સિસ્ટમ બનાવવી જોઈએ જેમાં ક્રાઇમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ દ્વારા બે રાજ્યો વચ્ચે એફઆઈઆર ટ્રાન્સફર કરી શકાય.

નવા કાયદાઓમાં ઇલેક્ટ્રૉનિક પુરાવાની જોગવાઈ અંગે ગૃહ પ્રધાને કહ્યું હતું કે તેના યોગ્ય અમલીકરણ માટે, રાજ્યના ગૃહ અને આરોગ્ય વિભાગે એક બેઠક યોજવી જોઈએ અને હૉસ્પિટલોમાંથી પોસ્ટમોર્ટમ અને અન્ય તબીબી અહેવાલો ઇલેક્ટ્રૉનિક રીતે પ્રાપ્ત કરવા પર ભાર મૂકવો જોઈએ. જેલ, સરકારી હૉસ્પિટલો, બૅન્કો, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી વગેરે જેવા પરિસરમાં વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા પુરાવા રેકોર્ડ કરવાની વ્યવસ્થા હોવી જોઈએ.

અમિત શાહે કહ્યું કે રાજ્ય સરકારે એક પરિપત્ર બહાર પાડવો જોઈએ જેથી ખાતરી કરી શકાય કે સંગઠિત અપરાધ, આતંકવાદ અને મોબ લિંચિંગની જોગવાઈઓનો દુરુપયોગ ન થાય. આ માટે ઉચ્ચ સ્તરે પરવાનગી માટે કડક જોગવાઈઓ કરવી જોઈએ. ગુજરાત હાઈ કોર્ટે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ તમામ ગૌણ અદાલતોને ઈ-પ્રક્રિયાઓ જારી કરવા માટે નિર્દેશો જારી કર્યા છે, જે એક સારી પહેલ છે. અન્ય રાજ્યોમાં પણ આ માટે પ્રયાસો કરવા જોઈએ.

# અમદાવાદ, સુરત, વાપી અને વ્યારામાં ૧૪ વેપારીની તપાસમાં ₹ ૯.૧૧ કરોડની કરચોરી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બિલ વિના માલનું વેચાણ કરતા વેપારીઓ સામે સ્ટેટ જીએસટી વિભાગે પગલાં લેવાનું શરૂ કર્યું છે. આવા વેપારીઓને ત્યાં દરોડાની કાર્યવાહી કરીને કરચોરી અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. સ્ટેટ જીએસટી વિભાગની એન્ફોર્સમેન્ટ વિંગે કેમિકલ્સ, રમકડાં, ગિફ્ટ આર્ટિકલ્સ, ઈલેક્ટ્રૉનિક્સ, બ્યુટીપાર્લર અને મેન પાવરના ૧૪ વેપારીઓને ત્યાં દરોડા પાડયા હતા. તપાસના અંતે કુલ રૂા. ૯.૧૧ કરોડની કરચોરી ઝડપાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જીએસટી તંત્રએ અમદાવાદ, સુરત, વાપી, અને વ્યારાના વેપારીઓને ત્યાં દરોડા પાડી કરચોરી અંગે તપાસ હાથ ધરી હતી. જીએસટી વિભાગના જણાવ્યા મુજબ બિલ વિના થતાં વેચાણો અટકાવવા માટે ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા તાજેતરમાં કેમિકલ્સ, ગિફ્ટ આર્ટિકલ્સ અને રમકડાં, ઈલેક્ટ્રૉનિક્સ, બ્યુટી પાર્લર અને મેન પાવર સહિત વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત કુલ ૧૪ વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. ૧૪ વેપારીઓ પૈકી ૮ વેપારીઓ અમદાવાદમાં, ૩ વેપારીઓ સુરતમાં, ૨ વેપારીઓ વાપીમાં તથા ૧ વેપારી વ્યારામાં આવેલ હતા.

તપાસ દરમિયાન બિનહિસાબી વેચાણ અને વેરાની ઓછી જવાબદારી દર્શાવવા જેવી ગેરરીતિઓ ધ્યાનમાં આવી હતી. અંદાજિત ૯.૧૧ કરોડની કરચોરી શોધી કાઢવામાં આવી હતી. રાજ્ય કર વિભાગ દ્વારા આ કેસમાં સરકારી આવકના રક્ષણ અને વસૂલાત માટે યોગ્ય કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# બનાસકાંઠાના વિભાજન બાદ વિરોધ વકર્યોઃ દિયોદરને જિલ્લામથક બનાવવાની માગ સાથે ભાભરમાં રૅલી યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને વાવ-થરાદ નવો જિલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ કાંકરેજ અને ધાનેરામાં વિરોધ વકર્યો હતો. ધાનેરા તાલુકામાં છેલ્લા ૨૮ દિવસથી આ મુદ્દે વિરોધ ચાલી રહ્યો છે. તાલુકાના જડિયા ગામમાં બુધવારે રાત્રે ગ્રામજનો એકત્રિત થયા હતા અને હનુમાન મંદિરમાં પૂજા-આરતી કરીને સરકાર પ્રજાની લાગણીઓને સમજે તેવી પ્રાર્થના કરી હતી. ત્યાર બાદ ગાંધીનગર પહોંચી વિધાનસભાનો ઘેરાવ કરાની ચીમકી ઉચ્ચારાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ધાનેરા તાલુકામાં બનાસકાંઠાનું વિભાજન કરીને વાવ થરાદને નવો જિલ્લો બનાવવામાં આવતાં છેલ્લા ૨૮ દિવસથી વિરોધ ચાલી રહ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે, કોઈ પણ સંજોગોમાં ધાનેરાને બનાસકાંઠામાં રાખીને જંપીશું. સ્થાનિક અગ્રણીઓએ એવી ચીમકી ઉચ્ચારી હતી કે, જો આગામી સમયમાં ધાનેરા તાલુકાને બનાસકાંઠા જિલ્લામાં સમાવેશ નહીં કરવામાં આવે તો જડિયા ગામ સહિત સમગ્ર ધાનેરા તાલુકાના લોકો ગાંધીનગર જઈને વિધાનસભાનો ઘેરાવ કરશે. આ માટેની લડત કોઈ પણ સંજોગોમાં ચાલુ રહેશે.

અગાઉ કાંકરેજ અને ધાનેરામાં વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો હતો અને નવા જિલ્લાનો વિરોધ કર્યો હતો. તે ઉપરાંત લોકોએ નવા જિલ્લાનું મુખ્ય મથક દિયોદર રાખવાની રજૂઆત પણ કરી હતી. રાજ્ય સરકારે ૧લી જાન્યુઆરીથી અમલી બનેલા આ નવા જિલ્લામાં કુલ ૮ તાલુકાઓનો સમાવેશ કર્યો છે, જેમાં ધાનેરા, કાંકરેજ અને દિયોદર તાલુકાના સમાવેશને લઈને છેલ્લા ૨૮ દિવસથી સ્થાનિક સ્તરે વિરોધ પ્રદર્શન થઈ રહ્યાં છે.

આ વિરોધમાં ભાભર તાલુકાના લોકોએ વિશાળ રૅલી યોજી હતી. જે ભાભરની બજારમાંથી નીકળી મામલતદાર કચેરી સુધી પહોંચી હતી. સ્થાનિક લોકોની માગણી છે કે દિયોદરને જિલ્લા મથક બનાવીને નવા જિલ્લાનું નામ 'ઓગડ જિલ્લો' રાખવામાં આવે અને તેમાં ભાભર તાલુકાનો સમાવેશ કરવામાં આવે. ધાનેરા, કાંકરેજ અને દિયોદર તાલુકાનો વિરોધ હજુ શમ્યો નથી ત્યાં ભાભર તાલુકાના લોકોએ પણ પોતાની માગણીઓ સાથે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. લોકોએ મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરી પોતાની માગણીઓ રજૂ કરી હતી. બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલે જાહેર કર્યું છે કે આ નવા જિલ્લાની રચના અંગે કોઈ પણ નાગરિક પોતાની રજૂઆત કરવા ઇચ્છતા હોય તો તેઓ આગામી ૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ રવિવાર સાંજે ૬:૧૦ વાગ્યા સુધી સંબંધિત નાયબ કલેકટરને લેખિત સ્વરૂપમાં મોકલી શકે છે. આ નિર્ણય જિલ્લાના વિકાસ અને વહીવટી સરળતા માટે લેવામાં આવ્યો છે.

# મહેસાણામાં હોમિયોપથી કૉલેજમાં વિદ્યાર્થિનીના આપઘાત મુદ્દે પ્રિન્સિપાલ સહિત ચાર પ્રોફેસર સામે ફરિયાદ દાખલ

અમદાવાદઃ મહેસાણા-વિસનગર હાઈવે પર બાસણા નજીક સ્થિત મર્ચન્ટ કૉલેજની હોમીઓપેથિક મેડિકલ કૉલેજમાં સુરેન્દ્રનગર જિલ્લાના નગવાડા ગામની ૧૮ વર્ષીય શ્રીમાળી ઉર્વશી નામની વિદ્યાર્થિનીએ બુધવારે હોસ્ટેલના રૂમમાં આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ હતી. તેના પિતાએ કૉલેજના પ્રિન્સિપાલ સહિત ચાર પ્રોફેસર વિરુદ્ધ મહેસાણા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. મહેસાણાના બાસણા નજીક આવેલ મર્ચન્ટ કૉલેજમાં ૧૯ વર્ષીય ઉર્વશી શ્રીમાળી નામની વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૃતક વિદ્યાર્થિનીના પિતાએ માનસિક હેરાનગતિનો આક્ષેપ કર્યો હતો. તેમણે મૃતકને ન્યાય મળે તેવી માગ કરી હતી. વિદ્યાર્થિનીના આપઘાત બાદ કૉલેજના વિદ્યાર્થીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો અને કાર્યવાહી ના થાય ત્યાં સુધી હડતાલ પર ઊતરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

મૃતકના પિતાની ફરિયાદ પ્રમાણે સુરેશરાવ વાસનીક નામના પ્રોફેસર તેને ઊંચા અવાજે ધમકાવતા અને નાપાસ કરવાની ધમકીઓ આપતા હતા. મેડિસિનના પ્રોફેસર પ્રશાંત નુવાલ તેને ત્રણ-ત્રણ વખત એક જ વસ્તુ લખવા ફરજ પાડતા અને બે-ત્રણ કલાક સુધી ઊભી રાખીને અશોભનીય વર્તન કરતા હતા. ફાર્મસીના પ્રોફેસર વાય. ચંદ્રા તેને એકલી ક્લાસમાં બોલાવી અશ્લીલ ટિપ્પણીઓ કરતા હતા. ડૉ. સંજય રીધે નામના એસોસીએટ પ્રોફેસર પણ તેને જાહેરમાં અપમાનિત કરતા અને અયોગ્ય રીતે સ્પર્શ કરવાનો પ્રયાસ કરતા હતા. મૃતક ઉર્વશીએ આ અંગે કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. કૈલાશ જીંગા પાટીલને ફરિયાદ કરી હતી, તેમણે ઉર્વશીને કહ્યું હતું કે ''ભણવા આવો છો તો આ બધું સહન કરવું પડશે. પ્રિન્સિપાલે પ્રોફેસરોનો પક્ષ લેતાં કંટાળીને અંતે ઉર્વશીએ આપઘાતનું પગલું ભર્યું હતું. પોલીસે પ્રિન્સિપાલ સહિત ચાર પ્રોફેસરો સામે ફરિયાદ નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ગુજરાતમાં નડાબેટ સહિતના વેટલૅન્ડની જાળવણી માટે હાઈ કોર્ટની સુઓમોટો પિટિશનઃ કોર્ટ-મિત્ર સ્થળ પર જઈ તપાસ કરશે

અમદાવાદઃ ગુજરાતમાં નળસરોવર, વઢવાણા વેટલૅન્ડ, થોળ તળાવ, ખીજડિયા પક્ષી અભયારણ્ય અને નડાબેટ વિસ્તારોમાં વેટલૅન્ડ્સની જાળવણી માટે હાઈ કોર્ટે સુઓમોટો અરજી દાખલ કરી હતી. હવે કોર્ટ મિત્ર સ્થળની તપાસ કરશે અને વધુ સુનાવણી માર્ચ મહિનામાં યોજાશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચે નોંધ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ના આદેશને ધ્યાનમાં રાખીને હાલની પીઆઈએલને સુઓમોટો અરજી તરીકે નોંધવામાં આવી હતી. જેથી કોર્ટના અધિકારક્ષેત્રમાં આવતાં વેટલૅન્ડ સ્થળોની યોગ્ય જાળવણી પર દેખરેખ રાખી શકાય.

સુપ્રીમ કોર્ટે ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ૨૦૧૮ની પેન્ડિંગ પીઆઈએલમાં પસાર કરેલા આદેશમાં તેના રજિસ્ટ્રાર જનરલને નિર્દેશ આપ્યો હતો કે તેઓ અપડેટેડ રામસાર સાઇટ્સની સંપૂર્ણ યાદી તમામ હાઈ કોર્ટને મોકલે અને હાઈ કોર્ટને કહ્યું હતું કે, જો જરૂરી હોય તો, કોર્ટને મદદ કરવા માટે એક કોર્ટ મિત્રની નિમણૂક કરવામાં આવે. તે ઉપરાંત ખાતરી કરવામાં આવે કે તેમના અધિકારક્ષેત્રમાં આવેલી રામસાર સાઇટ્સ યોગ્ય રીતે જાળવવામાં આવે છે કે નહીં.

જેથી કોર્ટ મિત્ર તરીકે હાજર રહેલા સિનિયર એડવોકેટ ગૌતમ જોશીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વેટલૅન્ડની જાળવણી માટે શું કરવામાં આવ્યું છે તેની માહિતી રજૂ કરવાની રહેશે. ભારત-પાક સરહદ પર નડાબેટ ખાતે સ્થિત એક વેટલૅન્ડ છે જે ભારતમાં કદાચ સૌથી મોટી છે જેનો અડધો ભાગ ગુજરાતમાં છે અને બાકીનો અડધો ભાગ પાકિસ્તાનમાં છે.

કોર્ટે નોંધ્યું હતું કે, જોશીએ આ સ્થળોની મુલાકાત લેવા માટે સ્વૈચ્છિક સેવા આપી હતી. કોર્ટે જોશીની રજૂઆત નોંધી હતી કે સુપ્રીમ કોર્ટના આદેશમાં ઉલ્લેખિત ચાર વેટલેન્ડ્સ ઉપરાંત, નડાબેટમાં વધુ એક વેટલેન્ડ સ્થિત છે. જોશી આ વેટલેન્ડ્સની જાળવણી કેવી રીતે કરવામાં આવી રહી છે તેનો પ્રત્યક્ષ અનુભવ મેળવવા માટે સ્વૈચ્છિક મુલાકાત લેશે અને આ કેસની વધુ સુનાવણી આગામી તા. ૧૨ માર્ચના રોજ હાથ ધરાશે.

# હાઈ કોર્ટે રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ત્રણ આરોપીના જામીન મંજૂર કર્યાઃ ચારના ફગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ત્રણ આરોપીઓના હાઈ કોર્ટે જામીન મંજૂર કર્યા હતા. જેમાં મહાનગરપાલિકાના એટીપી રાજેશ મકવાણા, પૂર્વ એટીપી ગૌતમ જોષી અને જયદીપ ચૌધરીનો સમાવેશ થાય છે. તે ઉપરાંત મનસુખ સાગઠિયા, ઈલેશ ખેર અને અશોકસિંહ તેમ જ કિરીટસિંહ જાડેજાના જામીન નામંજૂર કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટનામાં નિર્દોષ ૨૭ લોકોનાં મૃત્યુ નીપજ્યાં હતાં. પોલીસે ટીઆરપી ગેમ ઝોનના માલિક યુવરાજ સિંહ, પ્રકાશ સોલંકી સહિત કુલ ૬ લોકો સામે ફરિયાદ નોંધી હતી. અગ્નિકાંડના આરોપી અને મહાનગરપાલિકાના સસ્પેન્ડેડ ટી.પી.ઓ. મનસુખ સાગઠિયાની અપ્રમાણસર સંપત્તિને ટાંચમાં લેવા પણ સરકારે મંજૂરી આપી હતી.

અગ્નિકાંડ મુદ્દે ૨૫મી સપ્ટેમ્બરે રાજકોટ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં આરોપીઓની ચાર્જશીટ બાદની જામીન અરજી મામલે કેસ ચાલ્યો હતો. જેમાં ગેમઝોનના માલિક અશોકસિંહ જાડેજા, રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ચીફ ફાયર ઑફિસર ઈલેશ ખેર, પૂર્વ આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ ઑફિસર ગૌતમ જોશી અને રાજેશ મકવાણાના વકીલ દ્વારા આરોપીઓનો બચાવ કરવામાં આવ્યો હતો. આ મામલે હાઈ કોર્ટે ત્રણ આરોપીઓના જામીન મંજૂર કર્યા હતા.

# ગુજરાતના આરોગ્ય વિભાગે ક્રીમિયન કોંગો હેમરેજીક ફીવર અંગે જનજાગૃતિ માટે માર્ગદર્શિકા જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ક્રીમિયન કોંગો હેમરેજીક ફીવર અંગે જનજાગૃતિ માટે આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. ક્રીમિયન કોંગો હેમરેજીક ફીવર એક વાયરલ રોગ છે. મનુષ્યમાં વાયરસનો ફેલાવો ઇતરડીના કરડવાથી અથવા ચેપગ્રસ્ત પ્રાણીનાં રક્ત કે અન્ય સ્રાવના સંપર્કમાં આવવાથી થાય છે.

મોટા ભાગના ક્રીમિયન કોંગો હેમરેજીક ફીવરના કેસોમાં પશુધન ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો અને પશુ ચિકિત્સકોને ચેપ લાગવાનો ભય હોય છે. વ્યક્તિથી વ્યક્તિ સંક્રમણ ચેપી વ્યક્તિના લોહી અથવા અન્ય સ્રાવના ગાઢ સંપર્કમાં આવવાથી થાય છે. હૉસ્પિટલમાં આ ચેપ તબીબી સાધનોનું અયોગ્ય સ્ટરીલાઈઝેશન, નીડલ અને દૂષિત તબીબી સાધનોના પુનઃ ઉપયોગના લીધે થઈ શકે છે. મનુષ્યમાં ચેપ લાગ્યા બાદ ૧-૩ દિવસમાં આ રોગનાં લક્ષણો જોવાં મળે છે.

ક્રીમિયન કોંગો હેમરેજીક ફીવર તાવ, સ્નાયુનો દુખાવો, ચક્કર આવવા, ગરદનમાં દુખાવો અને પીઠ-માથાનો દુખાવો, ઝાડા-ઊલટી, નાક કે પેઢામાંથી લોહી નીકળવું તેવા પ્રકારનાં લક્ષણો આ રોગમાં દેખાય છે. ઈતરડીથી-માનવમાં સંક્રમણ અટકાવવા નાગરિકોએ રક્ષણાત્મક કપડાં પહેરવા જેમ કે, લાંબા સ્લીવ કે લાંબા ટ્રાઉઝર વગેરે, કપડાં પર કે શરીર પર ઈતરડી દેખાય તો તેને સુરક્ષિત રીતે દૂર કરાવી, પ્રાણીઓ પર અથવા તેના રહેઠાણ પર ઇતરડી ઉપદ્રવને દૂર કરવી અથવા નિયંત્રિત કરવી, ક્રીમિયન કોંગો હેમરેજીક ફીવરથી ચેપગ્રસ્ત દર્દી સાથે નજીકના શારીરિક સંપર્ક ટાળવા જોઈએ.

જામનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૫૦ વર્ષના પુરુષ ક્રીમિયન કોંગો હેમરેજીક ફીવર પોઝિટિવ આવ્યો હતો. ત્યાર બાદ આરોગ્ય વિભાગ તથા પશુપાલન વિભાગ દ્વારા સર્વેલન્સ તેમ જ રોગ અટકાયતી કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વેલન્સ કરી આ દર્દીના સંપર્કમાં આવેલ વ્યક્તિઓને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. રાજ્યમાં આ રોગનો છેલ્લો કેસ વર્ષ ૨૦૨૩મા સાબરકાંઠા જિલ્લામાં નોંધાયો હતો.

# કૉમનવેલ્થ ગૅમ્સ ફેડરેશનના પ્રેસિડેન્ટ ક્રિસ જેન્કીન્સે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી

અમદાવાદઃ ગાંધીનગર ખાતે કૉમનવેલ્થ ગૅમ્સ ફેડરેશનના પ્રેસિડેન્ટ ક્રિસ જેન્કીન્સે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે રમતગમત ક્ષેત્રના ભાવિ વિકાસ અને આગામી સમયમાં ભારતમાં યોજાનારા ઇન્ટરનેશનલ સ્પોર્ટ્સ ઇવેન્ટ અંગે વિચાર પરામર્શ કર્યા હતા. ગુજરાતમાં જે સસ્ટેઈનેબલ સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થયું છે તેનો મહત્તમ લાભ યુવા ખેલાડીઓ સહિત ખેલકૂદ પ્રતિભાઓને મળે છે તેની ભૂમિકા તેમને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આપી હતી. તે ઉપરાંત ખેલ મહાકુંભ તથા ખેલો ઇન્ડિયા જેવાં વિરાટ આયોજન સફળતાપૂર્વક પાર પડ્યાં છે તે અંગે પણ કૉમનવેલ્થ ગૅમ્સ ફેડરેશનના પ્રેસિડેન્ટને તેમણે માહિતગાર કર્યા હતા. મુખ્ય પ્રધાને ગુજરાત ૨૦૨૫માં કૉમનવેલ્થ વેઈટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ્સ તેમ જ ૨૦૨૮માં અંડર ૨૦ એથલેટિક્સ ચેમ્પિયનશિપ્સ અને ૨૦૨૯માં વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગૅમ્સ જેવી પ્રતિષ્ઠિત વૈશ્વિક રમત સ્પર્ધાઓના આયોજન માટે સજ્જ થઈ રહ્યું છે તે અંગે પણ વાતચીત કરી હતી. આ બેઠક દરમિયાન કૉમનવેલ્થ ગૅમ્સ ફેડરેશનના પ્રેસિડેન્ટ ક્રિસ જેન્કીન્સે કૉમનવેલ્થ ગૅમ્સના ૨૦૨૬-૨૦૩૦ના રોડમેપ તથા ગૅમ્સ રિસેટ ફ્રેમવર્કની જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે, રમત ગમત સ્પર્ધાના યજમાન રાષ્ટ્રને ઓછું નાણાકીય ભારણ આવે તથા નાણાકીય સ્થિરતા મળે તે માટે જે તે રાષ્ટ્રના હયાત સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વધુ ને વધુ ઉપયોગ રમતોનાં આયોજનો માટે કરવાની નેમ છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય સ્તરની વિરાટ રમતોનાં આયોજનોમાં કૉમનવેલ્થ ગૅમ્સ ફેડરેશનના અનુભવ જ્ઞાનના સહયોગથી સાથે મળીને કામ કરવાની તત્પરતા પણ આ મુલાકાત બેઠકમાં દર્શાવી હતી.

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ▫ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▫ પુસ્તકઃ ૨૦૪ ▫ Volume 68 ▫ Issue 26 ▫ વિક્રમ સંવત ૨૦૮૧

▫ માઘ સુદ- ૨ ▫ મુંબઈ ▫ MUMBAI SAMACHAR ▫ www.bombaysamachar.com ▫ 31 January 2025, Friday ▫ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૩૧ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ▫ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


This is a public announcement for information purposes only and is not a prospectus announcement and does not constitute an invitation or offer to acquire, purchase or subscribe to securities. Not for release, publication or distribution directly or indirectly, outside India. Initial public offer of Equity Shares (as defined below) on the main board of BSE Limited ("BSE") and National Stock Exchange of India Limited ("NSE", and together with BSE, the "Stock Exchanges") in compliance with Chapter II of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended ("SEBI ICDR Regulations").

# DR. AGARWAL'S HEALTH CARE LIMITED

Our Company was incorporated as 'Dr. Agarwal's Health Care Limited' at Chennai, Tamil Nadu as a public limited company under the Companies Act, 1956, pursuant to a certificate of incorporation dated April 19, 2010, issued by the Registrar of Companies, Tamil Nadu and Andaman and Nicobar Island at Chennai (**"RoC"**) and commenced operations pursuant to a certificate for commencement of business dated May 29, 2010 issued by the RoC. For details in relation to changes in the registered office of our Company, see ***"History and Certain Corporate Matters"*** on page 250 of the Red Herring Prospectus dated January 23, 2025 filed with the ROC (**"RHP"** or the **"Red Herring Prospectus"**).

**Registered Office:** 1st Floor, Buhari Towers, No.4 Moores Road, Off Greams Road, Near Asan Memorial School, Chennai 600 006, Tamil Nadu, India
**Corporate Office:** 3rd Floor, Buhari Towers, No.4, Moores Road, Off Greams Road, Chennai 600 006, Tamil Nadu, India; **Telephone:** +91 44 4378 7777; **Website:** www.dragarwals.co.in;
**Contact person:** Thanikainathan Arumugam, Company Secretary and Compliance Officer; **E-mail:** secretarial@dragarwal.com; **Corporate Identity Number:** U85100TN2010PLC075403

(Please scan the QR code to view the RHP and the Abridged Prospectus)

**THE PROMOTERS OF OUR COMPANY: DR. AMAR AGARWAL, DR. ATHIYA AGARWAL, DR. ADIL AGARWAL, DR. ANOSH AGARWAL, DR. ASHVIN AGARWAL, DR. ASHAR AGARWAL, DR. AMAR AGARWAL FAMILY TRUST, DR. ADIL AGARWAL FAMILY TRUST, DR. ANOSH AGARWAL FAMILY TRUST, DR. ASHVIN AGARWAL FAMILY TRUST AND DR. ASHAR AGARWAL FAMILY TRUST, DR. AGARWAL'S EYE INSTITUTE AND DR. AGARWAL'S EYE INSTITUTE PRIVATE LIMITED**

**INITIAL PUBLIC OFFER OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹1 EACH ("EQUITY SHARES") OF DR. AGARWAL'S HEALTH CARE LIMITED ("COMPANY") FOR CASH AT A PRICE OF ₹[●] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹[●] PER EQUITY SHARE) ("OFFER PRICE") AGGREGATING UP TO ₹[●] MILLION COMPRISING A FRESH ISSUE OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹3,000 MILLION BY OUR COMPANY ("FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO 67,842,284 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION ("OFFERED SHARES") BY THE SELLING SHAREHOLDERS, CONSISTING OF UP TO 2,176,239 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. AMAR AGARWAL, UP TO 2,629,829 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. ATHIYA AGARWAL, UP TO 3,071,188 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. ADIL AGARWAL, UP TO 3,614,508 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. ANOSH AGARWAL, UP TO 241,269 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. ASHVIN AGARWAL, UP TO 1,883,869 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY DR. AGARWAL'S EYE INSTITUTE (COLLECTIVELY "THE PROMOTER SELLING SHAREHOLDERS"), UP TO 7,083,010 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY ARVON INVESTMENTS PTE. LTD., UP TO 16,148,150 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY CLAYMORE INVESTMENTS (MAURITIUS) PTE. LTD., AND UP TO 30,755,592 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY HYPERION INVESTMENTS PTE. LTD. (COLLECTIVELY THE "INVESTOR SELLING SHAREHOLDERS"), UP TO 119,315 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY FARAH AGARWAL, UP TO 119,315 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 AGGREGATING UP TO ₹[●] MILLION BY URMILA AGARWAL (COLLECTIVELY THE "OTHER SELLING SHAREHOLDERS") (THE PROMOTER SELLING SHAREHOLDERS, THE OTHER SELLING SHAREHOLDERS AND THE INVESTOR SELLING SHAREHOLDERS, COLLECTIVELY REFERRED TO AS THE "SELLING SHAREHOLDERS") AND SUCH EQUITY SHARES OFFERED BY THE SELLING SHAREHOLDERS ("OFFER FOR SALE", AND TOGETHER WITH THE FRESH ISSUE, THE "OFFER").**

**THE OFFER INCLUDES A RESERVATION OF UP TO 1,579,399 EQUITY SHARES OF FACE VALUE OF ₹1, AGGREGATING UP TO ₹[●] MILLION (CONSTITUTING UP TO [●]% OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL), FOR SUBSCRIPTION BY ELIGIBLE EMPLOYEES ("EMPLOYEE RESERVATION PORTION") AND A RESERVATION OF UP TO 1,129,574 EQUITY SHARES AGGREGATING UP TO ₹[●] MILLION (CONSTITUTING UP TO [●]% OF THE POST-ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL) FOR SUBSCRIPTION BY ELIGIBLE AEHL SHAREHOLDERS ("SHAREHOLDER RESERVATION PORTION"). THE OFFER LESS THE EMPLOYEE RESERVATION PORTION AND THE SHAREHOLDER RESERVATION IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER". THE OFFER AND THE NET OFFER SHALL CONSTITUTE [●] % AND [●] % OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY, RESPECTIVELY.**

DETAILS OF THE OFFER FOR SALE

| SELLING SHAREHOLDERS | Type | NUMBER OF EQUITY SHARES OFFERED / AMOUNT (₹ IN MILLION) | WEIGHTED AVERAGE COST OF ACQUISITION (IN ₹ PER EQUITY SHARE)# |
|---|---|---|---|
| Dr. Amar Agarwal | Promoter Selling Shareholder | Up to 2,176,239 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 39.54 |
| Dr. Athiya Agarwal | Promoter Selling Shareholder | Up to 2,629,829 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 39.45 |
| Dr. Adil Agarwal | Promoter Selling Shareholder | Up to 3,071,188 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 37.70 |
| Dr. Anosh Agarwal | Promoter Selling Shareholder | Up to 3,614,508 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 40.68 |
| Dr. Ashvin Agarwal | Promoter Selling Shareholder | Up to 241,269 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 0.25 |
| Dr. Agarwal's Eye Institute | Promoter Selling Shareholder | Up to 1,883,869 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 39.47 |
| Arvon Investments Pte. Ltd. | Investor Selling Shareholder | Up to 7,083,010 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 125.20 |
| Claymore Investments (Mauritius) Pte. Ltd. | Investor Selling Shareholder | Up to 16,148,150 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 55.73 |
| Hyperion Investments Pte. Ltd. | Investor Selling Shareholder | Up to 30,755,592 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 117.88 |
| Farah Agarwal | Other Selling Shareholder | Up to 119,315 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 39.71 |
| Urmila Agarwal | Other Selling Shareholder | Up to 119,315 Equity Shares of face value of ₹1 aggregating up to ₹ [●] million | 39.71 |

*# As certified by M.K. Dandeker & Co. LLP, Chartered Accountants, by way of their certificate dated January 23, 2025.*

**We provide a comprehensive range of eye care services, including cataract, refractive and other surgeries; consultations, diagnoses and non-surgical treatments; and sell opticals, contact lens and accessories, and eye care related pharmaceutical products. We endeavour to address all the needs of our patients in their eye treatment journeythrough a network, which as of September 30, 2024, comprised 209 Facilities.**

**The Offer is being made through the Book Building Process in accordance with Regulation 6(1) of the SEBI ICDR Regulations.**
**QIB Portion: Not more than 50% of the Net Offer | Non-Institutional Portion: Not less than 15% of the Net Offer | Retail Portion: Not less than 35% of the Net Offer | Employee Reservation Portion: Up to 1,579,399 Equity Shares aggregating up to ₹ [•] million | Shareholder Reservation Portion: Up To 1,129,574 Equity Shares Aggregating Up To ₹[●] Million**

**PRICE BAND: ₹ 382 TO ₹ 402 PER EQUITY SHARE OF FACE VALUE OF ₹ 1 EACH**
**THE FLOOR PRICE AND THE CAP PRICE ARE 382 TIMES AND 402 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES, RESPECTIVELY**
**THE PRICE/EARNINGS RATIO BASED ON DILUTED EPS FOR FY 2024 FOR THE COMPANY AT THE UPPER END OF THE PRICE BAND IS 128.43 TIMES AND AT THE LOWER END OF THE PRICE BAND IS 122.04 TIMES AS COMPARED TO THE AVERAGE INDUSTRY PEER GROUP P/E RATIO OF 82.44 TIMES.**
**BIDS CAN BE MADE FOR A MINIMUM OF 35 EQUITY SHARES AND IN MULTIPLES OF 35 EQUITY SHARES THEREAFTER**

***In accordance with the recommendation of the Independent Directors of our Company, pursuant to their resolution dated January 23, 2025, the above provided price band is justified based on quantitative factors/ KPIs disclosed in the 'Basis for Offer Price' section on page 134 of the RHP vis-a-vis the weighted average cost of acquisition ("WACA") of primary and secondary transaction(s), as applicable, disclosed in 'Basis of Offer Price' section on page 134 of the RHP and provided below in the advertisement.***

***In making an investment decision and purchase in the Offer, potential investors must only rely on the information included in the RHP and the terms of the Offer, including the merits and risks involved and not rely on any other external sources of information about the Offer available in any manner.***

***In relation to Price Band, potential investors should only refer to this price band advertisement for the Offer and should not rely on any media articles/ reports in relation to the valuation of our Company as these are not endorsed, published or confirmed either by our Company or by the BRLMs.***

**RISK TO INVESTORS**
**(For details refer to section titled *"Risk Factors"* on page 33 of the RHP)**

1. **Concentration Risk:** Significant majority of our Facilities are located in the states of Tamil Nadu, Maharashtra and Karnataka in India. Any adverse developments in relation to these Facilities could adversely affect our business, financial condition, results of operations and cash flows

| Particulars | As at and for Six months ended Sept 30, 2024 | As at and for Six months ended Sept 30, 2023 | As at and for Mar 31, 2024 | As at and for Mar 31, 2023 | As at and for Mar 31, 2022 |
|---|---|---|---|---|---|
| Total Facilities in India | 193 | 141 | 165 | 121 | 91 |
| Facilities situated in Tamil Nadu Maharashtra and Karnataka | 120 | 92 | 107 | 79 | 63 |
| Revenue Contribution of top 3 states to revenue from operations in India (%) | 68.16% | 71.91% | 72.28% | 72.08% | 76.25% |

2. The Offer for Sale as a percentage of the Offer is 90.09% (at cap price) and amounts to ₹ 27,272.60 million (at cap price) out of the total Offer of ₹ 30,272.60 million (at cap price). We will not receive any proceeds from the Offer for Sale portion and the same will be received by the Selling Shareholders.

3. **Doctor's Attrition:** If we are not able to attract and retain our doctors and other medical professionals, our business, financial condition, results of operations and cash flows may be adversely affected

| Particulars | For Six months ended Sept 30, 2024 | For Six months ended Sept 30, 2023 | FY 2024 | FY 2023 | FY 2022 |
|---|---|---|---|---|---|
| Percentage of doctors who ceased to work with us against total number of doctors | 10.31% | 7.44% | 16.64% | 20.58% | 18.36% |

4. **Inorganic Growth Risk:** We have acquired 52 Facilities from April 1, 2021 till the date of the Red Herring Prospectus. As part of our growth strategy, we may seek to undertake acquisitions on an opportunistic basis. Acquisitions can be time-consuming to execute and may not be accretive to our overall business and result in increased integration costs due to regulatory complexities or otherwise. We may be unable to attract and retain key doctors in the Facilities that we acquire and, as a result, we may not be able to retain patients who have been loyal to those doctors in the past.

| | Oct 1, 2024 till date of RHP filing | For Six months ended Sept 30, 2024 | FY 2024 | FY 2023 | FY 2022 |
|---|---|---|---|---|---|
| Facilities acquired | 2 | 5 | 16 | 21 | 8 |
| Cost of acquisition (fair value basis) (*₹ in million*) | 212.93 | 4,668.68 | 3,071.87 | 4,090.80 | 847.98 |

5. **Regulatory Compliances:** We are required to obtain a number of approvals from governmental and regulatory authorities, including in relation to the operation of our Facilities, procurement and operation of medical equipment, and storage and sale of drugs. Aggregate contribution of Facilities to our revenue from operations within India for which material approvals have been applied for and are pending:

| Particulars | For Six months ended Sept 30, 2024 | For Six months ended Sept 30, 2023 | FY 2024 | FY 2023 | FY 2022 |
|---|---|---|---|---|---|
| (*₹ in million*) | 1,607.09 | 1,410.15 | 2,838.78 | 2,134.24 | 1,332.31 |
| (% of revenue from operations – within India) | 21.88% | 24.99% | 24.43% | 24.44% | 23.64% |

6. **Hub and Spoke Model Risk:** Our network of Facilities operates on a "hub and spoke" model details of which, as of September 30, 2024 are as follows:

| Particulars | Hubs | Spokes |
|---|---|---|
| Number of Facilities | 28 | 165 |
| Percentage contribution to revenue from operations in India | 45.42% | 54.35% |

The success of our hub-and-spoke model also depends on the reputation of our main hub Facilities. Any factor that adversely affects the performance or reputation of our Facilities could adversely affect our business, financial condition and results of operations.

*Continued on next page...*

...continued from previous page.

7. **International Operations Risk:** Our international operations expose us to management, legal, tax, political and economic risks, regulatory compliance risk and other risks associated with the countries in which we operate.

| Particulars | For Six months ended Sept 30, 2024 | For Six months ended Sept 30, 2023 | FY 2024 | FY 2023 | FY 2022 |
|---|---|---|---|---|---|
| Percentage of revenue from operations – Outside India (%) | 10.42% | 13.27% | 12.79% | 14.21% | 19.05% |

8. **Credit Risk in respect of Payments from Third Parties:** Our recovery cycles typically extended between a range of 56 days to 77 days from the date of a bill, invoice or claim being raised by us for insurance companies and third-party administrators. Recovery cycles for payments by government corporations ranged from 168 days to 217 days.

| | For Six months ended Sept 30, 2024 | For Six months ended Sept 30, 2023 | FY 2024 | FY 2023 | FY 2022 |
|---|---|---|---|---|---|
| Allowance for Expected Credit Loss (₹ *in million*) | 366.35 | 359.05 | 381.31 | 322.70 | 274.55 |
| % of gross trade receivables | 24.82% | 29.42% | 28.25% | 29.71% | 32.62% |

If we do not receive payments on a timely basis, our business, financial condition, results of operations, cash flows and prospects may be adversely affected.

9. The weighted average cost of acquisition of Equity Shares held by the Promoter Selling Shareholders is in the range of ₹ 0.25 to ₹ 40.68 per Equity Share, which may be lower than the Offer Price.

10. Price/ Earning (P/E) ratio based on basic and diluted EPS for Financial Year 2024 is 122.04 and 128.43 times at the lower and upper end of the Price Band, respectively, as compared to the average industry peer group PE ratio of 82.44 times.

11. Weighted Average Return on Net Worth for Financial Year ended 2024, 2023 and 2022 is 11.06%

12. WACA for all shares transacted in 1 year, 18 months and 3 years immediately preceding the Red Herring Prospectus:

| Period | Weighted Average Cost of Acquisition (in ₹) | Cap Price is 'X' times the Weighted Average Cost of Acquisition | Range of acquisition price: Lowest Price – Highest Price (in ₹) |
|---|---|---|---|
| Last 1 year | 18.02 | 22.31 | 0 – 137.30 |
| Last 18 months | 44.88 | 8.96 | 0 – 152.55 |
| Last 3 years | 57.05 | 7.05 | 0 – 152.55 |

*As certified by M.K. Dandeker & Co. LLP, Chartered Accountants, by way of their certificate dated January 23, 2025*

13. WACA, Floor Price and Cap Price

| Past Transactions | Weighted average cost of acquisition (in ₹) | Floor Price (in times) | Cap Price (in times) |
|---|---|---|---|
| WACA of Primary Issuances during the 18 months prior to the date of the RHP | 146.49 | 2.61 | 2.74 |
| WACA of Secondary Issuances during the 18 months prior to the date of the RHP | NA | NA | NA |

*As certified by M.K. Dandeker & Co. LLP, Chartered Accountants,, by way of their certificate dated January 23, 2025*

14. The 4 BRLMs associated with the issue have handled 58 public issues in the past three years out of which 14 issues closed below the issue price on listing date.

| Name of the BRLMs | Total Issues | Issues closed below IPO Price on listing date |
|---|---|---|
| Kotak Mahindra Capital Company Limited* | 22 | 4 |
| Morgan Stanley India Company Private Limited* | 2 | 1 |
| Jefferies India Private Limited* | 6 | 2 |
| Motilal Oswal Investment Advisors Limited* | 13 | 4 |
| Common Issues handled by the BRLMs | 15 | 3 |
| Total | 58 | 14 |

**Issues handled where there were no common BRLMs*

## BID/ OFFER PROGRAMME

# BID/ OFFER CLOSES TODAY*

**The UPI mandate end time and date shall be at 5:00 p.m. on Bid/Offer Closing Date.*

**An indicative timetable in respect of the Offer is set out below:**
**Submission of Bids (other than Bids from Anchor Investors):**

| Bid/ Offer Period (except the Bid/ Offer Closing Date) | |
|---|---|
| Submission and Revision in Bids | Only between 10:00 am and 5:00 pm (Indian Standard Time ("**IST**")) |
| **Bid/ Offer Closing Date*** | |
| Submission of electronic applications (Online ASBA through 3-in-1 accounts) - For RIBs | Only between 10:00 a.m. and up to 5:00 p.m. IST |
| Submission of electronic applications (Bank ASBA through Online channels like Internet Banking, Mobile Banking and Syndicate UPI ASBA applications where Bid Amount is up to ₹500,000) | Only between 10:00 a.m. and up to 4:00 p.m. IST |
| Submission of electronic applications (Syndicate Non-Retail, Non-Individual Applications) | Only between 10:00 a.m. and up to 3:00 p.m. IST |
| Submission of physical applications (Bank ASBA) | Only between 10:00 a.m. and up to 1:00 p.m. IST |
| Submission of physical applications (Syndicate Non-Retail, Non-Individual Applications of QIBs and NIIs where Bid Amount is more than ₹500,000) | Only between 10:00 a.m. and up to 12:00 p.m. IST |

| Modification/ Revision/cancellation of Bids | |
|---|---|
| Upward Revision of Bids by QIBs and Non-Institutional Investors categories# | Only between 10.00 a.m. on the Bid/Offer Opening Date and up to 4.00 p.m. IST on Bid/Issue Closing Date |
| Upward or downward Revision of Bids or cancellation of Bids by RIBIs | Only between 10.00 a.m. on the Bid/Offer Opening Date and up to 5.00 p.m. IST on Bid/Offer Closing Date |

** UPI mandate end time and date shall be at 05:00 p.m. on Bid/ Offer Closing Date.*
*# QIBs and Non-Institutional Bidders can neither revise their bids downwards nor cancel/withdraw their bids.*

**NOTICE TO INVESTORS**

**Post Offer Schedule:**
The aforementioned 'Post Offer Schedule' has been revised due to February 1, 2025 (Saturday) being designated as a Working Day for primary market activities. The revised schedule is stated below.

| Event | Indicative Date |
|---|---|
| Bid/ Offer Closing Date | Friday, January 31, 2025 |
| Finalisation of Basis of Allotment with the Designated Stock Exchange | On or about Saturday, February 1, 2025 |
| Initiation of refunds (if any, for Anchor Investors)/unblocking of funds from ASBA Account | On or about Monday, February 3, 2025 |
| Credit of Equity Shares to demat accounts of Allottees | On or about Monday, February 3, 2025 |
| Commencement of trading of the Equity Shares on the Stock Exchanges | On or about Tuesday, February 4, 2025 |

## THE EQUITY SHARES OF OUR COMPANY WILL GET LISTED ON MAIN BOARD PLATFORM OF BSE AND NSE

In case of any revision in the Price Band, the Bid/ Offer Period will be extended by at least three additional Working Days after such revision in the Price Band, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. In cases of force majeure, banking strike or similar unforeseen circumstances, our Company in consultation with the BRLMs, may for reasons to be recorded in writing, extend the Bid/ Offer Period for a minimum of one Working Day, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. Any revision in the Price Band and the revised Bid/ Offer Period, if applicable, shall be widely disseminated by notification to the Stock Exchanges, by issuing a public notice, and also by indicating the change on the respective websites of the BRLMs and at the terminals of the Syndicate Members and by intimation to and by intimation to Self-Certified Syndicate Banks ("SCSBs"), the Designated Intermediaries and the Sponsor Banks, as applicable.

This Offer is being made in terms of Rule 19(2)(b) of the SCRR read with Regulation 31 of the SEBI ICDR Regulations. The Offer is being made through the Book Building Process and is in compliance with Regulation 6(1) of the SEBI ICDR Regulations wherein in terms of Regulation 32(1) of the SEBI ICDR Regulations, not more than 50% of the Net Offer shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers (**"QIBs"**, and such portion, the **"QIB Portion"**) provided that our Company, in consultation with the BRLMs, may allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations (**"Anchor Investor Portion"**), of which at least one-third shall be available for allocation to domestic Mutual Funds, subject to valid Bids being received from domestic Mutual Funds at or above the Anchor Investor Allocation Price. In the event of under-subscription or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the Net QIB Portion. Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis only to Mutual Funds and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIB Bidders (other than Anchor Investors) including Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining QIB Portion for proportionate allocation to QIBs. Further, not less than 15% of the Net Offer shall be available for allocation to Non-Institutional Bidders out of which (a) one-third of such portion shall be reserved for applicants with application size of more than ₹0.20 million and up to ₹1.00 million; and (b) two-third of such portion shall be reserved for applicants with application size of more than 1.00 million, provided that the unsubscribed portion in either of such sub-categories may be allocated to applicants in the other sub-category of Non-Institutional Bidders and not less than 35% of the Net Offer shall be available for allocation to Retail Individual Bidders (**"RIBs"**) in accordance with the SEBI ICDR Regulations (**"Retail Portion"**), subject to valid Bids being received from them at or above the Offer Price. Further, Equity Shares will be allocated on a proportionate basis to Eligible Employees applying under the Employee Reservation Portion and the Eligible AEHL Shareholders applying under the Shareholder Reservation Portion, subject to valid Bids received from them at or above the Offer Price. Further all potential Bidders (except Anchor Investors) are required to mandatorily utilise the Application Supported by Blocked Amount (**"ASBA"**) process by providing details of their respective bank accounts (including UPI ID for UPI Bidders using UPI Mechanism) (as defined hereinafter) in which the Bid amount will be blocked by the SCSBs or the Sponsor Banks, as applicable, to participate in the Offer. Anchor Investors are not permitted to participate in the Anchor Investor Portion of the Offer through the ASBA process. For details, see *"Offer Procedure"* on page 474 of the RHP.

**Bidders/Applicants should ensure that DP ID, PAN and the Client ID and UPI ID (for UPI Bidders bidding through UPI Mechanism) are correctly filled in the Bid cum Application Form. The DP ID, PAN and Client ID provided in the Bid cum Application Form should match with the DP ID, PAN, Client ID and UPI ID available (for UPI Bidders) in the Depository database, otherwise, the Bid cum Application Form is liable to be rejected. Bidders/ Applicants should ensure that the beneficiary account provided in the Bid cum Application Form is active. Bidders/Applicants should note that on the basis of the PAN, DP ID, Client ID and UPI ID (for UPI Bidders bidding through the UPI mechanism) as provided in the Bid cum Application Form, the Bidder/Applicant may be deemed to have authorized the Depositories to provide to the Registrar to the Offer, any requested Demographic Details of the Bidder/Applicant as available on the records of the depositories.**

**Investors must ensure that their PAN is linked with Aadhaar and are in compliance with the notification issued by Central Board of Direct Taxes notification dated February 13, 2020 and read with press releases dated June 25, 2021, read with press release dated September 17, 2021 and CBDT circular no.7 of 2022, dated March 30, 2022 read with press release dated March 28, 2023 and any subsequent press releases in this regard.**

**CONTENTS OF THE MEMORANDUM OF ASSOCIATION OF OUR COMPANY AS REGARDS ITS OBJECTS:** For information on the main objects of our Company, investors are requested to see **"*History and Certain Corporate Matters*"** on page 250 of the RHP. The Memorandum of Association of our Company is a material document for inspection in relation to the Offer. For further details, see **"*Material Contracts and Documents for Inspection*"** beginning on page 503 of the RHP.

**LIABILITY OF THE MEMBERS OF OUR COMPANY:** Limited by shares.

**AMOUNT OF SHARE CAPITAL OF OUR COMPANY AND CAPITAL STRUCTURE:** As on the date of the RHP, the authorised share capital of our Company is ₹ 900,000,000 divided into 542,000,000 Equity Shares of face value of ₹ 1 each and 3,580,000 Preference Shares of face value ₹100 each. The issued, subscribed and paid-up Equity share capital of our Company is ₹ 308,417,160 divided into 308,417,160 Equity Shares of face value of ₹ 1 each. For details of the capital structure of our Company, see **"*Capital Structure*"** beginning on page 94 of the RHP.

**NAMES OF THE INITIAL SIGNATORIES TO THE MEMORANDUM OF ASSOCIATION OF OUR COMPANY AND THE NUMBER OF EQUITY SHARES SUBSCRIBED BY THEM:** The names of the initial signatories of the Memorandum of Association of our Company along with their allotment are: 10,000 equity shares to Dr. Amar Agarwal, 10,000 equity shares to Dr. Athiya Agarwal, 9,500 equity shares to Dr. Adil Agarwal, 10,000 equity shares to Dr. Anosh Agarwal, 9,500 equity shares to Dr. Ashvin Agarwal, 500 equity shares to Farah Agarwal, 500 equity shares to Urmila Agarwal, respectively. For details of the share capital history and capital structure of our Company see **"*Capital Structure*"** beginning on page 94 of the RHP.

**LISTING:** The Equity Shares that will be offered through the Red Herring Prospectus are proposed to be listed on the Stock Exchanges. Our Company has received 'in-principle' approvals from BSE and NSE for the listing of the Equity Shares pursuant to their letters each dated November 27, 2024. For the purposes of the Offer, the Designated Stock Exchange shall be BSE. A signed copy of the Red Herring Prospectus and the Prospectus shall be filed with the RoC in accordance with Sections 26(4) and 32 of the Companies Act, 2013. For details of the material contracts and documents available for inspection from the date of the Red Herring Prospectus until the Bid/ Offer Closing Date, see ***"Material Contracts and Documents for Inspection"*** on page 503 of the RHP.

**DISCLAIMER CLAUSE OF SECURITIES AND EXCHANGE BOARD OF INDIA ("SEBI"):** SEBI only gives its observations on the offer documents and this does not constitute approval of either the Offer or the specified securities stated in the Offer Document. The investors are advised to refer to page 415 of the RHP for the full text of the disclaimer clause of SEBI.

**DISCLAIMER CLAUSE OF BSE:** It is to be distinctly understood that the permission given by BSE Limited should not in any way be deemed or construed that the RHP has been cleared or approved by BSE Limited nor does it certify the correctness or completeness of any of the contents of the RHP. The investors are advised to refer to the page 453 of the RHP for the full text of the disclaimer clause of BSE.

**DISCLAIMER CLAUSE OF NSE:** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to page 454 of the RHP for the full text of the disclaimer clause of NSE.

**GENERAL RISKS:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in the Offer unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares in the Offer have not been recommended or approved by the SEBI nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the RHP. Specific attention of the investors is invited to ***"Risk Factors"*** on page 33 of the RHP.

**ASBA*** | **Simple, Safe, Smart way of Application!!!**

*Applications Supported by Blocked Amount ("**ASBA**") is a better way of applying to offers by simply blocking the fund in the bank account. For further details, check section on ASBA.
**Mandatory in public issues.**
**No cheque will be accepted.**

UPI — UNIFIED PAYMENTS INTERFACE

**UPI-Now available in ASBA for Retail Individual Investors and Non Institutional Investor applying in public issues where the application amount is up to ₹ 500,000, applying through Registered Brokers, Syndicate, CDPs & RTAs. Retail Individual Investors and Non-Institutional Investors also have the option to submit the application directly to the ASBA Bank (SCSBs) or to use the facility of linked online trading, demat and bank account. Investors are required to ensure that the bank account used for bidding is linked to their PAN. Bidders must ensure that their PAN is linked with Aadhaar and are in compliance with CBDT notification dated February 13, 2020 and press release dated June 25, 2021 read with press release dated September 17, 2021, CBDT Circular No. 7 of 2022 dated March 30, 2022 read with the press release dated March 28, 2023.**

*ASBA has to be availed by all the investors except Anchor Investors. UPI may be availed by (i) Retail Individual Bidders in the Retail Portion; (ii) Non-Institutional Bidders with an application size of up to ₹ 500,000 in the Non-Institutional Portion. For details on the ASBA and UPI process, please refer to the details given in the Bid Cum Application Form and abridged prospectus and also please refer to the section **"Offer Procedure"** on page 426 of the RHP. The process is also available on the website of Association of Investment Bankers of India ("**AIBI**") and Stock Exchanges and in the General Information Document. The Bid Cum Application Form and the Abridged Prospectus can be downloaded from the websites of BSE Limited ("**BSE**") and National Stock Exchange of India Limited ("**NSE**", and together with BSE, the "**Stock Exchanges**") and can be obtained from the list of banks that is displayed on the website of SEBI at www.sebi.gov.in/sebiweb/other/OtherAction.do?doRecognisedFpi=yes&intmId=35 and https://www.sebi.gov.in/sebiweb/other/OtherAction.do?doRecognisedFpi=yes &intmId=43, respectively as updated from time to time. For the list of UPI apps and banks live on IPO, please refer to the link: www.sebi.gov.in. UPI Bidders Bidding using the UPI Mechanism may apply through the SCSBs and mobile applications whose names appear on the website of SEBI, as updated from time to time. ICICI Bank Limited and Axis Bank Limited have been appointed as the Sponsor Banks for the Offer, in accordance with the requirements of SEBI circular dated November 1, 2018 as amended. For Offer related queries, please contact the Book Running Lead Manager ("**BRLMs**") on their respective email IDs as mentioned below. For UPI related queries, investors can contact NPCI at the toll free number: 18001201740 and mail Id: ipo.upi@npci.org.in.*

**BOOK RUNNING LEAD MANAGERS**

kotak® Investment Banking

**Kotak Mahindra Capital Company Limited**
27BKC, 1st Floor, Plot No. C – 27
"G" Block, Bandra Kurla Complex
Bandra (East), Mumbai – 400 051
Maharashtra, India
**Tel:** +91 22 4336 0000
**Email:** dragarwal.ipo@kotak.com
**Website:** https://investmentbank.kotak.com
**Investor Grievance ID:** kmccredressal@kotak.com
**Contact Person:** Ganesh Rane
**SEBI Registration Number:** INM000008704

Morgan Stanley

**Morgan Stanley India Company Private Limited**
Altimus, Level 39 & 40,
Pandurang Budhkar Marg, Worli
Mumbai 400013
Maharashtra, India
**Tel:** +91 22 6118 1000
**Email:** dragarwalipo@morganstanley.com
**Website:** www.morganstanley.com/india
**Investor Grievance ID:** investors_india@morganstanley.com
**Contact Person:** Param Purohit
**SEBI Registration Number:** INM000011203

Jefferies

**Jefferies India Private Limited**
Level 16, Express Towers,
Nariman Point
Mumbai 400 021
Maharashtra, India
**Tel:** +91 22 4356 6000
**E-mail:** DrAgarwals.IPO@jefferies.com
**Website:** www.jefferies.com
**Investor Grievance ID:** jipl.grievance@jefferies.com
**Contact Person:** Suhani Bhareja
**SEBI Registration Number:** INM000011443

MOTILAL OSWAL INVESTMENT BANKING

**Motilal Oswal Investment Advisors Limited**
Motilal Oswal Tower, Rahimtullah Sayani Road,
Opposite Parel ST Depot, Prabhadevi,
Mumbai 400 025
Maharashtra, India
**Tel:** +91 22 7193 4380
**E-mail:** dragarwal.ipo@motilaloswal.com
**Website:** www.motilaloswalgroup.com
**Investor Grievance ID:** moiaplredressal@motilaloswal.com
**Contact Person:** Ritu Sharma/ Sankita Ajinkya
**SEBI Registration Number:** INM000011005

**REGISTRAR TO THE OFFER**

KFINTECH EXPERIENCE TRANSFORMATION

**KFin Technologies Limited**
Selenium Tower B, Plot No. 31 and 32,
Financial District, Nanakramguda, Serilingampally
Hyderabad-500 032, Telangana, India
**Tel:** +91 40 6716 2222/18003094001
**E-mail:** ahcl.ipo@kfintech.com
**Investor grievance e-mail:** einward.ris@kfintech.com
**Website:** www.kfintech.com
**Contact Person:** M. Murali Krishna
**SEBI Registration No.:** INR000000221

**COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER**

**Thanikainathan Arumugam**
**DR. AGARWAL'S HEALTH CARE LIMITED**
1st Floor, Buhari Towers, No.4, Moores Road, Off Greams Road, Near Asan Memorial School, Chennai 600 006, Tamil Nadu, India.
**Tel:** +91 44 4378 7777, **E-mail:** secretarial@dragarwal.com

Investors may contact the Company Secretary and Compliance Officer, BRLM or the Registrar to the Offer in case of any pre-Offer or post-Offer related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc.

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP and the **"*Risk Factors*"** beginning on page 33 of the RHP before applying in the Offer. A copy of the RHP is available on the website of SEBI at www.sebi.gov.in and is available on the websites of the BRLMs, **Kotak Mahindra Capital Company Limited** at https://investmentbank.kotak.com, **Morgan Stanley India Company Private Limited** at www.morganstanley.com/india, **Jefferies India Private Limited** at www.jefferies.com and **Motilal Oswal Investment Advisors Limited** at www.motilaloswalgroup.com respectively, the website of the Company, **DR. AGARWAL'S HEALTH CARE LIMITED** at www.dragarwals.co.in and the websites of the Stock Exchanges, for BSE at www.bseindia.com and for NSE at www.nseindia.com.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORM:** Bid cum Application Form can be obtained from the Registered Office of our Company, **DR. AGARWAL'S HEALTH CARE LIMITED :** Tel: +91 44 4378 7777; **BRLMs: Kotak Mahindra Capital Company Limited: Tel:** +91 22 4336 0000, **Morgan Stanley India Company Private Limited: Tel:** +91 22 6118 1000, **Jefferies India Private Limited: Tel:** +91 22 4356 6000 and **Motilal Oswal Investment Advisors Limited: Tel:** +91 22 7193 4380 and **Syndicate Members:** Kotak Securities Limited: Tel: +91 22 6218 5410 and Motilal Oswal Financial Services Limited: Tel: +91 22 7193 4200 / +91 22 7193 4263 and at selected locations of Sub-Syndicate Members (as given below), Registered Brokers, SCSBs, Designated RTA Locations and Designated CDP Locations for participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and at all the Designated Branches of SCSBs, the list of which is available on the websites of the Stock Exchanges and SEBI.

**SUB-SYNDICATE MEMBERS:** Almondz Global Securities Ltd, Anand Rathi Share & Stock Brokers Ltd, Asit C. Mehta Investment Interrmediates Ltd, Axis Capital Limited, Centrum Broking Limited, Dalal & Broacha Stock Broking Private Limited, Finwizard Technology Private Ltd, HDFC Securities Limited, ICICI Securities Limited, IDBI Capital Markets & Securities Limited, IIFL CAPITAL LIMITED, IIFL Securities Ltd, JM Financial Services Limited, Jobanputra Fiscal Services Private Limited, Kantilal Chhaganlal Sec Pvt Ltd, Keynote Capitals Limited, KJMC Capital Market Services Ltd, LKP Securities Ltd, NEXTBILLION TECHNOLOGY PRIVATE LIMITED - GROW, Nuvama Wealth and Investment Limited, Prabhudas Lilladher Pvt Ltd, Pravin Ratilal Share And Stock Brokers Ltd, RR Equity Brokers Pvt. Ltd, SBICAP Securities Ltd, Sharekhan Ltd, SMC Global Securities Ltd, SS Corporate Securities Ltd, TradeBulls Securites (P) Ltd, Viren M Shah, Yes Securities (India) Ltd.

**ESCROW COLLECTION BANK AND REFUND BANK:** ICICI Bank Limited. | **PUBLIC OFFER ACCOUNT BANK:** Axis Bank Limited.

**SPONSOR BANK:** ICICI Bank Limited and Axis Bank Limited.

**UPI:** UPI Bidders can also Bid through UPI Mechanism.

**All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **DR. AGARWAL'S HEALTH CARE LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Thanikainathan Arumugam**
Company Secretary & Compliance Officer

**Place:** Chennai
**Date:** January 30, 2025

**DR. AGARWAL'S HEALTH CARE LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offer of its Equity Shares and has filed the RHP with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the websites of the BRLMs i.e., **Kotak** Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com, Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com/india, Jefferies India Private Limited at www.jefferies.com and Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswalgroup.com, the website of the NSE at www.nseindia.com and the website of the BSE at www.bseindia.com and the website of the Company at Website: www.dragarwals.co.in. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section titled ***"Risk Factors"*** beginning on page 33 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision and instead should place reliance on the RHP.

This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act) pursuant to Section 4(a) of the Securities Act, or (ii) outside the United States in "offshore transactions" as defined in and in compliance with Regulation S under the Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur. There will be no public offering of the Equity Shares in the United States.

CONCEPT

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 26 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ સુદ- ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 31 January 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૩૧ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકામાં વિમાન-હેલિકૉપ્ટર અથડાયાં: ૬૭નાં મોત

## ૪૦૦ ફૂટ ઊંચે ટકરાયાં: ફ્લાઈટમાં ફિગર સ્કેટિંગ ટીમ હતી

એરલિંગ્ટન (અમેરિકા): વૉશિંગ્ટનની નજીક રોનાલ્ડ રેગન રાષ્ટ્રીય વિમાનમથક ખાતે ૬૦ મુસાફર અને ચાર વિમાની કર્મચારી સાથેનું એક અમેરિકી ઍરલાઇન્સનું જેટ ત્રણ સૈનિકને લઇ જતાં હેલિકૉપ્ટરની સાથે અંદાજે ૪૦૦ ફૂટ ઊંચાઇએ અથડાતા ૬૭ જણ માર્યા ગયા હતા.

અગ્નિશામક દળના વડાએ જણાવ્યું હતું કે દુર્ઘટનાગ્રસ્ત અમેરિકન ઍરલાઇન્સના જેટમાંના બધા લોકો માર્યા ગયા હોવાનો ભય છે. મોડી રાત સુધીમાં વિમાનના ૨૭ અને હેલિકૉપ્ટરના એક મુસાફરના મૃતદેહ મળ્યા હતા. આ અથડામણનું કારણ

(જુઓ પાનું ૨) ▶▶

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 74,700/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY ALL OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

# શુદ્ધ સોનું પહેલી જ વાર ₹ ૮૧ હજારને પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય બેઠકનાં અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખીને ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતનો નિર્ણય ફુગાવા અને રોજગારીના ડેટા પર અવલંબિત રહેશે તેમ જણાવ્યું હોવાથી આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સની મજબૂતી છતાં ટ્રમ્પની વેપાર-વેરા અને ટેરિફની નીતિની ભીતિ હેઠળ સલામતી માટેની માગને ટેકે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવમાં ૦.૭થી ૦.૮ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ ૦.૮ ટકા વધી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૨૬થી ૩૨૮નો ઉછાળો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાના વેરા રહિત ભાવ રૂ. ૮૧,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૫૦૪ની ઝડરી તેજી આવી હતી અને ભાવ રૂ. ૯૨,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક બજારમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૩૧ ડૉલરની સપાટી પાર કરી ગયાના અહેવાલે સ્ટોકિસ્ટોની

(જુઓ પાનું ૨) ▶▶

# પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માનના દિલ્હીસ્થિત નિવાસસ્થાને ચૂંટણી પંચના દરોડા

નવી દિલ્હી: પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માનના દિલ્હીના કપૂરથલાસ્થિત નિવાસસ્થાન પર ચૂંટણીપંચની ટીમે દરોડા પાડ્યો હોવાનો આમ આદમી પાર્ટી (આપ)એ ગુરુવારે દાવો કર્યો હતો.

'આપ' દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે ચૂંટણીપંચના અધિકારીઓની ટીમ દરોડા પાડવા ભગવંત માનના કપૂરથલાસ્થિત નિવાસસ્થાને પહોંચી હતી.

કોપરનિકસ માર્ગ પર આવેલા ભગવંત માનના નિવાસસ્થાનની બહાર પત્રકારોને આપેલી મુલાકાતમાં ચૂંટણીપંચના અધિકારીઓએ કહ્યું હતું કે માનના નિવાસસ્થાન ખાતેથી રોકડ રકમની વહેંચણી કરવામાં આવી રહી હોવાની ફરિયાદ અમને મળી હતી.

દરોડા પાડવા અમારી ટીમ

(જુઓ પાનું ૨) ▶▶

## મહાકુંભમાં પાંચ મહત્ત્વના ફેરફાર


નવી દિલ્હી: મહાકુંભમાં ગુરુવારથી પાંચ મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. જે મુજબ હવે મેળા વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો પર પ્રતિબંધ રહેશે. કોઈ પણ પ્રકારના વિશેષ પાસની મદદથી વાહનને એન્ટ્રી નહીં મળે, શ્રદ્ધાળુઓ સરળતાથી આવી-જઈ શકે તે માટે વન વે રોડ પૉલિસી લાગુ, પ્રયાગરાજ સાથે સંકળાયેલા જિલ્લામાંથી આવતા વાહનોને સરહદ પર જ અટકાવી દેવાશે તેમજ શહેરમાં ફોર વ્હિલરની એન્ટ્રી પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

મહાકુંભમાં મૌની અમાસના દિવસે થયેલી નાસભાગમાં ૩૦ શ્રદ્ધાળુનાં મૃત્યુ થયા હતા. ઘટનાને લઈ સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં નાસભાગ સ્ટેટસ રિપોર્ટ અને

(જુઓ પાનું ૨) ▶▶

સમીર શાહ ના સથવારે...
અમેરિકા ૨૦૨૫
૨૧ રાત / ૨૨ દિવસ
April 17 | May 8 (FEW SEATS)
May 29 (FEW SEATS) | June 5
"3 દિવસ માત્ર Rocks & Canyon, તે પણ 40°C માં 7 કલાક વન-વે મુસાફરી કરીને જોવાને બદલે... આનંદ કરો 11,000 ft. ઉપર 8 - 10°C માં Mammoth Snow Mountains & Gondola Ride"

શા માટે માત્ર ડોલ્ફિન સાથે U.S.A. મુસાફરી?
- 2 Sightseeings વધારે આપીને, અમે "OR SIMILAR" હોટલ ની GIMMICK કરતા નથી, અમારી બધી હોટલો 100% CONFIRMED છે.
- Rajwadi Thali, Tulsi, Rajdhani, Kailash Parbat, Khasiyat જેવી Expensive રેસ્ટોરન્ટ્સ ક્યારેય બહારના કોઈ મહારાજને મંજૂરી આપતા નથી..
- MORE GUESTS = MORE PROFIT, પરંતુ ADDITIONAL DISCOUNT માત્ર ડોલ્ફિન માં જ.. 38 થી વધુ મહેમાનોને અમે વ્યક્તિ દીઠ $200 આપીએ છીએ.
- Two Queen બેડ (તેથી એક રૂમમાં 4 Adults) ની સુવિધા માત્ર DOLPHIN સાથે જ શક્ય છે, તમે વ્યક્તિ દીઠ $600 બચાવો છો અને કુટુંબ દીઠ $2400 ની બચત.
- SAN FRANCISCO, NEW YORK જેવા શહેર માં 3 રાત જરૂરી છે, નહીં કે અન્ય ટૂર ઓપરેટરોની જેમ ફક્ત 2 રાત..
Per Adult (2 in 1 Room) = US$ 6800 = ₹5,78,000*
Per Adult (4 in 1 Room) = US$ 6200 = ₹5,27,000*
ABOVE OFFER VALID TILL 31 JAN. 2025 ONLY
EXCLUDES : Main Flight, 5% GST, 5% TCS, Visa
9769000799 9820026046 | Dolphin Tours

કુલીન કુમાર હોલિડેઝ – એકમાત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે. પ્રસ્તુત કરે છે...


ટૂરના સ્થળો
✦ કેપટાઉન ✦ હરમાનુસ ✦ ગાર્ડન રૂટ ✦ સનસીટી ✦ સફારી ✦ જોહાનિસબર્ગ
એપ્રિલ થી જુન દરમ્યાન દર અઠવાડીયે ૩-૪ પ્રસ્થાન | 4/5★ હોટલો
ટૂર ની વિશેષતા
▶▶ ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઇયા દ્વારા બનાવેલ શુદ્ધ શાકાહારી બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
▶▶ ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
▶▶ ભરપુર સાઇટ સીઈંગનો સમાવેશ
▶▶ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
▶▶ કોઈપણ છુપા ખર્ચ વગર
▶▶ સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર
ખાસ આકર્ષણ: Walk with Lion

SCAN ME
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500

KokilabenHospital | KDAHMumbai | www.kokilabenhospital.com
Kokilaben Dhirubhai Ambani hospital & medical research institute
Every Life Matters
ગાયનેકોલોજી સેન્ટર ઑફ એક્સિલન્સ
શરૂ કરે છે
ભારતનું સર્વપ્રથમ
આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત
એન્ડોમેટ્રિઓસિસ
સેન્ટર
પ્રમાણિત કેન્દ્ર
યુરોપિયન એન્ડોમેટ્રિઓસિસ લીગ દ્વારા
(યુરોપની બહાર પ્રથમ)
એન્ડોમેટ્રિઓસિસ એક
મુક મહામારી છે
જે વૈશ્વિક સ્તરે પ્રજનન ઉંમરની
10માંથી 1 મહિલાને અસર કરે છે
જો તમે નિમ્નલિખિત લક્ષણોથી પીડાતા હો:
વંધ્યત્વ
પેટનો દુખાવો
પાચન સમસ્યાઓ
આંતરડાનો પીડાદાયક હલનચલન
માસિક સ્રાવમાં પીડાદાયક ખેંચાણ
પીઠના નીચેના ભાગ અને પેલ્વિસમાં દુખાવો થવો
માસિક ચક્ર વચ્ચે રક્તસ્રાવ
જાતીય સંબંધ દરમિયાન અથવા પછી દુખાવો
નિષ્ણાતની સલાહ લો
વધુ વિગતો માટેકોલ કરો: +91 22 4336 6890
EMERGENCY +91 22 4269 9999 APPOINTMENTS +91 22 4269 6969
THE ONLY HOSPITAL IN MUMBAI HAVING FULL-TIME DOCTORS
AND ACCREDITED WITH JCI USA CAP USA NABL India NABH India

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મહાકુંભની કરુણાંતિકા, સામાન્ય શ્રદ્ધાળુઓ માટે ધર્મ નથી

**ઉત્તર** પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં મૌની અમાવસ્યાના અમૃત સ્નાનનો લાભ લેવા પહોંચેલા શ્રદ્ધાળુ ધક્કામુકીનો ભોગ બન્યા અને ૩૦ શ્રદ્ધાળુ તો સીધા ઉપર પહોંચી ગયા એ ઘટનાથી દેશભરમાં આઘાત છે. એક તરફ આ ઘટનાએ મહાકુંભ મેળાના આયોજનની ખામીઓને છતી કરી દીધી છે તો બીજી તરફ ભારતમાં ધર્મ શ્રદ્ધાના બદલે કર્મકાંડનો વિષય બની ગયો છે તેનો પણ અહેસાસ કરાવી દીધો. આ કર્મકાંડના કારણે માનવજીવની કોઈ કિંમત રહી નથી તેનો અહેસાસ પણ કરાવી દીધો.

મહાકુંભમાં ૩૦ શ્રદ્ધાળુઓનાં મોત થયાં એ મુદ્દે લોકો પર દોષારોપણ કરાઈ રહ્યું છે. લોકો દોષિત નથી એવું નથી પણ સામે આયોજન કરનારા વધારે દોષિત છે ને તેમના કારણે જ આ સમસ્યા સર્જાઈ છે. ૧૪૪ વર્ષે આવતો મહાકુંભ અનોખો છે તેનો પ્રચાર જોરશોરથી કરાયો પણ આ પ્રચારના કારણે ઊમટી પડનારી ભીડને કાબૂમાં રાખવામાં અને વ્યવસ્થા કરવામાં તંત્ર સાવ ઊણું ઉતર્યું છે એ કહેવાની જરૂર નથી.

મહાકુંભમાં મૌની અમાવસ્યાના અમૃત સ્નાનથી તમામ ખરાબ કર્મોનો નાશ થાય છે એવી હિંદુ પરંપરામાં માન્યતા છે. આ માન્યતાના કારણે બુધવારે મૌની અમાવસ્યાનું અમૃત સ્નાન હોવા છતાં મંગળવારે મોડી રાતથી સંગમ ઘાટ પર લોકોની ભીડ જમા થવા લાગેલી કેમ કે હિંદુ પરંપરામાં મહાકુંભ મેળામાં ત્રિવેણી સંગમ પર સ્નાન કરવાથી મહાપુણ્ય મળે છે એવી માન્યતા છે.

સંગમ ઘાટ પર ત્રણ પવિત્ર નદીઓ ગંગા, યમુના અને અદ્રશ્ય સરસ્વતી નદીનો સંગમ થાય છે. પ્રયાગરાજમાં યમુના ગંગા નદીમાં ભળી જાય છે અને પછી આ પ્રવાહ બંગાળની ખાડી સુધી પહોંચે છે. સંગમ સ્થાને બંને નદીનું મિલન થતું જોઈ શકાય છે કેમ કે ગંગાનું પાણી સહેજ ડહોળું છે. યમુના નદીનું પાણી આગળથી રંગ બદલીને આવે છે અને સંગમ પહેલાં કાળું હોય છે પણ ગંગાના પાણીમાં ભળવાથી યમુનાનું પાણી આછું વાદળી રંગનું દેખાય છે. આ બંને નદીઓના પાણીના જુદા જુદા રંગો સ્પષ્ટ જોઈ શકાય છે.

સંગમ સ્થાનની બરાબર સામે સંગમ ઘાટ નામે ત્રિકોણીય ઘાટ છે. આ ઘાટ ઢોળાવવાળો છે અને તેનો આકાર બદલાયા કરે છે કેમ કે સંગમ ઘાટ પર માટીનું ધોવાણ થયા કરે છે. મહાકુંભ મેળામાં ભીડને ધ્યાનમાં રાખીને સંગમ ઘાટ પાસે કામચલાઉ સંગમ ઘાટ બનાવવામાં આવ્યો છે અને ૨૦૧૯માં તેને પહોળો કરવામાં આવ્યો હતો કે જેથી દર કલાકે ૫૦૦૦૦ શ્રદ્ધાળુઓ સ્નાન કરી શકે. આ વખતે બે લાખ શ્રદ્ધાળુઓ એક સાથે સ્નાન કરીને દેવાય એટલો પહોળો ઘાટ કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત શાસ્ત્રી બ્રિજ અને સંગમ ઘાટ વચ્ચે ૨૬ હેક્ટરમાં એક નવો ઘાટ બનાવ્યો છે તેથી આ ઘાટ વધુ બે હેક્ટર પહોળો થઈ ગયો છે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે ૧૬૫૦ મીટર વિસ્તારમાં રેતીની થેલીઓ પાથરીને ઘાટ તૈયાર કરવામાં આવ્યો છે કે જેથી વધુમાં વધુ લોકો સ્નાન કરી શકે.

આ બધી વાતોનો જોરશોરથી પ્રચાર કરાયો હતો તેથી મોટી સંખ્યામાં લોકો સંગમ સ્થાન પાસે જ એકઠાં થઈ ગયેલાં. ગામડામાંથી આવેલાં લોકો મંગળવારે રાત્રે ૧૦ વાગ્યાથી જ ઠલવાવા માંડેલાં અને ઘણાં લોકો તો ઘાટ પર જ પથારી કરીને સૂઈ ગયેલાં. તંત્રે સૌથી પહેલાં તો લોકોને ઘાટ પર ઘૂસવા જ દેવાની જરૂર નહોતી. તંત્ર દ્વારા બેરીકેડ્સ બનાવાઈ છે કે જેના દ્વારા લાઈનમાં લોકો આવીને ઘાટ પર સ્નાન કરી શકે છે પણ આ તો ઘાટ પર જ લોકો ઠલવાઈ ગયાં ને સૂઈ ગયાં પણ તેમને રોકનારું કોઈ નહોતું. આ ખામી તંત્રની કહેવાય કે બીજા કોઈની?

ઘાટ પર સતત ભીડ વધી રહી હતી ત્યારે પણ તેને રોકવા કે કાબૂમાં લેવા માટે કોઈ વ્યવસ્થા જ નહોતી. સીધો ને સરળ નિયમ એ છે કે લોકો આવી રહ્યાં હોય ત્યારે તેમને શિસ્તબદ્ધ રીતે રાખવાં જ પડે પણ તેના માટે કોઈ વ્યવસ્તા જ નહોતી. આછા અજવાળામાં ગાડરિયા પ્રવાહની જેમ લોકો ચાલ્યા કરતાં હતાં તેમાં ભીડ બહુ વધી ગઈ ને અચાનક કોઈ કારણસર ધક્કામુકી થઈ ગઈ તેમાં નીચે સૂતેલાં લોકો કચડાઈને મરી ગયાં. તંત્રે થોડુંક ધ્યાન રાખ્યું હોત તો આ સ્થિતિ નિવારી શકાઈ હોત.

આ દુર્ઘટના માટે પોલીસ કે સરકારી કર્મચારીઓનો વાંક કઢાય છે પણ એ પણ વાહિયાત છે. કુંભમેળાની વ્યવસ્થામાં પોલીસ અને સરકારી કર્મચારીઓનો કૂચ્ચો નિકળી ગયો છે. મહિનાઓ પહેલેથી તૈયારીઓ ચાલે છે ને તેમાં ખડે પગે રહીને તેમની હાલત ખરાબ છે. અત્યારે પણ લાકોની ભીડને કાબૂમાં લેવા માટે ખડેપગે રહેવું પડે છે ને તેમાં તેમને પણ થાક લાગે જ. એ લોકો પણ માણસો છે, મશીન નથી. નેતાઓ ને અધિકારીઓ તો વાહવાહી કરાવવા માટે તેમની પાસે ચોવીસે તલાક કામ કરાવવા માગતા હોય છે પણ એ શક્ય નથી.

આ દુર્ઘટના માટે સામાન્ય શ્રદ્ધાળુઓ પણ દોષિત છે કેમ કે એ લોકો પણ ધર્મનો મર્મ સમજીને શાંતિથી ને શિસ્તબદ્ધ રીતે સ્નાન માટે આવવાના બદલે ધમાધમી કરી નાંખે છે તેમાં પણ સમસ્યા થઈ છે. સામાન્ય લોકો માટે ધર્મ હવે સ્નાન સહિતના ક્રિયાકાંડનો વિષય વધારે બની ગયો છે. મહાકુંભમાં સ્નાન કરવાથી સોશિયલ સ્ટેટસ વધે છે એવી માનસિકતા પણ છે. તેના કારણે લોકો પણ સંવેદનહીન બનીને વર્ત્યાં છે અને ધક્કામુકી કરીને નીચે સૂતેલાં લોકોને કચડી નાખ્યાં. આ સંવેદનહીનતાની પરાકાષ્ઠા કહેવાય.

બીજી એક ખટકે એવી વાત ધર્મમાં ઘૂસી ગયેલું વીઆઈપી કલ્ચર છે. હિંદુ ધર્મમાં બધા સરખા છે એવું કહેવાય છે પણ સંગમ ઘાટ પર બધા સરખા નથી. કુંભ અને મહાકુંભ જેવા મોટા આયોજનો વખતે સંગમ ઘાટ અખાડાઓના સાધુ-સંતોના શાહી સ્નાન માટે ખાલી રખાય છે અને સામાન્ય લોકોને જવા દેવાતાં નથી. બેરીકેડ લગાવીને સામાન્ય ભક્તોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દેવાય છે. સંગમ ઘાટ પર સાધુ-સંતો ધાર્મિક વિધિઓ અને અમૃત સ્નાન કરે છે, જ્યારે સામાન્ય ભક્તો સંગમના અન્ય ઘાટો પર સ્નાન કરે છે અથવા હોડી દ્વારા મુખ્ય સંગમ સુધી જાય છે. પ્રયાગરાજના વાર્ષિક માઘ મેળામાં પૌષ પૂનમ, મકર સંક્રાંતિ, એકાદશી, મૌની અમાસ, વસંત પંચમી, અચલા સપ્તમી, માઘી પૂનમ અને મહાશિવરાત્રી વખતે પણ સંગમ ઘાટ પર સંતોના વિશેષ મેળાવડા થાય છે અને સામાન્ય ભક્તો સ્નાન કરી શકતા નથી.

રાજકારણીઓ આવે ત્યારે લોકોને ઘાટ પરથી દૂર કરાય, સાધુ-સંતો માટે ઘાટ ખાલી કરાવાય તો ધર્મ એ લોકો માટે જ છે?

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(સૌર હેમંતઋતુ પ્રારંભ), શુક્રવાર, તા. ૩૧-૧-૨૦૨૫,પંચક.

- ભારતીય દિનાંક ૧૧, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ – ૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨જો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ઘનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૦ સુધી (તા. ૧લી), પછી ઘનિષ્ઠા.
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૯, અમદાવાદ ક. ૧-૮ મિ. ૨૫ સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક.૧૩-૦૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૩(તા.૧)
- ઓટઃસવારે ક.૭.૧૯,રાત્રે ક.૧૯-૦૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ – દ્વિતીયા. મુસ્લિમ ૮મો શાબાન માસારંભ. પંચક.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુ મુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, મંગળ, શુક્ર દેવતાનું પૂજન, વસુ દેવતાનું પૂજન, ખિજડીનું વૃક્ષ વાવવું, રાજ્યાભિષેક, પાટ અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા, કળશ, પતાકા ચઢાવવી, પરદેશ-ગમનનું પસતાનું, નવા વસ્ત્રો, આભૂષણ, નોકરી, વેપાર,વાહન, સવારી, દુકાન, રત્ન ધારણ, વિદ્યારંભ, નામ કરણ, દેવ દર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, ધાન્ય વેચવું, બી વાવવું, ખેતીવાડી, હજામત, વૃક્ષ રોપવાં, નવી તિજોરીની સ્થાપનાં, પશુ લે-વેચ.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ પ્રમાણિક સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ડીપસીક અને ચેટજીપીટીની ટક્કર વચ્ચે ભારત બનાવશે પોતાનું એઆઈ મોડેલ

નવી દિલ્હીઃ ભારત પણ ચેટજીપીટી જેવું મોડેલ લાવવાની તૈયારી કરી રહ્યું છે. આઈટી પ્રધાન અશ્વિની વૈષ્ણવે એક પ્રેસ કોન્ફરન્સમાં ભારતના એઆઈ મિશન વિશે વાત કરી. પ્રધાને કહ્યું હતું કે ભારત પોતાના મોટા ભાષા મોડેલ એટલે કે એલએલએમ પર કામ કરી રહ્યું છે અને તે ૧૦ મહિનામાં તૈયાર થઈ જશે. અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે, અમે ફ્રેમવર્ક તૈયાર કરી લીધું છે અને તે આજે લોન્ચ થઈ રહ્યું છે. અમારું ધ્યાન ભારતીય સંદર્ભ અને સંસ્કૃતિ સાથે સુસંગત એઆઇ મોડેલો બનાવવા પર રહેશે.

ઓડિશામાં એઆઇ ડેટા સેન્ટરનું ઉદ્ઘાટન કરતી વખતે અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આગામી થોડા મહિનામાં ઇન્ડિયા એઆઇ લોન્ચ કરવામાં આવશે.ભારતનું આ એઆઇ રૂ. ૧૦,૩૭૩ કરોડને ખર્ચે ઊભું કરવામાં આવશે.

આઇટી પ્રધાન અશ્વિની વૈષ્ણવે વધુમાં કહ્યું કે ડીપસીક એઆઈને ૨,૦૦૦ જીપીયુ સાથે તાલીમ આપવામાં આવી હતી, ચેટજીપીટીને ૨૫,૦૦૦ જીપીયુ સાથે તાલીમ આપવામાં આવી હતી અને અમારી પાસે ૧૫,૦૦૦ હાઇ-એન્ડ જીપીયુ છે. તેમણે કહ્યું કે ભારતમાં મજબૂત કમ્પ્યુટર સુવિધાઓ છે જે આપણી એઆઇ મહત્ત્વાકાંક્ષાઓને ટેકો આપશે.

ચાઇનાનું એઆઇ મોડલ ડીપસીક સતત ચર્ચામાં રહે છે. આ ચીની એઆઇ અમેરિકામાં લોન્ચ થતાંની સાથે જ ઘણી મોટી કંપનીઓ માટે પડકાર ઊભો કરી દીધો છે. આ ચાઇનીઝ એઆઇ એપને કારણે એકલા એનવીઆઇડીઆઇએને લગભગ ૬૦૦અબજ ડોલરનું નુકસાન થયું છે. માત્ર બે દિવસમાં, કંપનીના બજાર મૂલ્યમાં અનેક અબજ ડોલરનો ઘટાડો થયો છે. એટલું જ નહીં યુએસ નેવીએ તેના સાથીદારોને આ એપનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. સુરક્ષા અને નૈતિક કારણોસર નૌકાદળે આ એપનો ઉપયોગ ન કરવા જણાવ્યું છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, યુએસ નેવીએ આ સંદર્ભમાં એક ઇમેઇલ ચેતવણી મોકલી છે.

ડીપસીકની લોકપ્રિયતા પાછળનું એક કારણ તેની ઓછી કિંમત છે. જ્યાં અન્ય કંપનીઓએ તેમના એઆઇ મોડેલો વિકસાવવા માટે અબજો ડોલર ખર્ચ્યા. ડીપસીક આર૧ ને આશરે છ મિલિયન અને બે મહિનામાં વિકસાવવામાં આવ્યો છે. આ સમાચારને કારણે એનવીઆઇડીઆઇએના શેરમાં તીવ્ર ઘટાડો થયો, જે એઆઇ મોડેલો માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા ચિપસેટ બનાવે છે.

# બાલતાલથી અમરનાથ ગુફા સુધી હવે રોપવેઃ યાત્રાનો સમયગાળો પણ વધારવામાં આવશે

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ ભોળાનાથના ભક્તો માટે સારા સમાચાર છે કેમ કે બાલતાલથી અમરનાથ ગુફા સુધી હવે રોપવે બનાવવામાં આવી રહ્યો છે તેના કારણે ભક્તોએ મુશ્કેલ ચઢાણ ચઢવું નહીં પડે. માત્ર આટલું જ નહીં જો કેન્દ્ર સરકારની આ યોજના સફળ રહેશે તો અમરનાથ યાત્રાનો સમયગાળો પણ વધારવામાં આવશે.

હકીકતમાં તો કેન્દ્ર સરકારે દક્ષિણ કાશ્મીરસ્થિત હિમાલયમાં આવેલી પવિત્ર અમરનાથ ગુફા સહિત ૧૮ જેટલા ધાર્મિક અને પર્યટન સ્થળોને રોપવેથી જોડવાનો નિર્ણય લીધો છે.

આ વિસ્તારમાં જૂનથી ઑગસ્ટ મહિના દરમિયાન ૬૦ દિવસ તીર્થયાત્રાનું આયોજન કરવામાં આવે છે અને એ માટે ભક્તોએ ભગવાન શિવના બરફના લિંગનાં દર્શન કરવા ૩૮ કિ.મી. લાંબા પહેલગામ ટ્રેકનો કે ૧૩. કિ.મી. લંબાઈ ધરાવતા કપરાં બાલતાલ ટ્રેકનો આશરો લેવો પડે છે.

અધિકારીઓનું માનવું છે કે રોપવેને કારણે યાત્રાળુઓની સંખ્યા પણ વધશે કેમ કે વર્તમાનમાં અમરનાથ ટ્રેકનો માર્ગ કપરો હોવાને કારણે અનેક યાત્રાળુઓ આ યાત્રા કરવાનું ટાળે છે. તૈયાર કરવામાં આવનારાં ૧૮ મુખ્ય રોપવેમાં કાશ્મીરથી ગંડરબાલ જિલ્લામાં બાલતાલથી અમરનાથ ગુફાને જોડતો રોપવે સૌથી લાંબો હશે અને તેની લંબાઈ ૧૧.૬ કિ.મી. હશે. આ રોપવે તીર્થયાત્રીઓને અસરકારક વિકલ્પ પૂરો પાડશે.

આ ઉપરાંત જેઓ લાંબુ ટ્રેકિંગ કરવા નથી માગતા તેમના માટે ખચ્ચર, પાલખી સહિતના અન્ય વિકલ્પો પણ ઉપલબ્ધ હશે. આ રોપવે માત્ર યાત્રાનો સમય જ નહીં ઘટાડે, પરંતુ યાત્રાને વધુ સરળ અને આરામદાયક પણ બનાવશે ત્ન જ વધુ તીર્થયાત્રીઓને આકર્ષિત કરશે.

આ રોપવે બાળકો, વૃદ્ધો, શારીરિક રીતે અક્ષમ લોકો માટે યાત્રા વધુ સરળ બનાવશે જેને કારણે તીર્થયાત્રીઓની સંખ્યામાં અસાધારણ વધારો થવાની શક્યતા છે.

આ માટે સરકારે શ્રી અમરનાથ શ્રાઈન બૉર્ડ સહિત મુખ્ય ૧૮ ધાર્મિક અને પર્યટન સ્થળના સલાહકારો પાસે સૂચનો મગાવ્યા છે. વર્ષ ૨૦૨૪માં અમરનાથ યાત્રા ૨૯ જૂને શરૂ થઈ ૧૯ ઑગસ્ટે પૂરી થઈ હતી. બાવન દિવસની આ યાત્રા દરમિયાન અંદાજે સાડાત્રણ લાખ કરતાં વધુ રજિસ્ટર્ડ તીર્થયાત્રીઓએ અમરનાથ યાત્રામાં ભાગ લીધો હતો.

# મહાકુંભ નાસભાગઃ પંચ એક મહિનામાં તપાસ પૂરી કરશે

લખનઊઃ મહાકુંભમાં બુધવારે બનેલી નાસભાગની ઘટનાને મામલે જ્યૂડિશિયલ કમિશન એક મહિનાની અંદર તપાસ પૂરી કરશે એમ જણાવતાં પેનલના વડા હર્ષ કુમારે ગુરુવારે કહ્યું હતું કે અમે આ તપાસ ઝડપથી પૂરી કરવાના પ્રયાસ કરીશું.

પેનલના વડા અને નિવૃત્ત ન્યાયાધીશ કુમારે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે કમિશનના સભ્યો જલદી જ પ્રયાગરાજ જશે. કુમાર અને તેમની પેનલના સભ્ય ભૂતપૂર્વ ડીજીપી વી. કે. ગુપ્તા તેમ જ નિવૃત્ત આઈએએસ અધિકારી ડી. કે. સિંહ તેમને ફાળવવામાં આવેલા કાર્યાલયે પહોંચ્યા હતા અને ગુરુવારથી જ તેમનું કામ આરંભી દીધું હતું, એમ સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કુમારે કહ્યું હતું કે પ્રાથમિકતાને ધોરણે તપાસ હાથ ધરવાની જાહેરાત કરવામાં આવ્યાનાં ગણતરીના કલાકોમાં જ અમે કાર્યભાર સંભાળી લીધો હતો.

તપાસ પૂરી કરવાની સમયમર્યાદા અંગે પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે અમારી પાસે એક મહિનાનો સમય છે, પરંતુ અમે તપાસ ઝડપી બનાવી વહેલી પૂરી કરવાના પ્રયાસ કરીશું.

મહાકુંભમાં બુધવારે સંગમ ખાતે બનેલી ભાગદોડની ઘટનામાં ઓછામાં ઓછા ૩૦ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૬૦ કરતાં વધુ લોકો ઘાયલ થયાં હતાં. (એજન્સી)

# ટ્રમ્પે 'ઇમિગ્રન્ટ ડિટેન્શન લૉ' પર સહી કરી

વૉશિંગ્ટનઃ અમેરિકામાં ગેરકાયદે વસાહતીઓની ખટલો ચલાવ્યા વિના અટક કરવાની જોગવાઇ ધરાવતા 'ઇમિગ્રન્ટ ડિટેન્શન લૉ' પર નવા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સહી કરી હતી. અગાઉ, 'લેકન રિલે એક્ટ' તરીકે ઓળખાતા સંબંધિત ખરડાને હાઉસ અને સેનેટનો ટેકો મળ્યો હતો. ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ પ્રમુખ બન્યા તે પછી તેમણે આ સૌપ્રથમ કાયદા પર સહી કરી હતી.

અમેરિકામાં ચોરી, લૂંટ કે શોપલિફ્ટિંગ (દુકાનમાંથી ચોરી) જેવા ગુનામાં સંડોવાયેલા ગેરકાયદે વસાહતીઓની ખટલો ચલાવ્યા વિના જ અટક કરવાની આ કાયદામાં જોગવાઇ છે.

ટ્રમ્પે 'લેકન રિલે એક્ટ' પર સહી કરીને તેને કાયદો બનાવતા જણાવ્યું હતું કે હું આ નવા કાયદા દ્વારા ડિપાર્ટમેન્ટ ઑફ હોમલૅન્ડ સિક્યોરિટીને ચોરી, લૂંટ, અંગત મિલકતની ચોરીના ગુના, શોપલિફ્ટિંગ, પોલીસ પરના હુમલામાં, હત્યા કે ગંભીર ઇજા પહોંચાડવાના ગુનામાં સંડોવાયેલા ગેરકાયદે વસાહતીઓની અટકાયત કરવાની સત્તા આપું છું.

આ કાયદાનું નામ 'લેકન રિલે એક્ટ' જ્યોર્જિયામાંની નર્સિંગની ૨૨ વર્ષીય વિદ્યાર્થિનીનાં નામ પરથી રખાયું છે. તેની હત્યા વેનેઝુએલાથી અમેરિકા આવીને ગેરકાયદે રહેતા વસાહતીઓ દ્વારા કરાઇ હતી.

ટ્રમ્પે જણાવ્યું હતું કે ગેરકાયદે વસાહતીઓની ટોળકીએ આ યુવતી પર હુમલો કર્યો હતો, તેને માર મરાયો હતો અને બાદમાં તેની હત્યા કરાઇ હતી. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકામાં

જાણવા નથી મળ્યું. વિમાનમથકની નજીક આવેલી પોટોમેક નદીમાં આ દુર્ઘટનાના સંબંધમાં મોટા પાયે શોધખોળ હાથ ધરાઇ હતી.

લશ્કરના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે અમારા દુર્ઘટનાગ્રસ્ત હેલિકૉપ્ટરમાં ત્રણ સૈનિક હતા.

વિમાન અને હેલિકૉપ્ટર કઇ રીતે અથડાયા તેની વિગત તાત્કાલિક જાણવા નહોતી મળી, પરંતુ દુર્ઘટના બાદ વિમાનમથકેથી વિમાનોનું આગમન અને પ્રસ્થાન કામચલાઉ અટકાવી દેવાયું હતું.

દુર્ઘટનામાં કોઇ બચ્યું છે કે નહિ, તે શોધવા અન્ય હેલિકૉપ્ટરોની મદદ લેવાઇ હતી. કોલમ્બિયા ડિસ્ટ્રિક્ટના મેયર મુરિયલ બાઉસરે જણાવ્યું હતું કે અમે દુર્ઘટના સ્થળે અને નદીમાંથી મૃતદેહોને શોધવા પ્રયાસ કરી રહ્યા છીએ, પરંતુ હવામાનને લીધે થોડી મુશ્કેલી પડી રહી છે.

કેન્સાસના સેનેટર રોજર માર્શલે જણાવ્યું હતું કે આ દુર્ઘટનામાં મરનારા લોકોની ચોક્કસ સંખ્યા હજી જાણવા નથી મળી, પણ મરણાંક ઘણો મોટો છે.

પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે મેં આ દુર્ઘટનાના સંબંધમાં ઝડપી કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

વિમાનના મુસાફરોમાં ફિગર સ્કેટર્સ, તેઓના પ્રશિક્ષકો અને તેઓના પરિવારના સભ્યોનો પણ સમાવેશ થાય છે. તેઓ વિશિટામાં યુએસ ફિગર સ્કેટિંગ ચેમ્પિયનશિપ્સમાંના ડેવલપમેન્ટ કેમ્પમાં ભાગ લીધા બાદ પાછા ફરી રહ્યા હતા. યુએસ ફિગર સ્કેટિંગે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે અમારી પાસે દુઃખ વ્યક્ત કરવા શબ્દો નથી. આ બહુ જ મોટી દુર્ઘટના છે.

ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશન (ઉડ્ડયન વિભાગ)એ જણાવ્યું હતું કે કેન્સાસના વિચિટાથી પ્રાદેશિક જેટ રાતના ઇસ્ટર્ન સ્ટાન્ડર્ડ ટાઇમ મુજબ નવ વાગ્યાની પહેલાં ઉપડ્યું હતું અને આકાશમાં જ તે લશ્કરના હેલિકૉપ્ટરની સાથે અથડાયું હતું. અમેરિકન ઍરલાઇન્સની ફ્લાઇટ ૫૩૪૨ રોનાલ્ડ રેગન રાષ્ટ્રીય વિમાનમથકે આવી રહી હતી અને અંદાજે ૪૦૦ ફૂટની ઊંચાઇએ હતી તેમ જ તેની ઝડપ કલાક દીઠ આશરે ૧૪૦ માઇલ હતી ત્યારે પોટોમેક નદી પર હેલિકૉપ્ટર સાથે અથડાઇ હતી.

લશ્કરના દુર્ઘટનાગ્રસ્ત હેલિકૉપ્ટરની તાલીમ માટેની ફ્લાઇટ હતી ત્યારે તે વિમાન સાથે અથડાયું હતું. કેનેડામાં બનેલા આ દુર્ઘટનાગ્રસ્ત બોમ્બાર્ડિયર સીઆરજે-૭૦૧ને બે એન્જિન હતા અને તે ૨૦૦૪માં બનેલું હતું. તેની ક્ષમતા ૭૦ મુસાફરને લઇ જવાની હતી. (એજન્સી)

### સોનું પહેલી જ

સટ્ટાકીય લેવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૦૪ના ઉછાળા સાથે રૂ. ૯૨,૦૦૦ની સપાટી પાર કરીને રૂ. ૯૨,૧૮૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં પીછેહઠ જળવાઈ રહેતાં વેરા રહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૨૬ની તેજી સાથે રૂ. ૮૦,૯૭૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૨૮ની તેજી સાથે રૂ. ૮૧,૩૦૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું

ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે બજારની અપેક્ષાનુસાર બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખવાનો નિર્ણય લીધો હતો, પરંતુ બેઠક પશ્ચાત્ ફેડરલના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે જણાવ્યું હતું કે ભવિષ્યમાં જ્યાં સુધી ફુગાવા અને બેરોજગારીનો દર સંતોષજનક સપાટી સુધી ન આવે ત્યાં સુધી અમને વ્યાજદરમાં કપાત કરવાની કોઈ ઉતાવળ નથી.

આમ ફેડરલના સાવચેતીના અભિગમ સાથે આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ છતાં ટ્રમ્પની વેપાર-વેરા અને ટેરિફની અનિશ્ચિતતાને કારણે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૨૭૭૬.૭૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૮ ટકા વધીને ૨૭૯૧.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૮ ટકા વધીને ૩૧.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, રોકાણકારોની નજર શુક્રવારે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા અથવા તો ફુગાવાના ડેટા પર હોવાથી સોના-ચાંદીમાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ રહ્યો હતો.

સામાન્યપણે વધતા ફુગાવાના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની હેજરૂપી લેવાલી રહેતી હોય છે, પરંતુ તાજેતરમાં બૉન્ડની યિલ્ડમાં વધારો થતો હોવાથી હેજરૂપી માગ ખરડાઈ રહી છે. જોકે તેની સામે રોકાણલક્ષી માગનો ટેકો મળતાં વૈશ્વિક સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૯૦૦થી ૩૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા એએનઝેડના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવતાં ઉમેર્યું હતું કે ભવિષ્યમાં ફુગાવાની વધઘટનો આધાર અમેરિકાના નીતિવિષયક ફેરફારો પર અને રાજકીય-ભૌગોલિક જોખમો કેવા રહે છે તેના પર નિર્ભર રહેશે.

નોંધનીય બાબત એ છે કે અગાઉ અમેરિકી પ્રમુખ ટ્રમ્પે આગામી પહેલી ફેબ્રુઆરીથી કેનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે ઊંચા ટેરિફ લાદવાની અને તે જ પ્રમાણે ચીન પર પણ ઊંચા ટેરિફ લાદવા અંગે વિચારણા કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. વધુમાં યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક વ્યાજદરમાં કપાત સાથે હળવી નાણાનીતિ અપનાવે તેવી શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. જોકે, હાલ ખાસ કરીને ચીન સહિત દક્ષિણ કોરિયા, તાઈવાન, મલયેશિયા અને સિંગાપોર ખાતે નવાં લ્યૂનાર વર્ષની ઉજવણીને કારણે બજારો બંધ હોવાથી સોનામાં માગ ઓછી રહેતી હોવાના અહેવાલ હતા.

### પંજાબના મુખ્ય પ્રધાન

પરવાનગીની રાહ જોઈ રહી હતી, એમ તેમણે કહ્યું હતું.

દિલ્હીનાં મુખ્ય પ્રધાન આતિશીએ એમ કહીને ભાજપ પર પ્રહાર કર્યા હતા કે ચૂંટણીપંચની ટીમ દરોડા પાડવા માનના નિવાસસ્થાને પહોંચી હતી.

ચૂંટણીપંચના અધિકારીઓ અને ફ્લાઈંગ સ્ક્વૉડની સુરક્ષા માટે દિલ્હી પોલીસ પણ તેમની સાથે ત્યાં પહોંચી હતી, એમ વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું.

પંજાબ સરકારનું સ્ટીકર અને રાજ્યનો રજિસ્ટ્રેશન નંબર ધરાવતા ખાનગી વાહનને દિલ્હી પોલીસે જપ્ત કર્યાના એક દિવસ બાદ ભગવંત માનના નિવાસસ્થાને દરોડા પાડવામાં આવ્યા હતા.

પંજાબ ભવન નજીક પાર્ક કરવામાં આવેલા વાહનમાંથી દારૂ, રોકડ રકમ અને 'આપ'ના ચૂંટણીપ્રચારની સામગ્રી મળી આવ્યા બાદ પોલીસે કેસ દાખલ કર્યો હોવાનું તેમણે કહ્યું હતું.

દિલ્હીમાં પાંચ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાશે અને આઠ ફેબુઆરીએ મતગણતરી થશે. (એજન્સી)

#### ભાજપના ઈશારે દિલ્હી પોલીસ પંજાબીઓને બદનામ કરવા માગે છેઃ ભગવંત માન

પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને દિલ્હીના કપૂરથલાસ્થિત પોતાના નિવાસસ્થાને દરોડા પાડવાને મામલે ગુરુવારે ચૂંટણીપંચ અને દિલ્હી પોલીસ પર પ્રહાર કર્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે ભાજપના ઈશારે દિલ્હી પોલીસ પંજાબીઓને બદનામ કરવા માગે છે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ ખુલ્લેઆમ રૂપિયા વહેંચી રહ્યો છે તે ચૂંટણીપંચ નથી જોતું અને તેને બદલે મારા નિવાસસ્થાન પર દરોડા પાડી રહ્યું છે એવો આક્ષેપ ભગવંત માને કર્યો હતો. (એજન્સી)

### મહાકુંભમાં આજથી

જવાબદાર અધિકારીઓ પર કાર્યવાહીની માગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના વકીલ વિશાલ તિવારીની જનહિતની અરજી દાખલ કરી છે. ધાર્મિક આયોજનોમાં આવી ઘટનાઓ ન બને તે માટેની વ્યવસ્થા કરવા માગ કરવામાં આવી છે.

અરજીમાં તમામ રાજ્યોમાં કુંભમેળા વિસ્તારમાં તમામ રાજ્યોના સુવિધા સેન્ટર ખોલવાની માંગ કરવામાં આવી છે. ઉપરાત આવા આયોજનમાં વીઆઈપી મૂવમેન્ટ મર્યાદિત કરવામાં આવે અને મહત્તમ જગ્યા આમઆદમી માટે રાખવામાં આવે તેવી માગ કરવામાં આવી છે. આ ઉપરાંત અરજીમાં મોટા ધાર્મિક આયોજનમાં નાસભાગથી બચવા અને લોકોને યોગ્ય જાણકારી આપવા માટે દેશની અગ્રણી ભાષાઓમાં ડિસ્પ્લે બોર્ડ લગાવવા, મોબાઇલ તથા વૉટ્સએપ પર રાજ્યોના મુસાફરોની જાણકારી આપવા પણ જણાવાયું છે.

મહાકુંભમાં પહેલી ફેબ્રુઆરીએ ઉપ-રાષ્ટ્રપતિ તથા ૫૦થી વધુ દેશોના રાજદૂતોનું આગમન થશે. પાંચમી ફેબ્રુઆરીએ પીએમ મોદીનો પ્રસ્તાવિત કાર્યક્રમ છે. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ઉપ-રાષ્ટ્રપતિ તથા વડા પ્રધાનના કાર્યક્રમની તૈયારીની સમીક્ષા કરી હતી.

# મુંબઈમાં દરરોજ કચરા કરતા કન્સ્ટ્રકશન અને ડિમોલિશનનો કાટમાળ વધુ નીકળે છે

## બિલ્ડરોને બારોબાર તેનો નિકાલ કરતા રોકવા સુધરાઈ ડેબ્રિઝ ઓન કૉલના દર અડધોઅડધ ઘટાડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શહેરમાં દરરોજ ૭,૦૦૦થી ૮,૦૦૦ મેટ્રિક ટન કન્સ્ટ્રકશન અને ડિમોલિશનો કાટમાળ નીકળે છે. કાટમાળના નિકાલ માટેના બજારના દર મુંબઈ મહાનગરપાલિકાના દર કરતા ઓછા હોવાથી બિલ્ડરો પાલિકાના બદલે બારોબાર બહાર કાટમાળનો નિકાલ કરતા હોય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા અને કાટમાળનો ગેરકાયદે ડમ્પિંગ રોકવા માટે પાલિકા પ્રશાસને તેની ડેબ્રિઝ ઓન કોલ સેવા માટેના દરમાં ૫૦ ટકાનો ઘટાડો કરવાની યોજના બનાવી રહી છે. વધુમાં પાલિકા પ્રશાસન ઓટોડીસીઆરમાં સુધારો કરવા માગે છે, જેમાં ફરજિયાત રીતે બિલ્ડરોને તેમનો કાટમાળ સીધો પાલિકાના પ્રોસેસિંગ પ્લાન્ટમાં પહોંચાડવો પડશે.

શહેરમાં દરરોજ લગભગ ૬,૩૦૦ મેટ્રિક ટન કચરો નીકળે છે, જેમાં હવે કન્સ્ટ્રકશન અને ડિમોલિશનના કાટમાળનું પ્રમાણ વધી રહ્યું છે અને જે લગભગ ૮,૦૦૦ મેટ્રિક ટન જેટલો થઈ ગયો છે. છેલ્લા બે મહિનામાં પાલિકાના બે કન્સ્ટ્રકશન અને ડિમોલિશન પ્લાન્ટમાં ૧૦,૦૦૦ મેટ્રિક ટનથી વધુ કાટમાળ પર પ્રક્રિયા કરવામાં આવી છે. જોકે ગેરકાયદે ડમ્પિંગને રોકવા માટે પાલિકાના પ્રયાસ નિષ્ફળ જઈ રહ્યા છે, કારણ કે નાગરિકો સહિત બિલ્ડરો નીચા બજાર દરને કારણે ગેરકાયદે ડમ્પિંગ કરવાનું પસંદ કરે છે. જે પાલિકાના કાટમાળની પ્રક્રિયા કરવાની ફી કરતા સસ્તું પડે છે.

કન્સ્ટ્રકશન અને ડિમોલિશન વૅસ્ટ અને વાયુ પ્રદૂષણને લઈને એક પત્રકાર પરિષદમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) કિરણ દિઘાવકરે જણાવ્યું હતું કે ૨૦૧૬થી બાંધકામના કાટમાળને એક અલગ પ્રકારનો કચરો ગણવામાં આવી રહ્યો છે.

પાલિકાએ પોતાના બે ડેબ્રિઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપ્યા છે, જેની સંયુક્ત ક્ષમતા ૧,૨૦૦ મેટ્રિક ટન પ્રતિ દિવસની છે. ભવિષ્યમાં તેનું વિસ્તરણ કરીને તેને ૧,૪૦૦થી ૧,૫૦૦ મેટ્રિક ટન સુધી પહોંચાડવામાં આવવાનું છે. જોકે શહેરમાં દરરોજ લગભગ ૭,૦૦૦થી ૮,૦૦૦ મેટ્રિક ટન કાટમાળ નીકળે છે, તેને કારણે ટ્રીટમેન્ટ પ્લાન્ટ પહોંચી શકતા નથી.

વધુમાં કિરણ દિઘાવકરે જણાવ્યું હતું કે પાલિકા કાટમાળના નિકાલ માટે ૪૦૦થી ૫૦૦ રૂપિયાનો ચાર્જ લગાવે છે અને તેની સામે કૉન્ટ્રેક્ટરને પ્રતિ મેટ્રિક ટન ૧,૪૦૦ રૂપિયા ચૂકવવામાં આવી રહ્યા છે. તેની સામે ગેરકાયદે રીતે કાટમાળના ડમ્પિંગ કરનારા પ્રતિ મેટ્રિક ટન માત્ર ૨૦૦ રૂપિયા વસૂલ કરતા હોય છે અને તેઓ મેનગ્રોન્ઝ વિસ્તારમાં આ કાટમાળનો નિકાલ કરીને તેને નુકસાન પહોંચાડતા હોય છે. તેથી પાલિકાએ હવે કાટમાળાના નિકાલનો ચાર્જ ઘટાડવાનો નિર્ણય લીધો છે. ટૂંક સમયમાં પાલિકા કમિશનરની મંજૂરી માટે પ્રસ્તાવ લાવવામાં આવવાનો છે. ■





Outdoor Partner: GLOBAL ADVERTISERS PVT.LTD. · Creative Media Partner: SAMARYA CREATION GLOBAL · Light & Sound Partner: Krupali Lighting System · Dinning Partner: eazydiner · Associate Partner: MM MITHAIWALA · Associate Partner: RANGE-LITE · Associate Partner: NRD N. ROSE Developers Pvt. Ltd. · Associate Partner: AURELIA MANSION · Special Thanks: Chandivali Citizens Welfare Association


# ભિવંડીમાં છત્રપતિ શિવાજી મહારાજનું ભવ્ય મંદિર બની રહ્યું છે

## રામલલ્લાની મૂર્તિના શિલ્પકાર અરુણ યોગીરાજે મૂર્તિ બનાવી છે

મુંબઈ: મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજનું પ્રથમ મંદિર ભિવંડી તાલુકાના મરાડે પાડા ખાતે બની રહ્યું છે. શિવ જયંતીના ૧૭ માર્ચ, ૨૦૨૫ના દિવસે પ્રાણ પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમ અને મંદિરનું લોકાર્પણનું આયોજન કરવામાં આવશે. આ સ્થાન પર જે શિવાજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે એ અયોધ્યા રામલલ્લાની પ્રતિમા બનાવનાર મૈસૂરના જાણીતા શિલ્પકાર અરુણ યોગીરાજે બનાવી છે.

શિવેન્દ્ર રાજે ભોસલે મહારાજ, ઉદયનરાજે ભોસલે મહારાજ તેમજ હમ્બિરરાવ મોહિતેના વંશજોને ૧૭ માર્ચના કાર્યક્રમ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

છત્રપતિ શિવાજી મહારાજનું આ મંદિર કિલ્લાની જેમ ૧.૫ એકર જમીન પર તૈયાર કરવામાં આવ્યું છે. મંદિરની આસપાસ દિવાલ અને ભવ્ય પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યું છે. આ મંદિરમાં ચબૂતરા બનાવવામાં આવી રહ્યા છે જેમાં છત્રપતિ શિવાજી મહારાજની વિવિધ ઐતિહાસિક ઘટનાના દશ્યો રજૂ કરવામાં આવશે. મંદિરમાં દર્શનાર્થે આવતા સર્વભાષી શિવભક્તો છત્રપતિ શિવાજી મહારાજના ઈતિહાસથી વાકેફ થાય એ માટે સર્વ માહિતી મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાં આપવામાં આવશે.

આ મંદિરમાં છત્રપતિ શિવાજી મહારાજની છ ફૂટ ઊંચી સિંહાસન પર બિરાજમાન મૂર્તિ કાળા પથ્થરમાંથી બનાવવામાં આવી છે. મંદિરનું ગર્ભગૃહ ૨,૫૦૦ ચોરસ ફૂટનું છે. અહીં કેવળ છત્રપતિ શિવાજી મહારાજનું મંદિર જ નહીં, પણ ગુરુકુળ પદ્ધતિથી શિક્ષણની સુવિધા પણ આપવામાં આવશે. અહીં શસ્ત્ર તાલીમ કેન્દ્ર સ્થાપવાનો વિચાર છે. ■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# ધનંજય મુંડે પર અજિત પવારનો નિર્ણય ફાઈનલ: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેના રાજીનામાની માગણી જોર પકડી રહી છે ત્યારે આખો મામલો નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની કોર્ટમાં નાખતાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે કહ્યું હતું કે પ્રધાનમંડળમાં ધનંજય મુંડેના સ્થાન અંગેનો નિર્ણય અજિત પવારનો રહેશે. અજિત પવાર જે વલણ અપનાવશે તે અંતિમ રહેશે એમ ફડણવીસે દિલ્હીમાં એક રેલી સંબોધ્યા બાદ પત્રકારોને કહ્યું હતું. મસ્સાજોગ ગામના સરપંચની હત્યા સાથે સંકળાયેલા ખંડણીના કેસમાં ધનંજય મુંડેના નજીકના સાથી વાલ્મિક કરાડની ધરપકડ બાદ રાજીનામાની માગણી જોર પકડી રહી છે.

અહીં ઉલ્લેખનીય છે કે સામાજિક કાર્યકર્તા અંજલી દમાણિયાએ એનસીપીના વડા અજિત પવારને મળીને મુંડે અને કરાડ વચ્ચેના સંબંધો દર્શાવતા કેટલાક દસ્તાવેજો સોંપ્યા બાદ અજિત પવારે જણાવ્યું હતું કે દોષી હશે તેમની સામે ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે. ■

## અજિત પવાર સમક્ષ ધસે મુંડેના સામે આક્ષેપો કર્યા

મુંબઈ: ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે ગુરુવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે તેમને ધનંજય મુંડે બીડના પાલક પ્રધાન હતા તે સમયગાળામાં 'બોગસ બિલ' દ્વારા ભંડોળની ઉચાપત અંગે લેખિતમાં ફરિયાદ રજૂ કરવા જણાવ્યું હતું.

ધસે બીડમાં પત્રકારોને જણાવ્યું હતું કે, તેમણે જિલ્લા આયોજન અને વિકાસ પરિષદની બેઠકમાં વર્તમાન પાલક પ્રધાન અજિત પવાર સમક્ષ આ મુદ્દા ઉઠાવ્યા હતા.

પવારે મને લેખિતમાં ફરિયાદ રજૂ કરવાનું કહ્યું હતું. મેં બુધવારે તેમના અંગત સહાયકને ભંડોળ ઉપાડવા સંબંધિત દસ્તાવેજો પૂરા પાડી દીધા છે. હવે, હું પવારની સૂચના મુજબ લેખિત ફરિયાદ રજૂ કરીશ, એમ ધસે કહ્યું હતું. બીડ જિલ્લાના આષ્ટી મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ભાજપના નેતાએ બુધવારે એવો આરોપ લગાવ્યો હતો કે મુંડે જ્યારે જિલ્લાના પાલક પ્રધાન હતા ત્યારે તેમની દેખરેખ હેઠળ ૭૩.૩૬ કરોડ રૂપિયા ગેરરીતિથી ઉપાડવામાં આવ્યા હતા.

પવારના નેતૃત્વ હેઠળના એનસીપીના કેબિનેટ પ્રધાન મુંડે, બીડના પરલી વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે.

'મેં બોગસ બિલોનો મુદ્દો ઉઠાવ્યા પછી બીડમાં ઓછામાં ઓછા ૫૦૦ લોકો કોમામાં સરી ગયા છે,' એવો દાવો ધસે કર્યો હતો.

તેમણે આરોપ લગાવ્યો છે કે બોગસ બિલો દ્વારા ૭૩.૩૬ કરોડ રૂપિયા ઉપાડવામાં આવ્યા હતા, જ્યારે ૩૭.૭૦ કરોડ રૂપિયા કોઈ પણ કામ કર્યા વિના ઉપાડવામાં આવ્યા હતા. ■



**વાહ, ક્યા બાત હૈ...:** દક્ષિણ મુંબઈમાં અત્યારે કાલા ઘોડા ફેસ્ટિવલ ચાલી રહ્યો છે અને એમાં દર વર્ષની જેમ જ એકથી એક ચડિયાતા આર્ટ ઈન્સ્ટોલેશન જોવા મળી રહ્યા છે. આટલું જ નહીં તેને પ્રતિસાદ પણ જબરજસ્ત મળ્યો છે. (જયપ્રકાશ કેળકર)


પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



સ્વ. શ્રી મહાવીર ગણેશલાલ દાવરા
સ્વ. તા. ૩૧/૦૧/૨૦૨૪

આપણી અણધારી વિદાયે આજે ૧ વર્ષ પૂરું થઈ ગયું. અમે સૌ તમને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ અને શીતલતા બક્ષે છે તેમ આપ બાળપણાથી જીવનના અંત સુધી તનતોડ મહેનત કરી અમને સુખમાં તરતા મૂકી ગયા. આપનો નિડર સ્વભાવ, પ્રામાણિકતા અને ધંધાકીય સુઝનો વારસો અમારા માટે માર્ગદર્શન બની રહેશે. આપના અધૂરા અરમાનો પૂર્ણ કરવાની ઈશ્વર અમને શક્તિ આપે અને તમારા પવિત્ર આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

Esdee Paints Ltd.


# ખંડણી રેકેટ: અજિત પવારની બીડમાં પાર્ટીના કાર્યકરોને ચેતવણી

છત્રપતિ સંભાજીનગર: સરપંચની હત્યાના રાજકીય વિવાદ વચ્ચે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગુરુવારે બીડ જિલ્લાના એનસીપીના કાર્યકરોને વિકાસ પ્રોજેક્ટ્સને લક્ષ્ય બનાવીને ખંડણીના પ્રયાસોમાં સામેલ થવા સામે ચેતવણી આપતાં પોતાના પક્ષના કાર્યકરોને 'સ્વચ્છ ચારિત્ર્ય' જાળવવા જણાવ્યું હતું.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે વહીવટમાં રાજકીય હસ્તક્ષેપ સહન કરવામાં આવશે નહીં.

પવાર ગુરુવારે સવારે બીડમાં પહોંચ્યા હતા, જિલ્લાના પાલક પ્રધાન બન્યા પછી આ તેમની પહેલી મુલાકાત હતી. ■

# મનોજ જરાંગેએ ઉપવાસ છોડવા સાથે જ ફડણવીસને મુંબઈ આવવાની ધમકી આપી

મુંબઈ: મરાઠા નેતા મનોજ જરાંગે પાટીલે ગુરુવારે ઉપવાસ સ્થગિત કરવાની જાહેરાત કરી હતી. જરાંગે પાટીલનો ઉપવાસનો ગુરુવારે છઠ્ઠો દિવસ હતો. ઉપવાસ છોડ્યા પછી જરાંગેએ કહ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સોએ સો ટકા ગદ્દારી નહીં કરે અને અમારી માગણીઓ પૂરી કરશે જ. જોકે એવું નહીં થાય તો મુંબઈ આવવાની તારીખ અમે જાહેર કરીશું. આ વખતે મુંબઈમાં ચક્કાજામ કરી નાખીશું, કારણ કે હવે મરાઠાઓ પીછેહઠ નહીં કરે.

મનોજ જરાંગે મરાઠા આરક્ષણ બાબતે વિવિધ માગણીઓ માટે ઉપવાસ પર ઊતર્યા હતા. છેલ્લા પાંચ દિવસથી તેઓ ઉપવાસ પર હતા. તેમના ઉપવાસની નોંધ લઇને ભાજપ તરફથી વિધાનસભ્ય સુરેશ ધસે તેમની મુલાકાત લીધી હતી. તેમણે જરાંગે પાટીલને મનાવવા માટેનો ખૂબ પ્રયાસ કર્યો અને તેમને સફળતા મળી હતી. રાજ્ય સરકાર વતી જરાંગે પાટીલને અમુક આશ્વાસનો આપવામાં આવ્યાં છે. સરકારે આપેલાં આશ્વસનો બાદ જરાંગે પાટીલે ઉપવાસ તોડ્યા હતા. ■


કપોળ મરણ



વિપિન હરકિશનદાસ ભૂતા ઉમર - વર્ષ ૮૨
ભીંડવાળા સ્વ. ત્રિવેણી બેન તથા હરકિશનદાસ જાદવજી ભુતા ના સુપુત્ર
બુધવાર તારીખ 29. 1. 2025 ના રોજ શ્રીજી ચરણ પામેલ છે
તે મૃદુલાબેનના પતિ, ચિ.કાનન , અ.સૌ.પાયલના પિતા. મિહિર ચંદ્રકાંત કોટેચા ના સસરા, ચી.કૌર્વકી, પરમ ના નાના. તે સ્વ. કનૈયાલાલ, સ્વ નાનાલાલ, સ્વ.નવીનચંદ્ર, રમેશભાઈ, પ્રમોદભાઈ, સ્વ.નલીનભાઇ, સ્વ મંજુલાબેન શશીકાંત દોશી, સ્વ.મીરાબેન કનૈયાલાલ પારેખ, ગં.સ્વ. પ્રમીલાબેન રસિકલાલ મહેતા, અ.સૌ.ભાવના અરવિંદ દોશી, ગ.સ્વ. કલ્પના હિમાંશુ મહેતા ના ભાઈ. સસરા પક્ષે પાલીતાણા વાળા ગુલાબ રાય દુલેરાય પારેખ ના જમાઈ.
❖ તેમની પ્રાર્થના સભા ❖
શુક્રવાર તારીખ 31 જાન્યુઆરી 2025 ના સાંજે 5.00 થી 7.00 કલાકે.
શ્રી ઠક્કાઈ ભાટીયા સેવા ફંડ હૉલ નંબર 5.
નમઃ હોસ્પિટલ ની સામે, શંકર લેન કાંદીવલી વેસ્ટ મુંબઈ 400067.
(વેલે પાર્કિંગ ની વ્યવસ્થા છે)
ભુતા અને કોટેચા પરિવાર ના જય શ્રી કૃષ્ણ


# ત્રીજા મુંબઈ માટે એક લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરાશે


।। ૐ શ્રી મહાવીરાય નમઃ ।।
સર્વે ભવંતુ સુખિનઃ સર્વે સંતુ નિરામયાઃ।
સર્વે ભદ્રાણિ પશ્યંતુ મા કશ્ચિદ્દુઃખ ભાગ્ભવેત્ ।।



ડૉ. અમિત ચંદ્રકાંત શાહ
૧૬ મે ૧૯૭૭ - ૨૮ જાન્યુઆરી ૨૦૨૫
પોતાનુ સમગ્ર જીવન લોક સેવામાં સમર્પિત કરી, જણ જણ ના હૈયા માં અમીટ છાપ છોડી જનારા, દિલથી દર્દીઓ ની સેવા કરનારા, સેવાભાવી ડૉ. અમિત શાહ, નશ્વર દેહનો ત્યાગ કરી, તા. ૨૮ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામ્યા છે.
❖ પ્રાર્થના સભા ❖
શનિવાર, તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ સમય સાંજે ૪.૦૦ થી ૫.૩૦ વાગે
સ્થળ: ઝવેરબેન સભાગૃહ, હિંગ્વાલા લેન, ઘાટકોપર (ઈ).
વેલેટ પાર્કિંગ ઉપલબ્ધ છે.
❖ સર્વથા અમારી સ્મૃતિ માં ❖
ત્રિશલા અમિત શાહ
ધૃતી અમિત શાહ
સિદ્ધ અમિત શાહ
ડૉ. સી. ટી. શાહ
ઈલાબેન ચંદ્રકાન્ત શાહ
ક્ષમાબેન - હરેશભાઈ વનમાળીદાસ મહેતા
પુનિતા હરેશભાઈ મહેતા
આરતી - વિરલ હસમુખભાઈ શાહ
સાન્વી અને વિદિત શાહ


મુંબઈ: ત્રીજા મુંબઈને ઊભું કરવા માટે ૧.૦૩ લાખ કરોડની એટલે કે ૧૨ અબજ ડોલરનું સીધું વિદેશી રોકાણ (એફડીઆઈ) કરવામાં આવશે. આ માટે એમએમઆરડીએ અને બ્રૂકફીલ્ડ કંપની વચ્ચે સામંજસ્ય કરાર કરવામાં આવ્યા છે. આગામી પાંચથી સાત વર્ષમાં મુંબઈ મહાનગરને વૈશ્વિક સ્તરે આર્થિક કેન્દ્ર તરીકે વિકસિત કરવા માટે આ રોકાણનો વપરાશ કરવામાં આવશે.

દાવોસ ખાતે થયેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક પરિષદમાં આ સામંજસ્ય કરાર કરવામાં આવ્યા હતા. તે અનુસાર ત્રીજા મુંબઈને ઊભું કરવા માટે અને મુંબઈ મહાનગર પ્રદેશના ઉત્તર અને દક્ષિણ વિસ્તારમાં વિકાસ કેન્દ્રોને વિકસિત કરવા માટે બ્રૂકફીલ્ડનું આ રોકાણ વાપરવામાં આવશે.

આમાં અટલ સેતુ અને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રભાવિત ૩૨૩.૨૪ ચોરસ કિ.મી. ક્ષેત્રમાં બેસાડવામાં આવનારો કર્નાળા-સાઈ-ચિરનેર ક્ષેત્રમાં ત્રીજા મુંબઈનાં નામો શહેરી વિકાસ પ્રોજેક્ટમાં આ રોકાણ કરવામાં આવશે. આ સાથે જ મુંબઈ મહાનગર પ્રદેશનો ઉત્તર વિસ્તારનો ૧૦૦૬.૭૬ ચોરસ કિ.મી. અને દક્ષિણ ભાગનો ૬૭૩.૩૩ ચોરસ કિ.મી. ક્ષેત્રનો પ્રસ્તાવિત સ્પેશિયલ પ્લાનિંગ ક્ષેત્ર (એસપીએ) વિકસિત કરવા માટે આ રોકાણનો મોટો ભાગ વપરાશમાં લેવામાં આવશે,એવું એમએમઆરડીએના અધિકારીએ જણાવ્યું હતું. ■

# વકફ બોર્ડની સંપત્તિનું રાજ્યમાં થશે જિયો મેપિંગ

મુંબઈ: એક તરફ વકફ બિલ પર કેન્દ્રમાં યુદ્ધ ચાલી રહ્યું છે ત્યાં રાજ્યમાં તેમની જમીન બાબતે સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે. રાજ્યમાં છૂટીછવાઇ અને કોઇ પણ અપડેટ ન કરી હોય એવી માપ વિનાની વકફ બોર્ડના અધિકાર હેઠળની સંપત્તિ તેમ જ જમીનનું જિયો મેપિંગ કરવાનો નિર્ણય લઘુમતી વિભાગે લીધો છે. નિષ્ણાત સંસ્થાની મદદથી આ સર્વેક્ષણની નજીકની સમયમાં શરૂઆત કરવામાં આવશે. આથી હવે પ્રથમ વાર રાજ્યમાં વકફની કેટલી સંપત્તિ છે તેની અચૂક અધિકૃત માહિતી ઉપલબ્ધ થશે.

રાજ્યમાં વકફ બોર્ડની કેટલી જમીન છે તેની કોઇ ચોક્કસ માહિતી નથી. એમાં પણ આ જમીનનો વપરાશ કયા હેતુ માટે કરવામાં આવી રહ્યો છે, આ જગ્યા ભાડા પર આપવા માટે કયો ભાવ લેવામાં આવી રહ્યો છે, તેની કોઇ પણ માહિતી ન તો વકફ બોર્ડ પાસે ન તો રાજ્ય સરકાર પાસે છે. એવામાં એક જ જમીન પર કેટલી સંસ્થા છે, તેનો વપરાશ શૈક્ષણિક, વેપારી કે પછી ચેરિટી એવા કયા કારણ માટે કરવામાં આવે છે તેની પણ માહિતી બોર્ડ પાસે નથી.

મહારાષ્ટ્ર વકફ બોર્ડ અનુસાર રાજ્યમાં વકફની ૨૩૫૬૬ સંપત્તિ હોઇ તેનું ક્ષેત્રફળ ૩૭ હજાર ૩૩૯ હેક્ટર છે. ■

## સંસ્થા સમાચાર

### શ્રી લક્ષ્મીનારાયણ મંદિર દ્વારા આજે ધાર્મિક કાર્યક્રમની સાથે ભંડારાનું આયોજન

વાલપખાડી, માવજી રાઠોડ રોડ મુંબઈ ખાતે આવેલા શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ધર્માદા ટ્રસ્ટ દ્વારા આજે મહા સુદ બીજ નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એ નિમિત્તે સવારે સામૂહિક મૂર્તિ પૂજા અને બાદમાં ઈષ્ટદેવ શ્રી રામદેવજી મહારાજની ધજા આરોહણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સાંજે સાત કલાકે પાટોત્સવ અને બાદમાં મહાપ્રસાદ ભંડારાનો આરંભ કરવામાં આવશે. બાદમાં રાતે ૯ કલાકથી માંડીને પરોઢ સુધી શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ભજન મંડળ દ્વારા સંતવાણીનો લાભ લઈ શકાશે. મંદિર દ્વારા તમામ ભક્તોને આ કાર્યક્રમમાં સામેલ થવાનું ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

# થાણેમાં બ્રિજ પરથી ખાડીમાં પડેલી વૃદ્ધાને બચાવી લેવાઇ

થાણેઃ થાણેના કલવા વિસ્તારમાં સાકેત બ્રિજ પરથી ખાડીમાં પડેલી ૮૫ વર્ષની વૃદ્ધાને બચાવી લેવામાં આવી હતી. વૃદ્ધાને બાદમાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી. વૃદ્ધાની ઓળખ જુગનાદેવી તરીકે થઇ હતી, જે કલવાના જયભીમ નગરમાં રહે છે. જુગનાદેવી ગુરુવારે સાકેત બ્રિજ પરથી જઇ રહી હતી ત્યારે સંતુલન ગુમાવવાને કારણે તે ખાડીમાં પડી ગઇ હતી. બનાવની જાણ થતાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની ટીમ તથા અગ્નિશમન દળના જવાનો ત્વરિત ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને સ્થાનિકોની મદદથી જુગનાદેવીને ખાડીમાં બહાર કાઢી હતી. તેને બાદમાં કલવાની હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. જુગનાદેવીને હાથ-કમરમાં ઇજા થઇ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# મુંબઈનાં પરાંઓ માટે ૯૪૩ કરોડ રૂપિયાની ફાળવણી:જિલ્લા પ્લાનિંગ કમિટીની બેઠકમાં પ્લાનને મંજૂરી અપાઈ

મુંબઈઃ મુંબઈ સબર્બ જિલ્લાના ૯૪૩.૭૪ કરોડના ફોર્મેટ પ્લાનને જિલ્લા પ્લાનિંગ કમિટીની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા વાર્ષિક યોજના ૨૦૨૪-૨૫ હેઠળ હાથ ધરવામાં આવેલાં વિવિધ કામોનો રિવ્યુ પણ કરવામાં આવશે. બેઠકમાં મુંબઈ સબર્બ પાલકપ્રધાન સહિત સબર્બના સાંસદ, વિધાનસભ્ય, જિલ્લા પ્લાનિંગ કમિટીના સભ્ય, પાલિકા કમિશનર, સરકારી અધિકારી હાજર હતા.

પ્લાનિંગ કમિટીની બેઠકમાં ૨૦૨૫-૨૬ વાર્ષિક યોજના માટે ૮૬૫.૭૧ કરોડ, અનુસૂચિત જાતિ ઉપાયયોજના માટે ૭૧ કરોડ, આદિવાસી ક્ષેત્રની બહારનાઓની ઉપાયયોજના માટે ૭.૦૩ કરોડ, એમ કુલ ૯૪૩.૭૪ કરોડના ફોર્મેટ પ્લાનને પ્લાનિંગ કમિટીની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકમાં જનપ્રતિનિધિઓએ પોતાના વિસ્તારની વિવિધ સમસ્યાને મૂકી હતી.

# અપાત્ર લાડકી બહેનો પાસેથી પૈસા પાછા વસૂલવામાં સરકારને ધોળે દિવસે તારા દેખાઈ જવાના

## આ ઉપરાંત વિવિધ યોજના હેઠળ અયોગ્ય ખેડૂતોને ચૂકવાયેલા ૪૦૦૦ કરોડ રૂપિયાએ પાછા લેવાનો પડકાર તો છે જ

મુંબઈઃ લાડકી બહેન યોજના અને પીએમ કિસાન સન્માન ભંડોળ જેવી લોકપ્રિય યોજનાઓના આધારે મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકાર આવ્યાના અઠવાડિયા પછી અયોગ્ય પ્રાપ્તકર્તાઓને ચૂકવવામાં આવેલા કરોડો રૂપિયાની વસૂલાત કરવા માટે સરકારે કમર કસી છે.

સરકારી અનુમાન મુજબ એવી ત્રીસ લાખ મહિલાઓ છે જે લાડકી બહેન માટે પાત્રતાના માપદંડોને પૂર્ણ કરતી નથી, પરંતુ જેમને દર મહિને ૧૫૦૦ રૂપિયાના છ હપ્તા મળ્યા હતા અને રાજ્યમાં ૧૨ લાખ અયોગ્ય ખેડૂતોને પીએમ કિસાન યોજના હેઠળ જે રકમ મળી છે તેની રકમ ચાર હજાર કરોડ રૂપિયા થવા જાય છે. જૂન, ૨૦૨૪માં રજૂ કરાયેલા બજેટ અનુસાર મહારાષ્ટ્રમાં ૧૧૦ કરોડની રાજકોષીય ખાધ છે અને ૨૦૧૫૧ કરોડની આવક ખાધ છે. ગયા અઠવાડિયે પુણેમાં મીડિયા સાથે વાત કરતાં નાણાપ્રધાન અજિત પવારે સ્વીકાર્યું હતું કે સરકારે પ્રાપ્તકર્તાઓને તેમના ખાતાઓના આધાર સાથે લિંક કર્યાની ખાતરી કર્યા વિના જ યોજનાઓના લાભ પહોંચાડ્યા હતા. સરકાર જે નિર્ણય કરશે એમાં પ્રથમ નિર્ણયમાં લાડકી બહેનના લાભાર્થીઓની યાદીને પુનઃ ચકાસવામાં આવશે. જોકે ચૂકવાયેલા નાણાંની વસૂલાત કરવી એ સહેલી નથી.

# કિશોરીની જાતીય સતામણી કરવા બદલ ત્રણ વર્ષની કેદ

થાણેઃ ૨૦૧૯માં સગીર વયની બાળકીની જાતીય સતામણી કરવાના ગુનામાં થાણે જિલ્લાની અદાલતે ૫૧ વર્ષની એક વ્યક્તિને ત્રણ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આવી ઘટનાઓની જાણ પોલીસને કરવી જોઈએ કારણ કે એનાથી સમાજમાં જાગૃતિ લાવવામાં મદદ મળશે અને અપરાધીને થયેલી સજા અન્ય લોકોને એ રસ્તે જતા અટકાવશે એમ ફરિયાદ પક્ષે બુધવારે આપવામાં આવેલા આદેશમાં વિશેષ પોક્સો અદાલતના ન્યાયમૂર્તિ ડી.એસ.દેશમુખને ટાંકી જણાવ્યું હતું. વિશેષ સરકારી વકીલ સંધ્યા એચ મ્હાત્રેએ અદાલતને જણાવ્યું હતું કે પાંચમી જુલાઈ, ૨૦૧૯ના દિવસે નવમા ધોરણમાં અભ્યાસ કરતી ૧૩ વર્ષની કિશોરી મુમ્બ્રા વિસ્તારમાં સ્કૂલમાં જઈ રહી હતી ત્યારે આરોપી મોઇજ હાતિમ રામપુરવાલાએ તેનો પીછો કરી તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો.યુવતીએ તેની હરકતોનો વિરોધ કરી બૂમાબૂમ કરી તે વ્યક્તિને છત્રીથી ફટકારી હતી. એ સમયે ત્યાંથી પસાર થતી એક મહિલા ત્યાં દોડી આવી હતી અને પીડિતાને બચાવી લીધી હતી, જ્યારે આરોપી ભાગી ગયો હતો. ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે પીડિતા અને મહિલા તે વ્યક્તિનો પીછો કરીને તેના ઘર સુધી પહોંચ્યા હતા અને તેને પકડી પાડ્યો હતો. ત્યારબાદ કિશોરી અને મહિલાએ પોલીસમાં વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા તેની ધરપકડ કરવામાં આવી હતી. અદાલતે આરોપીને ૨૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. (પીટીઆઈ)




**નોટિસ વાંચી લેજો:** જગપ્રસિદ્ધ શ્રી સિદ્ધિવિનાયક મંદિરમાં પણ હવે ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો છે અને એ વિશેની નોટિસ ગઈ કાલે મંદિરની બહાર લગાવી દેવામાં આવી હતી. જોકે આ ડ્રેસ કોડનો ઘણાંએ વિરોધ કર્યો છે તો ઘણાંએ એનો આવકાર્યો છે. વરિષ્ઠ ધારાશાસ્ત્રી ગુણરત્ન સદાવર્તેની પુત્રી ઝેન સદાવર્તેએ આ નિયમ સામે રાષ્ટ્રીય મહિલા આયોગમાં ફરિયાદ નોંધાવી છે. (અમય ખરાડે)

# થાણેના રસ્તાઓનાં અધૂરા કામ 30 એપ્રિલ પહેલા પૂરા કરવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ રસ્તા પરના તથા પુલ પરના ખાડા સહિત તમામ રસ્તાનાં અધૂરા કામ ચોમાસા પહેલા એટલે ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં પૂરા કરી નાખવાનો નિર્દેશ થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે એમએમઆરડીએ, મેટ્રો, ટ્રાફિક સહિત તમામ ડિપાર્ટમેન્ટને આપ્યો છે.

ચોમાસા પહેલાના કામ સમયસર થાય અને તમામ સરકારી ઓથોરિટી એકબીજા સાથે સંપર્કમાં રહે તે માટે થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે ગુરુવારે થાણે પાલિકા મુખ્યાલયમાં એમએમઆરડીએ, મેટ્રો ઓથોરીટી, ટ્રાફિક વિભાગ સહિતના જુદા જુદા સરકારી વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. એ દરમિયાન તેમણે થાણે પાલિકાની હદમાં ચોમાસા દરમ્યાન રસ્તા પરના ખાડાને કારણે ટ્રાફિકની સમસ્યા થાય નહીં અને નાગરિકોને હાલાકી વેઠવી પડે તે માટે તમામ રસ્તાના કામ સમયસર પૂરા કરવાનો નિર્દેશ આપ્યો હતો. સાથે જ ખાડા પડવાના જે સ્થળ છે તે ઠેકાણે ઈન્સ્પેક્શન કરીને તમામ કામ ૩૦ એપ્રિલ સુધીમાં પૂરી નાખવા માટે કહ્યું હતું. ચોમાસા દરમ્યાન જો રસ્તા પર કોઈ કારણસર ખાડા પડે તો તાત્કાલિક સ્તરે તેનું સમારકામ કરી શકાય તે મુજબની યંત્રણા તૈયાર રાખવાનો આદેશ પણ કમિશનરે અધિકારીઓને આપ્યો હતો.

થાણે પાલિકા વિસ્તારમાં દર વર્ષે જે ઠેકાણે રસ્તા પર તથા ફ્લાયઓવર પર ખાડા પડે છે તે સ્થળે વોર્ડ સ્તરે એઝિક્યુટીવ એન્જિનિયરે ત્યાં કોંક્રીટીકરણ અથવા અત્યાધુનિક પદ્ધતિએ કામ કરવાના રહેશે. તેમ જ શહેરમાં જ્યાં મેટ્રો ઓથોરિટીના કામ ચાલી રહ્યા છે તે જલદી પૂરા કરવા પર કમિશનરે ભાર આપ્યો હતો. ચોમાસાને ધ્યાનમાં રાખીને જે ઠેકાણે મેટ્રો સ્ટેશનના કામ ચાલી રહ્યા છે અને તેમાંથી જ્યાં કામ પૂરા થયા છે તે ઠેકાણે બૅરિકેટ્સ હટાવી લેવાનો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો. માજિવડા, કાસારવડવલી, ગાયમુખ, ડોંગરીપાડા, આનંદનગર, ઓવળા જંકશન, વાઘબીળ, કાંચનપુષ્પ સોસાયટી, હાયપરસિટી મૉલ, કાસારવડવલી ફ્લાયઓવર જેવા ઠેકાણે મેટ્રોના ગર્ડર નીચે કામ પૂરા કરીને જ્યાં કાટમાળ પડેલો તેને તાત્કાલિક હટાવી લેવાનો તેમ જ મેટ્રો રૂટ પર ઊભા કરવામાં આવેલા તમામ પિલરનું ઈન્સ્પેક્શન કરીને જે ઠેકાણે ખાડા પડયા છે યોગ્ય પદ્ધતિએ પૂરવાની સૂચના પણ તેમણે આપી હતી.

# રવિવારે વાનખેડે સ્ટેડિયમમાં ટી-૨૦: પાર્કિંગનાં નિયંત્રણો જાહેર

મુંબઈઃ ચર્ચગેટના વાનખેડે સ્ટેડિયમમાં રવિવારે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની પાંચમી ટી-૨૦ મેચ રમાવાની હોવાથી એ દિવસે મુંબઈ ટ્રાફિક પોલીસ દ્વારા પાર્કિંગનાં નિયંત્રણો જાહેર કરવામાં આવ્યાં છે, જે બપોરે ૧૨.૦૦ વાગ્યાથી રાતે ૧૧.૫૫ સુધી અમલમાં રહેશે.

- ‘સી’ રોડ પર (ઉત્તર બાજુ) એન.એસ. રોડના જંકશનથી લઇ ‘ઇ’ રોડના જંકશન સુધી. (જ્યારે જરૂર પડે ત્યારે)
- ‘ડી’ રોડ પર એન.એસ. રોડથી લઇને ‘ઇ’ રોડના જંકશન સુધી.
- ‘ઇ’ રોડ પર ‘ડી’ રોડ અને ‘સી’ રોડના જંકશન સુધી.
- ‘એફ’ રોડ એન.એસ. રોડથી ‘ઇ’ ક્રોસ રોડના જંકશન સુધી.
- ‘જી’ રોડ પર એન.એસ. રોડથી ‘ઇ’ ક્રોસ રોડના જંકશન સુધી. (જ્યારે જરૂર પડે ત્યારે)
- ‘ઇ’ ક્રોસ રોડ પર ‘એફ’ રોડથી લઇને નજીથ રોડના જંકશન સુધી
- એન.એસ. રોડ પર દક્ષિણ અને ઉત્તર તરફ મફતલાલ બાથ સિગ્નલથી લઇને એર ઇન્ડિયા જંકશન સુધી
- વીર નરીમન રોડ પર દક્ષિણ અને ઉત્તર તરફ ચર્ચગેટ જંકશનથી લઇને સુંદરમહલ જંકશન સુધી. વાનખેડે સ્ટેડિયમ અને તેની આસપાસ પાર્કિંગની કોઇ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. આથી દર્શકોને લોકલ ટ્રેન સહિત જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનું જણાવાયું છે.

# કૅબ ડ્રાઈવરની હત્યાના કેસમાં યુવતીની ધરપકડ

થાણેઃ જોગેશ્વરીના ઍપ આધારિત કૅબના ડ્રાઈવરની કથિત હત્યા કરી મૃતદેહ ભિવંડી નજીક ફેંકવાના કેસમાં પોલીસે યુવતીની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ અકરમ ઈકબાલ કુરેશી (૨૨) ૧૭ જાન્યુઆરીએ કૅબ લઈને તેના જોગેશ્વરીના ઘરેથી નીકળ્યા પછી ગુમ થઈ ગયો હતો. કુરેશીની કોઈ ભાળ ન મળતાં અને તેનો મોબાઈલ ફોન સ્વિચ ઑફ઼ આવતાં કુરેશીના ભાઈએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ઓશિવરા પોલીસે કુરેશી ગુમ થયાની ફરિયાદ નોંધી તેની શોધ હાથ ધરી હતી. દરમિયાન બીજે દિવસે કુરેશીનો મૃતદેહ ભિવંડી તાલુકામાં તાનસા-વૈતરણા પાણીની પાઈપલાઈન નજીકથી મળી આવ્યો હતો. ભારે વસ્તુથી તેના પર હુમલો કરાયો હતો. વધુપડતું લોહી વહેવાને કારણે તેનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે ભિવંડી તાલુકા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ભિવંડી તાલુકા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર દાદાસો એડકેએ જણાવ્યું હતું કે હત્યા પ્રકરણે બુધવારે ૨૦ વર્ષની યુવતીની ધરપકડ કરવામાં આવી હતી. હત્યા લૂંટને ઇરાદે થઈ હતી કે જૂની અદાવતને પગલે તેની તપાસ કરવામાં આવી રહી છે. આ હત્યામાં યુવતીના કોઈ સાથીની સંડોવણી તો નથીને તેની પણ તપાસ કરાઈ રહી છે. (પીટીઆઈ)

# પ્રોપર્ટીના ભાવમાં મુંબઈમાં ૧૮ ટકા અને અમદાવાદમાં ૧૦ ટકા વધારો

મુંબઈઃ ‘મારે પણ એક ઘર હોય’ એ મુંબઈમાં વસતા દરેક નાગરિકનું સપનું હોય છે. જોકે, આ માયાનગરીમાં પોતાનું ઘર બનાવવું આસાન કામ નથી. ૨૦૨૪માં મુંબઇ મેટ્રોપોલિટન રિજનમાં ઘરના ભાવમાં ૧૮ ટકાનો વધારો થયો છે. સૌથી વધુ ૪૯ ટકાનો વધારો દિલ્હીમાં થયો હતો. સામાન્ય જનતા માટે દોહ્યલા બનેલા ઘરના આંકડા Proptiger.com ‘રિયલ ઇનસાઇટ રેસિડેન્શિયલ એન્યુઅલ રાઉન્ડ અપ ૨૦૨૪’ રિપોર્ટ પરથી આવ્યા છે.

Proptiger.comના અહેવાલ અનુસાર ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે દેશના આઠ પ્રમુખ શહેરમાં પ્રોપર્ટીના ભાવમાં ખાસ્સો વધારો થયો છે. સૌથી વધુ ૪૯ ટકાનો વધારો દિલ્હી એનસીઆરમાં પ્રોપર્ટીના ભાવમાં થયો હતો. ત્યારબાદ મુંબઇ, પુણે અને ચેન્નઇનો નંબર આવે છે. દિલ્હી એનસીઆર (ગુરુગ્રામ, નોએડા, ગ્રેટર નોઇડા, ગાઝિયાબાદ અને ફરીદાબાદ)માં ૪૯ ટકા, મુંબઇ મેટ્રોપોલિટન રિજન (મુંબઈ, નવી મુંબઈ અને થાણે)માં ૧૮ ટકા, પુણે અને ચેન્નાઇમાં ૧૬ ટકા, બેંગલુરુમાં ૧૨ ટકા વૃદ્ધિ જોવા મળી છે.

# મહાયુતિમાં યાદવાસ્થળીને લીધે વહીવટમાં અરાજકતાઃ નાના પટોલે

મુંબઈઃ સત્તાધારી મહાયુતિના ભાગીદારો વચ્ચે સત્તા માટે ’આંતરિક તકરાર’ ચાલી રહી છે અને સરકારના વહીવટમાં અરાજકતા રહી છે, એવો દાવો મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ નાના પટોલેએ કર્યો હતો.

તેમણે આરોપ લગાવ્યો હતો કે દેવેન્દ્ર ફડણવીસ મુખ્યપ્રધાન તરીકેની તેમની જવાબદારીઓને અસરકારક રીતે સંભાળવામાં નિષ્ફળ ગયા હોવાથી મહારાષ્ટ્ર અશાંતિની સ્થિતિમાં છે. જ્યારથી ભાજપની આગેવાની હેઠળનું મહાયુતિ ગઠબંધન સત્તામાં આવ્યું છે, ત્યારથી ત્રણ શાસક પક્ષો વચ્ચે સત્તા માટે આંતરિક ખેંચતાણ ચાલી રહી છે. સરકારની સ્થિતિ ચિંતાજનક છે.

તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. લાડકી બહેનોના પતિઓ જે ખેડૂત છે, રોજેરોજ આત્મહત્યા કરી રહ્યા છે. સરકારે સોયાબીનના ક્વિન્ટલ દીઠ ૬,૦૦૦ રૂપિયાનો ભાવ આપવાનું વચન આપ્યું હતું, પરંતુ ખેડૂતોને ૩,૦૦૦ રૂપિયા પણ મળતા નથી, એમ તેમણે કહ્યું.

## જૈન મરણ

**પાટણ દશા શ્રીમાળી જૈન**

પાટણ મારફતિયા મહેતાના પાડાના હાલ મુંબઇ હર્ષદભાઇ સંઘવી (ઉં. વ. ૮૮) તે સ્વ. કાંતાબેન મણીલાલ કરમચંદ સંઘવીના સુપુત્ર. સરલાબેનના પતિ. કેતન, દર્શનાના પિતા. ધનંજયભાઇ અને અ. સૌ. નિમિષાના સસરા. સ્વ. અનિલભાઇ, સ્વ. જગદીશભાઇ, મનોજભાઇ અને પ્રેરણાબેનના ભાઇ. ભાભાના પાડાના મણીલાલ લલ્લુચંદ શાહના જમાઇ તા. ૩૦-૧-૨૫ના ગુરુવારના સ્વર્ગવાસ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. હનુમાન શરણ બિલ્ડિંગ, ૧૦મે માળે , ફ્લેટ નં.૪૮, બોમનજી પેટિટ માર્ગ, પારસી જનરલ હોસ્પિટલની બાજુમાં, કેમ્પસ કોર્નર, મુંબઇ-૪૦૦૦૨૬.

**પાલનપુરી જૈન**

સુરેષભાઈ કોઠારી (ઉં.વ. ૯૨) તા. ૩૦-૧-૨૫, ગુરુવારના દિવસે સ્વર્ગવાસ થયેલ છે. નાનાલાલ ચંદુલાલ કોઠારીનાં સુપુત્ર. સ્નેહલતાના પતિ. પ્રતિક અને પરાગના પિતા. દેવાંગી અને વૈશાખીના સસરા. સિદ્ધિ-અંકિત, અદિતી-સિદ્ધાંત, સિમરન-મિતાન, અમનના દાદા. રિયા, દેવ, અયાન, ઈશાનના પરદાદા. સ્થળઃ ક્રિષ્ણા મહાલ, વાનખેડે સ્ટેડિયમની બાજુમાં, મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦૦૨૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા ઓસવાલ જૈન**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી સ્વ.ભગવાનદાસ સોમચંદ શાહના ધર્મપત્ની પુષ્પાવતી શાહ (ઉં. વ. ૯૩) તે જયેશ, જીતેશ, ઈલા તથા સ્વ.કનકના માતુશ્રી. સ્વ.રમેશભાઈ, કિરણભાઈ, હિમાનીબેન, કેતનાબેનના સાસુ. પિયરપક્ષે વેરાવળવાળા સ્વ.રતનજી ખીમજીભાઈ શાહના દીકરી ૨૮/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૨૦૪, વૈશાલી એપાર્ટમેન્ટ, ૫૧, ટીપીએસ રોડ, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ચોગઠ નિવાસી હાલ કાંદિવલી સ્વ.નિર્મળાબેન ચત્રભુજ શાહના પુત્ર વાડીલાલ શાહ (ઉં. વ. ૭૫) ૨૯/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. પરાગ-રાજુલ, રિન્કેશ-સારિકા તથા દર્શિકા યતીન શાહના પિતા. અરવિંદભાઈ, સરોજબેન જીતેન્દ્રકુમાર મહેતા, વર્ષાબેન જશવંતરાય દોશી,

## પારસી મરણ

ફલી દોરાબજી જોખી (પોલી) તે જરૂના ખાવીંદ. તે મરહુમો દોરાબજી તથા બાનુબઇ જોખીના દીકરા. તે મરહુમ પરસીના બાવાજી. તે એમી, રતી તથા મરહુમો જીમી, નોશીર ને જરૂ હંસોટીયાના ભાઇ. તે ઝરીર, નેવીલ ને ફેનીના મામા. તે યાસમીન, આવા ને મરહુમ ફરઝાનાના કાકા. (ઉં. વ. ૮૩) રે. ઠે. બી-૨૨, સંગીતા સી.એચ.એસ., ચીંચોલી બંદર, મલાડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૧-૧-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે ભાભા બંગલી નં.૨, ડુંગરવાડી, મુંબઇ.

કુમી અસ્પી દારૂવાલા તે મરહુમો આયમાય તથા સોરાબજી ભાઠેનાના દીકરી. તે બખ્તાવર, ફિરોઝ ડ્રાઇવર ને વીરા બોમી મિસ્ત્રીના મમ્મી. તે બોમી જાલ મિસ્ત્રી તથા મરહુમ ફિરોઝ ડ્રાઇવરના સાસુજી. તે મરહુમો દીનશાહ, નરીમાન ને અદી ભાઠેનાના બહેન. તે ડેલઝીન પાશીન સાંગાના ગ્રેન્ડ મધર. તે નીયાના પાશીન સાંગાના ગ્રેટ ગ્રેન્ડ મધર. (ઉં.વ. ૯૧) રે. ઠે. એચ/૧૬, નવરોઝ બાગ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨.

પ્રજ્ઞા દિનેશકુમાર દોશીના ભાઈ. સાસરાપક્ષે ઘેટીવાળા સ્વ.કમળાબેન દામજીભાઇ પોલાભાઈ મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રી.જૈન**

સરપદડ વાંકાનેર નિવાસી હાલ વાલ્કેશ્વર મુંબઈ કિશોરભાઈ (ઉં. વ. ૮૩) તે સ્વ. જયાબેન તથા સ્વ. ખુશાલચંદભાઈ મુળજીભાઈ પટેલના પુત્ર તા. ૨૯-૧-૨૫, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગીતાબેનના પતિ. નીપાબેન, તેજસભાઈના પિતા. સંદિપભાઈ મોદી અને મોનિકાના સસરા. સ્વ. નાગરદાસભાઈ લીલાધરભાઈ લાખાણીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મનફરાના શ્રી જગશી વેરશી દેઢિયા (ઉં. વ. ૭૨) તા. ૨૭-૧-૨૫ના અવસાન પામેલ છે. જવેરબેનના પતિ. સ્વ. દીવાળીબેન વેરશી સુરજી દેઢિયાના સુપુત્ર. હિતેન, અલ્પા, લજ્જુ, પાયલના પિતા. ભચાઉના સ્વ. ભમીબેન ખેતશી ગડાના જમાઈ. કિર્તી, ધીરેન, મંજુલા, નિર્મળાના ભાઈ. પ્રાર્થનાઃ તા. ૩૧-૧-૨૫, યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ), સમયઃ ૩ થી ૪.૩૦ ક.

બાડા (હાલ યુ.એસ.એ)ના અમૃતલાલ તેજશી શાહ/વિસરીયા (ઉં.વ. ૮૨) તા. ૧૪/૧/૨૦૨૫ના અમેરિકામાં અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન તેજશી કારૂના સુપુત્ર. મીનાબેન (મૃદુલા)ના પતિ. સચિનના પિતા. પ્રેમચંદ, મહેન્દ્ર, દેવપુરના ચંદનબેન મુલજી નિસરના ભાઈ. લીંબડીના સુશીલાબેન જયંતિલાલ સરૈયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ વામકા હાલે ભચાઉ ઘાટકોપરના સ્વ.અભય રવિલાલ દામજી ગડાના (ઉં. વ. ૫૦) મંગળવાર તા.૨૮.૦૧.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ભાનુબેન દામજી હંસરાજ ગડાના પૌત્ર. ગં.સ્વ. મંજુલાબેન રવિલાલના સુપુત્ર. નીતાના પતિ. મહેક, અમનના પિતા. સાક્ષીના સસરા. પ્રિતેષ, સ્વ. હર્ષિતના ભાઈ. સોનલ, ગં.સ્વ.પૂજાના જેઠ. ગં.સ્વ. પાનુબેન ગુણશી કરશન દેઢિયાના જમાઈ. પ્રાર્થના સભા શુક્રવાર તા. ૩૧.૦૧.૨૫, સમયઃ ૩.૩૦ થી ૫.૦૦, સ્થળ.લાયન્સ કમ્યુનીટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર-ઈસ્ટ, ઠે. ૯, કાનજી મિસ્ત્રી ચાલ, રામ ભુવન, રાજાવાડી, ઘાટકોપર-ઈસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના સ્વ. રંજનબેન અમૃતલાલ ગોપાલ ગાલા (ઉં. વ. ૫૭) રવિવાર, તા. ૨૬.૧.૨૫ના અવસાન પામેલ છે. સ્વ.મીઠીબેન ગોપાલ ભચુ પુત્રવધૂ. મનીષા, મોનીકા, ઉર્વીના માતુશ્રી. વિનોદ મણીલાલ ગડા, નિખીલ ગાંગજી છેડા, મોનીલ ફુરિયાના સાસુ. જયંતિલાલ, ગોપાલના ભાભી. લાકડીયાના ગં.સ્વ. દિવાળીબેન પ્રેમજી ગડાની દિકરી. પ્રાર્થના સભા શુક્રવાર તા. ૩૧.૦૧.૨૫ના સમય બપોરે ૨.૦૦ થી ૩.૩૦, પ્રા.સ્થળ.કરશન લધુ નિસર હોલ, દાદર-વેસ્ટ, ઠે. ૫૦૧, ગુરુ માઉલી બિલ્ડીંગ નં.૨૨, ગણેશ ચોક, ડી.એન.નગર, અંધેરી-વેસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ મનફરાના જગશી વેરશી દેઢિયા (ઉં. વ. ૭૨) સોમવાર તા. ૨૭.૧.૨૫ના અવસાન પામેલ છે. જવેરબેનના પતિ. સ્વ. દિવાળીબેન વેરશી સુરજીના પુત્ર. હિતેન, અલ્પા, લજ્જુ, પાયલના પિતા. હેમલ, સંજય, ચિરાગના સસરા, કિર્તી, ધીરેન, મંજુલા, નિર્મળાના ભાઈ. ભચાઉના સ્વ. ભચીબેન ખેતશીના જમાઈ. પ્રાર્થના સભા શુક્રવાર તા. ૩૧.૦૧.૨૫ના રોજ સમય ૩.૦૦ થી ૪.૩૦ સ્થળ. યોગી સભાગૃહ, દાદર-ટી.ટી. ઠે. એ/એ-૫૪, અલ્ટ્રા સોસાયટી, ૩જે માળે, દિલીપ ગુપ્તે માર્ગ, માહિમ મું.૪૦૦૦૧૬.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ.પરબત ડુંગરશી સત્રા (ઉં. વ. ૮૫) તા.૨૮.૧.૨૫ મંગળવારે અવસાન પામ્યા છે. તે. સ્વ. કેશરબેનના પતિ. ભરત, ગુણવંતી, જીતેન્દ્ર,ધીરજ, આશીતાના પિતા. ભાવના, શામજી, પ્રતિભા, છાયાના સસરા. ભાવિક, ભવ્ય, અનેરી, હિતેષી, જિનવ, દેવાંશના દાદા. કરમાબેન, પોપટભાઈ, વાલજીભાઈ,ભચીબેન, મણીબેન, વર્ષાબેનના ભાઈ. સ્વ. ધનીબેન ગેલાભાઈ રાઘવજી છેડાના જમાઈ. પ્રાર્થના સભા શુક્રવાર તા.૩૧.૧.૨૫ સમય ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ.યોગી સભાગૃહ, દાદર, ઠે.એ/૨૦૧,ઋષિ સંકેત, મહંત રોડ, વિલેપાર્લે- પૂર્વ, મુંબઈ.

**પાટણ વિશા પોરવાડ જૈન**

પાટણ નિવાસી મહાદેવાજીની શેરી, ખેતરવસી, હાલ મુંબઈ સ્વ. મહેન્દ્રભાઈ એમ. સંઘવીના પત્ની ડૉ. સરોજબેન એમ. સંઘવી ૨૬-૧-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે દક્ષેષ, મિતેષના માતુશ્રી. ભાવના, શિતલના સાસુ. ત્રિશા, ક્વીન, રથીન, માહીના દાદી. અનિરુદ્ધ, તેજસીના દાદીસાસુ. લૌકીક વ્યવહાર રાખેલ નથી.

**વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મુંબઈ નિવાસી હાલ ચેમ્બુર અ. સૌ. ભાવિકા તે શ્યામ કાંતિભાઈ દોશીના ધર્મપત્ની. તે પ્રાચી, ફોરમ અને નીલના મમ્મી. હીનાબેન અને અમીરભાઈના ભાભી. નાશિક નિવાસી ઈંદિરાબેન નિરંજનભાઈ બટાવિયાની પુત્રી. પરાગભાઈના બેન સોમવાર, ૨૭-૧-૨૫ના અક્ષરધામ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોટાલીલીયા નિવાસી હાલ કાંદિવલી સ્વ. જેચંદભાઈ ગીરધરભાઈ વોરાના પુત્ર જયદીપભાઈ (ઉં. વ. ૬૫) તેઓ બીનાબેનના પતિ. ધવલ અને ચાંદનીના પિતાશ્રી. હેલીના સસરા. જીતુભાઈ સ્વ. જયકાંતભાઈ, મહેશભાઈ, સ્વ. ગીરીશભાઈ, સ્વ. કમલેશભાઈના ભાઈ. સસુરપક્ષે સ્વ. રસિકલાલ મગનલાલ મિયાણીના જમાઈ ૩૦-૧-૨૫, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, ૧-૨-૨૫ના ૩ થી ૫. સ્થળઃ પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી (વે).

## હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

મૂળ પોરબંદર હાલ બોરીવલી લીલાવતીબહેન દયાળજીભાઇ લુખ્ખાના પુત્ર અરવિંદભાઈ (ઉં. વ. ૬૦) તા. ૨૯.૧.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે બીનાબહેનના પતિ. ડિમ્પલ અલકેશ જોશી, દિશા કુણાલ વિઠ્ઠલાણી, દીપના પિતા. જાહ્નવીના સસરા. કિશોરભાઈ, સ્વ. દિનેશભાઈ, સ્વ.હિતેશભાઇના ભાઈ. જયાબહેન જગજીવનદાસ ગણાત્રા તથા તુલસીદાસ સખીયાના જમાઈ, બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૧.૧.૨૦૨૫, શુક્રવારે ૪.૩૦ થી ૬. સ્વામીનારાયણ મંદિર હૉલ, યોગીનગર, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નર્મદાબેન જયંતીલાલ શાહના સુપુત્ર મહેશભાઇ (ઉં. વ. ૭૫) તે હંસાબેનના પતિ. સુનીલના પિતા. સ્નેહા સુનીલ શાહના સસરા. તે મધુસુદનભાઇ, સ્વ. બીપીનભાઇ, સ્વ. અરવિંદભાઇ, સ્વ. રસીલાબેન તથા વર્ષાબેનના ભાઇ. સાસરા પક્ષે નાથાલાલ મહેતાના જમાઇ. તા. ૨૯-૧-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૨-૨૫ના શનિવારે ૪થી ૫.૩૦. ઠે. લાયલેક હોલ, ઘાટકોપર જોલી જીમખાના (ફાતિમા સ્કૂલની સામે), વિદ્યાવિહાર (વેસ્ટ).

**લુહાર સુથાર**

ગામ પાલિતાણા હાલ કાંદિવલી સ્વ. અરવિંદભાઇ પરષોતમભાઇ પરમારના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૬૩) તે પરેશભાઇ, હિતેશભાઇ, દિપ્તીબેન કિરણકુમાર ચુડાસમા તથા દર્શનાબેન ભાવેશકુમાર રાઠોડના માતુશ્રી. રંજીતાબેન તથા ભાવનાબેનના સાસુ. સ્વ. મુળજીભાઇ જીવનભાઇ હરસોરાના દીકરી. પ્રતાપભાઇ, સ્વ. પ્રવીણભાઇ, ગં. સ્વ. કોકિલાબેન અરવિંદભાઇ પરમાર, ગં. સ્વ. મધુબેન જવાહરભાઇ ચુડાસમાના બહેન. મંગળવાર, તા. ૨૮-૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૧-૨-૨૫ના ૫થી ૭. ઠે. લુહાર-સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં.૩, બોરીવલી (ઇસ્ટ).

**વીસા ખડાયતા**

મૂળ નડિયાદ હાલ મુંબઇ ભગવાનદાસ મગનલાલ, રજનીકાંતભાઇ ભગવાનદાસ શાહ (ઉં. વ. ૯૩)તે ગં. સ્વ. સુલોચનાબેનના પતિ. મુકુંદ, અમીશી તથા વિમલ-મીનોતીના, ઉમા-વિનોદ તથા નીતા-વિજયના પિતા. તા. ૨૯-૧-૨૫ના અવસાન થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાતી દશા પોરવાડ વણિક**

બોરસદ નિવાસી હાલ મુંબઈ સ્વ.સૂર્યકાન્ત ચીમનલાલ ચોક્સી (ઉં. વ. ૯૪) તે ૨૭/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.વીરબાળાબેનના પતિ. કિશોર, ભરત, લતા, ઉમા, મીનાના પિતા. નૂતન-મીના, કમલેશ, સ્વ.અંબરીશ, અક્ષયના સસરા. પ્રાર્થનાસભા ૧/૨/૨૫ના ૫ થી ૭. કેવલબાગ ટ્રસ્ટ હોલ, કિલાચંદ રોડ, કાંદિવલી વેસ્ટ.

**લુહાર સુથાર**

ગામ ધ્રાફા નિવાસી હાલ બોરીવલી સ્વ.હેમંતભાઈ વસંતભાઈ વીરજીભાઈ ગોહિલના ધર્મપત્ની ગં.સ્વ.જ્યોતિબેન ગોહિલ (ઉં. વ. ૬૩) ૨૨/૧/૨૫ના ભુવનેશ્વર મુકામે શ્રીજીશરણ પામેલ છે. તે દીપ્તિ ભાવેશ જોષી તથા અંકિતા જય ચિત્રોડાના માતુશ્રી. પલસાણા નિવાસી સ્વ.સુમિત્રાબેન ઈશ્વરલાલ મિસ્ત્રીના દીકરી. નયનાના બહેન, ગીરીશભાઈ, મંજુલા જયંતીલાલ કારેલીયા, ભારતી જશવંત રાઠોડ, ભગવતી પ્રફુલભાઇ મકવાણા, મધુ રાજેશભાઈ મકવાણા, પન્નાબેન વસંતભાઈ ગોહિલના ભાભી. પ્રાર્થનાસભા ૧/૨/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

વૈદ્યનાથધામ નિવાસી મુળ પડધરી હાલ મુંબઈ સ્વ.શોભાબેન મોહનલાલ રણછોડદાસ પડિયાના પુત્ર સ્વ.ભુપેન્દ્રભાઈ (ઉં. વ. ૭૫) તા.૨૭-૦૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રસીલાબેનના પતિ. હરિદર્શન અને ખ્યાતિ રાહુલ વર્માના પિતાશ્રી. સ્વ.વિજયભાઈ, સ્વ.જયચંદ્રભાઈ, સ્વ.રામચંદ્રભાઈ, સ્વ.સુભદ્રાબેન નારાયણદાસ, સ્વ લક્ષ્મીબેન કાંતિલાલ, સ્વ.સરસ્વતીબેન નાનાલાલ, સ્વ ઉષાબેન કુંજબિહરીના નાનાભાઈ. સ્વ.રામકુંવરબેન વિઠ્ઠલજી કુંવરજી જોગીના જમાઈ. પ્રાર્થના સભા તા.૩૧/૧/૨૫ના ૪ થી ૬. પાવનધામ હોલ, મહાવીર નગર, બીસીસીઆઈ ગ્રાઉન્ડની સામે, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ ગોરેગામ નિવાસી ડૉ. મહેન્દ્ર મોતીચંદ શેઠ (ઉં. વ. ૮૭) તે દિનાબેનના પતિ. સ્વ.ત્રંબકલાલ શેઠ ત્થા સ્વ. ત્રિવેણીબેનના સુપુત્ર, ભાવનગરવાળા સ્વ.પ્રભુદાસ હરગોવિંદદાસ વળિયા તથા સ્વ. ગુલાબબેનના જમાઈ. સ્વ. ફાલ્ગુનીબેન તથા ગૌરાંગના પિતા. અ.સૌ.રિમાબેનના સસરા, તા. ૨૭-૦૧-૨૫, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૧-૦૧-૨૫ શુક્રવારના ૫ થી ૭. સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, સીટી સેન્ટર મોલની સામે, જવાહરનગર, એસ.વી.રોડ, ગોરેગામ વેસ્ટ.

**કચ્છી ભાટીયા**

જયંતના ધર્મપત્ની અ. સૌ. મીના (ઉં. વ. ૬૩) તે સ્વ. શાન્તાબેન સુંદરદાસના પુત્રવધૂ. સ્વ. અમીતા અશ્વિન, અ. સૌ. શીતલ શૈલેષનાં દેરાણી. ફોરમ હરેશકુમાર દોશી (વાલરવાળા) તથા નિરાલીનાં મમ્મી. રૂષભ, અક્ષતનાં નાની ૨૮-૧-૨૫ના ડોંબીવલી મુકામે શ્રીજીચરણ પામ્યાં છે. (પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી).

**દશા મોઢ માંડિલ્ય વણિક**

જસદણ નિવાસી હાલ અમેરિકા પ્રવિણચંદ્ર પટેલ (ઉં. વ. ૭૯) તે સ્વ. લીલાવંતીબેન જયંતિલાલના પુત્ર રવિવાર, ૨૬-૦૧-૨૫ના ઓરલેન્ડો- ફ્લોરિડા, અમેરિકાના નિવાસસ્થાને સદગતિ પામ્યા છે. તે સ્વ. હર્ષાબેનના પતિ. સ્વ. પ્રતિભાબેનના ભાઈ, હાર્દિક/ તારિકાના પિતાશ્રી. નિરાલી શેઠ, ભાવિન શેઠના સસરા. સ્વ. હીરાલક્ષ્મીબેન કાંતિલાલના જમાઈ. રિયા શેઠના નાના. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ નાલાસોપારા ધીરજલાલ ખીમજી સંઘવીના ધર્મપત્ની કલાવતીબેન (ઉં. વ. ૭૮) ગુરૂવાર, ૩૦-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે શૈલેશ અને અ. સૌ. ધર્મિષ્ઠાના માતુશ્રી. અ. સૌ. ચેતના અને ભરતકુમાર દોશીના સાસુ. શ્રેયના દાદી. અભિષેકના નાની. તે ચાવંડવાળા વ્રજલાલ મગનલાલ કાણકિયાના પુત્રીની પ્રાર્થનાસભા લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, બીજે માળે, કાંદિવલી (વે.) ૫ થી ૭ તા. ૧-૨-૨૫ શનિવારે રાખેલ છે.

# મેટિની

# વિલનનો વાટકી વહેવાર

## ઉત્તરાયણ કરી સાઉથના ખલનાયક હિન્દી ફિલ્મોમાં પ્રભાવ પાડવાની કોશિશમાં છે તો હિન્દી ચિત્રપટના ખલનાયક દક્ષિણાયન કરી રહ્યા છે



સંજય દત્ત અને વિજય સેતુપતિ

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**

સાઉથની ફિલ્મોની રિ-મેક હિન્દીમાં બનવાનો સિલસિલો ૭૦ વર્ષ જૂનો માનવામાં આવે છે. ફિલ્મઉદ્યોગના અભ્યાસુઓના કહેવા પ્રમાણે ૧૯૫૫માં તમિલ અને તેલુગુ એમ બે ભાષામાં બનેલી Missamma / Missiamma ફિલ્મ પરથી હિન્દીમાં 'મિસ મેરી' નામથી રિ-મેક બની હતી. આ ફિલ્મમાં મીના કુમારી, કિશોર કુમાર અને જેમિની ગણેશન (એક્ટ્રેસ રેખાના પિતાશ્રી) હતા. સાઉથની બંને ભાષાના તેમ જ હિન્દી ફિલ્મના ડિરેક્ટર એલ. વી. પ્રસાદ હતા. એ પહેલાં એસ. એસ. વાસનની તમિળ ફિલ્મ 'ચંદ્રલેખા' (૧૯૪૮) હિન્દીમાં ડબ કરવામાં આવેલી પ્રથમ સાઉથની ફિલ્મ માનવામાં આવે છે. ત્યાર બાદ અનેક સાઉથની ફિલ્મોની હિન્દી રિ-મેક બની છે અને ઘણી હિન્દી ફિલ્મોની રિ-મેક સાઉથમાં પણ બની છે.

આ વાટકી વહેવાર અનેક વર્ષોથી ચાલતો આવ્યો છે. સાઉથની ઘણી અભિનેત્રીઓ હિન્દી ફિલ્મોમાં ઠસ્સો ઉમટાવવામાં સફળ રહી તો છેલ્લાં ૨૫ વર્ષમાં સાઉથની ફિલ્મોમાં ગજું કાઢી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કાઠું કાઢનારી તાપસી પન્નુ જેવી અભિનેત્રીઓની યાદી પણ ખાસ્સી લાંબી છે.

આ વિશિષ્ટ વાટકી વહેવારમાં હવે એક નવો ફણગો ફૂટ્યો છે.. હિન્દી ફિલ્મોમાં વિલનના કિરદાર નિભાવતા એક્ટરો સાઉથની ફિલ્મોમાં ડિમાન્ડમાં આવ્યા છે અને એ જ રીતે સાઉથની ફિલ્મોના ખલનાયક હિન્દી ભાષાનાં ચિત્રપટોમાં પજવણી કરી રહ્યા છે.

આ લેટેસ્ટ 'લીધા-દીધા'માં ઊડીને આંખે વળગે એવા બે વિલન છે સંજય દત્ત અને વિજય સેતુપતિ. 'કેજીએફ ચેપ્ટર-૨' (૨૦૨૨)થી સંજય દત્તે સાઉથની ફિલ્મોમાં પગરણ કર્યાં તો ૨૦૨૩માં 'મુંબઈકર'થી વિજય સેતુપતિની હિન્દી ફિલ્મમાં એન્ટ્રી થઈ. અલબત્ત, સાઉથના વિલનનો ચહેરો અને નામ જાણીતાં બન્યાં શાહરૂખ ખાનની 'જવાન' ફિલ્મના ખલનાયકના પાત્રથી. સંજય દત્ત તો સાઉથની પહેલી જ ફિલ્મમાં અધીરાના નેગેટિવ કેરેક્ટરથી સાઉથના દર્શકોમાં જાણીતો બની ગયો હતો. અત્યાર સુધીનો ટૂંકો પણ રસપ્રદ પ્રવાસ બંનેની આવતી કાલ ઉજ્જ્વળ હશે એવાં એંધાણ આપનારો જરૂર છે.

પહેલાં વાત કરીએ આપણા સંજુબાબાની - સંજય દત્તની. ૧૯૮૧માં 'રોકી' ફિલ્મથી નાયક બનેલા સંજય દત્તનું વ્યક્તિત્વ સુંવાળા, દેખાવડા હીરોનું નહોતું. કરિયરના પ્રારંભથી જ સંજુબાબાની પડદા બહારની ઈમેજ ટિપિકલ હીરોથી વિપરીત હતી. એક તબક્કે સંજય દત્ત માટે કપરાં ચડાણ હતાં ત્યારે 'અગ્નિપથ' (૨૦૧૨)માં કેફી દ્રવ્યોના સમ્રાટ કાંચા ચીનાના રોલથી સંજય દત્તને ધોળા આકાશમાં નવું કાળું કિરણ મળ્યું. રિયલ લાઈફમાં 'ખરાબ છોકરો'ના લાગેલા લેબલનું રીલ લાઈફમાં પ્રભાવી વિલનમાં રૂપાંતર થયું. ૨૦૧૯માં 'પાનીપત' અને 'પ્રસ્થાનમ' બૉક્સ ઑફિસ પર નિષ્ફળ નીવડી, પણ સંજય દત્ત માટે એન્ટી હીરોની કેડી તૈયાર થઈ ગઈ. ૨૦૨૨ની કન્નડ ફિલ્મ 'કેજીએફ ચેપ્ટર-૨'માં ગેંગસ્ટર અધીરાના પાત્રમાં દર્શકોને ગમી ગયો. સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અભ્યાસુની દલીલ છે કે 'સાઉથની દરેક ભાષાની ફિલ્મમાં એકના એક કલાકારને વિલનના રોલમાં જોઈ દર્શકો કંટાળી જાય છે. વળી આજકાલ પેન - ઈન્ડિયન સિનેમા (એક ભાષામાં બનેલી ફિલ્મ વિવિધ ભાષામાં ડબ કરી રિલીઝ કરવામાં આવે)નો દોર ચાલી રહ્યો હોવાથી અન્ય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારોની વરણી કરવામાં આવે છે. પરિણામે જો બોલિવૂડનો કોઈ જાણીતો ચહેરો હોય તો હિન્દી વર્ઝનમાં ફિલ્મ પ્રમોશનમાં મદદ મળે છે.' કન્નડ ફિલ્મ પછી તમિળ ફિલ્મ 'લિયો' અને ગયા વર્ષે આવેલી 'ડબલ આઈસ્માર્ટ' ફિલ્મથી વિલન તરીકે સંજય દત્તનો ટાંટિયો સાઉથની ફિલ્મોમાં મજબૂત થઈ ગયો. સંજયનું શારીરિક સૌષ્ઠવ અને વ્યક્તિત્વ સાઉથના સ્ટાર સામે ટક્કર મારે એવું હતું. એની ઉંમર, એનો વિશાળ અનુભવ અને પડદા પર લાગતા એના પ્રભાવી વ્યક્તિત્વને કારણે સાઉથના ડિરેકટરો એના માટે ખાસ રોલ તૈયાર કરી રહ્યા છે અને સંજય આમાં સાંગોપાંગ ઊતરી રહ્યો છે. એની આગામી કન્નડ ફિલ્મ 'કેડી - ડેવિલ' એનું સ્થાન વધુ મજબૂત બનાવશે એવી આશા અસ્થાને નથી.


બીજી તરફ, સાઉથની હિન્દીમાં ડબ્ડ થયેલી ફિલ્મોના શોખીન વર્ગ માટે વિજય સેતુપતિ અજાણ્યું નામ કે અજાણ્યો કલાકાર નથી. 'ફાઈટવાલા', 'ઐસી દીવાનગી', 'રમી ધ ગ્રેટ ગેમ્બલર' વગેરે સાઉથની ડબ થયેલી એની ફિલ્મોનાં હિન્દી નામ છે. સાઉથની ફિલ્મોમાં છેલ્લાં બારેક વર્ષથી નિયમિત હીરોના રોલ કરી લોકપ્રિયતા મેળવનાર વિજય સેતુપતિની હિન્દી ફિલ્મમાં એન્ટ્રી સિનેમેટોગ્રાફર-ડિરેક્ટર સંતોષ સિવનની 'મુંબઈકર' (૨૦૨૩)થી થઈ. અલબત્ત, આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ કરવામાં આવી અને દર્શકો તેમ જ વિવેચકોએ મોઢું મચકોડ્યું હતું. જોકે, એ જ વર્ષે શાહરૂખની 'જવાન'ના વિલન કાલી ગાયકવાડ તરીકે હિન્દી ફિલ્મરસિકોના પણ ધ્યાનમાં આવ્યો. અનેક લોકોને એનો અભિનય પસંદ પડ્યો અને સંજય દત્તનું દક્ષિણાયન થયું એમ વિજય સેતુપતિના ઉત્તરાયણનો પ્રારંભ થયો. ગયા વર્ષે શ્રીરામ રાઘવનની 'મેરી ક્રિસમસ'માં હત્યારા આલબર્ટ આરોગ્ય સ્વામી તરીકે જોવા મળ્યો. બૉક્સ ઑફિસ પર ફિલ્મ કંઈ ન ઉકાળી શકી, પણ વિજયનું સ્થાન વધુ મજબૂત થયું. ગયા વર્ષે એક્ટરની તમિળ ફિલ્મ 'મહારાજા' ઓટીટી પર રિલીઝ થઈ ત્યારે અને એ જ રીતે શાહિદ કપૂરની ફિલ્મ 'ફરજી'માં એનો પોલીસ ઈન્સ્પેકટરનો રોલ પણ હિન્દી ફિલ્મના શોખીનોને ખૂબ પસંદ પડ્યો હતો.

ટૂંકમાં સાઉથની ફિલ્મોના દર્શકોને વિલન તરીકે સંજય દત્ત મળ્યો છે, ગમ્યો છે, તો હિન્દી ફિલ્મના ચાહકોને વિજય સેતુપતિનો લાભ-આવકાર મળી રહ્યા છે. ■

**સ્ટાર-ચાર-કલાકાર**
**સંજય છેલ**

# રોતે રોતે હસો ઔર 'હિટ' હો જાવ..!

બોલિવૂડમાં લેખક-નિર્દેશક બનતાં પહેલાં હું ૧૯૯૦ના દાયકામાં આસિસ્ટંટ ડિરેક્ટર હતો ત્યારે એક વાર નિર્માતા-નિર્દેશક સાથે 'ભીગી પલકેં' જેવી હિટ ફિલ્મના બંગાળી લેખક શિશિર મિશ્રની સ્ક્રિપ્ટ સાંભળવા ગયેલો. ત્યારે મિશ્રાજી કરુણ વાર્તા સંભળાવતાં સંભળાવતાં એટલા ઇમોશનલ થઈ ગયેલા કે ઇન્ટરવલ પોઈંટ પર હીરો-હીરોઇન વચ્ચે છૂટા પડવાની વાત કરીને, પોતે પોક મૂકી રડી પડ્યા અને ચશ્માં ઉતારીને ટેબલ પર પછાડ્યા, જે ભાંગીને ભુક્કો થઈ ગયા! મારાં પણ રૂંવાડાં ઊભાં થઈ ગયેલાં... પણ એટલામાં જ મિશ્રાજીએ ખિસ્સામાંથી બીજા ચશ્માં કાઢીને પહેર્યાં ને આગળ સ્ક્રિપ્ટ સંભળાવી, જાણે કંઇ બન્યું જ ના હોયને! ત્યારે સમજાયું કે એમનું રુદન તો પટકથા વેચવાનું માત્ર નાટક હતું. ગયા અઠવાડિયે આપણે 'ફિલ્મી સ્મિતહાસ્ય' પર વાત કરેલી આજે રુદનનો વારો.



દિલીપ કુમાર

અમેરિકાના બ્રોડ-વે રંગમંચ પર અંગ્રેજી નાટકના છેલ્લા દૃશ્યમાં, અભિનેતા દિલ ફાડીને એટલું રડ્યો કે આખું ઓડિયન્સ રડી પડ્યું ને તાળીઓથી એને વધાવી લીધો. શો પછી નિર્માતાએ શાબાશી આપીને કહ્યું : 'દરેક શોમાં આવો જ રડવાનો અભિનય કરજે તો નાટક હિટ!''

એક્ટરે ભડકીને કહ્યું: 'અરે, એ અભિનય નહોતો એ તો સ્ટેજ પર મારા પગમાં ખીલી ઘૂસી ગયેલી એટલે અસહ્ય દર્દથી પીડાઈને રડતો હતો.'

નિર્માતાએ ઠંડકથી કહ્યું, 'વાંધો નહીં. આપણે દરેક શોમાં સ્ટેજ પર ૮-૧૦ ખીલીઓ મૂકી દઈશું!'




નૂતન

૧૯૬૦-૭૦ના દાયકામાં સંજીવકુમાર, રાજેશ ખન્ના કે અમજદ ખાન જેવા ત્યારના ઊગતા કલાકારો મુંબઈની આંતરકૉલેજ નાટ્યસ્પર્ધામાં ભાગ લેતા. એ એકાંકી નાટકોમાં થાકેલો-હારેલો-બેકાર હીરો બહારથી પ્રવેશે, બૂઢી મા એના હાલ પૂછે, હીરો માટલામાંથી ગ્લાસ વડે પાણી કાઢીને પીવે ને પછી કરુણ નાટક ભજવાય. ધૂંધવાયેલા બેકાર યુવાન અને વિધવા માતા વચ્ચે ખૂબ રોતલ દૃશ્યો ભજવાય અને આવાં નાટકો દર વરસે અચૂક ઇનામ પણ જીતી જાય. આવાં નાટકોની ફોર્મ્યુલા માટે લોકોએ નામ પાડેલું: 'મા-માટલાં ને ખાટલા'



રાજેશ ખન્ના

માતા, ગરીબી કે સંઘર્ષ એ બધાં કમાલનાં ઇમોશનલ તત્ત્વો છે. તમે તમારી માની વાત કરો અને સામેવાળો પોતાની માને યાદ કરીને રડી પડે. રડતો માણસ આપણને આપણા જેવો લાગે છે, કારણકે દરેક માણસ ક્યારેક તો રડે જ છે. વળી આ દેશમાં નેતાઓ તો શું પણ દેવતાઓ પણ માતાના પ્રેમ સામે રડી પડેલાં તો એક અભિનેતા શું ચીજ છે?



સંજીવ કુમાર

જોકે બધાને રુદન વેચતાં નથી આવડતું. જ્યારે દેવ આનંદ ફિલ્મોમાં રડતા ત્યારે પ્રેક્ષકો હસવા માંડતા અને પ્રોડ્યુસરે રડવું પડતું, પણ દિલીપકુમાર જો પડદા પર રડે તો નિર્માતા હસતા મોઢે બૉક્સ ઑફિસ પર લાખો કમાઈને બૅન્ક તરફ હડી કાઢતા. ક્યારેક થાય કે રાજેન્દ્રકુમાર, આલોકનાથ, એ. કે. હંગલ જેવા કલાકારો નકલી આંસુ લાવવા ગ્લીસરીન નામનું કેમિકલ ઘરેથી લઈને જ શૂટિંગમાં જતા હશે. મીનાકુમારી, જયા ભાદુરી, રાખી, નિરુપા રોય, ઊર્મિલા ભટ્ટ અને નૂતન જેવી અભિનેત્રીઓ પડદા પર જેટલું રડી છે એટલો તો ચેરાપૂંજીમાં વરસાદ પણ નહી આવતો હોય! જોકે અગાઉ સૌથી સહજ અને સફળ કરુણ દૃશ્યો દિલીપ કુમાર, સંજીવ કુમાર, બલરાજ સહાની કે રાજ કપૂર, રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન, ઉત્તમ કુમાર, કમલ હાસન બહુ સરસ રીતે કરી શકતા અને લોકોનાં દિલ જીતી લેતા.



આલિયા ભટ્ટ

ઘણી વાર રડવા પાછળ કોમેડી પણ છુપાયેલી હોય છે. અમારી મિત્ર અભિનેત્રી તબ્બુને જ્યારે 'બાગબાન' ફિલ્મની સ્ક્રિપ્ટ નિર્દેશક રવિ ચોપડાએ સંભળાવી ત્યારે એ વાર્તા સાંભળીને એ ખૂબ રડી. નિર્દેશકને થયું કે કરુણ વાર્તા સાંભળીને એ રડી રહી છે, પણ તબ્બુએ કહ્યું, 'મને રડવું એટલે આવે છે કે તમે મને બાપની ઉંમરના બચ્ચનની પત્નીનો રોલ ઑફર કર્યો! હું શું એટલી ઘરડી લાગું છું તમને?'

ટૂંકમાં કોણ, કોના માટે ક્યારે અને શા માટે રડે એનું કાંઈ કહેવાય નહીં, પછી એ નેતા હોય કે અભિનેતા. ૧૯૬૨માં ચીન યુદ્ધ પછી લતા મંગેશકરે મુંબઈની એક જાહેર સભામાં હજારોની હાજરીમાં 'અય મેરે વતન કે લોગો જરા આંખ મેં ભર લો પાની' જેવું કવિ પ્રદીપજીનું હૃદયસ્પર્શી ગીત સ્ટેજ પર ગાયેલું ત્યારે વડા પ્રધાન નેહરુજીને રડવું આવી ગયેલું. એક જમાનામાં મુંબઈમાં કરુણ ગુજરાતી નાટકોની જાહેરાતોમાં ખાસ લખવામાં આવતું: 'પ્રેક્ષકોએ રૂમાલ સાથે લઈને આવવું!' ત્યારે લોકો પૈસા આપીને પણ રડવા જતા. ખરેખર, કવિતા-વાર્તા-નાટક-ફિલ્મોમાં રુદનથી મોટું શસ્ત્ર કોઈ નથી. એ તમને રાતોરાત સફળતા અપાવી શકે છે. મા પરનાં કરુણ કાવ્યો, વાર્તાઓ, નવલકથાઓથી લાઈબ્રેરીઓ ફાટફાટ થાય છે! ભાઈ-ભાઈ કે બહેન-બહેનનાં મિલન-જુદાઈવાળાં 'ભરત-મિલાપ' ટાઈપનાં દૃશ્યોવાળી સત્યકથાઓ તો ગોડાઉન ભરાઈ જાય એટલી બધી છે. પતિ-પત્ની કે પ્રેમિકાઓના વિરહમાં રડીરડીને કવિ-લેખકોએ એટલા કાગળ કાળા કર્યા છે કે અમને થાય છે કે જગતનાં બધાં જંગલો એ કાગળ બનાવવામાં જ અડધાં થઈ ગયાં હશે.



રૂપાલી ગાંગુલી

મૃત્યુ પણ પાછી એવી જ ઘટના છે જે તરત સૌને રડાવી મૂકે છે. રાજેશ ખન્નાનો આગ્રહ હતો કે ફિલ્મના અંતમાં એમના પાત્રનું મૃત્યુ થાય તો જ ફિલ્મ હિટ થાય (જેમ કે સફર, આનંદ, નમક હરામ, આપ કી કસમ વગેરે) પછી અમિતાભની 'દીવાર' કે 'મુકદ્દર કા સિકંદર' જેવી ફિલ્મોમાં પણ એવું થવા માંડ્યું. આજના અભિનેતામાં સૌથી સશક્ત ઇમોશનલ ચહેરો આમિર ખાનનો છે. અગાઉ ફારુખ શેખ, નસીરુદ્દીન શાહ કે અનિલ કપૂર સરસ રડાવી જાણતા. વળી આજની સિનિયર હીરોઇનોમાં તબ્બૂ, કાજોલ કે રાની મુખર્જી સરસ રડાવી શકે છે અને હવેની પેઢીમાં આલિયા ભટ્ટ રડવા-રડાવવામાં માહિર છે, જેના રુદન ફોટાઓનાં તો સોશિયલ મીડિયામાં અનેક 'મીમ્સ' આજકાલ ફરે છે.

હવે જ્યારે 'સાસબહુવાળી' ટી.વી. સિરિયલોનો યુગ ચાલે છે ત્યારે જે વહુ કે નાયિકા વધુ રડાવી શકે એની સિરિયલ નક્કી હિટ.. કારણ કે મોટે ભાગે એવી સિરિયલો ઇમોશનલ મહિલાઓ જ વધુ જોતી હોય છે. અગાઉ સ્મૃતિ ઇરાની, સાક્ષી તન્વર જેવી અભિનેત્રી બખૂબી રડાવી શકતી. આજે દરેક એપિસોડમાં 'અનુપમા' સિરિયલની અભિનેત્રી રૂપાલી ગાંગુલીના માથે પ્રજાને રડાવવાની જવાબદારી છે અને હા, રૂપાલી ગાંગુલીના નિર્માતા નિર્દેશક પિતા સ્વ. અનિલ ગાંગુલી પણ 'તપસ્યા' (રાખી) કે 'કોરા કાગઝ' (જયા ભાદુરી) જેવી ઇમોશનલ ફિલ્મો દ્વારા પ્રેક્ષકોને ખૂબ રડાવી ચૂક્યા છે કદાચ આ ફેમિલીમાં જ રડાવવાની કળા વારસામાં ઊતરી આવતી હશે. ■

# મૂળ વગરનાં વૃક્ષ ને વિશ્વાસ વગરના વ્યવહાર...

**સાત્વિકમ્ શિવમ્**
**અરવિંદ વેકરિયા**

'શક' નાટકની નિષ્ફળતાએ 'વાત મધરાત પછીની'ની સફળતાનું સુખ હરી લીધું હતું, 'શક'નાં દુઃખ પછી લાગ્યું કે 'હરણફાળ' સુખનો સૂરજ પુરવાર થશે. કુદરતનો નિયમ છે કે સુખ પછી દુઃખ તો દુઃખ પછી સુખ - ચક્ર ચાલતું જ રહે છે. સુખ અને દુઃખ આપણા પરિવારના સદસ્ય નહી, પણ મહેમાન છે. જીવન હોય કે નાટક, સ્થિતપ્રજ્ઞ રહીને સંજોગો સ્વીકારવાના જ હોય!

નાટક 'હરણફાળ'નો ટેન્શનભર્યો શો પૂરો થયો... પ્રેક્ષકોનો 'હાઉસ ફૂલ' શોનો પ્રતિસાદ પણ જબરજસ્ત હતો. હવે સાંજના તેજપાલના શોને પણ આવો જ આવકાર મળે એવી આશા અસ્થાને નહોતી. આમ પણ અમારી દુનિયામાં તેજપાલનો પરફોર્મન્સ સારા-નરસા નીવડવાની પારાશીશી આજે પણ માનવામાં આવે છે.

પાટકરના શો પછી તો જે સંસ્થાઓ નાટક જોવા હાજર હતી એ બધાએ લગભગ પોતાની તારીખો પાકી કરી લીધી. હજી તેજપાલ બાકી હતું, ત્યાં પણ ઘણી સંસ્થા જોવા આવવાની હતી. ત્યાં જ ખબર આવ્યા કે પેંડા લેતા આવજો, તેજપાલ પણ હાઉસ ફૂલ થઈ ગયું છે. આમ તો દરેક ચીજ ઠોકર લાગવાથી તૂટી જાય છે, સફળતા જ એક એવી ચીજ છે જે ઠોકર ખાવાથી મળતી હોય છે... 'શક'ની ઠોકરે, 'હરણફાળ'ની સફળતા લગભગ તો બતાવી જ દીધી.



'હરણફાળ'ના શોમાં સાથી કલાકાર કલ્પન દિવાન સાથે શેખર કપૂર અને રિટા ભાદુરી

નાટકની સફળતામાં બધાનો સહકાર હતો, પણ તારકનાથ ગાંધી તો ફિલ્મી ઇસમ, એ બધો યશ પોતાની જા.ખ.ને આપી 'મોટાભા' બનવાની કોશિશ કરતા રહ્યા. માત્ર વાતો નહોતી, એમની કલમ મોટી-મોટી હસ્તીઓને થિયેટરમાં લાવવામાં મોટો ભાગ ભજવતી હતી. ભૂતકાળ થોડો ખોતરું તો, 'જીવનસાથી' નાટક ચાલતું હતું, પણ એને 'દોડતું' ગાંધીએ જ કરેલું. એ નાટકના ૫૧મા શોના દિવસે તેજપાલના શોમાં એ દિલીપ કુમારને લઈ આવેલા અને પૂરી ૪૫ મિનિટ સુધી એમણે ઉર્દૂમાં તખ્તા અને રીલની વાતનો સમન્વય સાધેલો. ઉર્દૂ આટલી મીઠી ભાષા હોય છે એની મને ત્યારે ખબર પડેલી. સમજાણી ઓછી પણ મીઠાશ રગેરગમાં ફેલાયેલી. ૭૫મા 'જીવનસાથી'ના શોમાં ભાઈદાસમાં નરગિસજી આવવાનાં છે એવું કહેલું. ગાંધીની ધાક જુઓ, નરગિસજી એમના અસાધ્ય રોગના ઈલાજ માટે લંડન ગયેલાં ત્યારે સુનીલ દત્ત આવેલા અને મને જ પૂછેલું કે, 'ગાંધી કો જરા પૂછો. નરગિસજી નહી આ શકી. મૈ આયા હું, ચલેગા?'

તેજપાલનો શો પણ 'ચાબુક' ગયો ત્યાં પણ સંસ્થા દ્વારા સારો રિસ્પોન્સ મળ્યો. મેં અજિતને કહ્યું : 'જો તારા નામથી કેટલો ફરક પડે છે.' એણે મારા ખભા પર ધબ્બો મારતાં કહ્યું: 'એ બધી જુલેલાલની કૃપા અને તારો મારા પરનો વિશ્વાસ, બાકી મૂળ વગરનાં વૃક્ષ અને વિશ્વાસ વગરના વ્યવહાર વધુ સમય ન ટકે.'

તેજપાલના શો પછી ગાંધીનો મેં જા.ખ. માટે આભાર પણ માન્યો. એમણે આગળના શોમાં ફિલ્મી સેલિબ્રિટી લાવવાની વાત પણ કરી. મને કહે: 'મારો આભાર તો 'કવર'માં આવી જાય છે. આ કલિયુગ છે, અહીં હેતની પાછળ કંઈક હેતુ છુપાયેલો હોય છે! આપણી વાત અરસ-પરસ કહેવાય. જરૂર પડશે તો હું કવર વધારવાની વાત કરતાં પણ શરમ નહી રાખું.' પછી ખડખડાટ હસ્યા.

બસ! આ રીતે શો ચાલતા રહ્યા. કામયાબી પ્રત્યેક શોમાં દેખાતી રહી. જોકે, બે શો બહુ મને ભારે પડ્યા. મારો મિત્ર એક સોલાપુર રહેતો હતો. એણે માત્ર એક શો માટે સોલાપુર આવવા કહ્યું. મેં ગમે તેમ કરી અજિતને મનાવી લીધો. રાત્રે નીકળી, સવારે પહોંચ્યા. રાત્રે શો પતાવી મોડી રાત્રે ટ્રેનમાં નીકળી ગયા. થાકીને ઠૂસ થઈ ગયા. પ્રોફિટ તો નિર્માતાને કંઈ થયો નહી, પણ હેરાનગતિ બહુ થઈ, અજિત પણ બીજે દિવસે શૂટિંગમાં ખૂબ મોડો પહોંચ્યો.

બીજો એક શો મનહરભાઈ-ઉષાભાભી માટે સુરતમાં કરવો પડ્યો. એમણે નક્કી કરેલ શો કોઈ નિર્માતાએ રદ કર્યો. એમણે મને કહ્યું. મારો એમની સાથે જૂનો સંબંધ. 'બહુરૂપી' વખતે 'કોઠાની કબૂતરી' નાટકથી એમણે આયોજક તરીકે શરૂઆત કરેલી. સોમથી શનિ એ ટેક્સટાઈલ માર્કેટના થિયેટરમાં શો કરતા. (ત્યારે નાનપરાનું 'ગાંધી સ્મૃતિ' થિયેટર બન્યું નહોતું, અને હવે વર્ષોથી બંધ છે). હું એમને ના ન કહી શક્યો. ગાંઠના ખર્ચીને પણ સંબંધ જાળવી રાખ્યો. એક શો માટે આટલો થાકોડો! સામે ઊભેલો પહાડ નહી, જુતામાં રહેલો નાનો કાંકરો ક્યારેક થકવી નાખતો હોય છે.

ખેર! નાટક ચાલતું રહ્યું. ચાલતા નાટકને થિયેટરની તારીખો પણ સામેથી મળતી રહે છે. પછી તો ઘણા શોમાં ગાંધીની મહેરબાનીથી નાની મોટી સેલિબ્રિટી આવ્યાં કરતી. હા, જા.ખ.માં એ જાહેર નહોતા કરતા. કારણ કે ગાંધી કહેતા, 'કદાચ 'આ' આવશે, એ નહીં તો 'આ' આવશે'. જ્યાં 'કદાચ' હોય તો જા.ખ.માં તો 'કદાચ' લખી ન શકાય! થિયેટરના મૅનેજરો પણ કન્ફર્મેશન માગતાં થઈ ગયેલા.

૧૫ ઑગસ્ટની જાહેર રજાને દિવસે શો રાખવાનું નક્કી કર્યું. એ સમયે તો ૧ મે- ૨૬જાન્યુ- ૧૫ ઑગસ્ટ- બેસતું વર્ષ વગેરે તારીખોએ શો થતા અને હાઉસ પણ આવતું. આજે તો રવિવારે પણ રિસ્ક લાગે છે. જે રંગભૂમિના રંગે રંગાઈ ગયા છે એ શો કરે છે.

૧૫ ઑગસ્ટનો મેં શો નક્કી કર્યો, ભવન્સ-ચોપાટી. ભ.જો. પાસે સાંજનું ભાડું પણ ભરાવી દીધું. ત્યારે ત્યાંના મૅનેજર હતા રમેશ જમીનદાર, જેને બધા 'બોસ'ના નામે વધુ ઓળખતા. ઓચિંતો એમનો ફોન આવ્યો કે એ તારીખ બીજાની છે. મને આંચકો લાગ્યો. નક્કી કરીને ભાડું ભરેલું. જો તારીખ બીજાની હોય તો અમારું ભાડું શા માટે લીધું? તરસ બધાને તો બે ઘૂંટડાની હોય છે, પણ સહુ સમંદર જ શોધતા હશે? ■

**ડબ્બલ રિચાર્જ**

લગ્ન એટલે.....
એવું જંગલ જ્યાં બહાદુર વાઘનો શિકાર હરણી કરે છે.
લગ્ન-જીવન 'કાશ્મીર' જેવું. સુંદરતા ખૂબ સાથે સતત ભય પણ..



પ્રકરણઃ ૨૬

# ચહેરા મોહરા

**ત્રીસ વર્ષ પહેલાં ભોગાવો નદીના કિનારેથી તેમને એક પાંચ વર્ષનો બાળક બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. એ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે તેને માત્ર તેનું નામ જ યાદ હતું. એ નામ એટલે સોહનવીર...**

પ્રફુલ્લ કાનાબાર

હોલમાં સૌ કોઈ સોહમની સામે એકીટશે જોઈ રહ્યા. બાપુએ સોહમના ખભે હાથ રાખીને ધડાકો કર્યો:

'આ યુવાનનું નામ સોહન છે. આજથી એ અહીં આપણી સાથે આશ્રમમાં જ રહેશે...!'

કોઈ કશું બોલ્યું નહીં. એ પછી હોલમાં બધાની સાથે સોહમે પણ ચૂપચાપ જમી લીધું. વહેલી સવારે છૂટા પડતી વખતે બાપુએ કહ્યું હતું કે 'કોઈની સાથે ખાસ હળતો મળતો નહી..'

જયારે અહીં બધાની વચ્ચે બાપુએ તો જાહેર કર્યું કે 'આ યુવાનનું નામ સોહન છે અને તે અહીં આશ્રમમાં જ રહેશે....'

સોહનને નવાઈ લાગી. તે મનોમન વિચારી રહ્યો ...બાપુએ બિછાવેલી શતરંજમાં કોઈક અગમ્ય કારણોસર ચાલ બદલાઈ રહી છે!

બપોરે આશ્રમમાં સોપો પડી ગયો હતો. સૌ કોઈ પોતાના રૂમમાં આરામમાં હતા ત્યારે અચાનક સોહમના રૂમનો દરવાજો ધીમેથી ખખડયો. સોહમે દરવાજો ખોલ્યો. સામે વિષ્ણુ ઉભો હતો.

'સોહનભાઇ,બાપુ યાદ કરે છે.'

સોહમને યાદ આવ્યું કે આજથી તેનું નામ કાયદેસર રીતે સોહન થઇ ગયું છે.

ચાલો..એટલું બોલીને સોહન દરવાજો બંધ કરીને વિષ્ણુની પાછળ દોરવાયો. રસ્તામાં સોહમે પણ જાણે કે સોહનમાં પરકાયા પ્રવેશ કરી નાખ્યો હતો. હવે તે ખુદની ઓળખ સોહમમાંથી સોહનમાં તબદીલ કરવા માટે કટીબદ્ધ થઇ ચૂક્યો હતો.



બાપુના ખંડમાં સોહન પ્રવેશ્યો ત્યારે અગરબત્તીની ધૂપની સુવાસ સમગ્ર ખંડમાં પ્રસરી રહી હતી. વિષ્ણુના ગયા બાદ બાપુએ ઈશારા વડે જ સોહનને દરવાજો બંધ કરવાનું જણાવ્યું. બંધ ખંડમાં હવે સોહન અને બાપુ એકલા જ હતા.

'સોહન, આપણો પ્લાન તો એ જ છે.. પણ એકાદ અઠવાડીયું તારે અહીં રહેવું પડશે.'

'કેમ?'

'સોહન, આજે સવારે તારા ગયા બાદ મને વિચાર આવ્યો કે આશ્રમમાં તું આવે અને માત્ર ચોવીસ કલાકમાં જ હું બળવંતરાય શેઠનો સંપર્ક કરું એ વાત થોડીક શંકા ઉભી કરશે. આપણે ગફલતમાં રહીને એક પણ પગલું ભરવું નથી. એક અઠવાડિયામાં તો અહીં તારી હાજરી સોહન તરીકે બરોબર સ્થાપિત થઇ જશે.'

'બાપુ, એક સવાલ મનમાં ઊભો થયો છે.. પૂછું?'

'હા..હા...પૂછને ભાઈ. મનમાં કોઈ સંદેહ રહેવો જ ન જોઈએ.'

'બાપુ, મારો સવાલ એ છે કે આપના પ્લાન મુજબ મારો ઉછેર સોહમ તરીકે જ થયો છે. ઇવન રેલ્વેની ટિકિટમાં પણ સોહમના નામની જ લઈને હું અહીં સુધી પહોંચ્યો છું. આશ્રમમાં આવતા પહેલાં મારું નામ સોહમમાંથી અચાનક સોહન કઈ રીતે થઇ જાય છે?'

'ભાઈ, તારો સવાલ એકદમ સાચો છે. આપણી મનઘડત સ્ટોરી પ્રમાણે તારા પાલક પિતા નંદગીરી ગોસ્વામી છે. ત્રણેક દિવસ પહેલાં તેમની સાથે તારે કોઈક નજીવી બાબતમાં ઉગ્ર અવાજે બોલવાનું થાય છે. ગુસ્સામાં નંદગીરી તને એવું કહે છે ... 'મારો સગો દીકરો હોય એ આવું ખરાબ વર્તન કરે જ નહી...' એ સાંભળીને તું ચમકે છે. આખરે નંદગીરી રહસ્યસ્ફોટ કરે છે કે ત્રીસ વર્ષ પહેલાં સુરેન્દ્રનગર અને વઢવાણની વચ્ચે વહેતી ભોગાવો નદીના કિનારેથી તેમને એક પાંચ વર્ષનો બાળક બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. બાળક જયારે ભાનમાં આવ્યો ત્યારે તેને માત્ર તેનું નામ જ યાદ હતું. એ નામ એટલે સોહનવીર પછડાટને કારણે સોહનવીરની બાકીની યાદદાસ્ત ચાલી ગઈ હતી. નંદગીરી અને ગોરાણીને કોઈ બાળક નહોતું. એ નિઃસંતાન દંપતીએ એ બાળકને એટલે કે તને ભગવાનનો પ્રસાદ માનીને સ્વીકારી લીધો હતો. સાતેક વર્ષ બાદ ગોરાણીનું અવસાન થયું હતું. વિધુર નંદગીરીને જ તું તારા પિતા માનીને મોટો થયો છે.'

'બાપુ, એ વાત તો હું સમજી ગયો.. પણ જો મને માત્ર મારું નામ સોહનવીર જ યાદ હતું... તો તેમાંથી એ વખતે સોહમ કેમ કરવામાં આવ્યું?'

'કારણ કે નંદગીરી અને ગોરાણીને ભય હતો કે કદાચ ભવિષ્યમાં તારી યાદદાસ્ત પરત આવે અને તું તેમને છોડીને જતો રહે તો? બસ, એ ડરને કારણે જ તેઓએ તારું નામ બદલીને સોહમ કરી નાખ્યું હતું.!'

'અચ્છા, તો વાત આમ હતી.' સોહમે હસીને કહ્યું.

'સમય વીતતો ગયો. તેં પણ તારી સોહમ તરીકેની ઓળખ સ્વીકારી જ લીધી હતી.

અચાનક ત્રણ દિવસ પહેલાં નંદગીરી પાસેથી જ તારું અસલી નામ તને જાણવા મળ્યું. અહીં આશ્રમમાં આવીને તેં એટલે જ તારું નામ સોહમની બદલે સોહન કહ્યું. આશ્રમમાં આપણી પ્રથમ મુલાકાત વખતે હું તને પૂછું છું શું નામ કહ્યું? તું જવાબ આપે છે..સાચું નામ તો સોહનવીર છે..પણ સોહન કહેશો તો ચાલશે. પાંચેક દિવસ બાદ અચાનક મારી નજર તારા ખુલ્લા પગ પર પડે છે. બંને પગમાં છ આંગળીઓ જોઇને મને નવાઈ લાગે છે. એ વિશે હું તને પૂછું છું. જવાબમાં તું તારા પાલક પિતાએ તારા બાળપણની જે ઘટનાની વાત કરી હતી એ જ વાત નિખાલસ ભાવે તું મને કરે છે.

'બાપુ, એ ઘટના એટલે હું જયારે પાંચ વર્ષનો હતો અને નંદગીરીને બેભાન હાલતમાં મળી આવ્યો હતો એ જ ને?..'

'યસ્સ. exactly' બાપુ બોલી ઉઠયા.

'ઓહ બાપુ, તમે અંગ્રેજી પણ જાણો છો?'

બાપુ હસી પડયા...'વિદેશ પ્રવાસ વખતે ભાંગ્યું તૂટયું બોલી લેતો હોઉં છું.'

'બાપુ પાંચેક દિવસ બાદ તમારું ધ્યાન મારા ખુલ્લા પગ પર પડશે બરોબર ને?'

'હા..હવે તું મારા દરેક સ્ટેપ બરોબર સમજી ગયો છે.' બાપુ સોહમની ગ્રહણશક્તિ પર ખુશ થઈ ગયા. અને યાદ રાખજે.. એ વખતે આશ્રમના અન્ય વિદ્યાર્થીઓની હાજરી પણ હશે.

'બાપુ, હું સમજ્યો નહીં.'

તારે કાલ સવારથી મેદાનમાં અન્ય છોકરાઓ સાથે દરરોજ યોગમાં જોડાઈ જવાનું છે.

ત્યાં હું ક્યારેક રાઉન્ડમાં આવતો હોઉં છું. પાંચેક દિવસ બાદ એ જ રીતે રાઉન્ડમાં આવીશ.

બસ એ જ સમયે આપણા પ્લોટનું એ દ્રશ્ય અન્ય યુવાનોની સામે જ ભજવાશે.

'બાપુ, પછી તમે તમારા ખંડમાં જઈને બળવંતરાય શેઠને ફોન કરીને જણાવશો કે તેમનો ત્રીસ વર્ષ પહેલાં અકસ્માતે નદીમાં વહી ગયેલો પૌત્ર અનાયાસે જ આશ્રમમાં આવી ચડયો છે....બરાબર ?.' સોહન બોલી ઉઠયો.

બાપુ મોટેથી હસી પડયા :'વાહ સોહનવીર વાહ.'

આ પછી તો માત્ર બે દિવસમાં તો સોહમ આશ્રમના બધા યુવાનો સાથે હળી મળી ગયો હતો. બધા સાથે વહેલી સવારે યોગ કરતો પણ થઇ ગયો હતો. બપોરે અને રાત્રે સાથે ભોજન લેતો પણ થઇ ગયો હતો. તમામ લોકો તેને સોહનના નામથી જ બોલાવતા હતા. ખુદ સોહમે પણ તેનું નામ સોહન તરીકે એવું સ્વીકારી લીધું હતું કે હવે એ ખુદ પણ તેનું જૂનું નામ સોહમ હતું એ વાત બિલકુલ ભૂલી ગયો હતો!

પાંચમા દિવસે સવારે સૂર્યોદય સમયે મેદાનમાં વીસેક યુવાનોની સાથે સોહન પણ યોગ કરી રહ્યો હતો. થોડી વાર બાદ સફેદ કપડામાં સજ્જ તુલસીરામ બાપુ ગળામાં રુદ્રાક્ષની માળા ધારણ કરીને એક પછી એક દરેક યુવાન પાસેથી ધીમા પગલે પસાર થવા લાગ્યા.સૌથી છેલ્લી હરોળમાં સોહન પણ આંખો બંધ કરીને યોગ કરી રહ્યો હતો. બાપુ તેની પાસે આવીને ઉભા રહ્યા.

સામાન્ય રીતે બાપુ કોઈની પાસે ઉભા રહેતા નહીં. બાકીના યુવાનો આશ્ચર્યથી બાપુને તાકી રહ્યા. સોહન હજુ ધ્યાનમાં હોવાનો જ ડોળ કરી રહ્યો હતો. અચાનક બાપુએ સોહનના માથા પર પ્રેમથી હાથ પસવાર્યો. બાપુની આ સ્ટાઈલ પણ સૌ કોઈ માટે નવી હતી.અચાનક સોહને આંખ ખોલી. એ બાપુને પગે લાગ્યો. સોહને જોયું કે બાપુ તેના બંને પગની છ આંગળીઓને તાકી રહ્યા હતા. સોહને વિવેકપૂર્વક કહ્યું :

'બાપુ એ તો જન્મથી જ છે.'

હવે તમામ યુવાનો કુતૂહલવશ થઈને બાપુ અને સોહનની ચારે બાજુએ એકઠા થઇ ચૂક્યા હતા. બાપુ સોહનનો હાથ પકડીને તેમના ખંડમાં લઇ ગયા. સોહન હવે તમામ યુવાનો વચ્ચે ચર્ચાનો વિષય બની ચૂક્યો હતો ..જે બાપુ ઇચ્છતા જ હતાં. પ્લાન મુજબ બાપુએ બળવંતરાય શેઠના સેક્રેટરીને ફોન લગાવીને ટૂંકમાં વાત કરી હતી. બાપુના ખંડમાંથી સોહન લગભગ ત્રીસેક મિનિટ બાદ બહાર આવ્યો ત્યારે તેના ચહેરા પર ખુશી છવાયેલી હતી.

તમામ યુવાનો તેને તાકી રહ્યા હતા.

બપોરે ત્રણેક વાગે આશ્રમમાં પાંચેક મોંઘી કાર આશ્રમના વિશાળ દરવાજામાં પ્રવેશી.....

(ક્રમશઃ) ■



---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| गोता | પરાયું |
| गोंद | ડૂબકી |
| गौर | દડો |
| गेंद | ધ્યાન |
| गैर | ગુંદર |

### ઓળખાણ પડી?



બાળ કલાકાર તરીકે કરીના કપૂરની ફિલ્મ સાથે શરૂઆત કરનારી અભિનેત્રીની ઓળખાણ પડી? પંજાબી તેમજ સાઉથની ફિલ્મો પણ કરી છે.

અ) અનન્યા પાંડે
બ) વામિકા ગબ્બી
ક) તૃપ્તિ ડિમરી
ડ) ગાયત્રી સુરેશ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભૂ | ૨ લ | ભૂ | ૩ લૈ | યા | | ૪ ઉ | તે | ૫ જ | ૬ ક |
| ૭ લ | ગ | | લા | | ૮ જ | | | ૯ જ | ટા |
| ૧૦ ચૂ | ની | | | ૧૧ ત | ન્મ | ય | ૧૨ તા | | ણું |
| ક | | ૧૩ ખા | ૧૪ સ | | દિ | | ૧૫ ર | તિ | |
| ૧૬ લે | ૧૭ ન | | ૧૮ પ | ર્યા | વ | ર | ણ | | ૧૯ ઉ |
| ૨૦ વી | ર | ૨૧ પ | ત્ની | | સ | | | ૨૨ વૃ | દ્ધ |
| ૨૩ દે | વ | ળ | | ૨૪ ધ | | ૨૫ સ | માં | ત | ર |
| ૨૬ વી | ર | | ૨૭ શ | ર્મ | ૨૮ ના | ક | | | ણ |
| | | ૨૯ આ | લા | | ૩૦ હ | ળ | ૩૧ વા | ૩૨ શ | |
| ૩૩ આ | શ્ચ | ર્ય | કા | ર | ક | | ૩૪ ન | ર | ક |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | | | ૮ | ૯ | | | |
| | | ૧૦ | | ૧૧ | | | | ૧૨ | |
| | | | ૧૩ | | | ૧૪ | | | |
| | ૧૫ | ૧૬ | | | ૧૭ | | | ૧૮ | |
| ૧૯ | | | | ૨૦ | | ૨૧ | | | |
| ૨૨ | | | ૨૩ | | ૨૪ | | | | |
| ૨૫ | | ૨૬ | | | | | ૨૭ | ૨૮ | |
| | | | | ૨૯ | | ૩૦ | | | |
| ૩૧ | | | | | | | ૩૨ | | |

આડી ચાવી

૧. સ્વાર્થી (૬)
૫. સુગંધ (૩)
૭. હાથ (૨)
૮. નડીયાદનું --- જાણીતું (૩)
૧૦. --- ધારો એટલે ગણોત માટેના કાયદા (૩)
૧૨. દેશી હિસાબ કિતાબ (૨)
૧૩. ઉપકાર, આભાર (૨)
૧૪. દોસ્ત, મિત્ર (૨)
૧૫. કોઇના મનમાં શું --- તે ખબર ના પડે (૩)
૧૭. પિતા, બાપ (૨)
૧૮. --- ટોપે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સેનાની હતા (૨)
૧૯. જો, અથવા (૩)
૨૧. આહ્વાન, લલકાર (૪)
૨૨. વાણીનું પ્રથમ રૂપ (૨)
૨૩. પૂજાની થાળી (૪)
૨૫. રંગમાં આવીને અપાતી તાળી (૪)
૨૭. સપાટી પરની (૩)
૩૦. જેનું મૃત્યુ નથી એ (૩)
૩૧. ખેલકૂદ (૬)
૩૨. અત્યાચાર, અન્યાય (૩)

ઊભી ચાવી

૧. મોહક (૪)
૨. પારકું, બીજું, દૂર (૨)
૩. બચવાનો છેલ્લો ઉપાય (૫)
૪. દરિયાકિનારો (૨)
૫. સાંભળું (૨)
૬. સમગ્ર, સત્તાવાળો વ્યક્તિ (૬)
૯. નકામું, બોગસ (૪)
૧૧. તિરાડ (૨)
૧૫. ગાન તાન, મોજમજા (૪)
૧૬. કિનાર, અણી (૨)
૧૮. કાપડના--- હોય દુકાનમાં (૨)
૧૯. અપાર, પુષ્કળ (૫)
૨૦. ઠામ, ઠેકાણું (૨)
૨૩. જોડાના તળિયાની પટ્ટી (૨)
૨૪. વજન, બોજ (૨)
૨૬. શક્તિ (૩)
૨૭. શાણું, સમજ ધરાવતું (૩)
૨૮. ચંચલ, અસ્થિર (૩)
૨૯. --- કાઢવું એટલે બદનામ થવું (૨)

### ગુજરાત મોરી મોરી રે

હિન્દી ફિલ્મ નિર્માણ કરનારા કયા નિર્માતાએ ૪૮ ગુજરાતી ફિલ્મોનું પણ નિર્માણ કર્યું છે એ કહી શકશો?

અ) રામાનંદ સાગર બ) મેહબૂબ ખાન
ક) શ્રીરામ બોહરા ડ) ગુલશન રાય

### જાણવા જેવું

'મુઘલ - એ - આઝમ' ફિલ્મ આપનારા કે. આસિફની દરજીની દુકાન હતી. સીવણકામમાં તેઓ ખૂબ પારંગત હતા. ચોકસાઈ અને ચીવટ તેમના સ્વભાવમાં હતા. કાપડ વેતરતી વખતે કહેતા કે તેમને ટેઈલરિંગમાં નહીં ફિલ્મમેકિંગમાં રસ છે. જોકે, દિલીપ કુમાર - નરગીસને લઈ બનાવેલી 'હલચલ' સુપર ફ્લોપ થઈ હતી.

### સુડોકુ-૮૦૦૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | ૯ | | ૩ | ૪ | | |
| ૫ | | | | | | | | ૯ |
| ૬ | | | | ૮ | | | | ૨ |
| ૪ | | ૧ | | ૩ | ૬ | ૯ | | ૫ |
| | | | ૪ | | ૨ | | | |
| ૨ | | ૬ | ૮ | ૯ | | ૧ | | ૭ |
| ૩ | | | | ૪ | | | | ૧ |
| ૯ | | | | | | | | ૬ |
| | | ૫ | ૬ | | ૯ | ૭ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૧ | ૭ | ૨ | ૮ | ૫ | ૬ | ૯ |
| ૫ | ૬ | ૨ | ૯ | ૪ | ૩ | ૮ | ૭ | ૧ |
| ૯ | ૭ | ૮ | ૬ | ૫ | ૧ | ૩ | ૪ | ૨ |
| ૭ | ૪ | ૬ | ૫ | ૧ | ૨ | ૯ | ૮ | ૩ |
| ૮ | ૧ | ૫ | ૩ | ૯ | ૬ | ૭ | ૨ | ૪ |
| ૩ | ૨ | ૯ | ૪ | ૮ | ૭ | ૬ | ૧ | ૫ |
| ૨ | ૯ | ૪ | ૮ | ૭ | ૫ | ૧ | ૩ | ૬ |
| ૬ | ૫ | ૭ | ૧ | ૩ | ૪ | ૨ | ૯ | ૮ |
| ૧ | ૮ | ૩ | ૨ | ૬ | ૯ | ૪ | ૫ | ૭ |

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

મેહબૂબ ખાનની 'ઔરત' અને 'મધર ઈન્ડિયા' એ બંને ફિલ્મમાં એક જ પાત્ર ભજવનાર કલાકારનું નામ શોધી કાઢો

અ) યાકુબ બ) નરગીસ ક) કનૈયાલાલ ડ) સુરેન્દ્ર

### નોંધી રાખો

કામ તમે કરો અને જશ બીજાને મળે તો નારાજ ન થવું કારણ કે સદીઓથી ઘી અને વાટ બળે છે, પણ કહેવાય છે કે દીવો બળે છે.

### માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મમાં અભિનય કરવા ઉપરાંત કઈ અભિનેત્રીએ બાળ કલાકારનો રોલ કરવા ઉપરાંત એક ગીત પણ રેકોર્ડ કર્યું હતું?

અ) શકીલા બ) નિરૂપા રોય
ક) નાદિરા ડ) મીના કુમારી

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| संकर | ભેળસેળ |
| संक्रामक | ચેપી |
| संग्राम | લડાઈ |
| संचय | સંગ્રહ |
| संदिग्ध | સંદેહ |

ઓળખાણ પડી? અમિતા

માઈન્ડ ગેમ રાગિણી

ગુજરાત મોરી મોરી રે વીર માંગડાવાળો

ચતુર આપો જવાબ માથું ખંજવાળો પ્રોફેસર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પ્રવીણ વોરા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) મીનળ કાપડિયા (૨૦) વિમલ શાહ (૨૧) મનષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મહેશ દોશી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) સુરેખા દેસાઈ (૨૯) વિણા સંપટ (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) જગદીશ ઠક્કર (૩૨) રમેશ દલાલ (૩૩) હિના દલાલ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિતિન બજરિયા (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૯) ધીરેન્દ્ર ઉદેશી (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) અંજુ ટોલિયા (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) અશોક સંખવી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) જુલી જુલી જોની કા દિલ તુમપે આયા જુલી... ૨) ધૂમ અગેઇન- ધૂમ મચાલે ધૂમ મચાલે ધૂમ.. ૩) આશિક બનાયા આપને. ૪) મેરી જા મૈને કહા મેરી જા તુમને સૂના દિલ ને... ૫ ) સંદેસે આતે હૈ હમે તડપાતે હૈ કે ઘર કબ... ૬ ) રોજા જાનેમન તૂ હી મેરા દિલ તુજ બીન તરસે નૈના.. ૭ ) બાવરા મન દેખને ચલા હૈ એક સપના..


**ક્વિઝ (બ)** ૧) ફિરોઝ ખાન- સંજય ખાન-અકબર ખાન ૨) દેવ આનંદ-વિજય આનંદ-ચેતન આનંદ ૩) રિશી કપૂર-રણધીર કપૂર-રાજીવ કપૂર ૪) કિશોર કુમાર- અશોક કુમાર-અનુપ કુમાર ૫ ) સલમાન ખાન- અરબાઝ ખાન-સોહેલ ખાન ૬ )અનિલ કપૂર - સંજય કપૂર- બોની કપૂર ૭) આદિત્ય રોય કપૂર- સિદ્ધાર્થ રોય કપૂર- કુણાલ રોય કપૂર


હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

## રાજ ખોસલાનું સૌજન્ય
# 'એક બંગલા બને ન્યારા'

### પરવાનગી લઈને જૂનાં લોકપ્રિય ગીતોને ફિલ્મમાં વાપરવાની દરકાર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જોવા મળી છે






સાયગલનું ગીત વાપરવા માટે અનુમતિ લઈ 'દો રાસ્તે'ના ટાઈટલમાં રજૂઆત કરવામાં આવી હતી.

કંગના રનૌટની કારકિર્દીની એક્ટિંગમાં, દિગ્દર્શનમાં અને અન્ય બીજા કારણસર નબળી ફિલ્મ 'ઈમરજન્સી' છેલ્લા એક વર્ષથી વિવિધ કારણોસર ગાજી રહી છે. રિલીઝની તારીખના વિવાદથી માંડી ફિલ્મનું નામ 'ઈમરજન્સી' નહીં, પણ 'ઈન્દીરા ગાંધી' હોવું જોઈતું હતું જેવા વિવાદોમાં ઘેરાયેલી આ ફિલ્મમાં નવો ફણગો ફૂટ્યો છે.

સ્વતંત્રતા પૂર્વે વિદ્રોહી કવિ અને દેશને આઝાદી મળ્યા પછી 'રાષ્ટ્ર કવિ' તરીકે ઓળખાયેલા રામધારી સિંહ 'દિનકર'ની પ્રખ્યાત કવિતા 'જનતંત્ર કા જન્મ'ની અંતિમ પંક્તિ 'સિંહાસન ખાલી કરો કી જનતા આતી હૈ' પંક્તિ કંગનાની ફિલ્મના એક મહત્ત્વના તબક્કે આવતા ગીત 'જનતા કો રોક લે કિસ મેં ઈતની જાન હૈ'માં વાપરવામાં આવી છે. કવિશ્રી 'દિનકર'ના પરિવારે પરવાનગી વિના ઉપયોગ કરવાનો આરોપ કરી કોપીરાઇટ ઉલ્લંઘનનો કેસ કર્યો છે. આ કવિતા ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ લખવામાં આવી હતી. ત્યારબાદ રામધારી સિંહ 'દિનકર'ના પ્રખ્યાત પુસ્તક 'નીલ કુસુમ'માં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પુસ્તકના કોપીરાઇટ કેદારનાથ સિંહ (રાષ્ટ્રકવિ દિનકરજીના પુત્ર)ના કાનૂની વારસદાર કલ્પના સિંહ પાસે છે. જોકે, આ ફિલ્મ આખા દેશમાં એક જ દિવસે રિલીઝ થઈ હોવાથી અદાલતે રિલીઝ પર પ્રતિબંધ મૂકવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ ફિલ્મના પ્રોડ્યુસર - ડિરેક્ટરને કોપીરાઇટના ઉલ્લંઘન માટે નોટિસ આપવામાં આવી છે. હવે આ કેસની આગામી સુનાવણી ૭ માર્ચે થશે. કાયદો કાયદાનું કામ કરશે, પણ વર્ષો જૂના ગીતનો ઉપયોગ ફિલ્મમાં કરવાના પ્રસંગોનું સ્મરણ થઈ આવ્યું છે.

'સીઆઈડી', 'વો કૌન થી', 'મેરા સાયા' સહિત કેટલીક યાદગાર ફિલ્મોની ભેટ આપનારા ફિલ્મમેકર રાજ ખોસલાએ 'દો રાસ્તે' (૧૯૬૯) નામની પારિવારિક ફિલ્મ બનાવી હતી. ફિલ્મમાં રાજેશ ખન્ના - મુમતાઝ અને પ્રેમ ચોપડા - બિંદુની જોડી સાથે એક મહત્ત્વના પાત્રમાં સિદ્ધહસ્ત અભિનેતા બલરાજ સાહની પણ હતા. ફિલ્મની વાર્તા અનુસાર સંયુક્ત પરિવારના હિમાયતી અને આગ્રહી મોટા ભાઈ (બલરાજ સાહની) નજર સામે પરિવારને છૂટો પડતો જોઈ ચિંતાગ્રસ્ત થાય છે. એમને વ્યથા ઘેરી વળે છે. મોટાભાઈની લાગણીઓનો પડઘો પાડવા રાજ ખોસલાએ 'દો રાસ્તે'માં કુંદનલાલ સાયગલની ન્યુ થિયેટર્સ ફિલ્મ 'પ્રેસિડેન્ટ' (૧૯૩૭)ના એ સમયના સુપરહિટ સોન્ગ 'એક બંગલા બને ન્યારા' ગીતનો ઉપયોગ કર્યો છે.

અલબત્ત, રાજ ખોસલાએ ફિલ્મમાં ગીતનો ઉપયોગ કરવા માટે સત્તાવાર પરવાનગી પણ લીધી હતી. સંયુક્ત પરિવારના વિચારનો પડઘો આ ગીતથી આબાદ પડ્યો હતો અને ગીતમાં જ્યારે 'રહે કુનબા જિસમેં સારા, એક બંગલા બને ન્યારા' (કુનબા એટલે કુટુંબ) પંક્તિ આવતી ત્યારે અનેક લોકોના આંખોના ખૂણા ભીના થઈ જતા અને અનેક હૈયા ભાવવિભોર થઈ જતા હતા.

રાજ ખોસલાની કારકિર્દીની સૌથી જબરદસ્ત હિટ 'દો રાસ્તે'ની યાદગાર ક્ષણોમાં આ ગીત પણ સામેલ હતું. મૂળ રચનાનો સૌજન્ય સ્વીકાર કંગના ચૂકી ગઈ, પણ રાજ ખોસલાએ એ જમાનામાં સૌજન્ય દેખાડ્યું હતું.

શૈલેન્દ્રના મૃત્યુનું કારણ બનેલી ફિલ્મ 'તીસરી કસમ'ના ડિરેક્ટર તરીકે શરૂઆત કરનારા બાસુ ભટ્ટાચાર્યએ શહેરી જીવનમાં વૈવાહિક કલેશ પર ત્રણ ફિલ્મ બનાવી હતી: 'અનુભવ' (૧૯૭૧), 'આવિષ્કાર' (૧૯૭૩) અને 'ગૃહ પ્રવેશ' (૧૯૭૯). 'આવિષ્કાર'માં એ સમયની રાજેશ ખન્ના અને શર્મિલા ટાગોરની સુપરહિટ જોડી જોવા મળી હતી. ફિલ્મમાં 'બાબુલ મોરા નૈહર છૂટો હી જાય' ગીતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ગીત અવધના નવાબ વાજીદ અલી શાહને બ્રિટિશ સરકારે રાજવટો આપી એમના રાજ્ય લખનઉમાંથી કલકત્તા મોકલી આપ્યા હતા ત્યારે નવાબે લખ્યું હતું. નૈહરનો અર્થ પિયર થાય છે. જેમ કન્યાને પિયર છોડવું બહુ વસમું લાગતું હોય છે એમ નવાબને પણ પોતાનું રાજ્ય છોડવું આકરું લાગ્યું હતું. જોકે, 'આવિષ્કાર'માં બાસુ ભટ્ટાચાર્યએ માનસી (શર્મિલા ટાગોર)નો પિતાનું ઘર છોડવાનો વસવસો આ ગીત દ્વારા વ્યક્ત કરવાની કોશિશ કરી છે. 'બાબુલ મોરા નૈહર છૂટો હી જાય' ગીત સૌ પ્રથમ સાયગલ સાબની ફિલ્મ 'સ્ટ્રીટ સિંગર'માં રજૂ થયું હતું. ગીતને પ્લેબેક સાયગલએ (સોલો સોંગ) આપ્યું હતું અને પિક્ચરાઇઝેશન પણ એમના પર જ થયું હતું. બાસુદાની ફિલ્મમાં આ યુગલ ગીત - ડ્યુએટ સોંગ હતું અને જગજીત સિંહ અને ચિત્રા સિંહના સ્વરમાં રેકોર્ડ થયું હતું. હિન્દી ફિલ્મ માટે બંનેએ પહેલી વાર સાથે ગાયું હતું. બાસુ ભટ્ટાચાર્યએ ગીતનો ઉપયોગ કરવા પરવાનગી માગી હતી એવો ખુલાસો એ સમયે કરવામાં આવ્યો હતો.

કુંદનલાલ સાયગલની લોકપ્રિયતા ચરમસીમાએ હતી અને એમનો દબદબો હતો એટલે ૧૯૪૦ના દાયકામાં અનેક ગાયકો (મુકેશ, કિશોર કુમાર) એમની શૈલીને અનુસરી ગાયનો ગાતા હતા. આ ગાયકોમાં એક નામ હતું સી. એચ. આત્માનું. સંગીતકાર ઓ. પી. નૈયર એમની કારકિર્દીના પ્રારંભમાં ન્યુ થિયેટર્સના સંગીત અને વિશેષ તો કે. એલ. સાયગલની ગાયકીથી બહુ પ્રભાવિત હતા. નૈયર સાહેબનાં પત્ની સરોજ મોહિની ઐયરે 'પ્રિતમ આન મિલો' ગીત લખ્યું હતું , જે ઓ. પી. નૈયરએ સી. એચ. આત્મા માટે તૈયાર કરેલા કેટલાક ગૈર ફિલ્મ આલ્બમમાંથી એકમાં આ ગીતનો ઉપયોગ કર્યો હતો.

ગુરુદત્તએ 'મિસ્ટર એન્ડ મિસિસ ૧૯૫૫' નામની ફિલ્મ બનાવી હતી, જેમાં સંગીતકાર નૈયર જ હતા. એમણે આ ફિલ્મમાં 'પ્રિતમ આનમિલો' ગીતા દત્તના સ્વરમાં રેકોર્ડ કર્યું હતું અને ફિલ્મમાં એ મધુબાલા પર પિક્ચરાઇઝ થયું હતું. મૂળ ગીતની સ્વર રચના પણ પોતાની જ હોવાથી અહીં પરવાનગીનો પ્રશ્ન જ નહોતો ઉદભવ્યો. હા, ફિલ્મના ૯ ગીતમાંથી આઠમાં ગીતકાર તરીકે મજરૂહ સુલતાન પુરીનું નામ છે જ્યારે 'પ્રિતમ આન મિલો' માટે ક્રેડિટ સરોજ મોહિની ઐયરને આપવામાં આવી હતી. મહેનતાણું પણ ચૂકવાયું હશે એમ માની લઈએ.

આ બધામાં 'દિલ વિલ પ્યાર વ્યાર' (૨૦૦૨)નો કિસ્સો ક્લાસિક છે. ફિલ્મમાં ૧૩ ગીત છે. બધા ગીત ૧૯૬૦થી ૧૯૮૦ના દોરમાં આવેલી વિવિધ ફિલ્મના ગીત છે અને એ બધા ગીતોનું સ્વરાંકન રાહુલ દેવ બર્મનનું છે. ગીતોનું મ્યુઝિક રિ- એરેન્જ કરવામાં આવ્યું છે અને અલગ ગાયકોના સ્વરમાં બબલુ ચક્રવર્તી દ્વારા રેકોર્ડ કરવામાં આવ્યા છે. પરવાનગી લેવામાં આવી હતી? આનો કોઈ ખુલાસો મળતો નથી.... ■




મહેશ નાણાવટી

# પેંતરાબાજી... 'ઑન-કેમેરા'!



રાજેશ ખન્ના – અમિતાભ બચ્ચન ફિલ્મ 'નમકહરામ'

થોડા સમય પહેલા બોલિવૂડની સયાની ગુપ્તા નામની અભિનેત્રીએ ધડાકો કરતાં કહ્યું હતું કે, 'એક ફિલ્મના શૂટિંગ વખતે ચુંબન દૃશ્ય ચાલી રહ્યું હતું, જેમાં ડિરેક્ટરે 'કટ' કહ્યા પછી પણ મારા

સહ-કલાકારે ચુંબન ચાલુ જ રાખ્યું હતું!

ખરેખર તો આ ખૂબ જ અકળાવનારી સ્થિતિ કહી શકાય. જોકે, આ અભિનેત્રી 'સયાની' છે શાણી એટલે પોતાની અટક મુજબ પેલા પુરુષ કલાકારનું નામ હજી 'ગુપ્ત' રાખ્યું છે, પરંતુ બોલિવૂડમાં આવા 'ચાલુ કેમેરા'એ સહ-કલાકારોને પરેશાન કરવાની અમુક ઘટનાઓ જાણીને આપણને થાય કે 'અરે? છેક આવું?'

એક કિસ્સો રાજેશ ખન્નાનો છે, જે હાલમાં બહુ વરસો પછી મીડિયામાં ફરી તાજો થયો છે. વાત છેક ૧૯૮૦માં આવેલી ફિલ્મ 'આંચલ'નો છે. આમાં એક દૃશ્ય એવું હતું કે રાજેશ ખન્નાના મોટાભાઈ બનેલા અમોલ પાલેકરે પોતાની ભૂલ સમજાતાં રાજેશ ખન્નાને 'પગે' પડવાનું હતું. (મતલબ કે પગ પકડી લેવાના હતા, માફી માગવા માટે.)

શૂટિંગ પહેલાં અમોલ પાલેકરને આ દૃશ્ય કંઈ દિમાગમાં બેઠું નહીં. એણે દિગ્દર્શક સાથે દલીલ કરી કે 'આખરે તો હું મોટોભાઈ છું, આમ સાવ પગ થોડા પકડી લઉં?'

બહુ દલીલો પછી એવું નક્કી થયું કે અમોલ પાલેકર માત્ર ઘૂંટણિયે પડશે, પરંતુ જ્યારે કેમેરા 'ઓન' થયો અને 'એક્શન' બોલાયું એ પછી ભજવાઈ રહેલા દૃશ્યમાં રાજેશ ખન્નાએ ઘૂંટણિયે પડેલા અમોલ પાલેકરને રીતસર લાત મારી દીધી!

અમોલ પાલેકર તો એને યાદ કરતાં આજે પણ અસ્વસ્થ થઈ જાય છે કે 'એ સુપરસ્ટાર હતા, અને રહેશે, પરંતુ એમણે આવું વર્તન કરીને કોઈ બીજા કલાકારનું અપમાન કરવાની શી જરૂર હતી?'

જોવાની વાત એ પણ હતી કે એ દૃશ્ય રિ-શૂટ પણ નહોતું થયું! ત્યાં જ 'ઓકે' કરી દેવામાં આવ્યું હતું!

રાજેશ ખન્નાની 'ઓન-કેમેરા' તરકટ બીજી એક ઘટના એ સમયની છે, જ્યારે રાજેશ ખન્ના ખરેખર સુપર સ્ટાર હતા અને એમની સાથેના કલાકાર, નામે અમિતાભ બચ્ચન, હજી સુપરસ્ટાર બન્યા નહોતા. ('જંજીર' રિલીઝ નહોતી થઈ)

આ ફિલ્મ હતી 'નમક હરામ.' એમાં એક દૃશ્ય એવું છે કે ધનવાન કુટુંબના પુત્ર અમિતાભ બચ્ચનને ફોન ઉપર સંદેશો મળે છે કે એમના પિતાજી ઉપર કંઈ જાનલેવા હુમલો થયો છે! રાજેશ ખન્ના એ ફિલ્મમાં ધનવાન અમિતાભના મિડલ-ક્લાસ ફ્રેન્ડ બન્યા હોય છે. આ દૃશ્યમાં રાજેશ ખન્નાનો એક પણ સંવાદ નહોતો. એણે માત્ર ફોન ઉપાડીને (લેન્ડલાઈન ફોન) અમિતાભને આપવાનો હતો અને અમિતાભના સખત ગુસ્સાભર્યા સંવાદો પછી ફોન એના હાથમાંથી લઈને પાછો મૂકવાનો હતો.

આનું શૂટિંગ શરૂ થયું ત્યારે રાજેશ ખન્નાએ પોતાની રમત રમવાની ચાલુ કરી... ફોન ઉપાડતી વખતે અને પાછો મૂકતી વખતે એ કંઈ ને કંઈ 'ગફલત' કરી બેસે!

દિગ્દર્શક ઋષિકેશ મુખરજીને શરૂમાં તો કંઈ અજુગતું ન લાગ્યું , પરંતુ ટેક પછી ટેક... રાજેશ ખન્ના અલગ અલગ રીતે 'ગફલત' કરવા લાગ્યા! હવે સેટ ઉપર તો લગભગ તમામ લોકો સમજી ગયા હતા કે અહીં શું રમત ચાલી રહી હતી! છેવટે જ્યારે ૨૦મો કે ૨૧મો ટેક પણ એ રીતે 'ભૂલ'ને લીધે ઓકે ન થયો ત્યારે ઋષિકેશ મુખરજીએ રાજેશ ખન્નાને સાઈડમાં બોલાવીને કડક શબ્દોમાં ઠપકો આપ્યો... પછી જ એણે 'ભૂલ' કરવાની 'ભૂલ' કરી નહીં!

'સ્ટારડસ્ટ' મેગેઝિનમાં પાછળથી આ કિસ્સો છપાયો હતો, જેમાં અમિતાભ (તે વખતે સ્ટાર બની ચૂક્યા હતા) બોલ્યા હતા કે 'હું તો ત્રીજા કે ચોથા ટેક વખતે જ સમજી ગયો હતો કે અહીં શું ચાલી રહ્યું છે, પરંતુ મને મારા અભિનય ઉપર ભરોસો હતો. જો મારે નવ્વાણુમો શોટ આપવાનો આવ્યો હોત તો પણ મારા અભિનયમાં લેશમાત્ર ફરક પડવાનો નહોતો.'

'નમકહરામ' વખતે તો અમિતાભ બચ્ચનને ખબર હતી કે શું ચાલી રહ્યું છે, પરંતુ 'નો વન કિલ્ડ જેસીકા' ફિલ્મના શૂટિંગ વખતે વિદ્યા બાલને જે ટેકનિક અજમાવી હતી તેની રાની મુખરજીને ગંધ સુધ્ધાં આવી નહોતી!

અગેઈન સીન એવો હતો જેમાં તીવ્ર ઈમોશન્સ અને ગુસ્સાથી ઉકળતા સંવાદો રાની મુખરજીના ભાગે હતા અને વિદ્યા બાલને માત્ર રિ-એક્શન આપવાના હતા. તો વિદ્યા બાલને શું કર્યું? તેને અચાનક 'હસવું' આવવા લાગ્યું!

જોવાની વાત એ પણ હતી કે ફિલ્મની જે પ્રોડક્શન કંપની હતી તેના સહ-માલિક સિદ્ધાર્થ રોય કપૂર વિદ્યાના હસબન્ડ હતા. ચાલાક વિદ્યા બાલન એવું જ બતાડવાની કોશિશ કરી રહી હતી કે કોઈ કારણસર એનું હસવું રોકાઈ જ નથી રહ્યું! આમાં ને આમાં રાની મુખરજી પણ હસી પડવા લાગી! રાનીને કદાચ આખી વાત 'ફની' લાગી રહી હશે, પરંતુ હકીકત એ છે કે આના કારણે કલાકારના પરફોર્મન્સની જે 'તીવ્રતા' હોય તે એને પોતાને જ 'બનાવટી' લાગવા લાગે... અને સરવાળે જે શોટ ઓકે થાય એમાં પેલી જે સાચી લાગણીઓનો સાચો વિસ્ફોટ થતો હોય તે કેમેરામાં તો ઝિલાય જ નહીં!

મજા તો એ વાતની હતી કે ફિલ્મના પ્રમોશન વખતે બંને અભિનેત્રી હસી હસીને એ ઘટના યાદ કરી રહી હતી! શું રાની મુખરજીને ખરેખર ખ્યાલ નહીં આવ્યો હોય કે વિદ્યાએ એની સાથે કોઈ રમત કરી લીધી હતી?

અમદાવાદના ટીવી જગતમાં આવી ઘટના એક એવા માણસ સાથે બની ગઈ જે પોતાની જાતને 'અભિનેતા' માનતા હતા! આ વડીલ પાછા આમ તો સન્માનપાત્ર વ્યક્તિ હતા, પણ તે સતત એક ટીવી પ્રોડ્યુસર કમ ડિરેક્ટરની પાછળ પડ્યા હતા કે 'મને કમ સે કમ એક ચાન્સ આપો ને!' હવે એમની પ્રતિષ્ઠાને કારણે 'ના' પણ શી રીતે પાડવી?

આ માણસે સતત ફોન કરી કરીને તથા રૂબરૂમાં એટલો ત્રાસ આપ્યો હતો કે એને એકવાર પાઠ ભણાવવાનું નક્કી કર્યું. એક એપિસોડના એક જ દૃશ્ય માટે એમને માટે ખાસ જાણી જોઈને લાંબાલચક અટપટા સંવાદો લખાવવામાં આવ્યા!

શૂટિંગના દિવસે પેલા ભાઈસાહેબને ભરબપોરે તડકામાં કેમેરા સામે ઊભા રાખ્યા... અને કેમેરા સહિત આખી ટીમ વૃક્ષના છાંયડે ઊભી ...! પેલા સજ્જન જે સંવાદ બોલે તેને અધવચ્ચેથી ટોકી ટોકીને સતત ડિસ્ટર્બ કર્યે રાખ્યા!

આમ કરતાં કરતાં હાલત એ થઈ કે ભાઈશ્રી તડકામાં પરસેવે રેબઝેબ! અને બીજી તરફ ગરમીથી બચવા માટે યુનિટના તમામ સભ્યો મસ્ત ઠંડા પીણાની ચૂસકીઓ લઈ રહ્યા હતા!

આખરે, જાણે ઉપકાર કરતા હોય એમ ડિરેક્ટરે દોઢ કલાકની 'પરીક્ષા' લીધા પછી એમનો શોટ ઓકે કર્યો!

આવા તો અનેક કિસ્સાઓ છે... પણ ફરી ક્યારેક! ■

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## 'સિંઘમ અગેઈન'ની નિષ્ફળતાનો છેવટે સ્વીકાર



ગત દિવાળી દરમિયાન રોહિત શેટ્ટીના 'કોપ યુનિવર્સ'ની મહત્ત્વની ફિલ્મ 'સિંઘમ અગેઇન' આવી હતી. એના ટ્રેલર બાદ જે રીતનો હાઈપ ઊભો થયો હતો તેને સંતોષવામાં ફિલ્મ નિષ્ફળ ગઈ હતી એવું બધાએ સ્વીકાર્યું હતું, પરંતુ સિંઘમની ટીમમાંથી અત્યાર સુધી એ સત્યનો સ્વીકાર થયો હોય એવું સામે આવ્યું ન હતું.

જોકે, ફિલ્મના મુખ્ય કલાકાર અજય દેવગણે એના હાલના એક ઇન્ટરવ્યુમાં એ સ્વીકાર કર્યો છે કે એની એ ફિલ્મે ધાર્યું પરિણામ લાવ્યું નથી. અજય દેવગણે કહ્યું: 'મને ઘણા બધા લોકોએ કહ્યું છે અને આગળથી અમે ધ્યાન રાખીશું... સિંઘમની ફિલ એવી હોય છે કે એ વિલનોને જે રીતે ઘૂસી ઘૂસીને મારે છે એ (ફિલને) ફરીથી લાવીશું.'

આનો સીધો અર્થ એવો થાય છે કે 'કોપ યુનિવર્સ'નાં બધાં જ પાત્રોને 'સિંઘમ અગેઇન'માં બતાવી દેવાની લહાયમાં રોહિતભાઈથી એના મુખ્ય પાત્ર સિંઘમને જ અન્યાય થઈ ગયો હતો. પહેલા બે ભાગમાં સિંઘમ એકલો વિલનો ઉપર ભારે પડતો, પરંતુ આ વખતે કોઈ મુખ્ય મંત્રી પોતાનું કાર્ય મંત્રીમંડળમાં વહેંચી નાખે છે એ રીતે જુદાજુદા એક્ટર્સમાં વહેંચી નાખવામાં આવ્યું હતું.

બીજી તરફ, જો 'યુનિવર્સ માર્બલ'નું ઉદાહરણ લઈએ તો એ લોકો જે-તે સુપર હીરોની ફિલ્મમાં યુનિવર્સનો મેળાવડો આયોજિત નથી કરતા, પણ આ માટે એક ખાસ અલગથી ફિલ્મ બનાવે છે. રોહિત શેટ્ટી પણ હવે આવી ભૂલ નહીં કરે એવી આશા રાખીએ.

## 'કોલ્ડપ્લે' ડિઝની હોટસ્ટાર માટે હોટ...હોટ...હોટ!



બ્રિટિશ મ્યુઝિક ગ્રુપ 'કોલ્ડપ્લે' દ્વારા મુંબઈ અને અમદાવાદમાં કોન્સર્ટસનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાંથી અમદાવાદનો કોન્સર્ટ 'ડિઝની હોટસ્ટાર' એપ ઉપર લાઈવ ટેલિકાસ્ટ થયો હતો. અમદાવાદના વિશાળકાય નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં દોઢેક લાખ દર્શકોએ ભરપૂર માણ્યો, પરંતુ ભારતભરમાં લોકોએ પોતાના મોબાઈલ અને એન્ડ્રોઈડ ટીવી પર આ શોને વધાવી લીધો છે.

'કોલ્ડપ્લે'નો અમદાવાદ શો ઉપરોક્ત એપ માટે હોટ કેક બની ગયો હતો. એક સમાચાર અનુસાર આ ઈલેક્ટ્રિફાયિંગ શોને ભારતભરમાંથી ૮૩ લાખ વ્યુઝ મળ્યા હતા. આટલું જ નહીં, આટલા બધા વ્યુઝને કારણે 'ડિઝની હોટસ્ટાર'ને અધધધ કહી શકાય એટલો ૧૬.૫ કરોડ મિનિટનો વોચ ટાઈમ પણ મળ્યો છે.

અહીં આપણે એ પણ નોંધવું જોઈએ કે આ સમગ્ર કોન્સર્ટ 'ડિઝની હોટસ્ટારે' ડોલ્બી ૫.૧ની ઑડિયો ક્વોલિટી સાથે પ્રસારિત કર્યો હતો. આવી ઉચ્ચકક્ષાની સાઉન્ડ ક્વોલિટીને લીધે ઘરના લિવિંગ રૂમમાં બેઠાં બેઠાં કોન્સર્ટ જોનારને પણ સ્ટેડિયમમાં બેઠાં પોતે કોન્સર્ટ જોતો હોય એવી ફીલિંગ આવી હતી.

'ડિઝની હોટસ્ટારે' વધુ ને વધુ લોકો આ કાર્યક્રમ માણી શકે તે માટે પોતાની જાહેરાત પાછળ અઢળક ખર્ચો કર્યો હતો. આટલું ઓછું હોય તેમ એ જાહેરાત પણ ખૂબ મોંઘા બજેટમાં બનાવવામાં આવી હતી. આટલો બધો ખર્ચ કર્યા પછી જે રીતનો રિસ્પોન્સ આ એપને મળ્યો છે તે જોઈને એમ જરૂર કહી શકાય કે કોન્સર્ટના આયોજકોની જેમ જ તેને પણ બખ્ખાં થઈ ગયાં છે!

## તેલંગાણા હાઈ કોર્ટે ફટકારી ચાબુક!


દક્ષિણમાં ફિલ્મોને 'ઓડ અવર્સમાં' રિલીઝ કરવી નવી વાત નથી. રજનીકાંત જેવા સુપર સ્ટાર્સની ફિલ્મોનો ફર્સ્ટ ડે ફર્સ્ટ શો તો વહેલી સવારે ચાર વાગ્યે થતો હોય છે અને છલોછલ થઈ જતો હોય છે, પરંતુ હાલમાં 'પુષ્પા-૨'ના એક ખાસ શોમાં દુર્ઘટના બની ગઈ. આને કારણે હવે તેલંગાણા હાઈકોર્ટમાં દાખલ એક પિટિશનના નિર્ણયે તેલુગુ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં હલચલ મચાવી દીધી છે.

'પુષ્પા-૨' ઉપરાંત રામચરણની 'ગેમ ચેન્જર'માં પણ ઓડ અવર્સમાં હૈદરાબાદ અને અન્ય શહેરોમાં શો ગોઠવવામાં આવ્યા હતા.

કોર્ટે ઉપરોક્ત દુર્ઘટનાને ધ્યાનમાં લેતાં સમગ્ર તેલંગાણામાં ૧૬ વર્ષથી નીચેનાં બાળકો માટે સવારે ૧૧ પહેલાં અને રાત્રિના ૧૧ પછી થિયેટરમાં ફિલ્મ જોવા પર પ્રતિબંધ મૂકી દીધો છે.

'પુષ્પા-૨'ના ખાસ શોમાં ભાગદોડ મચી ગઈ હતી જેમાં એક સ્ત્રીનું મૃત્યુ થયું હતું અને એક બાળકને ગંભીર હાલતમાં હૉસ્પિટલ ખસેડવો પડ્યો હતો. હવે જ્યારે હાઈ કોર્ટ દ્વારા આ નિર્ણય આવી ગયો છે ત્યારે સ્ટારડમ સામે લોકોના જીવન સાથે રમત રમાવાની બંધ થવી જોઈએ એ સામાન્ય સમજણ હવે અહીંના મનોરંજન જગતને મળશે તેવી અપેક્ષા રાખી શકાય. ■

### કટ એન્ડ ઓકે..



*સ્ટાર કિડ્સને લૉન્ચ કરવાના જાણે કે સર્વ હક્ક જેમને કુદરતે આપ્યા છે (એવું પોતે માને છે) એવા કરણ જોહર હવે સૈફ અલી ખાન અને અમ્રિતા સિંહના પુત્ર ઈબ્રાહીમ અલી ખાનને બહુ જલદીથી બોલિવૂડમાં 'લૉન્ચ' કરશે!*

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# મહાકુંભ તથા મૂવીઝનો અનેરો સંગમ

## કુંભના મેળાવડાનું સિનેમામાં મહત્ત્વ


**સિનેમા** સમાજનું જ દર્પણ છે એમ કહેવાય છે. અત્યારે વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો એટલે કે ૧૨ વર્ષે આવતો મહાકુંભનો મેળો પ્રયાગરાજમાં ચાલી રહ્યો છે. સમાજની કેટલીય નાની બાબત પણ જ્યારે ફિલ્મ્સમાં, તેના કિરદારોમાં દેખાઈ આવતી હોય છે ત્યારે મહાકુંભ સિનેમામાંથી બાકાત કેમ હોઈ શકે! પાછલી સદીની અનેક ફિલ્મ્સમાં વત્તા ઓછા અંશે કુંભની હાજરી દર્શકોએ માણી છે. આવડા મોટા મેળામાં લોકો પોતાના પરિવારથી વિખૂટા પડી જાય તેવી ઘટનાઓ ઘણી બનતી હતી. બહેતર વ્યવસ્થાના કારણે હવે એવા કિસ્સાઓ ઓછા બને છે, પણ આ વખતે પણ 'ખોયા-પાયા કેન્દ્ર' કુંભ મેળામાં છે જ અને લોકોને તેની જરૂર પણ પડે જ છે. જૂની ફિલ્મ્સમાં જ્યારે પહેલાના કુંભનો આધાર હોતો ત્યારે તો આપણે એવાં દ્રશ્યો જોયા કે સંવાદમાં સાંભળ્યું જ છે કે લોકો મેળામાં ખોવાઈ ગયાં હોય અને પછી વર્ષો પછી એમનો એકબીજા સાથે મેળાપ થાય.


ભારતીય સિનેમામાં કુંભ મેળાનું મહત્ત્વ અનેક રીતે જોવા મળતું રહ્યું છે. કુંભ મેળામાં વિખૂટા પડેલા લોકોની વાર્તાની વાત હોય ત્યારે મનમોહન દેસાઈની 'અમર અકબર એન્થની' (૧૯૭૭) સૌથી પહેલા યાદ આવે. બચપણમાં જ કુંભના મેળામાં ત્રણ ભાઈ માતા-પિતાથી અલગ થઈ જાય છે. અને ત્રણે અલાગ -અલગ જગ્યાએ ઉછરે છે. અમર હિન્દુ પરિવારમાં, અકબર મુસ્લિમ પરિવારમાં તો એન્થની ખ્રિસ્તી પરિવારમાં. મોટા થઈને ત્રણેનો ભેટો થાય છે અને ફિલ્મના અંતે પરિવાર એક થાય છે. આ પ્રકારનો ડ્રામા મનમોહન દેસાઈનો દિગ્દર્શક તરીકે પસંદગીનો હતો. અને કુંભ મેળો એટલે તો માનવજાતનો સૌથી મોટો મેળો એટલે ત્યાં સાચે જ આવી બનતી ઘટનાનો સહારો ફિલ્મમેકર્સ ન લે તો જ નવાઈ.











૧૯૪૩માં પણ મહબૂબ ખાન દિગ્દર્શિત 'તકદીર'માં ય આમ જ કુંભમેળામાં નોખી પડી ગયેલી બે વ્યક્તિની વાત છે. પપ્પુ નામનો એક છોકરો અને શ્યામા નામની એક છોકરી મેળામાં નોખા પડીને પછી એકબીજાને શોધતા રહે છે. બંને આખરે તકદીર (અને સ્ક્રિપ્ટ માં પણ! ) લખ્યું હોય છે એટલે મળી જાય છે. ૧૯૯૧માં રિલીઝ થયેલી તુકારામ કાટે દિગ્દર્શિત ફિલ્મ 'કુંભ કી કસમ'ના તો નામમાં પણ કુંભ આવી જતું હતું. આ ફિલ્મમાં મેળાનો ભાગ્ય અને ભાવ સાથે કેટલો સંબંધ છે એ દર્શાવવાનો પ્રયાસ થયો છે. ભાઈ-બહેન આ ફિલ્મમાં પણ જુદા પડી જાય છે અને આખરે મળી જાય છે.

અમુક ફિલ્મ્સમાં કુંભમેળો બાહ્ય નહીં આંતરિક સફરનો હિસ્સો પણ છે, જેમ કે ૧૯૫૪માં રિલીઝ થયેલી એમ. એસ. યુસુફ દિગ્દર્શિત 'અધિકાર'માં કુંભમેળામાં કોઈ સભ્ય નોખું નથી પડી જતું, પણ વ્યક્તિના વૈચારિક દ્રષ્ટિકોણનો આધાર મેળાને રખાયો છે.

કુંભના મેળામાં નોખા પડી ગયેલા પાત્રોનો પાછો ભેટો થાય ત્યારે પણ આપણે હૃદયસ્પર્શી દ્રશ્યો જોયા છે. અત્યારે કદાચ હાસ્યાસ્પદ લાગે, પણ કોઈ જૂની તસવીર, લૉકેટ, તાવીજ કે છૂંદણાં (ટેટૂ) થકી એકબીજાને વર્ષો પછી પણ ઓળખી લેતા પાત્રો આંખ છલકાવી જતાં હતાં.

'મેલા' ફિલ્મમાં પણ કુંભમેળા અને બે ભાઈઓની અલગ થઈ જવાની વાત છે. ના, આમિર ખાન-ફૈઝલ ખાન અભિનીત 'મેલા' નહીં, આ તો છેક ૧૯૭૧ની પ્રકાશ મેહરા દિગ્દર્શિત 'મેલા'ની વાત છે. આ ઉપરાંત ૧૯૬૭ની દિલીપ કુમાર અભિનીત 'રામ ઔર શ્યામ', ૧૯૫૦ની 'કુંભ કે મેલે', ૧૯૭૫ની 'ધર્માત્મા' જેવી અનેક જૂની ફિલ્મ્સમાં કુંભનો મેળો વાર્તામાં મહત્ત્વના હિસ્સા તરીકે જોવા મળે છે. એ જ રીતે, કુંભમેળાથી પ્રેરિત અલગ થઈને પાછા ભેગા થવાની થીમ પર 'કિસ્મત' (૧૯૪૩), 'શોલા ઔર શબનમ' (૧૯૬૧), 'સીતા ઔર ગીતા' (૧૯૭૨) વગેરે અનેક ફિલ્મ્સ બની છે.

ફક્ત ભારતીય સિનેમા જ નહીં, વૈશ્વિક સિનેમાને પણ કુંભમેળામાં રસ પડ્યો છે. ૨૦૦૪માં નિક ડે અને મોરિઝિયો બેનાઝોની દિગ્દર્શક જોડીએ 'શોર્ટ કટ ટુ નીરવાનાઃ કુંભ મેલા' નામની એક દસ્તાવેજી ફિલ્મ બનાવી હતી. આ દસ્તાવેજી ફિલ્મમાં ૨૦૦૧ના કુંભમેળાને આવરી લેવાયો હતો. અમેરિકા અને કેનેડાથી આવેલા ચાર પ્રવાસીઓના ભારત આવીને કુંભમેળામાં એમને થયેલા અનુભવોને આ ફિલ્મમાં સમાવી લેવામાં આવ્યા છે.

આ ઉપરાંત ફેરિસ કેરમાની નામના દિગ્દર્શકે ૨૦૧૩માં એ વખતના કુંભમેળાને આવરી લેતી 'કુંભ મેલાઃ ધ ગ્રેટેસ્ટ શો ઓન અર્થ' નામની ટીવી ફિલ્મ બનાવી હતી. આ પણ એક દસ્તાવેજી ફિલ્મ જ હતી અને કુંભ મેળાના અનુભવ અને અસરને તેમાં આવરી લેવાનો પ્રયાસ હતો. આ ઉપરાંત ગુજરાતી મૂળના ફિલ્મમેકર પાન નલિન કે જેમની ફિલ્મ 'છેલ્લો શો' ઓસ્કર્સની શોર્ટલિસ્ટની યાદી સુધી પહોંચી ચૂકી હતી, એમણે પણ કુંભમેળા પર 'ફેઈથ કનેક્શન્સ' નામની ફિલ્મ ૨૦૧૩માં બનાવીને રિલીઝ કરી હતી. આ ઉપરાંત ૨૦૦૪ની નદીમ ઉદ્દીન દિગ્દર્શિત 'કુંભ મેલાઃ સૉંગ્સ ઓફ ધ રિવર' ફિલ્મ પણ આ યાદીમાં સામેલ કરી શકાય. આ વખતના મેળા પછી ફરી ફિલ્મ્સમાં મહાકુંભનો કેવો અને કેટલો ઉલ્લેખ થાય છે એ જોવું રહ્યું! ■

**લાસ્ટ શોટ**

*'કુંભ કે મેલે મેં જો ખો ગયા, ઉસે ફિર સે ઢૂંઢ પાના મુશ્કિલ હૈ, લેકિન યાદે વો હંમેશાં સાથ રહતી હૈ! - લક્ષ્મી (૨૦૨૦) ફિલ્મનો સંવાદ!*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ સંગીતકારોએ પોતે કયું ગીત પ્રથમ ગાયુ હતું?**


૧) અનુ મલ્લિક
૨) વિશાલ દદલાની
૩) હિમેશ રેશમિયા
૪) રાહુલ દેવ બર્મન
૫) રૂપ કુમાર રાઠોડ
૬) એ આર રેહમાન
૭) શાંતનું મોઈત્રા



## ક્વિઝ (બ)

**આ ફિલ્મના હીરો તથા એના બીજા બે સગા ભાઈનાં નામ જાણો છો?**

૧) અપરાધ
૨) ગાઈડ
૩) પ્રેમ ગ્રંથ
૪) ઝૂમરું
૫) રેડી
૬) તેઝાબ
૭ ) આશિકી




જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ફિલ્મનામા
નરેશ શાહ

# યે સબ આઈને જૂઠે હૈ, યે સબ શીશે ફરેબી હૈ...

## કવિ-ગીતકાર મનોજ મુંતશિરના ભાવવિશ્વમાં એક લટાર

*મૈને ગલતી કી, તુમ મત દોહરાના,*
*મૌસમ કા હાલ ઉસે મત સુનાના*
*જો તુમ્હારે લિયે રોઝ ભાગતા રહા*
*સર્દી ક્યા, ગરમી ક્યા, ધૂપ ક્યા, છાયા ક્યા*
*જિસકી જિંદગીભર કી કમાઈ તુમ હો*
*ઉસ સે મત પૂછના કિ તુમને કમાયા ક્યા?*

આ શબ્દો કવિ-ગીતકાર મનોજ મુંતશિરના છે, જેમાં પિતા માટેના ઝઝબાત બયાન થાય છે. ૧૪૦થી વધુ હિન્દી ફિલ્મોનાં ગીતો લખી ચૂકનારા મનોજ મુંતશિરની અટક 'શુક્લા' છે. 'મુંતશિર' એમનું તખલ્લુસ છે. હિન્દીમાં તેનો અર્થ 'વેરવિખેર' અથવા 'વેરણછેરણ' જેવો થાય છે.

મનોજ મુંતશિરે અનેક યાદગાર ગીતો લખ્યાં છે, પણ 'કેસરી' ફિલ્મના આ ગીતે એમને અમરત્વ બક્ષી દીધું છેઃ

*તેરી મિટ્ટી મેં મિલ જાવા, ગૂલ બન કે મૈં ખિલ જાવા...*

'કેટલાંક વરસો પહેલાં મને એવો ભ્રમ હતો કે હું જે લખું છું, એ લખાણની માલિકી મારી છે પણ હવે સચ્ચાઈ સમજી ચૂક્યો છુંઃ મારા શબ્દોના બે જ કોપીરાઇટ્સ છેઃ એક ઈશ્વરના અને બીજા તમારા (વાચકના)...

આવું કહેનારા મનોજ મુંતશિરનો જન્મ ઉત્તરપ્રદેશના ગૌરીગંજમાં થયો હતો, પણ મુંબઈ આવ્યા પછી સ્ટ્રગલના સમયમાં કેટલુંય અઘટિત એમની સાથે બનેલું, મુલુંડમાં એક રૂમમાં ભાડે રહેતાં હતાં અને ભાડું ન ચૂકવી શકવાના કારણે એમનો સામાન અને હસ્તલિખિત લખાણોવાળા કાગળો મધરાતે રસ્તા પર ફેંકી દેવામાં આવ્યા હતાં. બદહવાસ થઈને એમણે રસ્તા ઉપર ઉડતાં એ કાગળો સમેટવા દોટ મૂકેલી ત્યારે અનેક વાહનચાલકોએ એમને ગાળો પણ આપી હતી. એમની શરૂઆત ટેલિવિઝનથી થઈ. ટેલિવિઝન માટે લખીને ખૂબ કમાયા. ભાડાંને કારણે ફૂટપાથ પર ફેંકી દેવાયેલાં મનોજ મુંતશિર ટીવીની કમાણીમાંથી જ મુંબઈમાં ત્રણ ત્રણ ફલેટના માલિક બન્યા, પણ એમને ધરતી પર કાયમ પત્ની નીલમે જ રાખ્યાં. ટેલિવિઝનની માતબર કમાણીથી ઉત્તેજીત મનોજે એક વખત પત્નીને કહ્યું કે 'હું મર્સીડિઝ ખરીદવા જઈ રહ્યો છું.'

પત્ની નીલમે તરત કહ્યુંઃ 'તમે શું ખરેખર એવું નામ કમાયા છો કે મર્સીડિઝમાં ફરો તો તે તમને શોભે?'

પત્નીનો આ વાસ્તવવાદી ટોણો સાંભળ્યા પછી મનોજ મુંતશિરને અભિપ્રેત થયું કે ટેલિવિઝન પર કામ કરવાથી પૈસા મળ્યા છે, પણ નામ કે ચહેરાથી કોઈ ઓળખતું નથી અને... મનોજ મુંતશિરે સિનેમા તરફ ધ્યાન આપવાનો મક્કમ નિર્ણય લીધો.



આજે તો એ ફિલ્મી ગીત ઉપરાંત રિયાલિટી શોમાં પ્રેઝેન્ટર તરીકે ચમકવાના કારણે જાણીતો ચહેરો બની ગયા છે. જાણીને નવાઈ લાગશે કે મનોજ મુંતશિરને 'પારલે-જી'ના બિસ્કિટ જગતના સૌથી સ્વાદિષ્ટ બિસ્કિટ લાગે છે. આજે ય પત્ની નીલમ ચાની સાથે પારલે-જીના બે બિસ્કિટ તેમની સામે ટ્રેમાં મૂકે છે. બેશક, પ્રભાસની ફિલ્મ 'આદિપુરુષ'ના કો-રાઇટર અને ડાયલોગ રાઇટર તરીકે મનોજ મુંતશિર પર માછલાં ધોવાયા હતાં. પહેલી વખત (સફળ થયા પછી) મનોજે ત્યારે ભીંતસરસા થઈ ગયા હોવાનું અનુભવ્યું હતું પછી જાહેર માફી પણ માગી હતી, છતાં એક સફળ ગીતકાર અને કવિ તરીકે મનોજ મુંતશિરના ભાવવિશ્વમાં લટાર મારવા જેવી છે.

મનોજ લખે છે, 'સચ્ચાઈ તો એ છે કે હું (શાયર, કવિ, ગીતકાર, લેખક, સ્પિકર, સેલિબ્રિટી નથી પણ) એક ધડકતું હૃદય છું, એવું હૃદય, જે બધા હૃદયની જેમ ખુશ થાય છે, ઉદાસ થાય છે, ક્યારેક આશાઓથી છલકાઈ જાય છે તો ક્યારેક હિમ્મતનું દરેક ટીપું નિચોવાઈ ગયા પછીનું ખાલીપણું પણ જીરવે છે. જો તમે મારામાં મહાનતાના કોઈ લક્ષણ શોધી રહ્યાં છો તો તમે નિરાશ જ થશો, કારણ કે મારામાં 'મહાન' કશુંય નથી અને 'મામૂલી' બધું જ છે. હું એવો મામૂલી છું કે આજે પણ નવું ગીત લખતી વખતે મારી આંગળીઓ કાંપે છે. ડર લાગે છે કે આ વખતે હું 'સારું' નહીં લખી શકું...

'ટીવી શોઝ માટેનો બુલાવો આવે છે તો ક્યારેય પહેલે ધડાકે 'હા' નથી પાડતો. દેશ-દુનિયાના મંચ પરથી મારું નામ બોલાય તો સ્ટેજ પર જતાં પહેલાં આજે ય મારા પગ ધ્રુજે છે... આ બધું એટલે થાય છે કે શબ્દ અને વાણીને હું મારી 'સંપત્તિ' નહીં પ્રકૃતિએ આપેલો 'સુપરપાવર' માનું છું. આ પાવર રિવર્સિબલ છે એટલે કે ગમે ત્યારે (આ સુપરપાવર) પાછો લઈ લેવામાં પણ આવશે!'


ઈમાનદારીથી પોતાની કળાનું પણ બાષ્પિભવન થઈ જવાનું સ્વીકારતા મનોજ મુંતશિર કહે છે કે, 'મારામાં આત્મવિશ્વાસની ભારોભાર ઊણપ છે, કારણ કે આત્મવિશ્વાસ પોતે કમાયેલાં ધન પર કે ખરીદેલી જાયદાદ પર કે ગાડી બંગલા પર હોઈ શકે છે, પણ એ દૌલત (કળા)નો શું ભરોસો, જે ઉપરવાળાએ તમારા પર વરસાવી છે. કાલે મૌસમ બદલાઈ શકે છે. વરસવું બંધ પણ થઈ શકે છે.!' ■

ફોકસ પ્લસ
નિધિ ભટ્ટ


## સોમનાથના ભવ્ય ઈતિહાસ પર પ્રકાશ પાડશે ફિલ્મઃ

# કેસરી વીરઃ લેજેન્ડ ઑફ સોમનાથ

સૂરજ પંચોલી, સુનીલ શેટ્ટી અને વિવેક ઓબેરોય તેમની આગામી ફિલ્મ 'કેસરી વીરઃ લેજેન્ડ ઑફ સોમનાથ' માટે પહેલી વાર સાથે કામ કરવા માટે તૈયાર છે. આ ઐતિહાસિક ફિલ્મ ૧૪મી સદીમાં પ્રખ્યાત સોમનાથ મંદિરનું રક્ષણ કરવા માટે બહાદુરીથી લડનારા ગુમ થયેલા યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપે છે. પ્રિન્સ ધીમન દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મનું નિર્માણ કનુ ચૌહાણ દ્વારા ચૌહાણ સ્ટુડિયો હેઠળ કરવામાં આવશે. આ સ્ટાર ત્રિપુટી ઉપરાંત, આગામી ફિલ્મમાં આકાંક્ષા શર્મા પણ મુખ્ય ભૂમિકામાં છે. જેમ જેમ ઉત્તેજના વધતી જાય છે, 'કેસરી વીરઃ લેજેન્ડ ઑફ સોમનાથ'ના નિર્માતાઓ ટૂંક સમયમાં ફિલ્મનું પહેલું પોસ્ટર રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યા છે.


સુનીલ શેટ્ટી


વિવેક ઓબેરોય


સૂરજ પંચોલી


આ ફિલ્મનું મુખ્ય પાત્ર સૂરજ પંચોલી છે, જે વીર હમીરજી ગોહિલની ભૂમિકા ભજવશે. દરમિયાન, વિવેક ઓબેરોય નકારાત્મક ભૂમિકામાં જોવા મળશે - તુઘલક રાજવંશનો મુખ્ય સૈનિક, જે મંદિર લૂંટવા, તેનો નાશ કરવા અને હિન્દુઓને મુસ્લિમ બનાવવા આવે છે. બીજી તરફ, સુનિલ શેટ્ટી એક પાત્ર ભજવે છે જે મંદિરને બચાવવામાં મદદ કરે છે. સૂરજે તેની ભૂમિકામાં પ્રામાણિકતા ઉમેરવા માટે તલવારબાજી અને ઘોડેસવારીની તીવ્ર તાલીમ લીધી હતી. આ ઉપરાંત, બાયોપિકમાં ઘણા હાઇ-ઓક્ટેન એક્શન સિક્વન્સનો પણ સમાવેશ થાય છે. ફિલ્મનું શૂટિંગ ભવ્ય સેટ પર કરવામાં આવ્યું છે અને તેના થીમને વધારવા અને તેની ભવ્યતામાં ઊંડાણ ઉમેરવા માટે મહેલોને ફરીથી બનાવવામાં આવ્યા છે.

વધુમાં, એવી ચર્ચા છે કે સૂરજ પંચોલીએ ફિલ્મના પ્રખ્યાત સોમનાથ મંદિર સાથેના જોડાણને કારણે માંસાહારી ખોરાક ખાવાનું છોડી દીધું છે. પડકારજનક ભૂમિકા ભજવવા માટે અતૂટ સમર્પણ સાથે, અભિનેતા પોતાની ચુંબકીય સ્ક્રીન હાજરી, શક્તિશાળી સંવાદ વિતરણ અને પીરિયડ ડ્રામામાં અભિનયથી થિયેટરોને સ્ટેડિયમમાં ફેરવવા માટે સૌથી વધુ માગવામાં આવતા કલાકારોમાંના એક તરીકે પોતાને મજબૂત બનાવવા માટે તૈયાર છે. ફિલ્મને લઈને ઉત્સાહ ખૂબ જ વધી ગયો છે, અને આ વચ્ચે, નેટીઝન્સ ટૂંક સમયમાં 'કેસરી વીરઃ લેજેન્ડ ઑફ સોમનાથ'માં સૂરજ પંચોલીના લુકને જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે! ■

# એક તરફ વિરાટ અને બીજી બાજુ વડા પ્રધાન મોદી!

## ▶ દિલ્હીમાં બહુ ઓછા પ્રેક્ષકો રણજી મૅચ જોવા આવતા હોય છે, પણ આજે ૧૫,૦૦૦ લોકો કિંગ કોહલીને જોવા ઊમટી પડતાં નાસભાગ થઈ






એકલા વિરાટ કોહલીએ રણજી ટ્રોફીની મૅચ જોવાની લોકોમાં માનસિકતા જ બદલી નાખી છે એમ કહી શકાય. તેની બૅટિંગ જોવા આજે ફરી હજારો લોકો દિલ્હીના સ્ટેડિયમ પર ધસી આવશે.



**રેલવેના બોલર્સનું આજે આવી બન્યું:** વિરાટ કોહલી બાર વર્ષે ફરી રણજીમાં રમવા આવ્યો છે. (પીટીઆઇ)

નવી દિલ્હી: અહીં ગઈ કાલે સવારે દિલ્હીની રેલવે સામેની ચાર-દિવસીય રણજી ટ્રોફી મૅચ જોવા માટે એકલા વિરાટ કોહલીને જોવા માટે હજારો લોકો (અંદાજે ૧૫થી ૧૬ હજાર લોકો) ઊમટી પડતાં નાસભાગના બનાવો બન્યા હતા અને વ્યવસ્થા જાળવવા બાબતમાં સલામતી રક્ષકો માટે મોટી કસોટી થઈ ગઈ હતી. અરુણ જેટલી સ્ટેડિયમમાં વિરાટને રમતો જોવા સવારે પાંચ વાગ્યાથી લોકો સ્ટેડિયમની બહાર આવી ગયા હતા. સવારે ૯.૦૦ વાગ્યે ટૉસ થયા પછી ૯.૩૦ વાગ્યે મૅચ શરૂ થવાની હતી એવામાં તો હજારોની સંખ્યામાં લોકો આવી ગયા હતા. બીજી તરફ, સ્ટેડિયમની બહારના રોડ પર એ જ સમયે (લોકોની ધક્કામુક્કીના બનાવ વખતે) વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કારનો કાફલો પસાર થઈ રહ્યો હોવાથી સ્થિતિ ખૂબ જ જટિલ અને નાજુક થઈ ગઈ હતી.

વિરાટ કોહલી ૧૨ વર્ષે ફરી રણજી ટ્રોફીમાં રમી રહ્યો છે. છેલ્લે તે ૨૦૧૨ની સાલમાં દિલ્હી વતી રણજીમાં રમ્યો હતો.

પીએમ મોદીએ દિલ્હી વિધાનસભાની પાંચમી ફેબ્રુઆરીની ચૂંટણી માટેનો પ્રચાર શરૂ કરી દીધો છે અને ગઈ કાલે સવારે દિલ્હીના ક્રિકેટ સ્ટેડિયમમાં પ્રવેશવા હજારો લોકોનો ધસારો થયો હતો અને અસંખ્ય લોકો રસ્તા પર ઊભા હતા એ જ સમયે મોદીની વીઆઇપી કારનો લાંબો કાફલો પાસ થવાનો હોવાથી માર્ગો પર સામાન્ય જનતા માટે ઘણા નિયંત્રણો હતા એટલે ગંભીર સ્થિતિમાં સલામતી રક્ષકોએ વ્યવસ્થા જાળવવાની બાબતમાં મોટી પરીક્ષામાંથી પસાર થવું પડ્યું હતું.

દિલ્હી ઍન્ડ ડિસ્ટ્રિક્ટ્સ ક્રિકેટ ઍસોસિયેશન (ડીડીસીએ)ના સૂત્રોએ પીટીઆઇને આપેલી માહિતી મુજબ સામાન્ય રીતે રણજી મૅચ જોવા બહુ ઓછા ક્રિકેટપ્રેમીઓ આવતા હોય છે, પરંતુ ૩૬ વર્ષીય કિંગ કોહલીને રમતો જોવા હજારોની સંખ્યામાં લોકો વહેલી સવારથી સ્ટેડિયમ પર આવી રહ્યા હતા. પરિણામે, સ્ટેડિયમમાં બેસવા માટે વહીવટકારોએ તાબડતોબ (યુદ્ધના ધોરણે) સીટની વ્યવસ્થા કરવી પડી હતી.

સામાન્ય રીતે દિલ્હીમાં રણજી ટ્રોફી જેવી ડોમેસ્ટિક મૅચ જોવા આવનારને વિનામૂલ્યે સ્ટેડિયમમાં પ્રવેશ આપવામાં આવે છે. આ મૅચમાં 'ટૉક ઑફ ધ ટાઉન' કિંગ કોહલી આવવાનો હોવાથી અંદાજે ૧૦,૦૦૦ લોકો આવી ચડ્યા હતા જેમાં ભાગદોડની ઘટનામાં એક સલામતી રક્ષક સહિત કેટલાક લોકોને ઈજા પહોંચી હતી તેમ જ પોલીસની બાઇકને નુકસાન પણ થયું હતું. જોકે દિલ્હી પોલીસના નિવેદનમાં જણાવાયું હતું કે કોઈને પણ ઈજા નહોતી થઈ.

કોહલીની હાજરીનો જાદુ એવો હતો કે ઘણા લોકો પરિવાર સાથે આવી ચડ્યા હતા. સત્તાધીશોએ પહેલાં તો ૬,૦૦૦ સીટની ક્ષમતાવાળા 'ગૌતમ ગંભીર સ્ટૅન્ડ' માટેનો ગેટ ખોલ્યો હતો. જોકે ક્રાઉડને સંભાળવું કાબૂ બહારની વાત થઈ જશે એવું ધારીને 'બિશનસિંહ બેદી' સ્ટૅન્ડ તરફનો દરવાજો પણ ખોલી નાખવામાં આવ્યો હતો, કારણકે એ સ્ટૅન્ડમાં ૧૧,૦૦૦ પ્રેક્ષકોને સમાવી શકાય એટલી જગ્યા છે.

મેદાન ખાતે હાજર ભારતના એક ભૂતપૂર્વ ખેલાડીએ પીટીઆઇને કહ્યું હતું કે 'હું રણજી ટ્રોફી રમતો ત્યારે પણ મેં રણજી મૅચ માટે આટલો બધો ધસારો ક્યારેય નહોતો જોયો. એ તો ઠીક, પણ ત્યારે ડોમેસ્ટિક મૅચ જોવા ભાગ્યે જ કોઈ આવતું હતું. કોહલીનો પ્રભાવ અને લોકપ્રિયતા તો જુઓ, એકલા તેને જોવા માટે હજારોની સંખ્યામાં પ્રેક્ષકો આવી ગયા!'

ડીડીસીએના સેક્રેટરી અશોક શર્માએ પીટીઆઇને જણાવ્યું હતું કે 'હું ૩૦ વર્ષથી દિલ્હી ક્રિકેટ સાથે સંકળાયેલો છું, પણ એક રણજી મૅચ માટે આટલો બધો ધસારો તો મેં પહેલી જ વાર જોયો. આ જ બતાવે છે કે કોહલીની લોકપ્રિયતા હજીયે સર્વોત્તમ છે.' ■

### 'કોહલી...કોહલી'ની બૂમો પડી, દરેક હિલચાલ પર ચાહકો આફરીન, એક યુવાન પગે લાગ્યો

દિલ્હીના સ્ટેડિયમમાં ગઈ કાલે હજારો લોકોને રણજી મૅચમાં કોણ કેવું રમે એના કરતાં માત્ર વિરાટને જોવામાં જ રસ હતો. વિરાટ ફીલ્ડિંગ કરી રહ્યો હતો અને જેવો બાઉન્ડરી લાઇનની નજીક આવતો એટલે લોકો 'કોહલી...કોહલી'ની બૂમો પાડતા હતા. વિરાટ પણ પોતાની સ્ટાઇલમાં તેમનું મનોરંજન કરતો હતો. પ્રેક્ષકો ફીલ્ડિંગ કરી રહેલા વિરાટની દરેક હિલચાલ પર નજર રાખતા હતા અને તેને ચિયર-અપ કરતા હતા. એક યુવાન ક્રિકેટપ્રેમી સલામતી કવચ ભેદીને મેદાન પર દોડી ગયો હતો અને વિરાટને પગે લાગ્યો હતો. થોડી જ વારમાં રક્ષકો તેને મેદાનની બહાર લઈ ગયા હતા.

સ્ટેડિયમમાં પ્રેક્ષકોને મફતમાં એન્ટ્રી મળી હતી. ચાર બાળકોનું ગ્રૂપ સ્કૂલમાં જવાનું ટાળીને વિરાટને જોવા સ્ટેડિયમમાં આવ્યા હતા. મેદાનની બહાર તેમને પત્રકારે પૂછ્યું કે દિલ્હીના કૅપ્ટન આયુષ બદોનીએ ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી છે એટલે તમને વિરાટની બૅટિંગ જોવાનો મોકો નહીં મળે એટલે તમે નિરાશ નથી થયા? જવાબમાં એક બાળકે કહ્યું કે 'કોઈ વાંધો નહીં, અમે તેને ફીલ્ડિંગ કરતો જોઈશું.'

### આજે કોહલીની બૅટિંગ, ફરી હજારો લોકો આવશે

રેલવેની ટીમ દિલ્હીના બોલર નવદીપ સૈનીની ત્રણ અને સુમિત માથુરની ત્રણ વિકેટને પગલે ગઈ કાલે પ્રથમ દાવમાં ૨૪૧ રને ઑલઆઉટ થઈ ગયા બાદ દિલ્હીએ એક વિકેટે ૪૧ રન બનાવ્યા હતા. સનત સંગવાન નવ રને અને યશ ધુલ ૧૭ રને રમી રહ્યો હતો. વિરાટ કોહલી મોટા ભાગે ચોથા નંબરે બૅટિંગમાં આવશે અને આજે તેની બૅટિંગ આવવાની હોવાથી ફરી હજારોની સંખ્યામાં લોકો દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં આવશે એમાં કોઈ શંકા નથી.

### ૨૦૧૩માં હરિયાણામાં સચિનને જોવા ધસારો થયેલો

મનપસંદ દિગ્ગજ ક્રિકેટરને જોવા અચાનક જ અને ધારણાની બહાર પ્રેક્ષકોનો ધસારો થયો હોવાની આ પહેલી ઘટના નથી. ૨૦૧૩માં સચિન તેન્ડુલકર હરિયાણાના લાહલી નામના નાના નગરના મેદાન પર અંતિમ ફર્સ્ટ-ક્લાસ મૅચ રમવાનો હતો ત્યારે તેને જોવા માટે આશરે ૮,૦૦૦ લોકો આવી ગયા હતા.

સચિન તેન્ડુલકર આંતરરાષ્ટ્રીય કારકિર્દીની અંતિમ મૅચ નવેમ્બર ૨૦૧૩માં વાનખેડે સ્ટેડિયમમાં રમ્યો હતો. વેસ્ટ ઇન્ડિઝ સામેની એ ટેસ્ટમાં સચિને પ્રથમ દાવમાં ૭૪ રન બનાવ્યા હતા. ■

# ક્રિકેટમાં ઈંગ્લૅન્ડ સામે ભારતની આજે એક જ દિવસમાં બે ટક્કર

## ▶ બપોરે ૧૨.૦૦ વાગ્યાથી ગર્લ્સ અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં સેમિ ફાઈનલ અને સાંજે ૭.૦૦થી પુણેમાં સૂર્યા-બટલરની ટીમ વચ્ચે ચોથી ટી-૨૦

પુણે/ક્વાલાલમ્પુર: ભારતીય પુરુષ ક્રિકેટરોના ઘરઆંગણે ઇંગ્લૅન્ડ સામે ટી-૨૦ મુકાબલા ચાલી રહ્યા છે અને ત્યાર બાદ વન-ડેમાં પણ ટક્કર થશે એ જોતાં હજી મહિના સુધી ક્રિકેટ જગતમાં ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેનો ક્રિકેટ-રોમાંચ છવાયેલો રહેશે. આટલું જાણે પૂરતું ન હોય એમ મહિલા ક્રિકેટમાં પણ ભારત-ઇંગ્લૅન્ડની ટક્કર થવા જઈ રહી છે. આ મુકાબલામાં ભારતની ગર્લ્સ ટીમ વિજય મેળવવા માટે ફેવરિટ ગણાય છે.

વાત એમ છે કે આજે એક તરફ પુણેમાં સૂર્યકુમાર યાદવના સુકાનમાં ટીમ ઇન્ડિયાની જૉસ બટલરની બ્રિટિશ ટીમ સામે ચોથી ટી-૨૦ રમાશે. ભારતીય ટીમ પાંચ મૅચની શ્રેણીમાં ૨-૧થી આગળ છે અને હવે પુણેમાં પણ વિજય મળી જશે તો સિરીઝની ટ્રોફી ભારતના કબજામાં આવી જશે. આ મૅચ સાંજે ૭.૦૦ વાગ્યે શરૂ થશે.

એ પહેલાં, આજે બપોરે ૧૨.૦૦ વાગ્યે મલયેશિયાના ક્વાલાલમ્પુરમાં ભારતની ગર્લ્સ અન્ડર-૧૯ ટીમ ટીમનો ટી-૨૦ વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડ સામે મુકાબલો શરૂ થશે. આ મુકાબલો જેવો તેવો નહીં, પણ સેમિ ફાઇનલનો છે. નિકી પ્રસાદના સુકાનમાં ભારતની વિમેન્સ ટીમ સુપર-સિક્સ રાઉન્ડની તમામ ચારેય મૅચ જીતીને સેમિ ફાઇનલમાં પહોંચી છે, જ્યારે ઇંગ્લૅન્ડે ચારમાંથી બે મૅચ જીતી હતી, પરંતુ એની બે મૅચ વરસાદને લીધે અનિર્ણિત રહી હતી.

સુપર-સિક્સ રાઉન્ડની તમામ ૧૨ ટીમમાં ભારત આઠ પૉઇન્ટ સાથે મોખરે રહ્યું છે. ૨૦૨૩માં પહેલી વાર ગર્લ્સ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપ રમાયો એમાં શેફાલી વર્માના સુકાનમાં ભારતીય ટીમ ચૅમ્પિયન બની હતી અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકે આ સ્પર્ધામાં ભારત રમી રહ્યું છે.

ભારતીય ટીમે અત્યાર સુધીમાં આ ટૂર્નામેન્ટની બધી મૅચોમાં હરીફ ટીમને કચડીને વિજય પ્રાપ્ત કર્યો છે, જ્યારે ઇંગ્લૅન્ડની ટીમ બે મૅચ માંડ-માંડ જીતી હતી.

ગ્રૂપ-સ્ટેજમાં ભારતે વેસ્ટ ઇન્ડિઝ, મલયેશિયા અને શ્રીલંકાને હરાવ્યું હતું, જ્યારે સુપર-સિક્સમાં બાંગ્લાદેશ અને સ્કૉટલૅન્ડ સામે આસાન વિજય મેળવ્યો હતો. ભારતની ટીમમાં ઐતિહાસિક સેન્ચુરી નોંધાવી ચૂકેલી ઓપનર જી. તૃષા, બીજી ઓપનર જી. કમલિની તેમ જ અન્ય બૅટર્સ સનિકા ચળકે તેમ જ બોલિંગમાં વૈષ્ણવી, વી. જે. જોશિથા, આયુષી શુક્લા, શબનમ શકીલ, પારુણિકા સિસોદિયા, સોનમ યાદવ, અને મિથિલા વિનોદનો સમાવેશ છે.

ગર્લ્સ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપની આજની પ્રથમ સેમિ ફાઇનલ ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે (ભારતીય મુજબ સવારે ૮.૦૦ વાગ્યાથી) રમાશે અને ત્યાર બાદ ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચે બપોરે ૧૨.૦૦ વાગ્યે બીજી સેમિ ફાઇનલ શરૂ થશે. ■





ભારતની ગર્લ્સ અન્ડર-૧૯ ટીમ (એકદમ ઉપર) અને સૂર્યકુમાર ઍન્ડ કંપની (ઉપર).

# ઑસ્ટ્રેલિયાનો ૬૫૪ રનનો ઢગલો: એક ડબલ સેન્ચુરી અને બે સદી

ગૉલ: અહીં શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાએ પહેલો દાવ ૬૫૪/૬ના સ્કોર પર ડિક્લેર કર્યો હતો અને ત્યાર બાદ શ્રીલંકાની ૪૪ રનમાં ત્રણ વિકેટ લઈ લીધી હતી. ઑસ્ટ્રેલિયાને સાડાછસો રનનો ઢગલો ઓપનર ઉસમાન ખ્વાજા (૩૫૨ બૉલમાં ૨૩૨ રન), સ્ટીવ સ્મિથ (૨૫૧ બૉલમાં ૧૪૧ રન) અને જૉશ ઇંગ્લિસે (૯૪ બૉલમાં ૧૦૨ રન) કરી આપ્યો હતો.

એ ઉપરાંત ટ્રેવિસ હેડ (૫૭ રન) તથા વિકેટકીપર ઍલેક્સ કૅરી (૪૬ રન)નું પણ મહત્ત્વનું યોગદાન હતું.

પ્રભાત જયસૂર્યા અને વેન્ડરસેએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. ખ્વાજા-હેડ વચ્ચે ૯૨ રનની, ખ્વાજા-લાબુશેન વચ્ચે ૪૩ રનની, ખ્વાજા-સ્મિથ વચ્ચે ૨૬૬ રનની, ખ્વાજા-ઇંગ્લિસ વચ્ચે ૧૪૬ રનની અને કૅરી-વેબસ્ટર વચ્ચે ૫૯ રનની ભાગીદારી થઈ હતી. ■

# હૅટ-ટ્રિકમૅન શાર્દુલ, રહાણે, સિદ્ધેશે મુંબઈને પહેલા જ દિવસે મજબૂત પકડ અપાવી, જુઓ કેવી રીતે...

મુંબઈ: અહીં ગઈ કાલે બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)માં શરૂ થયેલી મેઘાલય સામેની ચાર દિવસની રણજી ટ્રોફી મૅચ (સવારે ૯.૩૦ વાગ્યાથી)માં પહેલા દિવસે મુંબઈના પેસ બોલિંગ ઑલરાઉન્ડર શાર્દુલ ઠાકુરે હૅટ-ટ્રિક સહિતનો તરખાટ મચાવ્યો હતો અને એ સાથે કુલ ચાર વિકેટ લીધી હતી જેને પગલે મેઘાલયની ટીમ પહેલા દાવમાં માત્ર ૮૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી અને પછી કૅપ્ટન અજિંક્ય રહાણે (૮૩ નૉટઆઉટ, ૧૫૨ બૉલ, એક સિક્સર, નવ ફોર) તથા સિદ્ધેશ લાડ (૮૯ નૉટઆઉટ, ૧૫૫ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર)ની અણનમ હાફ સેન્ચુરીની મદદથી મુંબઈએ બે વિકેટે ૨૧૩ રન બનાવીને ૧૨૭ રનની સરસાઈ લીધી હતી.

એક તબક્કે મેઘાલયનો સ્કોર માત્ર બે રન હતો અને એમાં તેમણે છ વિકેટ ગુમાવી દીધી હતી. છમાંથી ચાર વિકેટ શાર્દુલે લીધી હતી. તેણે ત્રીજી ઓવરમાં અનિરુદ્ધ બી., સુમિત કુમાર અને જસકીરતની ઉપરાઉપરી ત્રણ બૉલમાં વિકેટ લીધી હતી. ત્રણ વિકેટ બીજા પેસ બોલર મોહિત અવસ્થીએ અને બે વિકેટ સિલ્વેસ્ટર ડિસોઝાએ લીધી હતી.

રણજી ટ્રોફીના નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચવા મુંબઈ માટે આ મૅચ બોનસ પોઈન્ટ સાથે જીતવી ખૂબ જરૂરી છે.

શાર્દુલ ઠાકુર વર્તમાન રણજી સીઝનમાં હૅટ-ટ્રિક લેનાર રિશી ધવન પછીનો બીજો બોલર છે. તે આ સિદ્ધિ મેળવનાર મુંબઈનો પાંચમો બોલર છે. અગાઉના ચાર બોલરમાં જહાંગીર ખોત (૧૯૪૩), ઉમેશ કુલકર્ણી (૧૯૬૩), અબ્દુલ ઈસ્માઈલ (૧૯૭૩) અને રોયસ્ટન ડાયસ (૨૦૨૩)નો સમાવેશ છે.

શાર્દુલ હાલમાં જબરદસ્ત ફૉર્મમાં છે. ગયા અઠવાડિયે તેણે જમ્મુ અને કાશ્મીર સામેની મૅચમાં હાફ સેન્ચુરી અને સેન્ચુરી ફટકારી હતી છતાં મુંબઈની ટીમ એ મૅચ હારી ગઈ હતી. ■

### અન્ય રણજી મૅચોમાં શું બન્યું?

(૧) વડોદરામાં પહેલા દિવસે જમ્મુ અને કાશ્મીરને ૨૪૬ રનમાં ઑલઆઉટ કર્યા પછી બરોડાએ બે વિકેટે ૨૯ રન બનાવ્યા હતા.

(૨) અમદાવાદમાં હિમાચલ પ્રદેશને ૨૧૫ રનમાં ઑલઆઉટ કર્યા બાદ ગુજરાતે બે વિકેટે ૪૪ રન બનાવ્યા હતા.

(૩) રાજકોટમાં આસામ સામે સૌરાષ્ટ્રએ હાર્વિક દેસાઈના ૧૩૦ રન, ચેતેશ્વર પુજારાના નૉટઆઉટ ૯૫ રન અને ચિરાગ જાનીના ૮૦ રનની મદદથી ત્રણ વિકેટે ૩૬૧ રન બનાવ્યા હતા.

# પુણેમાં રિન્કુ બની ગયો રિષભ

## ▶ ફુલ્લી ફિટ રિન્કુ સિંહે પ્રૅક્ટિસમાં પંતની સ્ટાઇલમાં બૅટિંગ કરી

પુણે: ઇંગ્લૅન્ડ સામે અહીં આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) રમાનારી ટી-૨૦ સિરીઝની ચોથી મૅચમાં પિંચ-હિટર રિન્કુ સિંહ રમશે એવી પાકી સંભાવના છે. તે ફિટ છે તથા પૂર્ણપણે ઈજામુક્ત છે અને આજે પ્રૅક્ટિસ-સેશનમાં તેણે કલાકો સુધી હાજરી આપી હતી અને બૅટિંગ તેમ જ ફીલ્ડિંગ કરી હતી. ખાસ તો તેણે રિષભ પંતની સ્ટાઇલમાં શૉટ મારવાના પ્રયત્નો કર્યા હતા.

રિન્કુ પાંચ મૅચવાળી આ સિરીઝમાં કોલકાતાની પ્રથમ મૅચમાં રમ્યો હતો, પરંતુ પીઠના દુખાવાને લીધે ચેન્નઈની બીજી અને રાજકોટની ત્રીજી મૅચમાં નહોતો રમી શક્યો.

રિન્કુ સિંહે પ્રૅક્ટિસના સત્રમાં બૅટિંગમાં (સ્પિનર રવિ બિશ્નોઈના ગૂગલીમાં) રિષભ પંતની વિચિત્ર સ્ટાઇલમાં રિવર્સ લૅપ સ્કૂપ અને રિવર્સ પુલ શૉટ મારવાનો પ્રયાસ કર્યો હતો.

રિન્કુએ બિશ્નોઈની તેમ જ વરુણ ચક્રવર્તીની બોલિંગમાં ઘણા શૉટ ફટકાર્યા હતા અને પછી તે બાજુની નેટમાં ગયો હતો જ્યાં તેણે અર્શદીપ સિંહ, મોહમ્મદ શમી અને હર્ષિત રાણાની બોલિંગ સામે પણ સારી બૅટિંગ કરી હતી.

ભારતીય બૅટર્સને ઇંગ્લૅન્ડના સ્પિનર આદિલ રાશિદ સામે રમવામાં મુશ્કેલી પડતી હોવાથી શિવમ દુબેને આવતી કાલે રમવાનો મોકો મળશે તો નવાઈ નહીં લાગે.

વૉશિંગ્ટન સુંદર, બિશ્નોઈ અને ધ્રુવ જુરેલના સ્થાને અર્શદીપ સિંહ, રિન્કુ અને દુબેને રમવાનો મોકો મળી શકે. સંજુ સૅમસનનું નબળું ફૉર્મ પણ ટીમ મૅનેજમેન્ટને સતાવી રહ્યું હશે એટલે તેની પણ બાદબાકી થઈ શકે.

**ભારતની સંભવિત ટીમ:**

સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), અક્ષર પટેલ (વાઇસ-કૅપ્ટન), અભિષેક શર્મા, સંજુ સૅમસન (વિકેટકીપર), તિલક વર્મા, શિવમ દુબે/રમણદીપ સિંહ, હાર્દિક પંડ્યા, રિન્કુ સિંહ, વરુણ ચક્રવર્તી, અર્શદીપ, મોહમ્મદ શમી. ■

# પૅટ કમિન્સે ટીમ ઇન્ડિયાના દિગ્ગજોને રણજી ટ્રોફી રમતા કરી દીધા!

## ▶ રોહિત, યશસ્વી અને પંત પછી હવે રાહુલનો પણ ફ્લૉપ-શો



મુંબઈ/નવી દિલ્હી: ભારતના વર્તમાન ક્રિકેટરો (ખાસ કરીને દિગ્ગજ ટેસ્ટ ખેલાડીઓ) પાંચથી બાર વર્ષ જેટલા લાંબા સમયથી દેશની સર્વોચ્ચ ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ રણજી ટ્રોફીમાં નહોતા રમ્યા, પરંતુ તાજેતરમાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં ભારતે ખાસ કરીને ટૉપ-ઑર્ડર બૅટિંગના ફ્લૉપ-શૉને કારણે ૧-૩થી પરાજય જોવો પડ્યો અને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માંથી બાદબાકી થતી જોવી પડી એને પગલે સોશિયલ મીડિયામાં ભારતીય ખેલાડીઓની ખૂબ ટીકા થઈ જ છે, ખાસ કરીને ઑસ્ટ્રેલિયન ટીમના કૅપ્ટન પૅટ કમિન્સનું નામ લેવામાં આવી રહ્યું છે. તેના નેતૃત્વ સામે જ ટીમ ઇન્ડિયાનો પર્થની પ્રથમ ટેસ્ટ જીત્યા બાદ રકાસ થયો હતો.

મીડિયામાં કહેવામાં આવ્યું છે કે ઑસ્ટ્રેલિયાના સફળ સુકાની પૅટ કમિન્સે ટીમ ઇન્ડિયાના દિગ્ગજોને ફરી રણજી ટ્રોફી રમતા કરી દીધા છે.

ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે ૦-૩થી હાર્યા બાદ ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણીમાં ભારતનો ૧-૩થી પરાજય થયો હતો.

રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ તાજેતરમાં મુંબઈ વતી જમ્મુ અને કાશ્મીર સામેની રણજી મૅચમાં રમ્યા હતા જેમાં પણ તેઓ સારું રમવામાં નિષ્ફળ ગયા હતા. બાંદરા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી)ના મેદાન પર રમાયેલી આ મૅચમાં રોહિત ૩ તથા ૨૮ રન બનાવી શક્યો હતો, જ્યારે યશસ્વીનો સ્કોર ૪ અને ૨૬ રન હતો.

પાટનગર દિલ્હીમાં રિષભ પંત દિલ્હી વતી સૌરાષ્ટ્ર સામે રમ્યો હતો અને તે પણ ફ્લૉપ ગયો હતો. પહેલા દાવમાં તે એક રન અને બીજા દાવમાં ૧૭ રન બનાવી શક્યો હતો.

શુભમન ગિલ બેન્ગલૂરુમાં પંજાબ વતી રમ્યો હતો અને તે પહેલા દાવમાં સારું નહોતો રમી શક્યો. કર્ણાટક સામેની રણજી મૅચમાં કૅપ્ટન ગિલ ચાર રન બનાવી શક્યો હતો. જોકે બીજા દાવમાં તેણે સેન્ચુરી (૧૦૨) ફટકારી હતી એમ છતાં પંજાબે પરાજય જોવો પડ્યો હતો.

કેએલ રાહુલ પણ ઑસ્ટ્રેલિયાના નિષ્ફળ પ્રવાસનો ખેલાડી હતો. તે ગઈ કાલે પાંચ વર્ષે પહેલી વાર રણજીમાં રમ્યો છે. કર્ણાટકના રાહુલે હોમટાઉન બેન્ગલૂરુમાં આજે ૨૬ રનના પોતાના સ્કોર પર પેસ બોલર અંશુલ કમ્બોજના બૉલમાં વિકેટકીપરને કૅચ આપી દીધો હતો. ઑસ્ટ્રેલિયાના પ્રવાસેથી પાછા આવેલા ખેલાડીઓમાં માત્ર રવીન્દ્ર જાડેજા સારું રમ્યો હતો. તેણે દિલ્હી સામેની મૅચમાં કુલ ૧૨ વિકેટ લઈને સૌરાષ્ટ્રને વિજય અપાવ્યો હતો.

ઑસ્ટ્રેલિયામાં ભારતને વિજય ન અપાવી શકનાર વિરાટ કોહલીએ બાર વર્ષે ફરી રણજીમાં રમવા મેદાન પર ઊતરવું પડ્યું છે. ગઈ કાલે તેણે દિલ્હીમાં અરુણ જેટલી સ્ટેડિયમમાં રેલવે સામેની મૅચમાં હજારો ચાહકોના અભિવાદન વચ્ચે ચાર દિવસીય મૅચ રમવાની શરૂઆત કરી હતી. તેણે ઘણી પ્રૅક્ટિસ કરી છે અને હવે તેની બૅટિંગ પર સૌની નજર રહેશે. ■

# તાલિબાનની આંખ ઉઘાડવા અફઘાનિસ્તાનની મહિલા ક્રિકેટરોએ મૅચ રમવાની શરૂઆત કરી


મેલબર્ન: અફઘાનિસ્તાનમાં ૨૦૨૧ની સાલમાં તાલિબાનનું સરમુખત્યારશાહી શાસન આવ્યું એ અરસામાં દેશમાંથી નાસી ગયેલી સેંકડો મહિલા ઍથ્લીટોમાંથી ઘણી ક્રિકેટર પણ છે અને તેમણે જે ક્રિકેટ ટીમ બનાવી હતી એ ટીમ પહેલી જ વાર મૅચ રમી છે. મેલબર્નમાં આ ચૅરિટી મૅચ હતી અને એ રમીને આ મહિલા ક્રિકેટરોએ અફઘાનિસ્તાનની બહાર રહીને પણ દેશ માટે ખેલકૂદમાં નવો અધ્યાય શરૂ કર્યો છે.

નાહિદા સપન અફઘાનિસ્તાનની મહિલા ક્રિકેટ ટીમની કૅપ્ટન છે અને તેના મતે આ મૅચ અફઘાનિસ્તાનમાં સ્ત્રી-વિરોધી અભિગમમાં ફેરફાર લાવવામાં ભવિષ્યમાં પ્રેરક બનશે.

તાલિબાનના શાસન પહેલાં અફઘાનિસ્તાનની અસંખ્ય મહિલા ક્રિકેટરો દેશ છોડીને ઑસ્ટ્રેલિયામાં સ્થાયી થઈ હતી. ગઈ કાલે તેઓ ટીમ તરીકે પહેલી વાર સત્તાવાર મૅચ માટે ભેગી થઈ હતી અને ખૂબ ઉત્સાહપૂર્વક આ ચૅરિટી મૅચ રમી હતી. એ મૅચ 'ક્રિકેટ વિધાઉટ બૉર્ડર્સ' બૅનર હેઠળ રમાઈ હતી. તેઓ મેલબર્નના જંકશન ઓવલ નામના જે મેદાન પર મૅચ રમી એ ગ્રાઉન્ડ પર એક સમયે શેન વૉર્ને ઘણી મૅચો રમીને પોતાની કરીઅર ડેવલપ કરી હતી.

નાહિદાએ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું, 'અમે માત્ર એક ટીમ નથી બનાવી, અમે ખેલકૂદમાં એક એવી ચળવળ શરૂ કરી છે જે સમય જતાં શાસકોને અફઘાનિસ્તાનમાં સ્ત્રી-વિરોધી અભિગમ છોડીને શિક્ષણ તથા રમતગમતમાં સ્ત્રીઓને હિસ્સો લેવા દેવાની છૂટ આપવા મજબૂર કરશે.

નવેમ્બર, ૨૦૨૦માં અફઘાનિસ્તાનમાં તાલિબાનનું શાસન નહોતું આવ્યું અને એ સમયે અફઘાન ક્રિકેટ બૉર્ડે પચીસ આશાસ્પદ મહિલા ક્રિકેટરોને પ્રૉફેશનલ કૉન્ટ્રેક્ટ આપ્યા હતા. જોકે તેઓ એક જૂથ બનાવીને પ્રૅક્ટિસ તેમ જ સત્તાવાર મૅચો રમવાનું શરૂ કરે એ પહેલાં તાલિબાને અફઘાનિસ્તાનના શાસન પરનો કબજો ઝૂંટવી લીધો હતો અને મહિલા ક્રિકેટ પર પૂર્ણવિરામ મૂકી દીધું હતું. એ પચીસ મહિલા ક્રિકેટરોમાંથી બાવીસ પ્લેયર ઑસ્ટ્રેલિયામાં સ્થાયી થઈ ગઈ છે. આ પ્લેયરોએ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ને અપીલ કરી છે કે (ઑલિમ્પિક્સની માફક) તમારી ઇવેન્ટ્સમાં અમારી 'રેફ્યૂજી ટીમ'ને રમવાની પરવાનગી આપો. ■



# તમારો મત વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે એમ સમજી મતદાન કરજો: રાજનાથ સિંહ

નવી દિલ્હી: જન લોકપાલની રચના કરવા સહિતના આપેલાં વચનોની પૂર્તિ ન કરવાને મામલે 'આપ' પર આક્રમક પ્રહાર કરતા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે દિલ્હીવાસીઓને પક્ષનો ક્યો ઉમેદવાર છે તે જોયા વિના ભાજપને મત આપવાની વિનંતી કરી હતી.

ચૂંટણીઢંઢેરામાં આપેલા તમામ વચનોની પૂર્તિ કરનાર ભાજપ જ એકમાત્ર પક્ષ છે એમ જણાવી રાજનાથ સિંહે દિલ્હીવાસીઓને બધુ ભૂલી માત્ર ભાજપને જ મત આપવાની વિનંતી કરી હતી.

તમારો મત વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જશે એમ સમજી દિલ્હીમાં પક્ષના ઉમેદવારને જોયા વિના માત્ર ભાજપને જ મત આપો, એમ તેમણે કહ્યું હતું.

તેમણે બાંયધરી આપી હતી કે દિલ્હીમાં ભાજપ સત્તા પર આવશે તો પણ વર્તમાન તમામ સ્કીમ ચાલુ રહેશે.

દિલ્હીવાસીઓ કેન્દ્ર સરકારની આયુષમાન ભારત સહિતની તમામ યોજનાઓનો પણ લાભ મેળવી શકશે. સત્તા પર આવ્યાના દસ જ દિવસમાં ભાજપ આ યોજનાનો દિલ્હીમાં અમલ કરશે, એમ તેમણે કહ્યું હતું.

દિલ્હીના ઝૂપડપટ્ટી વિસ્તારમાં અટલ કેન્ટીન શરૂ કરવામાં આવશે જેમાં ગરીબોને માત્ર પાંચ રૂપિયામાં ભોજન આપવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

'આપ'ને 'આપદા' લેખાવતા તેમણે કહ્યું હતું કે 'આપ'એ જન લોકપાલની રચના કરવા સહિતના આપેલાં વચનોની પૂર્તિ નથી કરી.

અન્ના હઝારે આંદોલન દરમિયાન કેજરીવાલે કહ્યું હતું કે તેઓ કોઈ રાજકીય પક્ષ નહીં સ્થાપે. અન્ના હઝારેના આંદોલન પર લોકોએ મૂકેલા વિશ્વાસનો ઉપયોગ કેજરીવાલે દિલ્હીમાં સરકાર રચવા માટે કર્યો હતો, પરંતુ તેમણે વચનોનું પાલન નથી કર્યું, એમ રાજનાથે કહ્યું હતું.

ભાજપે દિલ્હીને રાજ્યનો દરજ્જો આપ્યો હોવા ઉપરાંત અનેક વસાહતોને નિયમિત કરી હતી, પરંતુ 'આપ' સરકાર આ વસાહતોને પાણી પૂરું પાડવાની વ્યવસ્થા પણ નથી કરી શકી એવો આક્ષેપ તેમણે કર્યો હતો. પોતાની નિષ્ફળતાને ઢાંકવા તેઓ હરિયાણા પર પાણીમાં ઝેર ભેળવવાનો આક્ષેપ કરી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે હરિયાણાના મુખ્ય પ્રધાને એ પાણી પીધું હતું અને તેમાં કોઈ ઝેર નહોતું.

ભાજપ સત્તા પર આવશે તો યમુના નદીને ત્રણ વર્ષમાં સ્વચ્છ કરી દેશે એવું વચન તેમણે આપ્યું હતું.

કૉંગ્રેસ જલદી જ ખલાસ થઈ જશે એવો તેમણે દાવો કર્યો હતો.

મહાકુંભમાં પવિત્ર સ્નાન કરવાથી ગરીબી દૂર નહીં થાય એ પ્રકારનાં કરેલા નિવેદન બદલ તેમણે કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પર પ્રહાર કર્યા હતા.

તમે હિન્દુ ધર્મ વિરુદ્ધ તો બોલી નાંખો છો. હું તમને અન્ય ધર્મ વિરુદ્ધ કશું પણ બોલવાનો પડકાર ફેંકું છું, એમ રાજનાથે કહ્યું હતું.

દિલ્હીમાં કૉંગ્રેસ સત્તા પર નહીં આવે કેમ કે હવે અહીં તેનાં અસ્તિત્વ જેવું કંઈ રહ્યું જ નથી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# મધ્ય પ્રદેશના પન્નામાં સિમેન્ટ ફેક્ટરીમાં છત તૂટી પડી: ચારનાં મોત

પન્ના: મધ્ય પ્રદેશના પન્ના જિલ્લામાં આવેલી સિમેન્ટ ફેક્ટરીમાં ગુરુવારે એક નિર્માણાધીન પ્લાન્ટની છત ધરાશાયી થતાં ચાર કામદારોનાં મોત થયાં હતાં અને ૧૬ અન્ય ઘાયલ થયા હતા. સ્થાનિક સાંસદ વિષ્ણુ દત્ત શર્માએ આ માહિતી આપી હતી. આ ફેક્ટરી અમાનગંજ શહેરની નજીક આવેલી છે, જે ખજુરાહો લોકસભા મતવિસ્તારનો ભાગ છે. પોલીસ અને જિલ્લા અધિકારીઓએ તાત્કાલિક કોઈ જાનહાનિની પુષ્ટી કરી નથી.

ભારતીય જનતા પાર્ટીના રાજ્યના વડા શર્માએ કહ્યું હતું કે, 'ચાર મજૂરોનાં મોત થયાં છે અને ૧૬ અન્ય ઘાયલ થયા છે.' બે ઘાયલોની હાલત ગંભીર છે. જિલ્લા પોલીસ અધિક્ષક સાઈ કૃષ્ણ એસ થોટાએ જણાવ્યું હતું કે આ ઘટના બપોરે ૧૨ વાગ્યાની આસપાસ બની હતી. તેમણે કહ્યું કે ઘણા કામદારો કાટમાળ નીચે ફસાયા હોવાની આશંકા છે, એસડીઇઆરએફની એક ટીમે બચાવ કામગીરી શરૂ કરી હતી. શર્માએ જણાવ્યું હતું કે તેમણે ફેક્ટરી મેનેજમેન્ટ પાસે મૃતકોના પરિવારોને નિયમો મુજબ વળતર આપવાની માગ કરી છે. ■

# ચૂંટણી પંચે કેજરીવાલને યમુનામાં ઝેરના આરોપો અંગે ફરીથી તથ્યો આપવા કહ્યું

નવી દિલ્હી: ચૂંટણી પંચે ગુરુવારે આપના સંયોજક અરવિંદ કેજરીવાલને યમુનામાં એમોનિયાના સ્તરમાં વધારો થવાના મુદ્દાને નદીમાં ઝેર ભેળવવાના તેમના આરોપો સાથે ન જોડવા કહ્યું અને હરિયાણા સરકાર સામેના તેમના આરોપો સ્પષ્ટ કરવાની એક નવી તક આપી હતી.

તેમના જવાબથી અસંતુષ્ટ ચૂંટણી પંચે બુધવારે તેમને યમુનામાં ઝેરના પ્રકાર, માત્રા, પ્રકૃતિ અને રીત વિશે ચોક્કસ અને સ્પષ્ટ જવાબો સાથે તથ્યપૂર્ણ પુરાવા પ્રદાન કરવા જણાવ્યું હતું. તેમને શુક્રવારે સવારે ૧૧ વાગ્યા સુધીમાં દિલ્હી જળ બોર્ડના કર્મચારીઓ દ્વારા ઝેરની શોધ કરતા એન્જિનિયરો, સ્થાન અને પદ્ધતિની વિગતો શેર કરવા કહેવામાં આવ્યું છે. આવું ન કરવા પર કમિશન આ મામલે યોગ્ય નિર્ણય લેવા માટે સ્વતંત્ર હશે.

કેજરીવાલે બુધવારે ચૂંટણી પંચની નોટિસનો જવાબ આપતા કહ્યું હતું કે હરિયાણા સરકાર યમુનામાં 'ઝેર ભેળવી રહી છે' અને કહ્યું હતું કે તાજેતરના સમયમાં ભાજપ શાસિત રાજ્યમાંથી મળતું કાચું પાણી માનવ સ્વાસ્થ્ય માટે 'અત્યંત દૂષિત અને અત્યંત ઝેરી' છે.

આમ આદમી પાર્ટી(આપ)ના નેતાને લખેલા નવા પત્રમાં ચૂંટણી પંચે એ વાત પર ભાર મૂક્યો કે પર્યાપ્ત અને સ્વચ્છ પાણીની ઉપલબ્ધતા એ શાસનનો મુદ્દો છે અને તમામ સંબંધિત સરકારોએ હંમેશાં બધા લોકો માટે તે સુનિશ્ચિત કરવા માટે કામ કરવું જોઇએ. ચૂંટણી પંચે કહ્યું કે આ મુદ્દે કોઇને પણ વિવાદ કરવાનું કોઇ કારણ મળ્યું નથી. ■



**શ્રદ્ધાંજલિ:** મહાત્મા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે નવી દિલ્હીમાં રાષ્ટ્રપિતાને રાજઘાટ ખાતે શ્રદ્ધાંજલિ આપતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

# ચાલુ પ્રેસ કોન્ફરન્સમાં જ કૉંગ્રેસના સાંસદને ઉઠાવી ગઇ ઉત્તર પ્રદેશ પોલીસ, બળાત્કારનો છે આરોપ

સીતાપુર (ઉત્તર પ્રદેશ) : ઉત્તર પ્રદેશના સીતાપુરના કૉંગ્રેસના સાંસદ રાકેશ રાઠોડની ગુરુવારે તેમના નિવાસસ્થાનેથી બળાત્કારના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોએ અહીં જણાવ્યું હતું કે અલ્હાબાદ હાઈ કોર્ટ દ્વારા તેમની આગોતરા જામીન અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ રાઠોડ તેમના નિવાસસ્થાને પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા. દરમિયાન કોતવાલી નગર પોલીસે તેમની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, સાંસદ રાઠોડની ન્યાયિક પ્રક્રિયા હેઠળ ધરપકડ કરવામાં આવી છે અને આગળની કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે. કૉંગ્રેસના સાંસદ રાકેશ રાઠોડ વિરુદ્ધ ૧૫ જાન્યુઆરીએ લગ્નની લાલચ આપી એક મહિલા પર બળાત્કાર કરવાના આરોપમાં એફઆઇઆર નોંધવામાં આવી હતી. પોતાની ફરિયાદમાં મહિલાએ આરોપ લગાવ્યો હતો કે રાઠોડે તેની સાથે લગ્ન કરવાની લાલચ આપીને તેના પર ઘણી વખત બળાત્કાર ગુજાર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે રાઠોડ તેની સાથે લગ્ન કરવા અને રાજકીય કારકિર્દી બનાવવામાં મદદ કરવાના બહાને છેલ્લા ચાર વર્ષથી તેના પર બળાત્કાર કરી રહ્યા હતા.

આ કેસમાં સ્થાનિક કોર્ટે જામીન અરજી ફગાવી દીધા બાદ સાંસદ રાઠોડે અલ્હાબાદ હાઈ કોર્ટમાં અરજી કરી હતી, પરંતુ તેમને ત્યાંથી પણ રાહત મળી ન હતી. ત્યારબાદ આ કેસમાં પોલીસે તેમની ધરપકડ કરી હતી. ■

# ૨૦૨૩માં ૭૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં નિર્ધારિત સમય કરતાં વધુ રોકાયા

વૉશિંગ્ટન: ભારતથી અમેરિકા અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને લઇને એક સમાચાર સામે આવ્યા છે. ૨૦૨૩માં ૭૦૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં તેમના નિર્ધારિત સમય કરતાં વધુ રોકાયા છે. આ માહિતી સેન્ટર ફોર ઇમિગ્રેશન સ્ટડીઝના જેસિકા એમ વોને અમેરિકી હાઉસ કમિટીને આપી હતી.

જેસિકા એમ વોનના જણાવ્યા અનુસાર વિશ્વભરના ૩૨ દેશોમાં અમેરિકામાં વિદ્યાર્થીઓ અને વિનિમય મુલાકાતીઓની નિર્ધારિત સમય કરતાં વધુ રોકાવાની ટકાવારી ૨૦ ટકાથી વધુ છે. ખાસ કરીને એફ-૧ અને એમ-૧ વિઝા ધારકો, જેઓ શૈક્ષણિક અને વ્યવસાયિક કામો માટે આવે છે. આમાંના મોટાભાગના લોકો નિર્ધારિત સમય કરતાં વધુ સમય સુધી રહે છે. વોને યુએસ હાઉસ કમિટીને એ પણ જણાવ્યું કે બ્રાઝિલ, ચીન, કોલંબિયા અને ભારત જેવા દેશોના હજારો લોકો તેમના વિઝાની મુદ્દત કરતા વધુ સમય અમેરિકામાં રોકાણ કરે છે. જેમાં ભારતમાંથી આવનારાઓની સંખ્યા સૌથી વધુ ૭૦૦૦થી પણ વધુ છે. તેમણે આ ઉપરાંત અમેરિકાની ઇમિગ્રેશન નીતિઓમાં સુધારાની જરૂરિયાત વિશે પણ વાત કરી હતી, જેમાં એચ-૧બી વિઝા જેવા કાર્યક્રમોમાં સુધારાની ભલામણનો પણ સમાવેશ થાય છે. વોને યુએસ હાઉસ કમિટીને જણાવ્યું કે વિઝા જારી કરવાની નીતિઓમાં ફેરફાર કરવાની અને આંતરિક અમલીકરણને મજબૂત કરવાની પણ જરૂર છે. આ ઉપરાંત તેમણે કહ્યું કે કૉંગ્રેસે કાયદામાં અનેક મહત્ત્વપૂર્ણ રીતે સુધારો કરવો જોઇએ.

જેસિકા એમ વોને અમેરિકી સંસદને જણાવ્યું કે વિદ્યાર્થી વિઝા અરજદારોને બેવડા ઉદ્દેશ્યની વિભાવના લાગુ પડવી જોઇએ નહીં. આનો અર્થ એ થયો કે વિદ્યાર્થીઓએ એ દર્શાવવું જોઇએ કે તેઓ તેમનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી પોતાના વતન પાછા ફરશે અને યુએસમાં સ્થાયી થવાનો ઇરાદો ધરાવતા નથી. ■

# વિશ્વનું સૌથી વ્યસ્ત એરપોર્ટ બન્યું દુબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટ: ૨૦૨૪માં રેકોર્ડ ૯.૨૩ કરોડ મુસાફરો નોંધાયા

દુબઇ: આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે વિશ્વના સૌથી વ્યસ્ત દુબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટે વર્ષ ૨૦૨૪માં રેકોર્ડ ૯૨.૩ મિલિયન મુસાફરોની અવર-જવર નોંધાઇ હતી. અધિકારીઓએ ગુરુવારે જાહેરાત કરી હતી. આ પરિણામ દુબઈ કોરોના મહામારીમાંથી બહાર નીકળી ગયું હોવાની વાત સાબિત કરે છે. પ્રથમવાર ૨૦૧૮માં બનાવવામાં આવેલા અગાઉના રેકોર્ડને પણ તોડી નાખ્યો હતો. આજે એરપોર્ટમાં વિમાનોની ઉડાણ અને મુસાફરોની સંખ્યામાં ખૂબ વધારો થઇ રહ્યો છે. આ જ કારણ છે કે અધિકારીઓ લગભગ ૩૫ અબજ ડોલરના ખર્ચે આગામી ૧૦ વર્ષમાં શહેરમાં બીજા ઇન્ટરનેશનલ એરપોર્ટને શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે.

દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશીદ અલ મકતૂમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ આંકડાઓ જાહેર કર્યા હતા. ૨૦૨૩માં ડીએસબીના રૂપમાં જાણીતા એરપોર્ટમાં ૮૬.૯ મિલિયન મુસાફરો નોંધાયા હતા. જ્યારે ૨૦૧૮માં ૮૯.૧ મિલિયન મુસાફરો નોંધાયા હતા જે કોરોના મહામારી પહેલા સૌથી વધુ વ્યસ્ત વર્ષ હતું. ૨૦૨૨માં ૬૬ મિલિયન મુસાફરોએ અવરજવર કરી હતી. રિયલ એસ્ટેટમાં ઉછાળો અને શહેરમાં અત્યાર સુધીના સૌથી વધુ પ્રવાસીઓએ દુબઇને વ્યસ્ત શહેર બનાવી દીધું છે. જોકે શહેરમાં હવે વધતા ટ્રાફિક અને ખર્ચનો સામનો કરી રહ્યું છે. જે શહેરના નાગરિકો અને વિદેશી પ્રવાસીઓ પર દબાણ ઊભું કરી રહ્યું છે.

૧૦ વર્ષમાં દુબઈ તેના એરપોર્ટના સંચાલનને ડીએક્સબીથી લગભગ ૪૫ કિલોમીટર દૂર અલ મકતૂમ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ખસેડવાની યોજના ધરાવે છે. ૨૦૧૦માં એક ટર્મિનલ સાથે કાર્યરત થયેલું એરપોર્ટ કોરોના મહામારી દરમિયાન અમીરાતના ડબલ-ડેકર એરબસ એ૩૮૦ અને અન્ય વિમાનો માટે પાર્કિંગ લોટ તરીકે સેવા આપતું હતું. પરંતુ ત્યારથી તે ધીમે ધીમે કાર્ગો અને ખાનગી ફ્લાઇટ્સ સાથે જીવંત બન્યું છે. ■

# બજેટ સત્રમાં રજૂ કરાશે વક્ફ (સંશોધન) અને ઈમિગ્રેશન અને ફોરેનર્સ બિલ

નવી દિલ્હી: સરકારે શુક્રવારથી શરૂ થઈ રહેલા સંસદના બજેટ સત્રમાં ચર્ચા અને પાસ કરવા માટે વકફ (સુધારા) બિલ અને અન્ય ત્રણ નવા ડ્રાફ્ટ કાયદાઓને સૂચિબદ્ધ કર્યા છે. વક્ફ સંશોધન બિલની સમીક્ષા કરી રહેલી સંસદની સંયુક્ત સમિતિએ ગુરુવારે લોકસભા સ્પીકર ઓમ બિરલાને પોતાનો અહેવાલ સોંપ્યો હતો. આ સાથે ગયા વર્ષે રજૂ કરાયેલા બિલ પર સંશોધન રજૂ કરવાનો માર્ગ મોકળો થયો હતો. વકફ (સુધારા) બિલની સાથે મુસલમાન વકફ (રદ) બિલ પણ રજૂ કરવામાં આવ્યું હતું. સરકારે સત્ર માટે ત્રણ નવા બિલોને પણ સૂચિબદ્ધ કર્યા છે. તેમાં 'વિમાન વસ્તુઓમાં હિતોનું સંરક્ષણ બિલ', 'ત્રિભુવન સહકારી યુનિવર્સિટી બિલ' અને 'ઇમિગ્રેશન અને વિદેશીઓ બિલ'નો સમાવેશ થાય છે. સત્ર માટે સરકારે નાણા બિલ, ૨૦૨૫ અને સંબંધિત અનુદાન માંગણીઓ અને વિનિયોગ બિલોને પણ સૂચિબદ્ધ કર્યા છે. આવા ૧૦ અન્ય બિલ છે જે ગયા સત્રથી બંને ગૃહોમાં પેન્ડિંગ છે.

શુક્રવારે બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિના અભિભાષણ સાથે સત્રની શરૂઆત થશે અને ત્યારબાદ ૧ ફેબ્રુઆરીએ સામાન્ય બજેટ રજૂ કરવામાં આવશે. સત્રનો પહેલો તબક્કો ૧૩ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે જ્યારે બીજો તબક્કો ૧૦ માર્ચથી શરૂ થશે. આ સત્ર ૪ એપ્રિલના રોજ સમાપ્ત થવાનો પ્રસ્તાવ છે. ■

# મુખ્ય ચૂંટણી કમિશનર રાજકારણ રમી રહ્યા છે, ચૂંટણી પંચની વિશ્વસનીયતા નષ્ટ કરી રહ્યા છે: કેજરીવાલ

નવી દિલ્હી: આપ સુપ્રીમો અરવિંદ કેજરીવાલે ગુરુવારે મુખ્ય ચૂંટણી કમિશ્નર(સીઇસી) રાજીવ કુમાર પર હરિયાણા સરકાર યમુનામાં 'ઝેર ભેળવી' રહી હોવાના દાવા પર નોટિસ જારી કરીને રાજકારણ રમી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો.

અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા કેજરીવાલે આરોપ લગાવ્યો કે કુમારે ચૂંટણી પંચની વિશ્વસનીયતાનો નાશ કર્યો છે અને નિવૃત્તિ બાદ પદ મેળવવાની આશા રાખી રહ્યા છે. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનની આ ટિપ્પણી ચૂંટણી પંચ દ્વારા તેમની નોટિસના જવાબ પર અસંતોષ વ્યક્ત કરવા તથા હરિયાણા સરકાર સામેના તેમના આરોપો સ્પષ્ટ કરવા માટે તેને એક નવી તક આપ્યાના તુરંત બાદ આવી છે.

કેજરીવાલે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે રાજીવ કુમારે જે રીતે ચૂંટણી પંચને નુકશાન પહોંચાડ્યું છે, તે રીતે કોઇએ પહોંચાડ્યું નથી. જો તેઓ ઇચ્છે તો દિલ્હી વિધાનસભાની કોઇપણ બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. તેમણે કોઇનું નામ લીધા વિના કહ્યું કે જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી હું દિલ્હીના લોકોને ઝેરી પાણી પીવા નહીં દઉં. હું જાણું છું કે તેઓ મારી બે દિવસમાં ધરપકડ કરશે, પણ હું ડરવાનો નથી.

કેજરીવાલે બુધવારે ચૂંટણી પંચની નોટિસનો જવાબ આપતા કહ્યું કે તાજેતરના સમયમાં હરિયાણાથી મળતું કાચું પાણી માનવ સ્વાસ્થ્ય માટે 'અત્યંત દૂષિત અને અત્યંત ઝેરી' છે. ચૂંટણી પંચને આપેલા ૧૪ પાનાના જવાબમાં તેમણે કહ્યું કે જો લોકોને આવું ઝેરી પાણી પીવાની મંજૂરી આપવામાં આવે તો તેનાથી ગંભીર સ્વાસ્થ્ય જોખમ અને મૃત્યુ થઇ શકે છે. ■



**તિરંગા રેલી:** શ્રીનગરના લાલ ચોક ખાતે 'તિરંગા રેલી' કાઢી રહેલા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સભ્યો. (પીટીઆઇ)



**સુરક્ષા:** પ્રયાગરાજમાં મહાકુંભ મેળા ખાતે સલામતી વ્યવસ્થાનું ધ્યાન રાખી રહેલા સુરક્ષા દળના જવાનો. અહીં વસંત પંચમીની પહેલાં 'મૌની અમાવસ્યા'ના દિને થયેલી ધક્કામુક્કીને લીધે સલામતી વધારાઇ છે. (પીટીઆઇ)

# યુદ્ધવિરામ વચ્ચે આઠ બંધકોને છોડશે હમાસ: ઇઝરાયલ મુક્ત કરશે ૧૧૦ કેદીઓ

દેર અલ-બલાહ (ગાઝા પટ્ટી): ગાઝામાં આ મહિનાની શરૂઆતમાં યુદ્ધવિરામ લાગુ થયા બાદ ત્રીજી વખત બંધકો અને કેદીઓની અદલા-બદલી હેઠળ ગુરુવારે હમાસ ત્રણ ઇઝરાયલી અને પાંચ થાઇલેન્ડના બંધકોને છોડશે જ્યારે ઇઝરાયલ ૧૧૦ પેલેસ્ટેઇનિયન કેદીઓને મુક્ત કરશે. યુદ્ધવિરામ કરાર હેઠળ જે ઇઝરાયલના લોકોને મુક્ત કરવામાં આવી રહ્યા છે તેમાં મહિલા સૈનિક અગમ બર્જર (૨૦), અર્બેલ યેહુદ (૨૯) નામની મહિલા અને ૮૦ વર્ષીય પુરુષ ગેદી મોસેજનો સમાવેશ થાય છે. ગુરુવારે મુક્ત કરાયેલા થાઈ નાગરિકોની તાત્કાલિક ઓળખ થઈ શકી નથી.

બીજી તરફ ઇઝરાયલની જેલમાંથી મુક્ત થયેલા ૧૧૦ લોકોમાંથી ૩૦ લોકો ઇઝરાયલીઓ સામે ઘાતક હુમલાના દોષિત ઠર્યા બાદ આજીવન કેદની સજા ભોગવી રહ્યા હતા. મુક્ત કરાયેલા લોકોમાં ભૂતપૂર્વ ઉગ્રવાદી ઝકારિયા ઝુબેદીનો સમાવેશ થાય છે, જે ૨૦૨૧માં જેલમાંથી ભાગી ગયો હતો. જોકે, થોડા દિવસો પછી તેની ફરી ધરપકડ કરવામાં આવી હતી.

હમાસે ઉત્તરી ગાઝામાં જબાલિયાના વ્યાપક રીતે નષ્ટ થયેલા શહેરની શરણાર્થી શિબિરમાં એક સમારોહમાં ૨૦ વર્ષીય મહિલા ઇઝરાયલી સૈનિક અગમ બર્જરને રેડ ક્રોસને સોંપી હતી. ઇઝરાયલી સરકારે પાછળથી પુષ્ટી કરી હતી કે બર્જર તેના દળોમાં જોડાયેલી હતી. દક્ષિણ શહેર ખાન યુનિસમાં માર્યા ગયેલા હમાસ નેતા યાહ્યા સિનવારના નષ્ટ થયેલા ઘરની સામે અન્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. બંનેમાં માસ્ક પહેરેલા આતંકવાદીઓ અને દર્શકો સહિત સેંકડો લોકો હાજર હતા.

ઇઝરાયલમાં તેલ અવીવના એક ચોકમાં લોકોએ તાળીઓ પાડી અને સીટીઓ વગાડી ખુશી વ્યક્ત કરી હતી. લોકોએ બર્જરને ઇઝરાયલને સોંપવાની તમામ ઘટના મોટી સ્ક્રીન પર જોઇ હતી. કેટલાક લોકોએ ''અગમ અમે ઘરે તમારી રાહ જોઈ રહ્યા છીએ'' લખેલાં બેનર્સ પણ પકડ્યાં હતાં. નોંધનીય છે કે સાત ઓક્ટોબરના હુમલામાં અપહરણ કરાયેલા પાંચ યુવાન મહિલા સૈનિકોમાં બર્જર એક હતી. અન્ય ચારને શનિવારે મુક્ત કરવામાં આવ્યા હતા. ગુરુવારે મુક્ત કરાયેલા અન્ય બે ઇઝરાયલી નાગરિકોમાં ૨૯ વર્ષીય અર્બેલ યેહુદ અને ૮૦ વર્ષીય ગેદી મોસેજનો સમાવેશ થાય છે. મુક્ત થયેલા થાઈ નાગરિકોની ઓળખ અંગે કોઈ સત્તાવાર પુષ્ટી થઈ નથી. હમાસના હુમલા દરમિયાન ડઝનબંધ ઇઝરાયલી નાગરિકો અને સૈનિકો સાથે અનેક વિદેશી કામદારોને બંધક બનાવવામાં આવ્યા હતા. ■

# આંધ્ર પ્રદેશમાં 'વોટ્સએપ ગવર્નન્સ'ની શરૂઆત

અમરાવતી: આંધ્ર પ્રદેશ સરકારે ગુરુવારે વોટ્સએપ ગવર્નન્સની શરૂઆત કરી હતી. આંધ્ર પ્રદેશના આઇટી પ્રધાન નારા લોકેશે વોટ્સએપ ગવર્નન્સ સેવા 'મન મિત્ર'નો શુભારંભ કર્યો હતો. જેમાં ૧૬૧ સેવાઓનો લાભ મળશે. લોકોએ આ સાથે દસ્તાવેજો માટે વારંવાર સરકારી કચેરીઓમાં જવાની જરૂર રહેશે નહીં.

પ્રથમ તબક્કામાં સરકાર ૧૬૧ સેવાઓ પૂરી પાડવામાં આવશે. પ્રથમ તબક્કામાં ઊર્જા, એપીએસઆરટીસી, મહેસૂલ, અન્ના કેન્ટીન, મુખ્ય પ્રધાન રાહત ભંડોળ (સીએમઆરએફ) અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિભાગોને લગતી સેવાઓ પૂરી પાડવામાં આવશે. બીજા તબક્કામાં વધુ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી અપેક્ષા છે. ■

# રાજકોટ મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૧૦૨ કરોડનાં વિકાસકામો મંજૂરઃ ૧૧ દરખાસ્ત પેન્ડિંગ રખાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગર પાલિકા ખાતે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક યોજાઇ હતી. જેમાં એક સાથે ૧૧ દરખાસ્તો પેન્ડિંગ રાખીને નવી નીતિ બનાવવા કમિટી બનાવવા નિર્ણય લેવામાં આવ્યો હતો. આ મીટિંગમાં કુલ ૧૦૨ કરોડના વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં.

રાજકોટ મહાનગર પાલિકા ખાતે યોજાયેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કાલાવડ રોડ ઉપર સૌપ્રથમ પાર્ટીપ્લોટ બનાવવા, પૂર્વ ઝોનની કચેરીમાં ફાયર સેફ્ટીનાં સાધનો ફિટ કરવા, નવા રીંગરોડને ફોરટ્રેક બનાવવા અને ત્રણ પુલની જગ્યાએ નવા બ્રિજ બોક્સ કલવર્ટ દ્વારા બનાવવા જેમાં કટારીયા ચોકડીથી પરશુરામ ધામ ચોક વચ્ચે રૂ. ૪૭ કરોડના ખર્ચે બ્રિજ અને રૈયા ગામથી સ્માર્ટ સીટીના રોડના વોંકળા પર ૧૫.૧૯ કરોડના ખર્ચે બ્રિજ બાંધવા સહિત કુલ ૧૦૨ કરોડના વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં. સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરના જણાવ્યા અનુસાર આ બેઠકમાં કુલ ૫૩ દરખાસ્તો આવી હતી. જેમાં ૧૦૨ કરોડથી વધુના વિકાસકામો પર મંજૂરીની મહોર લગાવવામાં આવી છે. રાજકોટનાં તમામ ૧૮ વોર્ડને તેમાં આવરી લેવામાં આવ્યા છે. કર્મચારીઓનાં આરોગ્ય ખર્ચની દરખાસ્તો આગામી બેઠક સુધી પેન્ડિંગ રાખવામાં આવી છે. તે ઉપરાંત સાતમ-આઠમનાં તહેવારમાં રાજકોટમાં સમાજ કલ્યાણ સમિતિ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વરસાદના કારણે કાર્યક્રમો થઈ શક્યા નહોતા. અગાઉ આવા કિસ્સામાં કલાકારોને પૂરું પેમેન્ટ કરવામાં આવતું હતું. સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આવા કિસ્સામાં ૫૦ ટકા રકમ ચૂકવવાનો નિર્ણય લેવાયો હતો.

કાલાવડ રોડ પર બનનારા ચાર બ્રિજ થકી શહેરીજનોને ટ્રાફિક સમસ્યામાં મોટી રાહત મળશે. આ સિવાય ક્યાંક રોડ-રસ્તા, પેવિંગ બ્લોક, આરોગ્યને લગતી સુવિધાઓ સહિતના કામો જુદા-જુદા વોર્ડમાં જરૂરિયાત મુજબ મંજૂર કરવામાં આવ્યા છે. પૂર્વ ઝોન વિસ્તારમાં આવેલી મનપાની તમામ પ્રોપર્ટીમાં ફાયરના સાધનો ફિટ કરવા માટે અગાઉ ચાર વખત ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. અંતે પાંચમી વખત ટેન્ડર કર્યા બાદ આ કામ મંજૂર કરાયું છે. તેમજ ગત બજેટમાં થયેલી જોગવાઈ મુજબ કાલાવડ રોડ ઉપર પાર્ટી પ્લોટ બનાવવાની દરખાસ્ત પણ મંજૂર કરવામાં આવી હતી. આ ઉપરાંત વોર્ડ નં.૧માં રૈયા ગામથી સ્માર્ટ સિટીના ડીપી રોડ પર વોંકળા ઉપર બ્રિજ બનાવવા માટે ૧૫.૪૯ કરોડનું એસ્ટીમેટ મંજૂર કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સ્ટેન્ડિંગમાં કોઠારીયામાં ગાર્ડન, વોર્ડ નં.૩માં વેકસીન સેન્ટર અને મેડીકલ સ્ટોરેજ, જુદા જુદા વોર્ડમાં ભૂગર્ભ ગટર ફરિયાદ નિકાલ કોન્ટ્રાકટ, પેવીંગ બ્લોક, વરસાદી પાણીની પાઇપલાઇન, કચરો ઉપાડવાના કોન્ટ્રાકટ, વર્ગ-૪ના કર્મચારીઓને ગણવેશ અને ગરમ કાપડ આપવાં, સેન્ટ્રલ ઝોનમાં હિસાબી શાખા ઓફીસનું રીનોવેશન, ડ્રેનેજના કામો, ડીઆઇ પાઇપલાઇન સહિતની દરખાસ્તો મંજૂર કરી દેવામાં આવી હતી. ■

# જામનગર મહાનગર પાલિકાનું વર્ષ ૨૦૨૫-૨૬નું ૧૪૯૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂઃ વેરામાં વધારો સૂચવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર મહાનગર પાલિકાની સ્થાઈ સમિતિ સમક્ષ મ્યુનિસિપલ કમિશ્નરે વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું ૧૪૯૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં સૂચવવામાં આવેલા વેરા વધારા અંગે આગામી જનરલ બોર્ડની બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

બજેટમાં સૂચવાયેલા મુખ્ય વધારાઓમાં રણમલ તળાવની એન્ટ્રી ફી ૧૦થી વધારીને ૧૫ રૂપિયા કરવા સહિત જોગિંગ અને વોકિંગના ઇવનિંગ પાસમાં ૧૦૦ રૂપિયાનો વધારો સૂચવાયો હતો. રહેણાંક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઇટનો વાર્ષિક ચાર્જ ૧૦૦ રૂપિયાથી બમણો કરીને ૨૦૦ રૂપિયા અને બિન-રહેણાંક વિસ્તારોમાં ૨૦૦થી વધારીને ૪૦૦ રૂપિયા કરવાનું સૂચન કરાયું હતું. તે ઉપરાંત ભૂગર્ભ ગટર કનેક્શન ચાર્જમાં પણ નોંધપાત્ર વધારો સૂચવાયો હતો.

શહેરના રહેણાંક વિસ્તારો માટે ભૂગર્ભ ગટર કનેક્શન ચાર્જમાં રૂ.૭૦૦થી વધારીને રૂ.૧૫૦૦ અને બિન-રહેણાંક વિસ્તારો માટે રૂ.૧૮૦૦થી વધારીને રૂ.૨૭૦૦ કરવાનું સૂચન છે.

ટાઉન હોલના ભાડામાં ૧૦ ટકા અને ડિપોઝિટમાં ૫૦ ટકા વધારો સૂચવવામાં આવ્યો છે. આ તમામ સૂચિત વધારા મંજૂર થશે તો મહાનગરપાલિકાને વાર્ષિક રૂ.૧૧.૮૪ કરોડની વધારાની આવક થશે. જેમાં વાહન કર વધારાથી રૂ.૫૦ લાખ, વોટર ચાર્જમાં વધારાથી રૂ.૧.૨૫ કરોડ અને સ્ટ્રીટ લાઇટ ચાર્જમાં વધારાથી રૂ.૩.૩૪ કરોડની આવક થવાનો અંદાજ છે.

જામનગર મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદીએ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં નવી પાઈપલાઈન, સ્ટ્રીટ લાઈટ, કાલાવડ નાકા પાસે અને સમર્પણ સર્કલ પાસે બ્રિજ બનાવવા સહિત ૫૦ નવી ઇલેક્ટ્રિક બસ ખરીદવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સિવાય નવું સ્મશાન, માંડવી ટાવરનું રેસ્ટોરેશન સહિતના કામોને બજેટમા આવરી લેવાયા હતાં. ■

# દિનેશ દક્ષિણી હત્યા કેસમાં રાજમોતી મિલના માલિક સમીર શાહ સહિત ત્રણને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની રાજમોતી ઑઇલ મિલ અમદાવાદ બ્રાન્ચના મૅનેજર દિનેશ દક્ષિણીના હત્યા કેસ મામલે સેશન્સ કોર્ટે રાજમોતી ઑઇલ મિલના માલિક સમીર શાહ સહિત ૩ આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. સમીર શાહ ઉપરાંત સસ્પેન્ડેડ એએસઆઈ યોગેશ ભટ્ટ અને ક્રિપાલસિંહને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વર્ષ ૨૦૧૬માં મૃતક અમદાવાદ ખાતે રાજમોતી મિલ ડેપોનો મૅનેજર હોવાથી તેણે ઉચાપત કરી હોવાની શંકા રાખીને રાજકોટ લાવીને બેફામ માર મારતાં તેનું પોલીસ ચોકીમાં મોત નીપજ્યું હતું. પોલીસ ચોકીના તત્કાલીન એએસઆઈ યોગેશ ભટ્ટ, સમીર શાહના ડ્રાઇવર ક્રિપાલસિંહ ચુડાસમા સહિત ત્રણેય આરોપીને કોર્ટમાંથી જ સીધા જેલમાં મોકલવા તજવીજ કરાઈ હતી. રાજકોટ સ્થિત રાજમોતી મિલ ડેપોનો મૅનેજર સમીર ગાંધી સાક્ષી બની ગયો હતો. તેના સહિત ૭ આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકાયા હતા.

રાજકોટના બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમા સ્થિત રાજમોતી ઓઈલ મિલના અમદાવાદના ડેપો મેનેજર દિનેશ દક્ષિણીનું પોલીસ કસ્ટડી દરમ્યાન શંકાસ્પદ હાલતમાં મૃત્યુ થતાં પોલીસ તપાસ ચાલી હતી. જે પછી મૃતકના બનેવી અશોક ઠક્કરે ફરિયાદ નોંધાવી હતી.

તપાસ બાદ આરોપી રાજમોતી મિલના માલિક સમીર શાહ, બેડીપરા ચોકીના તત્કાલિન એએસઆઈ યોગેશ ભટ્ટ, સમીર શાહના ડ્રાઇવર ક્રિપાલસિંહ ચુડાસમા, રાજકોટ મિલના મેનેજર સમીર ગાંધી, કર્મચારીઓ સંદીપકુમાર કીર્તિકુમાર ગાંધી, કીર્તિકુમાર શાંતિલાલ ગાંધી, ધર્મેન્દ્ર રમણલાલ પટેલ, ત્રિથેશ કાંતિભાઈ ગુજ્જર, વિજયકુમાર દેવશી સિંધવ, કૈલાશ પુસાજી મારવાડી સામે ચાર્જશીટ દાખલ કરાઈ હતી.

રાજકોટ સેશન્સ કોર્ટમાં બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ સરકાર પક્ષે અને ફરિયાદ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને તેમજ સાક્ષી સમીર ગાંધી, મૃતકની પત્ની, તપાસ અધિકારી, મેડિકલ પેપર્સ સહિતના સાહેદોનાં નિવેદનોને ધ્યાને લઈ એડિશનલ સેશન્સ જજ એસ.વી. શર્માએ રાજમોતી મિલના માલિક સમીર શાહ, એએસઆઇ યોગેશ ભટ્ટ અને ડ્રાઇવર ક્રિપાલસિંહ ચુડાસમાને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજાનો હુકમ કર્યો હતો. ■



**રાજકોટમાં ધમધમતા દારૂના અડ્ડા પર જનતા રેડ**

રાજકોટમાં ધમધમતા દારૂના અડ્ડાથી હેરાન થયેલા લોકોએ જનતા રેડ કરતાં દારૂડિયાઓ અને બુટલેગરોમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસની રહેમ નજર હેઠળ ચાલી રહેલી આ પ્રવૃત્તિ સામે લોકોમાં રોષ જોવા મળ્યો હતો. મહિલાઓએ દારૂની પોટલીઓ વેચતા લોકો સામે રેડ કરતાં જ ત્યાં હાજર દારૂડિયાઓમાં દોડધામ મચી જવા પામી હતી. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રાજકોટમાં ઈશ્વરીયા પાર્કને વિકસાવવા ચાર કરોડની ગ્રાન્ટ ફાળવવા રાજ્ય સરકારને દરખાસ્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટનાં રમણીય સ્થળ ઈશ્વરીયા પાર્કને ટૂરિઝમ સ્થળ તરીકે વિકસાવવા માટે ૪ કરોડની ગ્રાન્ટ ફાળવવા માટે રાજ્ય સરકારમાં એક દરખાસ્ત કરવામાં આવી છે. આ સ્થળને ટુરિઝમ પ્લેસ તરીકે ડેવલપ કરવા રાજકોટ જિલ્લા કલેક્ટરે સ્થળ મુલાકાત કરી હતી. અહીં ૫૫ લાખના ખર્ચે કેકટર્સ ગાર્ડન બનાવાશે અને ૧૦૦ ફૂટ ઊંચે રાષ્ટ્રધ્વજ લહેરાવાશે.

જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે,ઈશ્વરીયા પાર્કમાં ૬૦ કે.વી.ની સોલાર પેનલ ફીટ કરી દેવામાં આવી છે. ૫૫ લાખના ખર્ચે કેકટર્સ ગાર્ડનનો વિકાસ કરાશે. આ બંન્ને પ્રકલ્પ માટે ટેન્ડર પ્રક્રિયા કરી દેવામાં આવી છે. તેમજ પાર્કની સહેલગાહે આવતા સહેલાણીઓને પાર્કમાં જ ચા-નાસ્તા અને ભોજનની સુવિધા મળી રહે તે માટે સખી કેન્ટીન શરૂ કરી દેવામાં આવી છે. પાર્કમાં બાળકો માટે નવાં રમકડાં વસાવાશે. ઈશ્વરીયા પાર્કના તળાવને પણ ડેવલોપ કરવામાં આવશે. જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ બુધવારે ઈશ્વરીયા પાર્ક તેમ જ માલીયાસણની મૂલાકાત લીધી હતી. ઈશ્વરીયા ખાતે ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. પાર્ક ખાતે ઉપલબ્ધ ઇન્ફ્રાસ્ટ્રકચર, સ્ટાફ તેમજ પાર્કની જાળવણી, નવા જરૂરી બાંધકામો, પ્રોજેક્ટ વગેરે અંગેની માહિતી મેળવી હતી. બાળકો માટેના હીંચકા, મુલાકાતીઓ માટે શૌચાલય, સાઈન બોર્ડ, લાઇટીંગ વગેરે સુવિધાઓમાં જરૂરી સમારકામ તાત્કાલિક ધોરણે કરવા માટે સૂચના આપી હતી. ■

# ભાવનગરમાં ટ્રાફિક પોલીસે વાહનના કાગળો માગતા કિન્નરે જાહેરમાં તમાશો કર્યોઃ બે શખસની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરમાં ભીડભંજન ચોકમાં પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે એક વાહનચાલકને અટકાવી તેની પાસે લાઈસન્સ અને વાહનના કાગળો માંગતાં આ શખસે ફોન કરી એક માસી (કિન્નર)ને બોલાવ્યા હતા અને ત્યાર બાદ કિન્નરે અમારે શેનો દંડ ભરવાનો તેમ કહી જાહેર રોડ પર પોલીસને ગાળો આપતાં તમાશો થયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ભાવનગર ટ્રાફિક પોલીસના જવાનો માર્ગ સલામતી સપ્તાહના ભાગ રૂપે ભીડ ભંજન મહાદેવ મંદિર પાસે વાહન ચેકિંગ કરી રહ્યા હતા તે સમયે એક યુવક ટુ વ્હીલર લઈને પસાર થતો હતો પોલીસે તેને અટકાવી તેની પાસે લાઈસન્સ અને વાહનના કાગળ માંગ્યાં હતાં, પરંતુ આ યુવકે તેની પાસે લાઈસન્સ અને કાગળો નહીં હોવાનું જણાવ્યું હતું.

પોલીસે આ યુવકનું નામ પૂછતાં તેણે પોતાનું નામ વિશાલ ચૂડાસમા હોવાનું જણાવ્યું હતું અને આ શખસે ફોન કરી અનીતાકુંવર નાયક સંગીતાકુંવર કિન્નરને બોલાવતાં અનીતાકુંવર કિન્નર આવ્યા હતા. અનીતાકુંવરે વાહન તેમનું હોવાનું જણાવી અમારે શેનો દંડ ભરવાનો તેમ કહી પોલીસ સાથે જીભાજોડી શરૂ કરી હતી. ત્યાર બાદ પોલીસને ગાળો આપી જાહેર રોડ પર તાળીઓ પાડતાં લોકોનાં ટોળાં ભેગાં થઈ ગયાં હતાં.

પોલીસે બન્ને શખસને જો દંડ ન ભરવો હોય તો આરટીઓમાં દંડ ભરજો તેમ કહેતાં તેમણે દંડ ભરવાની જ ના કહી દીધી હતી. બન્ને શખસે જાહેર રોડ પર તમાશો કરી ફરજમાં રુકાવટ કરતાં આખરે પોલીસે વાહન ડિટેઇન કરી શખસની અટકાયત કરી હતી. ■

# ભાવનગરમાં ટ્રકે એક્ટિવા સવાર દંપતીને અડફેટે લેતાં પતિની નજર સામે જ પત્નીનું મોત નીપજ્યું





(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરના ચિત્રા માર્કેટિંગ યાર્ડ સામે ટ્રક ચાલકે એક્ટિવા સ્કૂટર સવાર દંપતીને અડફેટે લેતાં સ્કૂટર પાછળ બેઠેલી મહિલાનું ટ્રકના ટાયર હેઠળ આવી જતાં ગંભીર ઇજા થવાથી મોત નીપજ્યું હતું. જ્યારે મૃતક મહિલાના પતિને પણ ઇજા થતાં તેમને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગરના ચિત્રા માર્કેટિંગ યાર્ડ નજીક ગુરુવારે ટ્રક ચાલકે ટ્રક ગફલતભરી રીતે ચલાવી એક્ટિવાને ટક્કર મારી હતી. જેથી એક્ટિવા પાછળ બેઠેલી મહિલા પ્રફુલાબહેન મોજિદ્રા નીચે પડી જતાં ટ્રકના ટાયર હેઠળ આવી જતાં તેમનું પતિની નજર સામે જ બનાવ સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે મૃતક મહિલાના પતિ ધર્મેન્દ્રભાઈ મોજીદ્રાને ઇજા થતાં તેમને સારવાર અર્થે સર ટી.હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવની જાણ થતાં બોરતળાવ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, બુધવારે બપોરે આ જ સ્થળે લોડિંગ વાહનની અડફેટે એક મહિલાને પણ ગંભીર ઇજા પહોંચી હતી. ■

# લખપતના ઘડુલી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી નશામાં ધૂત મેડિકલ ઑફિસર ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એક તરફ, કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવા સતત કથળી રહી છે તેવામાં લખપત તાલુકાના ઘડુલી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવનારા મેડિકલ ઑફિસરને પોલીસે નશો કરેલી હાલતમાં ઝડપી લેતાં ભારે ચકચાર પ્રસરી હતી. ગત બુધવારે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં ઘડુલીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો 'આયુષ' મેડિકલ ઑફિસર કલ્પેશ નટવરલાલ રાઠોડ દારૂના નશામાં ટલ્લી થઈ ગયો હોવા અંગે કોઈ જાગૃત નાગરિકે જાણકારી આપતાં દયાપર પોલીસ સ્થળ પર પહોંચી હતી. અહીં તપાસ કરતાં મેડિકલ ઑફિસર કલ્પેશ રાઠોડ દવાખાના આગળ નશામાં ચકચૂર હાલતમાં જમીન પર સૂતેલી હાલતમાં જોવા મળ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, તેના મોઢામાંથી દારૂની તીવ્ર દુર્ગંધ આવતી હતી, આંખો નશાથી લાલઘૂમ હતી અને લથડિયાં ખાતો હતો. પોલીસે જાહેરમાં કેફી પીણું પીવા સબબ તેની વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી, ધરપકડ કરી લીધી હતી. ■

# દુષ્કર્મ આચરી ૧૩ વર્ષની બાળાને ગર્ભવતી બનાવનાર યુવકને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ૧૩ વર્ષની બાળકી પર વારંવાર દુષ્કર્મ ગુજારી પીડિતાને ગર્ભવતી બનાવવાના ઘૃણાસ્પદ ગુનામાં અંજારની વિશેષ પોક્સો કોર્ટે આરોપી યુવકને સખ્ત આજીવન કારાવાસની સજા ફટકારી હતી. ૨૭મી જુલાઈ ૨૦૨૨ના રોજ અંજાર પોલીસ મથકે ખોખરા ગામના રામજી કોલી સામે દુષ્કર્મ અને પોક્સોની કલમો તળે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

શાળાની શિક્ષિકાએ બાળાની પૂછપરછ કરતાં આ ઘટના પ્રકાશમાં આવી હતી. ગુનો નોંધાયા બાદ બાળાએ જન્મ આપેલા બાળકને સંસ્થાઓ મારફતે દત્તક આપી દેવાયું હતું. આરોપી પક્ષે ડીએનએ ટેસ્ટ કરાવવા રજૂઆત કરતાં હાઈ કોર્ટે ડીએનએ ટેસ્ટ કરાવવા હુકમ કર્યો હતો જેમાં રામજી કોલી બાળકનો બાયોલોજિકલ પિતા નહીં હોવાનો અભિપ્રાય આવ્યો હતો.

વિશેષ પોક્સો કોર્ટના જજ કમલેશ કે. શુક્લે ગુરુવારે ચુકાદો આપતાં જણાવ્યું કે ગુનાનો ભોગ બનનાર બાળા અને તેના પિતાની જુબાનીને જોતાં, એકમાત્ર ડીએનએ ટેસ્ટના અભિપ્રાયના આધારે આરોપીએ બાળા સાથે શરીર સંબંધ બાંધ્યો ના હોવાનું માનવું યોગ્ય અને ન્યાયી નથી. કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલા ૪૭ સાક્ષી અને ૩૯ દસ્તાવેજી પુરાવાને આધારે કોર્ટે પોક્સો એક્ટની કલમ ૪ હેઠળ આરોપીને આજીવન કેદની સાદી સજા અને ૧૦ હજારનો દંડ તથા પોક્સો એક્ટની કલમ ૬ હેઠળ આજીવન કેદની સખત સજા સાથે ૧૫ હજાર રૂપિયા દંડ ફટકાર્યો હતો.

પોક્સો એક્ટની જોગવાઈને અનુલક્ષીને કોર્ટે આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૭૬ હેઠળ અલગથી કોઈ સજા ફટકારી નથી. દંડની રકમ વસૂલ થયે ૨૫ હજાર રૂપિયા ભોગ બનનારને ચૂકવી આપવા ઉપરાંત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને બે લાખ રૂપિયા વળતર ચૂકવવા હુકમ કર્યો હતો. ■

# ભાવનગરના સિહોર પોલીસ મથકના બીજા માળેથી કૂદી યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરના સિહોર પંથકની સગીરાને ભગાડી ગયાના બનાવમાં નોંધાયેલી ફરિયાદમાં શંકાના આધારે પૂછપરછ માટે સિહોર પોલીસ મથકે બોલાવવામાં આવેલા યુવકે પોલીસમથકના બીજા માળેથી કૂદી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્યાર બાદ આ યુવકને ભાવનગરની સર ટી.હૉસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ભાવનગરના સિહોર પંથકની એક ૧૭ વર્ષની સગીરાને કોઈ અજાણ્યો શખસ ભગાડી ગયાના બનાવમાં સગીરાના વાલીએ સિહોર પોલીસમથકમાં અજાણ્યા શખસ વિરુદ્ધ પોતાની સગીર વયની દીકરીને લલચાવી-ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદનામ કરવાના ઈરાદે ભગાડી ગયા અથવા સગીરા પોતાની જાતે ચાલી ગઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ બનાવમાં સગીરાના પરિવારે નરશી પ્રાગજીભાઈ જાદવ નામના શખસ સામે શંકા વ્યક્ત કરતાં સિહોર પોલીસે શંકાના આધાર પર નરશી પ્રાગજીભાઈ જાદવ નામના શખસને પૂછપરછ માટે પોલીસ સ્ટેશને બોલાવ્યો હતો.

જ્યાં યુવકે સિહોર પોલીસમથકની અગાશી પરથી કૂદી જઈ આપઘાતનો પ્રયાસ કરતાં યુવકને ઈજા પહોંચી હતી.

સિહોર પોલીસે યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં પહેલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર સિહોર અને બાદમાં ભાવનગર સર ટી. હૉસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડયો હતો. જ્યાં હૉસ્પિટલના જૂના બિલ્ડિંગમાં યુવકની સારવાર ચાલી રહી છે. ■

# રાજકોટમાં સિટી અને બીઆરટીએસ બસમાં ૧૯ ખુદાબક્ષો ઝડપાતા ૩ કંડકટરોને સસ્પેન્ડ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગર પાલિકા દ્વારા શહેરના ૭૩ રૂટ પર ૧૯૯ બસ દ્વારા શહેરી પરિવહન સેવા પૂરી પાડવામાં આવે છે. મહાનગર પાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી મુજબ ટિકિટ ચેકિંગ ડ્રાઈવમાં વગર ટિકિટે મુસાફરી કરતા ૧૯ મુસાફરો ઝડપાયા હતા. આ તમામને રૂપિયા ૧૧૦નો દંડ કરવામાં આવ્યો હતો. જ્યારે ગેરરીતિ બદલ ૩ કંડકટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ બુધવારે ટિકિટ ચેકિંગ માટેની ડ્રાઈવ યોજવામાં આવી હતી.

ટિકિટ આપવાની કામગીરીમાં અનિયમિતતા મુદ્દે પકડાયેલા કુલ ૩ કંડકટરોને ફરજ મુક્ત કરી કંડકટર સપ્લાય કરતી એજન્સીને રૂપિયા ૬૦૦૦ની પેનલ્ટી ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત ટિકિટ વગર મુસાફરી કરતા ૧૯ ખુદાબક્ષો પાસેથી રૂપિયા ૨૦૯૦ની પેનલ્ટીની વસૂલાત કરવામાં આવી હતી. સિટી બસ ઓપરેટર એજન્સીની કામગીરીની અનિયમિતતા બદલ રૂપિયા ૨૩૭૨ની પેનલ્ટી ફટકારવામાં આવી હતી. ■

# ગાંધીધામની જૂની સુંદરપુરીમાં મધરાત્રે ત્રણ શખસે તીક્ષ્ણ છરી ઝીંકી યુવકની ઘાતકી હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ગાંધીધામની જૂની સુંદરપુરીમાં મૌની અમાવસ્યાના દિવસની મધરાત્રે ત્રણ યુવકોએ એક ૨૨ વર્ષિય યુવકને છરીના ઘા ઝીંકી રહેંસી નાખતાં ભારે ચકચાર પ્રસરી જવા પામી હતી.

બનાવ અંગે ગાંધીધામ એ ડિવિઝન પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, શહેરની જૂની સુંદરપુરીમાં મહેશ્વરી સમાજવાડી પાસે હતભગી ગોપાલ વેલજીભાઈ પિંગોલનો રવિ નારાણ માતંગ, કરણ નારાણ માતંગ અને સુનિલ અભુ સંજોટ સાથે કોઈ બાબતે ઉગ્ર વિવાદ થયો હતો. ઉશ્કેરાટમાં આવી ગયેલા ત્રણેય શખસોએ ગોપાલના ગળા, છાતી સહિતનાં અંગો પર ધારદાર છરી વડે વાર કરતાં ગંભીર ઈજાથી ગોપાલ ઢળી પડ્યો હતો. મધરાત્રે બે વાગ્યાના અરસામાં પ્રેમજી ખમુ માહેશ્વરી નામનો મૃતકનો મિત્ર ગોપાલને રામબાગ હૉસ્પિટલમાં લઈ ગયો હતો, પરંતુ તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ગાંધીધામ એ ડિવિઝન પોલીસ દ્વારા બનાવ અંગે ત્રણેય શખસો વિરુદ્ધ હત્યાની કલમો તળે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરાઈ હતી. ■

# માઘી ગણેશોત્સવમાં પીઓપીની મૂર્તિઓ પર બંધીનો કડકાઈથી અમલ કરોઃ હાઈ કોર્ટ



**ગણપતિ બાપ્પા મોર્યાઃ** માઘી ગણશોત્સવ માથે છે અને તેની તૈયારીઓ પણ જોરશોરથી થઈ રહી છે. ડોમ્બિવલીના એક મંડળમાં ગણપતિ બાપ્પાની મૂર્તિ ગઈ કાલે લાવવામાં આવી હતી. (અમય ખરાડે)

મુંબઈ : બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) ની માર્ગદર્શિકાનું કડક પાલન કરવા જણાવ્યું હતું. આ માર્ગદર્શિકા પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)માંથી બનેલી મૂર્તિઓના ઉપયોગ અને તળાવોમાં મૂર્તિઓના વિસર્જન પર પ્રતિબંધ લાદે છે.

મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે અને ન્યાયાધીશ ભારતી ડાંગરેની ડિવિઝન બેન્ચે એક પીઆઈએલની સુનાવણી કરતી વખતે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) અને મહારાષ્ટ્રની અન્ય તમામ નાગરિક સંસ્થાઓને પહેલી ફેબ્રુઆરીથી ઉજવાનારા 'માઘી ગણેશોત્સવ' પહેલા માર્ગદર્શિકાનું પાલન થાય તે સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો.

હાઈકોર્ટે મૂર્તિ ઉત્પાદકોને પણ પ્રશ્ન કર્યો હતો કે વારંવાર કોર્ટના આદેશો છતાં તેઓ દેવતાઓની મૂર્તિઓ બનાવવા માટે પીઓપીનો ઉપયોગ કેમ ચાલુ રખાયો છે

સીપીસીબીએ ૧૨ મે, ૨૦૨૦ ના રોજ સુધારેલા માર્ગદર્શિકા જારી કરી હતી, જેમાં પીઓપીથી બનેલી મૂર્તિઓના ઉત્પાદન, વેચાણ અને વિસર્જન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.બોર્ડે મૂર્તિઓ બનાવવા માટે કુદરતી, બાયોડિગ્રેડેબલ અને પર્યાવરણને નુકસાનકર્તા નહીં એવા કાચા માલના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું હતું.

ઓગસ્ટ, ૨૦૨૪માં હાઈ કોર્ટે અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે તેઓ તમામ સાર્વજનિક ગણેશ મંડળોને જાણ કરે કે તેઓએ સીપીસીબી માર્ગદર્શિકાનું ફરજિયાત પાલન કરવું જોઈએ અને તે મુજબ પીઓપીથી બનેલી ગણેશ મૂર્તિઓની સ્થાપના ન કરવી જોઈએ.

સુધરાઈ વતી હાજર રહેલા વકીલ મિલિંદ સાઠેએ જણાવ્યું હતું કે સુધરાઈ સીપીસીબીની સુધારેલી માર્ગદર્શિકાને લાગુ કરવા માટે પગલાં લઈ રહી છે.

મૂર્તિ નિર્માતાઓના સંગઠન વતી હાજર રહેલા એડવોકેટ એસ.એમ. ગોરવાડકરે જણાવ્યું હતું કે જો કોઈ પ્રતિકૂળ આદેશ પસાર કરવામાં આવે તો તેના સભ્યો તેમની આજીવિકાથી વંચિત રહેશે.

જોકે, બેન્ચે નોંધ્યું હતું કે હાલની માર્ગદર્શિકા મુજબ, અધિકારીઓએ ખાતરી કરવી જોઈએ કે પીઓપી મૂર્તિઓ વેચવામાં ન આવે કે વિસર્જન ન થાય.

હાઈ કોર્ટેએ આગામી સુનાવણી ૨૦ માર્ચે નક્કી કરી છે. ■

# એકેય ભાજપી ઉદ્ધવ સેનામાં નથી જોડાવાનોઃ ફડણવીસ

## એક લગ્નમાં ચંદ્રકાંત પાટીલ અને મિલિંદ નાર્વેકર વચ્ચેની મુલાકાત પછીના સંજય રાઉતના વિધાન પર સીએમની સ્પષ્ટતા

મુંબઈઃ સત્તાધારી ભાજપના કેટલાક લોકો ઠાકરે સેના સાથે ગઠબંધન કરવા માટે ઉત્સુક છે એવા શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતના દાવાને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે રદિયો આપ્યો હતો.

અનૌપચારિક બેઠકોને રાજકીય મુલાકાતો તરીકે ન ગણવી જોઈએ. ભાજપના નેતા ચંદ્રકાંત પાટીલ અને ઉદ્ધવ ઠાકરેના ખાસ વિશ્વાસુ મિલિંદ નાર્વેકર વચ્ચેની મુલાકાતને પગલે થઈ રહેલી ચર્ચા પર તેમણે આમ કહીને પૂર્ણવિરામ મૂકવાનો પ્રયાસ કર્યો હતો.

મુંબઈમાં ભાજપના વિધાનસભ્ય પરાગ અલવણીની પુત્રીના લગ્ન સમારંભમાં નાર્વેકર અને પાટીલની મુલાકાત થઈ હતી અને આ પ્રસંગમાં હાજરી આપનારાઓએ કહ્યું હતું કે નાર્વેકરે પાટીલ સાથે ગપ્પા ગોષ્ઠિ કરી હતી.

સંજય રાઉતે આ મુલાકાતનો સંદર્ભ ટાંકતા કહ્યું હતું કે પાટીલ ભાજપની જૂની પેઢીના નેતા છે, જેમને શિવસેના-ભાજપની યુતિનું મહત્ત્વ ખબર છે. આ યુતિ પચીસ વર્ષ ટકી હતી. આ સોનેરી ક્ષણો હતી એવું પાટીલે જ કહ્યું હતું એવો દાવો પણ રાઉતે કર્યો હતો.

રાઉતના દાવાને રદિયો આપતાં ફડણવીસે દિલ્હીમાં પત્રકારોને કહ્યું હતું કે કોઈ એટલા નાદાન ન હોઈ શકે કે લગ્નના સમારંભમાં થયેલી મુલાકાતને ગઠબંધનની સંભાવના ગણાવી શકે. ■

### ભાજપના ઘણા નેતા ઉદ્ધવ-સેના સાથે યુતિ ઈચ્છે છેઃ સંજય રાઉત

મુંબઈઃ સત્તાધારી ભાજપના ઘણા નેતાઓ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીમાં જોડાવવા કે યુતિ કરવા ઈચ્છે છે, એવો દાવો શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે કર્યો હતો. ''જોકે સેના (યુબીટી)માં આવી કોઈ ચર્ચા થઈ નથી, તેમ છતાં પક્ષના કેટલાક સભ્યો પણ સમાન લાગણીઓ શેર કરી શકે છે'', એમ તેમણે જણાવ્યું હતું.ધારાસભ્ય પરાગ અલવાણીની પુત્રીના લગ્નના રિસેપ્શનમાં ઠાકરેના સહાયક અને વિધાન પરિષદના સભ્ય મિલિંદ નાર્વેકર અને ભાજપના પ્રધાન ચંદ્રકાંત પાટીલની ચર્ચા બાદ રાઉતની આ ટિપ્પણી આવી હતી. ''પાટીલ ભાજપની જૂની પેઢીના છે જે શિવસેના-ભાજપ સંબંધોના મહત્ત્વને સમજે છે. તેમણે પચીસ વર્ષ સુધી સારી રીતે કામ કર્યું. ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પછી મુખ્ય પ્રધાનના પદને લઈને પક્ષો અલગ પડી ગયા. ત્યારબાદ સેના પ્રમુખ ઠાકરેએ મહા વિકાસ અઘાડીના બેનર હેઠળ મુખ્યપ્રધાન બનવા માટે કોંગ્રેસ અને એનસીપી સાથે હાથ મિલાવ્યા. શિંદેએ શિવસેનામાં બળવો કર્યા પછી એમવીએ સરકાર ૨૦૨૨માં પડી ગઈ. ■

# બદલાપુર, કલ્યાણ, ડોમ્બિવલીને મુંબઈ અને નવી મુંબઈથી જોડતો હાઈવે બનશે

મુંબઈઃ બદલાપુર, કલ્યાણ, ડોમ્બિવલી, અંબરનાથ, ઉલ્હાસનગરથી દરરોજ લાખો મુસાફરો નોકરી ધંધા માટે મુંબઈ આવે છે. સડક માર્ગે મુંબઈ પહોંચવા કોઈ સીધો રસ્તો નથી. મુંબઈ જલદી પહોંચવા લોકલ ટ્રેન જ એકમાત્ર વિકલ્પ છે.

જોકે, આ વિસ્તારોની વસ્તી દિન પ્રતિદિન વધી રહી હોવાથી મધ્ય રેલવે પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળે છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ અહીંના લોકોની મુસાફરીની સમસ્યાના ઉકેલ માટે એક યોજના તૈયાર કરી છે.

બદલાપુર, કલ્યાણ, ડોમ્બિવલી, અંબરનાથ અને ઉલ્હાસનગરને મુંબઈ અને નવી મુંબઇ સાથે સાંકળતો હાઈવે બાંધવામાં આવશે.એમએમઆરડીએએ તાજેતરમાં નવા હાઇવેના નિર્માણ માટે ટેન્ડર બહાર પાડ્યું હતું. આ પ્રોજેક્ટ અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

બદલાપુરથી મુંબઈ અને દિલ્હી વચ્ચે આ હાઇવે શરૂ થશે. એમાં મુંબઈ-વડોદરા રોડ, કાટાઈ-બદલાપુર અને કલ્યાણ રિંગ રોડનો સમાવેશ થાય છે. ■

# કાળા જાદુથી દીકરી પરના દોષ દૂર કરવાને નામે માતા પાસેથી ૨૯ લાખ પડાવ્યા

પુણેઃ દીકરી પરના દોષને કારણે ઘરમાં અશાંતિ હોવાનું જુઠ્ઠાણું ચલાવ્યા પછી બ્લૅક મેજિકથી દોષ દૂર કરવાને બહાને ઢોંગી બાબાએ વૃદ્ધ માતા પાસેથી અંદાજે ૨૯ લાખ રૂપિયા પડાવ્યા હોવાની ઘટના પુણેમાં બની હતી.

પુણેના બાલેવાડી પરિસરમાં રહેતી સિનિયર સિટિઝન મહિલાએ નોંધાવેલી ફરિયાદને આધારે ચતુશ્રૃંગી પોલીસે ઢોંગી બાબા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર વૃદ્ધાને ડિસેમ્બર મહિનામાં અજાણ્યા શખસે કૉલ કર્યો હતો. તમારા ઘર પર વાસ્તુદોષ છે અને પુત્રી પર પણ દોષ હોવાનું શખસે કહ્યું હતું. આ દોષને કારણે ઘર પર સંકટ તોળાતું હોવાનો ભય આરોપીએ દેખાડ્યો હતો.

કહેવાય છે કે દીકરી અને ઘર પરના દોષ દૂર કરવા માટે અમુક વિધિ કરવી પડશે. બ્લૅક મેજિકથી આ દોષ દૂર કરવા શક્ય હોવાનું જણાવી વિધિ માટે રૂપિયા ચૂકવવાનું આરોપીએ કહ્યું હતું. સમયાંતરે મહિલા પાસેથી ઑનલાઈન ૨૯ લાખ રૂપિયા આરોપીએ પડાવ્યા હતા.

જોકે બાદમાં વિધિની કોઈ તારીખ નિશ્ચિત ન કરી આરોપી ફરિયાદીના કૉલ રિસીવ કરવાનું ટાળવા લાગ્યો હતો. બાદમાં આરોપીનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ આવતો હોવાથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ વૃદ્ધાને થઈ હતી. આ પ્રકરણે વૃદ્ધાએ પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. ■

# પાણીનાં નવાં જોડાણ લેવાનું હવે મોંઘું થશેઃ ફીમાં ચાર ગણો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભવિષ્યમાં મુંબઈગરાને પાણીના નવા જોડાણ લેવાનું મોંઘું પડવાનું છે. પાણીનાં નવાં જોડાણ તથા લાઈસન્સના રિન્યુ કરવાની ફીમાં વધારો કરવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકાએ લીધો છે. તેથી નાગરિકોને હવે પાણીનાં નવા જોડાણ માટે દોઢ હજારને બદલે છ હજાર રૂપિયા સુધીની ફી ભરવી પડવાની છે, જેમાં ૨,૦૦૦ રૂપિયા ડિપોઝિટની રકમ અને ૨,૦૦૦ રૂપિયા રજિસ્ટ્રેશન ફી હશે. તો ૨,૦૦૦ રૂપિયા વાર્ષિક રિન્યુઅલ ફી હશે. બહુ જલદી તેને લગતો પ્રસ્તાવ પ્રશાસકીય મંજૂરી માટે લાવવામાં આવવાનો છે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગે પ્રસ્તાવ રાખ્યો છે, જેમાં નવાં જોડાણ અને તેના રિન્યુઅલ લાઈસન્સની ફીમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. લગભગ છેલ્લા ૧૧ વર્ષથી એટલે કે ૨૦૦૫ની સાલથી આ ફીમાં વધારો કરવામાં આવ્યો નથી. જોકે હવે પાલિકાએ આ નિર્ણય લીધો છે.

નવાં પાણીનાં જોડાણ અને પાણીનાં જોડાણનાં રિન્યુઅલ માટે આવતી અરજી પર અધિકૃત પ્લમ્બરની સહી લેવાની ફરજિયાત છે. જે પ્લમ્બરની લેવામાં આવે તેની પાસે મુંબઈ મહાનગરપાલિકાનું લાઈસન્સ હોવું આવશ્યક છે.

લાઈસન્સ રિન્યુઅલમાં વિલંબ થાય તો પાલિકા તરફથી લેવામાં આવતી ડિપોઝિટ રકમ જપ્ત કરવામાં આવે છે. તો ત્રણ વર્ષે લાઈસન્સનું રિન્યુઅલ કરવામાં આવ્યું નહીં તો હાલ પ્રતિ વર્ષ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવે છે.

હવે આ ફીમાં લગભગ સાડા ચાર હજાર રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય પાલિકાએ લીધો છે. તેથી લાઈસન્સધારક પ્લમ્બરની રજિસ્ટ્રેશન ફી ૧,૫૦૦ રૂપિયા, ડિપોઝિટ રકમ ૧,૫૦૦ રૂપિયા તો લાઈસન્સ રિન્યુઅલ માટે ૧,૫૦૦ રૂપિયા એમ કુલ છ હજાર રૂપિયા ભરવા પડવાના છે.

લાઈસન્સ રિન્યુ કરવામાં વિલંબ થયો તો ૨,૦૦૦ રૂપિયાની ડિપોઝિટ રકમ જપ્ત કરવામાં આવશે. બહુ જલદી આ પ્રસ્તાવને મંજૂરી મળે એવી શક્યતા છે.


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં.). (૧૫૫૫૬/એ)

### ૧૨. યાત્રા સહેલગાહ

ARHAM HOLIDAYS 9769977466 / 9892534488 Per Couple Individual Tours Private Car Bfast Dinner Andaman 44000, Himachal 45000, Kashmir 54000, Uttaranachal 55000, Sikkim 58000, Lakshwadeep Cruise 59500. (B-15479)

### ૧૭. જગ્યા આપવી છે

**કફપરેડ**

''બસંત'' ફર્નિશ્ડ 3 BHK, સર્વન્ટ રૂમ, એરીયા 1450' કાર્પેટ, હાયરફ્લોર, ક્લીયર સીવ્યુ, 2 પાર્કિંગ ઓનરશીપ, રિઝનેબલ ભાવ, 98209 46551. ''આશીષ એજન્ટ''. (૧૫૫૦૨-એ)

**KANDIVALI EAST**

**2 BHK, Thakur Village, Reputed Builder, Higher Floor, One minute WEH, Metro Station, Thakur College, Bus Stop, Rickshaw Stand, Temple, Chemist, Doctor, Grocery Store Below Building (Broker excuse) Call Owner: 9820112323. (15550-A)**

**DOSTI MEZZO SION,**

**Quiet Location All Amenities, Pool, Club, Gym, Possn in 6 months Group Booking Discounted Deals 2 Bed 3.20 Cr. ++ 3 Bed 4.45 Cr. ++ 8655929524. (B-15280)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

■ ફર્નિશ્ડ ઑફિસ ૩૦૭ ચો. ફુટ, ૨ કેબીનો સાથે, વર્ક સ્ટેશન, અશોકા શોપિંગ કોમ્પલેક્ષ, ક્રાફર્ડ માર્કેટ ૯૮૬૭૩૦૭૮૮૫/ ૯૮૬૯૦૦૨૬૬૪/ ૯૯૨૦૨૯૮૪૬૬. (બી-૧૫૪૯૪)

### ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૪૯૨)




(B-15459)


# ભ્રષ્ટાચારીઓને જેલમાં ધકેલીશું એમ કહેનાર ભાજપે તેમને પ્રધાન બનાવ્યાઃ રાજ ઠાકરે

## લોકસભાની ચૂંટણીમાં એક બેઠક મેળવનાર અજિત પવારના પક્ષને વિધાનસભા ચૂંટણીમાં ૪૨ બેઠક કઈ રીતે મળી?

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેએ ગુરુવારે શાસક ભારતીય જનતા પાર્ટી પર પ્રહાર કરતા કહ્યું કે પાર્ટીએ એક સમયે કહ્યું હતું કે કરોડો રૂપિયાના કૌભાંડમાં સંડોવાયેલા નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવશે, પરંતુ તેમને રાજ્યના પ્રધાનમંડળમાં સામેલ કરવામાં આવ્યા હતા.

મનસેના એક મેળાવડામાં બોલતા, તેમણે ગયા વર્ષની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનાં પરિણામો પર પણ શંકા વ્યક્ત કરતાં પૂછ્યું હતું કે અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) લોકસભા ચૂંટણીમાં માત્ર એક બેઠક જીત્યાના થોડા મહિના પછી જ વિધાનસભામાં ૪૨ બેઠકો કેવી રીતે જીતી ગઈ હતી.

'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ૭૦,૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડમાં સંડોવાયેલા લોકોને જેલમાં ધકેલી દેવામાં આવશે, પરંતુ તેમણે તેમને ક્યાં મૂક્યા? પ્રધાનમંડળમાં,' એમ રાજ ઠાકરેએ કહ્યું હતું. તેઓ ૨૦૨૩માં મધ્ય પ્રદેશમાં પીએમ મોદીના ભાષણનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જ્યાં તેમણે મહારાષ્ટ્રમાં કથિત સિંચાઈ કૌભાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો. ભાજપે આ કૌભાંડમાં કથિત સંડોવણી બદલ તે સમયે વિરોધ પક્ષના નેતા અજિત પવાર પર નિશાન સાધ્યું હતું. જોકે, અજિત પવાર બાદમાં રાજ્યમાં એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારમાં જોડાયા અને જુલાઈ ૨૦૨૩ માં તેમને નાયબ મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા હતા. ■

### મહારાજને લેઝિમ રમતા કેવી રીતે દેખાડી શકાય?

છત્રપતિ સંભાજી મહારાજને લેઝિમ કરતા દેખાડતા આગામી ફિલ્મ 'છાવા'ના એક દૃશ્યને લગતા વિવાદ પર ઠાકરેએ કહ્યું કે ફિલ્મના દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકર તાજેતરમાં આ મુદ્દા પર ચર્ચા કરવા માટે તેમને મળ્યા હતા. 'લેઝીમ એ મહારાષ્ટ્રનું પરંપરાગત નૃત્ય છે. સંભાજી મહારાજે કોઈ સમયે લેઝીમ પસંદ કર્યું હશે, કોણ જાણે? ભલે તે ઇતિહાસના પુસ્તકોમાં ન હોય, તે આપણી કલ્પનામાં હોઈ શકે છે, પરંતુ મેં દિગ્દર્શકને પૂછ્યું કે શું પ્રશ્નમાં રહેલું ગીત ફિલ્મના વર્ણન માટે મહત્વપૂર્ણ છે કે ફક્ત ઉજવણીનું ગીત. તેમણે કહ્યું કે તે ફક્ત ઉજવણી દર્શાવવા માટે હતું. તેથી, મેં તેમને પૂછ્યું કે શું એક ગીત માટે આખી ફિલ્મનું જોખમ લેવું જરૂરી છે.' ઠાકરેને મળ્યા પછી, ફિલ્મના દિગ્દશકિ એવી જાહેરાત કરી હતી કે લેઝીમ નૃત્યનું દૃશ્ય ફિલ્મમાંથી કાઢી નાખવામાં આવશે. ■

# હોદ્દાનો દુરુપયોગ કરી બૅન્કના બે કરોડ ચાંઉ કરનારા છ કર્મચારી સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ખાનગી બૅન્કની અંધેરી શાખામાં કામ કરતા છ કર્મચારીએ પદનો દુરુપયોગ કરી છેલ્લાં દોઢ વર્ષમાં બે કરોડથી વધુ રૂપિયા કથિત રીતે ચાંઉ કર્યા હોવાનું સામે આવ્યું હતું. આરોપીઓએ બૅન્કના ખાતામાંથી પોતાનાં અને સગાંસંબંધીઓનાં બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કર્યા પછી તેમની પાસેથી રોકડ સ્વરૂપે સ્વીકારી હતી.

આંતરિક તપાસમાં આ ભોપાળું બહાર આવતાં બૅન્કના અધિકારીએ એમઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે મંગળવારે સિદ્ધેશ પટનાઈક, રિષભ યાદવ, સાગર મિશ્રા, અજય યાદવ, શ્યામસુંદર ચૌહાણ અને વિકી શિંદે વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે બૅન્કનાં છ ખાતાંમાંના ભંડોળનો ઉપયોગ કરવાની પરવાનગી બૅન્કના સંબંધિત વિભાગના ૧૫ કર્મચારીને આપવામાં આવી હતી. આ કર્મચારીઓમાંથી છ કર્મચારીએ મોટા ભાગે બૅન્કનાં બે ખાતાંમાંથી રકમની કથિત ઉચાપત કરી હતી.

બૅન્કનાં ખાતાઓમાંથી યોગ્ય પરવાનગી વિના ફંડ ટ્રાન્સફર કરવામાં આવ્યું હોવાની શંકા જતાં બૅન્કના અધિકારી દ્વારા આંતરિક તપાસ કરાઈ હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે સિદ્ધેશ પટનાઈકે તેના સહકર્મચારી વિકી શિંદેનો લૉગઈન આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને ૧.૮૦ કરોડ રૂપિયા પાંચ અલગ અલગ બૅન્ક ખાતાંમાં ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં સિદ્ધેશે એ પાંચ ખાતાંમાંથી ૧૬.૩૧ લાખ રૂપિયા બૅન્કના અન્ય ત્રણ કર્મચારી અજય યાદવ, રિષભ યાદવ અને શ્યામસુંદર ચૌહાણના ખાતાંમાં વળતા કર્યા હતા.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે સિદ્ધેશ પટનાઈક દ્વારા કરાઈ રહેલી આ ગેરરીતિની કોઈને જાણ કરવા માટે સાગર મિશ્રાએ સિદ્ધેશ પાસેથી ૨૯.૩૫ લાખ રૂપિયા લીધા હતા. સિદ્ધેશે આ રકમ સાગરના સગાંસંબંધી અને મિત્રા ખાતાંમાં ટ્રાન્સફર કરી હતી, જે પછીથી સાગરે રોકડ સ્વરૂપે તેમની પાસેથી સ્વીકારી હતી. એપ્રિલ, ૨૦૨૩થી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન આ ગેરરીતિ આચરાઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ■

# વરલીમાં ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કરનારી મહિલા ત્રણ કલાકમાં પકડાઈ

## દોહિત્રીની યાદ આવતી હોવાથી બાળકીને પોતાની સાથે લઈ ગઈઃ આરોપીનો દાવો

મુંબઈઃ વરલી વિસ્તારમાં ઘર સામે રમી રહેલી ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કરનારી ૪૦ વર્ષની મહિલાને પોલીસે ગુનો દાખલ કર્યાના ત્રણ કલાકમાં જ પકડી પાડી હતી. વરલી પોલીસે બાળકીનો છુટકારો કરાવ્યા બાદ તેને તેનાં માતા-પિતાને સોંપાઇ હતી. કોલકાતામાં રહેતી દોહિત્રીની ખૂબ યાદ આવતી હોવાથી બાળકીને રમાડવા પોતાની સાથે લઇ ગઇ હોવાનું આરોપી મહિલાએ પૂછપરછમાં પોલીસને જણાવ્યું હતું.

વરલી પોલીસે ધરપકડ કરેલી મહિલાની ઓળખ દિપાલી બબલુ દાસ (૪૦) તરીકે થઇ હતી. વરલી સ્થિત પ્રેમનગરમાં એક વર્ષથી ભાડાના ઘરમાં રહેતી દિપાલી મૂળ પશ્ચિમ બંગાળની વતની છે અને આયા તરીકે કામ કરે છે, એમ પોલીસે કહ્યું હતું.

વરલીમાં રહેતી પૂનમ વિનોદકુમાર ગુપ્તા (૩૨)ની ત્રણ વર્ષની બાળકી બુધવારે બપોરે ઘર સામે રમી રહી હતી ત્યારે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. અજાણી મહિલા ચોકલેટની લાલચ આપીને બાળકીને પોતાની સાથે લઇ ગઇ હતી.

બીજી તરફ બાળકી નજરે ન પડતાં પરિવારજનોએ વરલી નાકા, પ્રેમનગર, મદ્રાસવાડી અને વરલી સી-ફેસ ખાતે તેની શોધ ચલાવી હતી, પણ તેનો કોઇ પત્તો ન લાગતાં આખરે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ગુનો દાખલ કરીને બાળકીને શોધવા માટે વિવિધ ટીમ તૈયાર કરી હતી. પોલીસની ટીમે પ્રેમનગર વિસ્તારમાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. કરિયાણાની દુકાન નજીકના સીસીસીટી ફૂટેજમાં શંકાસ્પદ મહિલા બાળકી સાથે લઇ જતી નજરે પડી હતી. આ ફૂટેજને આધારે પોલીસે મહિલાની શોધ આદરી હતી.

દરમિયાન પોલીસે કોમ્બિંગ ઑપરેશન હાથ ધરીને સ્થાનિકોની મદદથી પ્રેમનગર ઝૂંપડપટ્ટીમાંના તમામ ઘરોમાં તપાસ કરી હતી. આખરે એક ત્યાંના ઘરમાંથી મહિલાને પોલીસે શોધી કાઢી હતી અને બાળકીને છોડાવી હતી. દિપાલીએ વરલી પોલીસને જણાવ્યું હતું કે તેની દોહિત્રી કોલકાતામાં રહે છે અને તે પણ ત્રણ વર્ષની છે. દોહિત્રીની તેને ખૂબ યાદ આવતી હતી, પણ તે તેને મળવા કોલકાતા જઇ શકતી નહોતી. ■

# સી લિંકના અકસ્માતમાં ચારનો જીવ લેનાર ડ્રાઈવરને કોર્ટે જામીન આપ્યા

મુંબઈઃ વર્ષ ૨૦૨૩માં બાંદ્રા-વરલી સી લિંક પર પોતાની કારનો અનેક અન્ય વાહનો સાથે અકસ્માત કરવાના આરોપીને હાઈકોર્ટે જામીન આપ્યા છે. આ અકસ્માતમાં ચાર લોકોનાં મોત થયા હતા.

ડ્રાઇવરનો અકસ્માત પાછળ કોઈ બદઇરાદો નહોતો એવું નિરીક્ષણ કોર્ટે જામીન આપતી વખતે કર્યું હતું.

૨૮ જાન્યુઆરીના રોજ ન્યાયાધીશ મિલિંદ જાધવની સિંગલ બેન્ચે એ પણ નોંધ્યું હતું કે ડ્રાઈવર મોહમ્મદ સરફરાઝ મોહમ્મદ યુસુફ શેખ (૪૨) ને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તે હાલમાં માનસિક બીમારીથી પીડાઈ રહ્યો છે.

પ્રથમ નજરે, ફરિયાદ પક્ષ મુજબ પણ, અરજદાર (શેખ) તરફથી આ કોઈ પૂર્વયોજિત કૃત્ય નથી, એમ કહીમે હાઈ કોર્ટે ૨૦,૦૦૦ રૂપિયાના બોન્ડ પર જામીન આપ્યા હતા અને તેને પાંચ વર્ષ માટે તેમનું ડ્રાઇવિંગ લાઇસન્સ જમા કરાવવાનો પણ નિર્દેશ આપ્યો.

પોતાની અરજીમાં, શેખે કહ્યું કે તે ૧૫ વર્ષથી ડ્રાઇવર છે અને ભૂતકાળમાં કોઈ અકસ્માતનો ભોગ બન્યો નથી. શેખે દાવો કર્યો હતો કે તેણે અચાનક એકાગ્રતા ગુમાવવાને કારણે કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો. કારણ કે તે ક્ષણના ઉશ્કેરાટમાં ચક્કર અનુભવતો હતો. (પીટીઆઈ) ■

# ફેડરલના અપેક્ષિત વલણ બાદ બ્લુચિપ શૅરોની લેવાલીના બળે શૅરબજારમાં ત્રીજા દિવસે આગેકૂચ જારી, નિફ્ટી ૨૩,૫૦૦ નજીક સરક્યો

મુંબઈ: ફેડરલના અપેક્ષિત નિર્ણય અને વલણ બાદ સ્થાનિક સ્તરે ગુરુવારે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ અને એચડીએફસી બેંક સહિતના હેવી વેઇટ શેરોમાં લેવાલીને કારણે સેન્સેક્સ અને નિફ્ટી ત્રીજા દિવસે પણ ધીમી આગેકૂચ ચાલુ રાખી પોઝિટિવ જોનમાં આગળ વધ્યા હતા. સેન્સેક્સ ૨૨૬.૮૫ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા વધીને ૭૬,૭૫૯.૮૧ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૨૯.૯૨ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા વધીને ૭૬,૯૬૨.૮૮ના સ્તરે બંધ થયો. જ્યારે નિફ્ટી ૮૬.૪૦ પોઈન્ટ અથવા ૦.૩૭ ટકા વધીને ૨૩,૨૪૯.૫૦ પર બંધ થયો.બ્લુચિપ શેરોમાં ભારતી એરટેલ, પાવર ગ્રીડ, બજાજ ફાઇનાન્સ, નેસ્લે, મહિન્દ્રા અને મહિન્દ્રા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એશિયન પેઇન્ટ્સ, ઇન્ડસઇન્ડ બેંક, હિન્દુસ્તાન યુનિલિવર અને ઇંડ્ઉસ્ક્ષ્ઈ બેંક સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં હતા, જ્યારે આઇટીસી હોટેલ્સ, બજાજ ફિનસર્વ, અદાણી પોર્ટ્સ, ટેક મહિન્દ્રા, ઝોમેટો અને કોટક મહિન્દ્રા બેંક ટોપ લુઝર્સની યાદીમાં હતા.

ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૮ ટકાનો વધારો થતાં બજાજ ફાઇનાન્સનો શેર લગભગ બે ટકા વધ્યો હતો અને તે રૂ. ૪,૩૦૮ કરોડ થયો હતો. ડિસેમ્બર ૨૦૨૪માં પૂરા થયેલા ત્રીજા ક્વાર્ટરમાં ટાટા મોટર્સનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૨૨ ટકા ઘટીને રૂ. ૫,૫૭૮ કરોડ થયો હતો, જે તેના પેસેન્જર અને કોમર્શિયલ વાહનો વિભાગમાંથી આવકમાં ઘટાડાને કારણે પ્રભાવિત થયો હતો, જેના કારણે કંપનીનો શેર સાત ટકાથી વધુ તૂટ્યો હતો. અદાણી પોર્ટનો નફો ૧૪ ટકા વધીને રૂ. ૨૫૨૦ કરોડ નોંધાવ્યો છે.

કોર્પોરેટ હલચલમાં ટેક્નોલોજી સોલ્યુશન્સ પ્રોવાઇડર, પેરામેટ્રિક્સ ટેક્નોલોજી લિમિટેડે ભારતીય કોમોડિટીઝ બજારની રાષ્ટ્રીય સ્તરની માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રકચર ઇન્સ્ટિટ્યૂટ સાથે એપ્લીકેશન ડેવલપમેન્ટ એન્ડ મેન્ટેનન્સ (એડીએમ) એંગેજમેન્ટ માટે રૂ. ૫.૪૧ કરોડના ત્રણ વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર જાન્યુઆરી ૨૦૨૫થી માર્ચ ૨૦૨૮ સુધીના છે. બજાજ ફાઇનાન્સના નફામાં ૧૮ ટકાનો વધારો નોંધાયો હોવાથી તેના શેરમાં છ ટકા સુધીનો ઉછાળો હતો.

નોન ફેરસ ધાતુઓમાંથી બનેલા વાઇન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સની ઉત્પાદક શેરા એનર્જી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના નવ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૫૩.૭૦ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૯૦૯ કરોડની કુલ આવક, ૧૫.૯૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૨.૯૧ કરોડનો એબિટા, ૩૭.૮૫ ટકાના વધારા સાથે રૂ. ૧૫.૬૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બજાજ ફિનસર્વનો નફો ત્રણ ટકા વધીને રૂ. ૨૨૩૧ કરોડ નોંધાયો છે.

મેટલ ઉત્પાદન ક્ષેત્રે જાણીતી રાજપૂતાના ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના નવ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૮૫.૫૨ ટકાના વધારા સાથે રૂ. ૪૦૩.૧૪ કરોડની કુલ આવક, ૪૭.૩૫ ટકાના વધારા સાથે રૂ. ૭.૭૪ કરોડનો કરવેરા પહેલાનો નફો અને ૬૧.૧૯ ટકાના વાર્ષિક વધારા સાથે રૂ. ૬.૩૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**મહાટેન્ડર પોર્ટલ લિન્ક**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (સ્યુઅરેજ ઓપરેશન) |
| ડિવિઝન | એક્ષિક્યૂટિવ એન્જિનિયર (S.O.)W.S. મલાડ ppg.stn. |
| ટેન્ડર સંદર્ભ નંબર | ૨૦૨૫_MCGM_૧૧૪૩૦૭૦_૧ |
| વિષય | ગોરેગાંવ પમ્પિંગ સ્ટેશન ખાતે પમ્પિંગ સ્ટેશનો અને GI કોરુગેટેડ શીટસની મલાડ ગ્રુપ ખાતે કોન્સર્ટિના બારબેડ રેઝર ટાઈપ કોઈલની બદલવાનું કામ. |
| ટેન્ડરનું વેચાણ | ૩૧.૦૧.૨૦૨૫ સમય ૧૧.૦૦ ક.થી ૧૦.૦૨.૨૦૨૫ સમય ૦૪.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in હવેથી કોઈપણ સુધારો અથવા પરિશિષ્ટ BMC પોર્ટલ/ મહાટેન્ડર પોર્ટલ લિંક સાઈટ પર જ પ્રકાશિત કરવામાં આવશે. |
| સંચાર ઓફિસર: | |
| A) નામ | શ્રી જીતેન્દ્ર પાબ્રેકર<br>શ્રી ભરત બમ્બલ |
| B) ટેલિફોન નં. | ૨૬૩૬૮૬૮૧ |
| C) મોબાઈલ નં. | ૯૮૬૯૨૫૩૬૬૯<br>૯૯૮૭૧૭૭૦૬૯ |
| D) ઈ-મેઈલ સરનામું | eemechsmalad.so@mcgm.gov.in |

સહી/-
E.E.(S.O.) W.S. મલાડ ppg.stn.
PRO/2395/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


# ઑનલાઇન સ્પોટ ટ્રેડિંગ પ્લેટફોર્મ પર એલજીડીનો ઉમેરો

મુંબઇઃ ભારતે નેચરલ ડાયમંડની સાથે કૃત્રિમ હીરાની બાબતે પણ અગ્રસ્થાન હાંસલ કર્યું છે. વાણિજ્ય મંત્રાલયના ડેટા મુજબ, ભારત ૨૦૨૨માં વિશ્વના તમામ લેબ ગ્રોન હીરામાંથી લગભગ ૯૮ ટકા પોલિશ થાય હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટામાં જણાવાયું છે. હવે ઓનલાઇન સ્પોટ ટ્રેડિંગ પર એલજીડીનો ઉમેરો થઇ રહ્યો હોવાથી તેમાં ઓનલાઇ ટ્રેડિંગ થઇ શકશે. અર્નેસ્ટ એન્ડ યંગના અહેવાલ મુજબ, સમગ્ર વિશ્વમાં લેબ ગ્રોન ડાયમંડની માગ વધી રહી છે અને તેનું વૈશ્વિક બજાર કદ ૮.૬૪ ટકાના સીએજીઆર સાથે વધીને ૨૦૨૮ સુધીમાં ૩૯.૩ બિલિયન ડોલરને સ્પર્શી રહ્યું છે. જ્યારે ભારતીય લેબ ગ્રોન ડાયમંડ જ્વેલરી માર્કેટનું કદ ૨૦૨૩માં લગભગ ૩૦૦ મિલિયન ડોલરથી વધીને ૨૦૩૩ સુધીમાં ૧.૨ બિલિયન ડોલર થવાની તૈયારીમાં છે. સોનાના ટ્રેડિંગ માટે ઉપલબ્ધ ઓનલાઇન સ્પોટ ટ્રેડિંગ પ્લેટફોર્મ પર હવે કૃત્રિમ હીરાનું ટ્રેડિંગ શક્ય બનશે એમ જણાવતાં ભારતના સૌથી મોટા ગોલ્ડ ટ્રેડિંગ પ્લેટફોર્મે ઓગમોન્ટે, દેશભરના ૫,૦૦૦થી વધુ જ્વેલર્સને કિંમતી ધાતુઓ માટે તેના હાલના ઑનલાઇન સ્પોટ ટ્રેડિંગ પ્લેટફોર્મ ૨.૦ પર લેબ ગ્રોન ડાયમંડ્સ (એલજીડી)ને સ્થાન આપ્યું હોવાનું જાહેર કર્યું છે. ભારતમાં ઝડપથી વિકસતા એલજીડી માર્કેટ માટે પારદર્શક અને કાર્યક્ષમ કિંમત નિર્ધારણ પદ્ધતિની સ્થાપના સાથે આ વ્યૂહાત્મક પગલું જ્વેલર્સ માટે પ્રોક્યોર્મેન્ટને સુવ્યવસ્થિત કરવા માટે સુયોજિત છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જિનિયર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) પ્રોજેક્ટ
નંબર ચીફ. એન્જિ./૪૩૩૮/SWM/પ્રોજેક્ટ તા. ૨૯-૧-૨૫

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે:-

| કામનું નામ | કોન્ટ્રાક્ટ સમયગાળો | બારડી રૂ.માં | ટેન્ડરની સ્કુટીની કિંમત રૂ. | બીડ શરૂ કરવાની તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧) દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડ તરફ દોરી જતા પ્રવેશ રસ્તા ખાતે PTZ કેમેરાના ૧ નં. તથા વેબ્રીજીસ અને અન્ય સ્થળો ખાતે ફીક્સ્ડ CCTV કેમેરાઝના ૧૪ નં.ની સેવાઓનું યુટીલાઈઝેશન મહાટેન્ડર ID: 2025_MCGM_1143636_1 | LOA/SAP P.O.ની પ્રાપ્તિની તારીખથી મોબીલાઈઝેશન મુદત સિવાય ૧૨ માસ (જે વહેલું હોય તે) | રૂા.૬,૦૦૦/- www.mahatenders.gov.in પર ઓનલાઈન ચૂકવવા જોઈશે | રૂા.૧૩૨૦/- + GST ૧૮% એટલે કે ૧૫૬૦/- (www.mahatenders.gov.in પર ઓનલાઈન ચૂકવવા જોઈશે) | ૩૧/૧/૨૫ ના ૧૧.૦૦ ક. પછી | ૭/૨/૨૫ ના ૧૬.૦૦ ક. સુધી |
| ૨) દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડ ખાતે એસેસરીઝ સાથે ડિજિટલ વાયરલેસ વોકીટોકી સેટસની સેવાઓનું હાયરિંગ. મહાટેન્ડર ID: 2025_MCGM_1143612_1 | LOA/SAP P.O.ની પ્રાપ્તિની તારીખથી મોબીલાઈઝેશન મુદત સિવાય ૧૨ માસ (જે વહેલું હોય તે) | રૂા. ૯,૩૦૦/- www.mahatenders.gov.in પર ઓનલાઈન ચૂકવવા જોઈશે. | રૂા. ૧૩૨૦/- + GST ૧૮% એટલે કે ૧૫૬૦/- (www.mahatenders.gov.in પર ઓનલાઈન ચૂકવવા જોઈશે) | ૩૧/૧/૨૫ ના ૧૧.૦૦ ક. પછી | ૭/૨/૨૫ ના ૧૬.૦૦ ક. સુધી |

ટેન્ડરની નકલ મહાટેન્ડર્સ પોર્ટલ (http:// mahatenders.gov.in ) પરથી ટેન્ડર સેક્શન હેઠળ ડાઉનલોડ કરી શકાય છે. વધુ વિગતો માટે http://mahatenders.gov.in પર લોગઓન કરો.

સહી/-
E.E.(SWM) પ્રોજેક્ટ-દેવનાર
PRO/2381/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

આરોગ્ય વિભાગ
કે. બી. ભાભા હૉસ્પિટલ, R. K. પાટકર માર્ગ, બાન્દ્રા (પ.), મુંબઈ-૪૦૦૦૫૦.
નં. HO/૧૩૯૯૦/KBB તા. ૩૦.૦૧.૨૦૨૫.

ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર (MCGM) લાયક કોન્ટ્રેક્ટરો/ વિક્રેતા પાસેથી આ લાઈનમાં લેતી દેતી કરનારા પાસેથી બીડસ મંગાવે છે.
ઈ-ટેન્ડર વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | પેરામીટર્સ | વિગતો | |
|---|---|---|---|
| ૧ | ઈ-ટેન્ડર / બીડ નં. : | ૨૦૨૫_MCGM_૧૧૪૩૮૩૮ | |
| ૨ | વિભાગ : | પેરીફેરલ હોસ્પિટલ | |
| ૩ | ઈ-વિષય ક્વોટેશનો : | K. B. ભાભા હોસ્પિટલ, બાન્દ્રા (પ.) ખાતે સ્થાપિત ઓટો ડોર પેસેન્જર લિફ્ટ નં. ૦૭ & ૦૮ (G + ૧૧ ઉપરનો માળ)ના કાર ડોર અને લેન્ડિંગ ડોર સેટની બદલી. | |
| ૪ | સંપર્ક વિગતો | ડે. મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ<br>ટેલી: ૦૨૨ ૨૬૪૨૨૭૭૫ એક્ષ્ટે. ૪૫૦૬<br>ઈ-મેઈલ : bhabha.bandra@yahoo.com | |
| ૫ | અગત્યની તારીખો : | વિગતો | તારીખથી / સમયથી |
| | | પ્રારંભ તારીખ<br>ઓનલાઈન ઈ-ટેન્ડર ડાઉનલોડ કરવાની | ૩૧.૦૧.૨૦૨૫<br>@ ૧૬.૦૦ ક. |
| | | ઓનલાઈન ઈ-ટેન્ડર સુપ્રતિની<br>છેલ્લી તારીખ | ૦૬.૦૨.૨૦૨૫<br>૧૬.૦૦ ક. સુધી |

ઈ-ક્વોટેશન MCGM પોર્ટલ mcgm.gov.in ડાઉનલોડ કરી શકાશે. અથવા ટેલિ. નં. ૦૨૨ ૨૬૪૨૨૭૭૫ એક્ષ્ટે.: ૪૬૦૦ ઉપર અમારો સંપર્ક કરો.
તારીખ : ૩૦.૦૧.૨૦૨૫
સ્થળ : મુંબઈ

સહી/-
ડે. મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ
કે. બી. ભાભા હોસ્પિટલ, બાન્દ્રા (પ.)
PRO/2388/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ડે. ચી. એ./૨૩૭૪/ SWD /શહેર/O & M / સિવિલ તા. ૩૦.૦૧.૨૦૨૫
ડેપ્યુટી ચીફ એન્જિનિયર (સ્ટોર્મ વોટર ડ્રેઈન્સ) શહેરનું કાર્યાલય

આ ઈ-ટેન્ડર નોટિસ છે

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના મ્યુનિસિપલ કમિશનર નીચે જણાવેલ કામો માટે મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈ (MCGM) ની સાથે નોંધાયેલ લાયક કોન્ટ્રાક્ટર્સ/ પેઢીઓ પાસેથી ટકાવારી દર ધોરણ પર ઈ-પેક્ટ 'એ', ઈ-પેકેટ 'બી' અને ઈ-પેકેટ 'સી'માં ઓનલાઈન ઈ-ટેન્ડર મંગાવે છે.

ટેન્ડર કોપી MCGMના પોર્ટલ (http://mahatenders.gov.in)માંથી ડાઉનલોડ કરી શકાશે.

| અનું. નં. | કામનું નામ | અંદાજીત (ખર્ચ) (રૂા.માં) | બાનાની રકમ ડીપોજીટ (રૂા.માં) | કલાસ | સમય મુદત | ટેન્ડર ફી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ET-૫૮: વર્ષ ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ માટે શહેર વિસ્તારમાં A, B, C, D & E વોર્ડ, Z-Iમાં નાના નાલાઓ, રોડ સાઈડ ડ્રેઈન્સ, કલ્વર્ટસ, વોટર એન્ટ્રેન્સેસ અને લેટરલ વગેરેની ડિસિલ્ટિંગ અને વોર્ડ દ્વારા સાફસફાઈ ટેન્ડર ID:- ૨૦૨૫_MCGM_૧૧૪૩૮૮૯_૧ | ૬,૨૯,૧૧,૨૮૨/- | ૬,૨૯,૨૦૦/- | વર્ગ II અને વધુ નવા રજીસ્ટ્રેશન નિયમો મુજબ | ૨૪ માસ (ચોમાસા સહિત) | રૂા. ૧૯,૪૭૦/- (રૂા. ૧૬,૫૦૦/- +૧૮% GST) |
| ૨ | ET-૫૯: વોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ માટે શહેર વિસ્તારમાં Z-II, F/નોર્થ, F/સાઉથ, G/સાઉથ & G/ નોર્થ વોર્ડમાં નાના નાલાઓ, રોડ સાઈડ ડ્રેઈન્સ, કલ્વર્ટસ, વોટર એન્ટ્રેન્સેસ અને લેટરલ વગેરેની ડિસિલ્ટિંગ અને સાફસફાઈ. ટેન્ડર ID:- ૨૦૨૫_MCGM_૧૧૪૩૮૯૨_૧ | ૧૮,૫૫,૯૧,૯૪૦/- | ૧૮,૫૬,૦૦૦/- | વર્ગ I (B) અને વધુ નવા રજીસ્ટ્રેશન નિયમો મુજબ | ૨૪ માસ (ચોમાસા સહિત) | રૂા. ૧૯,૪૭૦/- (રૂા. ૧૬,૫૦૦/- +૧૮% GST) |
| ૩ | ET-૬૦: સેન્ટ્રલ એજન્સી દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ માટે શહેર વિસ્તારમાં ઝોન-IIમાં F/સાઉથ, F/નોર્થ, G/સાઉથ & G/નોર્થ વોર્ડમાં નાના નાલાનું ડિસિલ્ટિંગ અને સાફસફાઈ. ટેન્ડર ID:- ૨૦૨૫_MCGM_૧૧૪૩૮૯૪_૧ | ૧૬,૬૨,૫૯,૪૨૬/- | ૧૬,૬૨,૬૦૦/- | વર્ગ I (C) અને વધુ નવા રજીસ્ટ્રેશન નિયમો મુજબ | ૨૪ માસ (ચોમાસા સહિત) | રૂા. ૧૯,૪૭૦/- (રૂા. ૧૬,૫૦૦/- +૧૮% GST) |

ઈ-ટેન્ડરના અપલોડીંગ અને ઈ-ટેન્ડર્સના ખૂલવાની તારીખો અને સમય નીચે મુજબ છે. જો તારીખોમાં કોઈ ફેરફાર હશે તો તે મહાટેન્ડર પોર્ટલ (http://mahatenders.gov.in) ઉપર પ્રદર્શિત કરવામાં આવશે અથવા ડે.ચી.એ. (S.W.D.) શહેરના કાર્યાલયમાં નોટીસ બોર્ડ પર પ્રદર્શિત થશે.

| | |
|---|---|
| ટેન્ડર જારી કરવાની અને વેચાણની તારીખ | ૩૧.૦૧.૨૦૨૫, ૧૧.૦૦ ક.થી |
| ચી.એ. (S.W.D.), ઝીરો ફલોર, એન્જિનિયરિંગ હબ બિલ્ડિંગ, વર્લી, મુંબઈ, ૪૦૦૦૧૮ની ઓફિસ ખાતે ઉપરોક્ત કામો માટે પ્રી-બીડ મિટિંગ. | ૦૭.૦૨.૨૦૨૫, ૧૧.૦૦ ક. સુધી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૨૦.૦૨.૨૦૨૫ના ૧૪.૦૦ ક. સુધી |
| પેકેટ એ; બી & પેકેટ સી (ઓનલાઈન)ની સુપ્રતિ & બીડ સુરક્ષા/ બારડી/ ટેન્ડર ફી ઓનલાઈનની રીસીપ્ટની સુપ્રતિ | ૨૦.૦૨.૨૦૨૫ના ૧૬.૦૦ ક. સુધી |
| ઈ-પેકેટ એ ખૂલશે | ૨૧.૦૨.૨૦૨૫ ૧૧.૦૦ ક. બાદ, ડે.ચીફ એન્જી. (SWD) શહેરની ઓફિસમાં |
| ઈ-પેકેટ બી ખૂલશે | ૨૧.૦૨.૨૦૨૫ ૧૧.૦૫ ક. બાદ, ડે.ચીફ એન્જી. (SWD) શહેરની ઓફિસમાં |
| ટેન્ડર શરત મુજબ ASD સામે ભૌતિક ડી.ડી./ Nil રીપોર્ટની સુપ્રતિની તારીખ | ૨૭.૦૨.૨૦૨૫ના ૧૭.૦૦ ક. પહેલા ડે.ચીફ એન્જી. (SWD) શહેરની ઓફિસમાં |
| ઈ-પેકેટ સી ખૂલશે | ૨૮.૦૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. બાદ, ડે.ચીફ એન્જી. (SWD) શહેરની ઓફિસમાં |
| સંપર્ક વ્યક્તિ | શ્રી એસ. યુ. મલેકર, એક્ષી. એન્જી. (O & M) સિવિલ (SWD) મોબાઈલ ૯૮૧૯૮૯૪૩૪૨ |
| સંદેશ વ્યવહારનું સરનામું | ડે. ચીફ એન્જીનીયર (સ્ટોર્મ વોટર ડ્રેન્સ) શહેરનું કાર્યાલય, 'O' ફ્લોર, MCGM એન્જીનીયરીંગ હબ બિલ્ડીંગ, ડો. ઈ. મોસેસ રોડ, વરલી નાકા, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮. ઈ-મેલ: eeomcity02.swd@mcgm.gov.in |
| બીડ ખૂલવાનું સ્થળ | ડે.ચીફ એન્જી. (SWD) શહેરના કાર્યાલયમાં |

ઈ-પેકેટ 'એ', ઈ-પેકેટ 'બી' અને ઈ-પેકેટ 'સી' બિડર દ્વારા સુપ્રતિ માટેની અંતિમ તારીખ અને સમય પહેલાં ઓનલાઈન અપલોડ કરાશે.
મ્યુનિસિપલ કમિશનર ટેન્ડરર્સને કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ ઈ-ટેન્ડરોને નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે.
વિગતો વેબસાઈટ http://mahatenders.gov.in ઉપર ઉપલબ્ધ છે.

સહી/-
ડે. ચીફ એન્જીનીયર
(સ્ટોર્મ વોટર ડ્રેન્સ) શહેર
PRO/2400/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે
મટેરિયલ મેનેજમેન્ટ વિભાગ
વિવિધ મટેરિઅલની સપ્લાય
ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નં. S/૦૭/૨૦૨૫ તા. ૨૭.૦૧.૨૦૨૫

| ક્ર.નં. | આઈટમનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|
| ૪૭ | સપ્લાય, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ | ૩૨ નં. | ૧૭-૦૨-૨૦૨૫ |
| ૪૮ | એમરજન્સી બ્રેક વાલ્વનું રિલોકેશન માટે સપ્લાય અને ઈન્સ્ટોલેશન કામ | ૨૧૨ નં. | ૧૭-૦૨-૨૦૨૫ |
| ૪૯ | ૬V મોનો બ્લોક ૧૨૦ AH કેપેસિટીની VRLA સેલ્સ | ૧૪૯ સેટ | ૨૪-૦૨-૨૦૨૫ |
| ૫૦ | અર્થ રિટર્ન બ્રશની જોગવાઈ | ૧૪૭૪ નં. | ૨૪-૦૨-૨૦૨૫ |
| ૫૧ | LHB ટાઈપ કોચેસ માટે ફિક્સ વિન્ડો માટે ગ્લાસ યુનિટ | ૪૩૫૯ નં. | ૨૪-૦૨-૨૦૨૫ |
| ૫૨ | મોડિફાઈડ ટ્રાન્સેશન સ્ક્રૂ કપ્લિંગ | ૨૭૯ નં. | ૨૫-૦૨-૨૦૨૫ |
| ૫૩ | ઈલેક્ટ્રો મેગ્નેટીક કોન્ટ્રાક્ટર સંપૂર્ણ અસેલી | ૨૪૦ નં. | ૨૬-૦૨-૨૦૨૫ |
| ૫૪ | ૮.૫ ટર્ન આઉટમાં ૧૨& ૧માં ૧ માટે એન્ટિ ક્રીપ ડિવાઈસ | ૧૦૦૦ સેટ | ૨૬-૦૨-૨૦૨૫ |
| ૫૫ | ડબલ ગર્ડર EOT ક્રેન (DSL-SHROUDED ટાઈપ) કેપેસિટી ૩૦T/ ૧૦T | ૨ સેટ | ૦૩-૦૩-૨૦૨૫ |
| ૫૬ | ટ્રી પ્લેટ પેનેલ માઉન્ટેડ બ્રેક સિસ્ટમ | ૬૦ સેટ | ૦૩-૦૩-૨૦૨૫ |
| ૫૭ | હિતાચી ટાઈપ ટ્રેક્શન મોટર માટે ગેર કેસ અસેમ્બલી | ૪૮૦ નં. | ૧૦-૦૩-૨૦૨૫ |

વિગતવાર નોટીસ બારડી, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in ની મુલાકાત લો.
1023
અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ | એસેસમેન્ટ એન્ડ કલેકશન |
| સેકશન | ડે. એસેસમેન્ટ એન્ડ કલેકશન (કોમ્પ્યુટર) |
| ઈ-ટેન્ડર કિંમત | રૂ. ૧૯,૪૭૦/- (રૂ. ૧૬,૫૦૦/- + ૧૮% GST) |
| ઈ-ટેન્ડરની અંદાજિત કિંમત | રૂ. ૬,૩૦,૫૩,૬૪૦/- |
| બીડ સુરક્ષા ડિપોઝીટ (બારડી) | રૂ. ૧૨,૬૧,૦૭૩/- |
| ટેન્ડર નં. | ૨૦૨૫_MCGM_૧૧૪૪૦૧૬_૧ |
| વિષય | ૨ વર્ષની મુદત માટે એસેસમેન્ટ એન્ડ કલેકશન- BMCના વિવિધ ઓફિશિયલ/ સેકશન/ સબ ઓફિસોના ઉપયોગ માટે ભાડાના ધોરણે CMG & EV ટુરીસ્ટ પરમીટ પર્સનલ કેરિયર વાહનોની સપ્લાય |
| ફોર્મનું વેચાણની તારીખ અને સમય | તારીખ ૩૧/૦૧/૨૦૨૫ સમય ૧૬.૦૦ ક.થી તારીખ ૧૪/૦૨/૨૦૨૫ સમય ૧૬.૦૦ ક. |
| પેકેટ 'A' ખોલવાની તારીખ અને સમય | તારીખ ૧૮/૦૨/૨૦૨૫ સમય ૧૨.૦૦ ક. |
| પેકેટ 'B' ખોલવાની તારીખ અને સમય | તારીખ ૧૮/૦૨/૨૦૨૫ સમય ૧૨.૦૫ ક. |
| પેકેટ 'C' ખોલવાની તારીખ અને સમય | તારીખ ૨૧/૦૨/૨૦૨૫ સમય ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | વહીવટી અધિકારી (Exp.) I/c |
| A) નામ | શ્રી સોમનાથ સોનટકલે |
| B) ટેલિફોન (ઓફિ.) | ૦૨૨-૨૩૦૦૫૬૮૪ એક્ષ્ટે. નં. ૨૨૧ |
| C) મોબાઈલ નં. | ૯૮૩૩૦૨૨૬૬૯ |
| D) ઈમેલ સરનામું | dyaccomp.ac@mcgm.gov.in<br>ao02compho.ac@mcgm.gov.in |
| પ્રી-બીડ મિટિંગ સ્થળ સરનામું | એસેસર અને કલેકટરની ઓફિસ, મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ બિલ્ડીંગ, ૩જો માળ, ૫૪૬, N.M. જોષી માર્ગ, ભાયખલા વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૧૧. |

સહી/-
ડે. એસેસર અને કલેકટર (કોમ્પ્યુટર) (I/c)
PRO/2397/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યર્ચ ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જીનિયરનો વિભાગ)

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર, નીચે વિગતવારના કામ માટે ત્રણ પેકેટ પદ્ધતિમાં ટકાવારી ધોરણે લાઈનમાં વ્યવહાર કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નંબર | ૨૦૨૫_MCGM_૧૧૪૩૪૭૪ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | A.E. (મેઈન્ટ.) W.W. શહેર II સેક્શન હેઠળ સર ફિરોઝશાહ મહેતા ગાર્ડન ખાતે ઓર્નામેન્ટલ પ્લાન્ટ્સ/સેમ્પ્લીંગનું પ્લાન્ટેશન કામ. |
| ટેન્ડરની સ્કુટીની ફી | રૂ. ૩૮૯૪/- (રૂ. ૩૩૦૦ +૧૮% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | રૂ. ૨૦૯૬૭૮૫.૦૦ |
| બિડ સિક્યોરિટી ડિપોઝિટ / બારડી | રૂ. ૨૧૦૦૦/- (ઓનલાઈન પેમેન્ટ) |
| ટેન્ડર ઈસ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૦૧/૦૨/૨૦૨૫ ૧૧:૦૦ કલાકથી |
| ટેન્ડર વેચાણની તથા બિડ સિક્યોરિટી ડિપોઝિટની રસીદની છેલ્લી તા. અને સમય | ૦૮/૦૨/૨૦૨૫ ૧૨.૦૦ કલાક સુધી |
| પેકેટ A, B અને પેકેટ C (ઓનલાઈન) સુપ્રતિ | ૦૮/૦૨/૨૦૨૫ના ૧૬:૦૦ કલાક સુધી |
| પેકેટ A ખુલશે | ૧૦/૦૨/૨૦૨૫ ૧૨:૦૫ કલાક પછી |
| પેકેટ B ખુલશે | ૧૨/૦૨/૨૦૨૫ ૧૨:૧૦ કલાક પછી |
| પેકેટ C ખુલશે | ૧૭/૦૨/૨૦૨૫ ૧૫:૦૦ કલાક પછી |
| વેબસાઈટ | http://portal.mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | ૧. શ્રી R. હેન્દ્રે (ASG) - ૮૧૦૮૪૯૧૦૬૦<br>૨. શ્રી PT શિંદે (AE) - ૯૯૩૦૨૬૦૫૦૯ |
| સંચાર માટે સરનામું | એક્ષીક્યુટીવ એન્જિનિયર (જાળવણી) મિટર વર્કશોપ, BMC, ૫૬૬, N. M. જોષી માર્ગ, 'S' બ્રિજ પાસે, ભાયખલા (પ). મુંબઈ- ૪૦૦૦૧૧ની ઓફિસ. |
| બિડ ખોલવાનું સ્થળ | એક્ષીક્યુટીવ એન્જિનિયર (જાળવણી) મીટર વર્કશોપ, BMC, ૫૬૬, એન. એમ. જોશી માર્ગ, 'એસ' બ્રિજ નજીક, ભાયખલા (પ). મુંબઈ- ૪૦૦૦૧૧ની ઓફિસમાં ઓનલાઈન. |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી.
BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (જાળવણી)
PRO/2390/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# ગુજરાતી, કચ્છી, રાજસ્થાની અને જૈન પ્રવાસીઓ ની હરહંમેશ પહેલી પસંદ.. એટલે કે ફોરમ વર્લ્ડવાઈડ.. 2025 પ્રસ્તુત..

100% PURE VEG & JAIN FOOD

BEST SELLER | 12 DAYS




JOHENNESBURG | MABULA | SUN CITY | GEORGE | CAPE TOWN

- 2 જંગલ સફારી (Game Drive) વહેલી સવારે અને સાંજે સાથે 5 સ્ટાર મબુલા લોજ માં રાત્રી મુકામ
- સન સીટી પેલેસ હોટેલ માં બાદશાહી મુકામ અને સાથે સાથે અમારા રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ અને એમના હાથે બનાવેલ, દરેક વેરાયટીઓ થી ભરપુર ફુલ ફ્લેજ મેનું
- મોઝેલ બે SPEED BOAT (ONLY WITH FORAM)
- કેપટાઉન સીટી સેન્ટર ના હોટેલ માં 3 રાત્રી નો મુકામ
- HEART OF ગાર્ડન રૂટ (જ્યોર્જ) માં 4 રાત્રી નો યાદગાર મુકામ
- મુંબઇ થી મુંબઇ ઈન્ટરનેશનલ ફ્લાઈટ & 2 ઈન્ટરનલ ફ્લાઈટ
- કેંગો કેવ્સ અને ઓસ્ટરીચ ફાર્મ
- હરમાનસ TOWN
- CAPE TOWN હેલીકોપ્ટર રાઇડ
- કેબલ કાર સાથે ટેબલ માઉન્ટેન ટુર
- પેંગ્વીન પાર્ક
- કેપ પોઇન્ટ પર Funicular Ride
- V & A વોટરફ્રંટ મોલ માં શોપિંગ
- દરેક સ્થળે 4/5 સ્ટાર હોટલો માં મુકામ
- સીલ આઇલેન્ડ બોટ ટુર
- કેપ પેનિનસુલા ટુર

Departures
APRIL 24 | MAY 1,8,15,29 | JUNE 12 | JULY 10 | SEP 11

BEST SELLER | 12 DAYS




ISTANBUL | CAPPADOCIA | ANTALYA | PAMMUKALE | KUSADASI

બોઝડાક ફિલ્મ પ્લેટો ONCE IN LIFETIME EXPERIENCE OF REAL TURKISH CULTURE ફક્ત ફોરમ સાથે

- અંતાલીયા માં ઓલ ઇન્કલુઝીવ હોટેલ માં અંત વગર નો આનંદ અને અવિસ્મરણીય અનુભવ
- અનલીમીટેડ બ્રાંડેડ બેવરેજીસ (Alcoholic/Non Alcoholic) (ONLY WITH FORAM)
- બે ઇન્ટરનલ ફ્લાઈટ ટુર કોસ્ટ માં શામેલ
- Pierre Loti કેબલ કાર
- CAPPADOCIA માં હોટ-એર બલુન
- PAMMUKALE COTTON TERRACE
- KUSADAI SIRINCE VILLAGE
- ડ્યુડેન વોટરફોલ્સ બોટ રાઈડ
- CAPPADOCIA માં 5 સ્ટાર હોટેલ
- TURKISH NIGHT SHOW
- ક્વોડ બાઇક
- UNDERGROUND CITY



Bosphorus Cruise બેલે ડાન્સ (આપણા પોતાના ડીનર સાથે) (ONLY WITH FORAM)

Departures
APRIL 20 | MAY 2,14,25 | JUNE 6,18 | JULY 2,20 | AUG 10

12 DAYS | BEST SELLER




BANGKOK | PATTAYA | GENTING | KUALALUMPUR | SINGAPORE

રાજસ્થાની મહારાજ સાથે 2009 થી નોન સ્ટોપ સફળ સંચાલન ફક્ત અને ફક્ત ફોરમ સાથે જ સંભવ

GENTING HIGHLANDS માં 5 સ્ટાર - WYNDHAM ION MAJESTIC હોટેલ 2 રાત્રી નો મુકામ

- ગુજરાતી ટ્રાવેલ માર્કેટ માં આજ સુધી સૌથી વધુ પ્રવાસીઓ ને ફરાવવા નો અજેય રેકોર્ડ
- પટ્ટાયા માં બીચ રોડ પર 4 સ્ટાર હોટલ માં ઉતારો
- GARDEN BY THE BAY
- BANGKOK માં 5 સ્ટાર હોટેલ માં ઉતારો
- ટુરિઝ્મ અપ્રુવડ લોકલ ગાઇડ સાથે અમારા IN HOUSE ટુર મેનેજર ની સેવાઓ
- TRICK EYE MUSEUM, SKY & LUGE RIDE, WINGS OF TIME SHOW
- MARINA BAY SANDS - ENTRANCE TO SKY PARK
- GENTING INDOOR & OUTDOOR THEME PARK
- જેંન્ટીંગ ડ્રીમ ક્રુઝ સાથે /શીવાય ટુરો ના વિકલ્પ
- SINGAPORE UNIVERSAL STUDIOS



Departures
MAR - 5,19,30 | APR - 14,28 | MAY - 5,12,26 JUN - 9,23
JUL - 7,21 | AUG - 4,18 | SEPT - 1,15

BEST SELLER | 10 DAYS




HANOI | HALONG BAY | HOI AN | DANANG | HO CHI MINH

રાજસ્થાની મહારાજ સાથે ની ટુરો ના એક માત્ર પાયોનીયર



- HANOI માં OLD QUATERS GREEN CAR ટુર
- મુંબઇ થી મુંબઇ ઈન્ટરનેશનલ ફ્લાઈટ & 2 ઈન્ટરનલ ફ્લાઈટ
- દરેક સ્થળે 5 સ્ટાર હોટેલો માં યાદગાર મુકામ
- COCONUT VILLAGE BY BASKET BOAT RIDE
- ટુર દરમિયાન 2 થીમ પાર્ક - VIN WONDERS & SUN WORLD
- HOI AN માં MEMORY SHOW
- THUBON RIVER માં LANTERN DROPPING
- HOI AN માં SEA FACING LUXURY VILLAS
- HO CHI MINH માં SKY DECK

Departures
APR - 8,24
MAY - 1,13,22 | JUN - 3,10,19 | JUL - 1,10,22
AUG - 7,19 | SEPT - 9,18



07 DAYS

SHAHDAG ની 5 સ્ટાર LUXURIOUS PROPERTY PIK PALACE માં મુકામ ફક્ત ફોરમ સાથે




BAKU | SHAHDAG | GABALA

- બાકુ NIGHT ટૂર
- મુંબઇ થી મુંબઇ DIRECT FLIGHT ફક્ત ફોરમ સાથે
- LITTLE VENICE બોટ રાઈડ
- ટૂર દરમિયાન મહારાજ દ્વારા સ્વાદિષ્ટ ભોજન
- દરેક સ્થળે MOST LUXURIOUS 5 STAR HOTELS
- QUBA કેન્ડી કેન MOUNTAIN ટૂરની મુલાકાત
- SHAHDAG કેબલ કાર રાઈડનો આનંદ સાથે ALPINE COASTER
- BAKU CITY TOUR સાથે FUNICULAR રાઈડનો આનંદ
- HYDER ALIYEV સેન્ટર સાથે વિન્ટેજ કાર મ્યુઝિયમની મુલાકાત
- TUFANDAG MOUNTAIN કેબલ કાર રાઈડ સાથે
- ગબાલામાં SHOOTING CLUB

Departures
FEB - 8 | MAR - 17 | APR - 28 |
MAY - 5,14,24 | JUN - 2

SCAN ME

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang

DIVYA 9833998338 | JAY 9324366095 | DINESH 8591728602 | BHAKTI 9321236935 | DHRUV 8169369686

HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900
BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE